ડાબલીઓવાળું તોરણ વચ્ચે છે તે અડદિયાની ભાત



બપોરડીની કોથળી ચોખાચલીની કોથળી ઝાડપોપટની કોથળી ચોખાચલીની કોથળી બપોરડીની કોથળી

આ પૂઠા પરનાં ચિત્રો જેવાં જ બીજાં મબલખ ને વિવિધ ચિત્રોથી સમૃદ્ધ લેખ 'સૌરાષ્ટ્રમાં લોકભરત' આ અંકમાં જોશો.


સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

૪૬૬

વર્ષ ઓગણચાળીસ · અંક દસ
ઑક્ટોબર ઈ. ૧૯૬૨

પોપટવેલની ભાત




દાતરડાંની ભાત



તીતીડાંની ભાત



નાગણીની ભાત



વાચકો લખે છે

અંક ૪૬૫ના છેલ્લા પાને 'મહાભારત અને '૧૮ની સંખ્યા'નું એક અવતરણ છે, તેના અનુસંધાનમાં બીજા કેટલાક ઉલ્લેખો આ પ્રમાણે: (૧) ૧૮ અક્ષૌહિણી સેનાના ૧૮ સેનાપતિ; (૨) રાજનીતિ અનુસાર શત્રુરાજાનાં ૧૮ તીર્થો (એટલે અધિકારીઓની જાસુસો દ્વારા માહિતી મેળવવી); (૩) ધૃતરાષ્ટ્રના દેહાંત પછી ૧૮ વર્ષે યાદવાસ્થળી; (૪) દમ–સંયમને દૂષિત કરતા ૧૮ દોષ; (૫) સત્ત્વગુણના ૧૮ ગુણ; (૬) સગાંસંબંધી, મિત્રો વગેરેનો ઘાત કરનારા પ્રખ્યાત ૧૮ રાજાઓ; (૭) સાવિત્રીના પિતા અશ્વપતિએ ૧૮ વર્ષ સુધી સાવિત્રી મંત્રથી આહુતિ આપી વ્રત કરેલું; (૮) શરીરનાં ૧૮ તત્ત્વ: ૯ દ્વાર, ત્રણ ગુણ રૂપી ત્રણ સ્તંભ, પંચવિષય રૂપી પાંચ સાક્ષી અને ૧૮મો ક્ષેત્રજ્ઞ (આ ૧૮ તત્ત્વની ગણતરી ચાર જુદીજુદી રીતે જુદેજુદે ઠેકાણે મહાભારતમાં છે); (૯) સ્થિતપ્રજ્ઞલક્ષણ વર્ણવતા શ્લોક ૧૮; (૧૦) ૧૮ પુરાણ વગેરે. પણ ૧૮ના અંકનું વિશિષ્ટસ્થાન આમ એકલા મહાભારતમાં જ નથી. ભારતીય સંસ્કૃતિનાં અંગોમાં ઉપનિષદો, વૈદિક જૈન અને બૌદ્ધ અનુગમોતન્ત્રમાર્ગ તેમજ લોકવ્યવહારમાં પણ વિપુલ પ્રમાણમા ૧૮ના અંકનો ઉપયોગ નજરે પડે છે.

વળી ઉપર્યુક્ત આપના અવતરણમાં મહાભારતનો એક પર્યાય 'જય' છે એની નોંધ છે. પણ 'જય' સંજ્ઞા તો જે જે ગ્રંથો(કથાઓ કે આખ્યાનો)માં વિજયકથા હોય કે વિજય મેળવવાનો ઉપદેશ હોય તે તે સર્વ ગ્રંથો માટે વ્યાપકરીતે વપરાતી. મહાભારત અંતર્ગત 'વિદુરપુત્રાનુશાસન'ને પણ 'જય' સંજ્ઞા આપેલી છે. વળી હિંદુ પરંપરા મુજબ ૧૮ પુરાણો, મહાભારત, રામાયણ, વૈષ્ણવ અને શૈવ ધર્મશાસ્ત્રો, શિવ તેમજ મનુએ કહેલી સ્મૃતિઓ તમામને 'જય' સંજ્ઞા આપેલી છે.

બીજી વાત: માથાના ખોડા વિષે શ્રી અ. મો.ડા.એ પુછાવ્યું છે. તેમના જેવા જ વ્યાધિવાળા અને તેમણે લખ્યા છે તે તમામ તથા તે ઉપરાંત બીજા અનેક ઉપચાર નિષ્ફળ ગયા પછી એક ભાઇને નીચેના સાદા ઉપાયથી આરામ થએલો: મલાઈવાળું ખાટું દહીં અને માઠું ભેગુ કરી હલાવીને તેનાથી સતત ત્રણ માસ સુધી માથું સાફ કરવાથી ચામડી સારી થઈ ગઈ. તે પછી સાવધાની ખાતર બીજાં બે વર્ષ સુધી આ ઉપચાર ચાલુ રાખેલો. માથામાં કોઈ પણ જાતનો સાબુ વાપરેલો નહિ તેમ જ હૅરઑઇલમાં સુવાસિત કૅસ્ટરઑઇલ સિવાય બીજા કોઇ પણ તેલનો ઉપયોગ કરેલો નહિ. ભાઈ અ. મો. ડા. એ છાશ અને મીઠું વાપર્યું છે, પણ આખુ દહીં વાપર્યું નથી.

(અમદાવાદ) —ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

ઑગસ્ટ અંકમાં શ્રી પ્રસન્ન વછરાજાનીનો પત્ર: જે બે નેતાઓએ મૂત્રપ્રયોગને ઉત્તેજન આપ્યું છે તેમણે એ 'જાણ્યે' જ આપ્યું છે; નહિ કે તેઓ લખે છે તેમ 'જાણ્યે–અજાણ્યે.'

મૂત્રનો ઉલ્લેખ આયુર્વેદમાં આજે ત્રણ હજાર વર્ષ પૂર્વેનો છે. નરમૂત્રને આયુર્વેદમાં 'વિષહર' ગણાવ્યું છે અને કેટલીક દવાઓને એની ભાવના આપવાનો પણ ઉલ્લેખ છે; જો કે એ પ્રચારમાં આવ્યું આ પુસ્તક પછી. પરંતુ ડૉકટરસાહેબ એટલું યાદ રાખે કે જેને તેઓ કચરો કહે છે એવું જ બીજું ગોમૂત્ર છે (એ પણ કચરો જ છે ને?) તેને તો વૈદ્યો આજે ત્રણ હજાર વર્ષથી વાપરે જ છે અને સોજા, જલંદર વગેરે રોગોમાં એના પ્રયોગથી એવાં અદ્‌ભુત પરિણામો આવ્યાં છે કે એ માટે તો વૈદ્યો આજે પણ ઍલૉપથીને ચૅલેન્જ આપી શકે તેમ છે. એ ઉપરાંત કામલા, યકૃતના વિકારો, પાંડુ, વિબંધ, કુષ્ઠ (ચામડીના વિકારો) વગેરેમાં પણ આજે વૈદ્યો તેનો ખૂબ ઉપયોગ કરે છે. ગોમૂત્ર ઉપરાંત અજા (બકરી), મહિષ (ભેંશ), ઊંટડી વગેરેનાં મૂત્રોનો પણ જરૂર પડયે અમે ઉપયોગ કરીએ છીએ. આયુર્વેદમાં આવાં અષ્ટમૂત્રોની ગણતરી થએલી છે. પૅથૉલૉજીની દૃષ્ટિએ જે કચરો છે તે પ્રત્યક્ષની કસોટીએ અદ્‌ભુત પરિણામો આપે જ છે.

નરમૂત્રના પ્રયોગો રક્તદાબ(બ્લડ પ્રેશર), ચામડીનાવિકારો, ગુરદા(કિડની)ના વિકારો, જીર્ણ પ્રતિશ્યાય વગેરે રોગોમાં ખરેખર બહુ જ ફલપ્રદ નીવડયા છે. ઠીકઠીક લોકોને મેં એ પ્રયોગ કરાવ્યો છે, અને કેટલાકમાં તો જાદુઈ જવાબ મળ્યો છે એમ કહી શકાય.

વળી સામાન્ય માણસના મૂત્રમાં એવી કઈ વસ્તુ છે જે પેટમાં જાય તો નુકસાન કરે? ગીનીપિગ ઉપરના બધા જ પ્રયોગો માણસ ઉપર સફળ નથી નીવડતા એ તો હવે બહુ જાણીતું છે. દુનિયા ફક્ત ટેસ્ટ-ટયૂબમાં જ સમાઇ જતી નથી. ધારિયાં, ચપ્પુ વગેરે હથિયારોને 'પાણી' પાયા બાદ એની તીક્ષ્ણતા ઘણી વધી જાય છે એ સર્વમાન્ય છે, છતાં 'વગર પાએલા' હથિયારના લોખંડમાં ને 'પાએલા' લોખંડમાં આધુનિક દૃષ્ટિએ કોઈ ફરક નથી.

માન્ય નેતાઓ ને વૈદ્યોએ જાત પર પ્રયોગો કર્યા બાદ જ આ ઉપયોગ જાહેર કર્યો છે, છતાં ડૉકટર સાહેબ લખે છે 'જાણ્યે-અજાણ્યે'?

(આયુર્વેદ કૉલેજ-સૂરત) ડૉ. પ્રફુલ્લ બી. વૈદ્ય
ડી. એ. એસ. એમ., આયુર્વેદ વિશારદ

જર્મનીમાં વિદ્યાભ્યાસ વિષે વધુ

જર્મનીમાં અભ્યાસ કરવાનો ઉત્તમ કાળ ઈન્ટરમીડીએટની પરીક્ષા અને વ્યવહારુ તાલીમ લીધા પછી ૨૦થી ૨૩ વરસની વચ્ચેનો ગણાય. આ ઉપરાંત અંગ્રેજી અને જર્મન ભાષાઓનું જ્ઞાન ખાસ આવશ્યક ખરું જ. મારો વ્યક્તિગત મત એવો છે કે અહીં ફીઝિક્સ કેમિસ્ટ્રી, મિકૅનિકલ અને સિવિલ એન્જિનીઅરિંગ, ટેક્નૉલૉજી ને ઈન્ડસ્ટ્રીઅલ મૅનેજમેન્ટના વિષયોનો જ અભ્યાસ કરવા આવવું ઉચિત ગણાય. બીજા વિષયોનો અભ્યાસ આપણા વિદ્યાર્થીઓ માટે અહીં સમય અને શક્તિ વેડફનારો ગણાય. વળી જર્મન યુનિવર્સિટીની બધી પદવીઓ ભારતમાં માન્ય નથી અને જાણીતી પણ નથી, તેથી અહીંની ઉપાધિઓ મેળવ્યા પછી પણ ભારતમાં નોકરી મેળવવાનું ઘણું જ મુશ્કેલ બને છે.

વિદ્યાભ્યાસ માટે પૂછપરછ કરવા સારુ કેટલાંક સરનામાં આ નીચે આપું છું.

Addresses: (1) Generalkonsulat der Bundesrepublik Deutschland 'Dugal House' 5th Floor, Road Nr. 3, Backbay Reclamation BOMBAY 1. (India); (2) VDI-Informationstelle fuer Ingenieurausbildung, DUSSELDORF, Prinz Georg Strasse 77/70 (West Germany); (3) Bundesanstalt fuer Arbeitsvermittlung Zentralstelle FRANKFURT AM MAIN. Eschersheimer Land Strasse 1. (West Germany); (4) Carl Duisberg–Gesellschaft, Fuer Nachwachsfoerderung e. v. KOELN. Kaiser–Friedrich–Ufer41-45(WestGermany); (5) Deutsch–IndischeGesellschaft STUTTGART Charlottenplatz 17 West Germany.

—દુર્લભ કાકડિયા

સપ્ટેમ્બર અંકમાંના શ્રી વછરાજાનીના વિચારો સાથે સંપૂર્ણ સહમત છું. કોઈ પણ પદ્ધતિના સંપૂર્ણ જ્ઞાન વિનાના ગૃહસ્થોના નુસખા 'કુમાર'માં ન છપાય તે ઈચ્છવા યોગ્ય છે. ડૉ. શિવપ્રસાદના લેખો ઘણા જ માહિતીપૂર્ણ હોય છે, કારણ કે તેમનો તે વિષયોનો ઊંડો અભ્યાસ છે. શ્રી માલવીના લેખોમાં જાણે ચમત્કાર થતો હોય તેવું લખાણ કંટાળો ઉપજાવે છે, તેમ શ્રી ચંદ્રવદન મહેતાની 'રંગગઠરિયાં' પણ પરદેશની સિદ્ધિઓથી અંજાઈ જઈ સ્વદેશની ખામીઓ જ દર્શાવે છે. પ્રમાણમાં તેમની 'બાંધગઠરિયાં' ઘણી સુંદર હતી. શ્રી ર. મ. રાવળનાં સ્મૃતિચિત્રો ઘણાં સરસ છે.

ઑગસ્ટ અંકમાંનો 'મોટી વહુ'નો લેખ તો સર્વોત્તમ ગણું છું. એવાં ભાવવાહી જીવનચરિત્રો 'કુમાર'મા વારંવાર આવતાં રહે.

(મુંબાઈ) —ગૌતમ પારેખ

સપ્ટે. અંકમાં શ્રી પ્રસન્ન વછરાજાનીની પૃચ્છા: 'લોહી બગાડા'નો અર્થ આયુર્વેદીય તેમજ નેચર ક્યોર ભાષામાં 'રક્તની ખરાબી' એ થાય છે. ખરજવા ઉપરનો જે ઉપચાર મેં દર્શાવેલો છે તે આયુર્વેદીય, નેચર ક્યોર કે પછી ખોરાકી (ડાયેટ) જે ગણો તે કક્ષાનો છે. ડૉ. હરકિશનદાસ ડી. ગાંધી (કુદરતી ઉપચારકેન્દ્ર, સિલ્ક હાઉસ, ધોબી તલાવ, મુંબાઇ)નું આને લગતું મંતવ્ય નીચે ઉતારી બતાવું છું: "ચામડીનાં દર્દો રક્તખરાબી તથા શરીરના કોષોમાં વિજાતીય દ્રવ્યોના સંચયથી થાય છે. તેથી ચામડીનાં દર્દો સ્વતંત્ર દરદ નથી. તે જ રીતે ખરજવું સમસ્ત શરીરની બીમારી છે, રક્તની અશુદ્ધિનું એ પરિણામ છે. લોહી આહારમાથી બને છે. રક્તસુધારણા માટે આહારસુધારણાની જરૂર પહેલી છે. માત્ર બાહ્ય ઉપચારથી ચામડીનાં દર્દો મટતાં નથી..."

મારો ખરજવા ઉપરનો ઉપચાર તદ્દન નિર્દોષ છે. ભાઈ વછરાજાનીને તેમાં કયું તત્ત્વ નુકસાનકર્તા કે જિંદગીના જોખમ જેવું કે ઊંટવૈદા જેવું લાગ્યું તે સમજાતું નથી. પોતાનો કક્કો ખરો કરવા માટે બીજાને ઉતારી પાડવાને બદલે રચનાત્મક સૂચનો કરવાં જોઇએ.

શ્રી અ.મો.ડા.ને માથાના ખોડાના ઉપચાર માટે જણાવવાનું કે થોડાથોડા વખતે માત્ર વિવિધ બાહ્ય ઉપચારો કરવાથી ફરિયાદ દૂર થતી નથી. એક જ નિર્દોષ ઉપચારમાં શ્રદ્ધા રાખી તે લાંબો સમય ચાલુ રાખવાથી શ્રદ્ધા જરૂર ફળશે. અને બાહ્ય ઉપચાર કરતાં ખોડો શાથી થવા પામ્યો તે યાદ કરી તેનો (ભૂલનો) ઉપચાર પહેલાં કરી સાથોસાથ બાહ્ય ઉપચાર કરવા. દરદ જારી જાય છે તેમ તેમ આપણામાં અધીરાઇ આવી જાય છે અને જલદ ઉપચાર લેવા તરફ જલદી વલણ થાય છે. પણ જલદ ઉપચાર લેવા કરતાં લાંબા ગાળાના પણ નરમ ઉપચારથી ફરિયાદ દબાઈ ન જતાં સદંતર નાબૂદ થાય છે. શરીરની અંદરનાં કારણોને લીધે બાહ્ય દરદે, માથાના ખોડાએ દેખા દીધી હોય તેમ હોય તો આંતરિક શુદ્ધિ (ખોરાક, કસરત વગેરે) કરવાની સાથોસાથ બાહ્ય ઉપચાર કરવા. ખોરાકમાં ગાજર, પાલખ, ટમેટાં, કોબી, કાકડી, દરેક જાતની ભાજી (લોહવાળી) તેમજ વિટામિન 'એ' અને 'ડી'વાળાં શાકભાજી, કેળાં, દૂધ, મોળું દહીં, છાશ વગેરે લેવાં અને તળેલું ફરસાણ, ખટાશ, ખાંડ, નિમક, તીખું, સ્વાદીલું, મીઠાઈ વગેરે ન ખાવાં. કસરતમાં નરમ શિર્ષાસન, ઠંડા પાણીએ ગંધકના સારા સાબુથી સ્નાન, સવારના નરમ તડકાનું માથાને સૂર્યસ્નાન અને માથું સુકાયે લીંબોળીના તેલથી માલિશ તથા વાળને હાથેથી ચોળવાની કસરત વગેરે કરવાં.

(મુંબાઇ) —મે'તાજી કાન્તિલાલ શેઠ

સપ્ટેમ્બર અંકમાં શ્રી અ. મો. ડા. લખે છે તેવી જાતનો ખોડો મારી દીકરીને થયો હતો. અમે લીંબુનો રસ, છાશ, ગૉળનું પાણી, ડૉક્ટરની દવા, હોમિયોપૅથિક દવા વગેરે કરીને થાક્યાં પણ ફેર પડ્યો નહોતો.

કોઈના કહેવાથી અમે નારિયેળના દૂધનો પ્રયોગ કર્યો એનાથી તદ્દન મટી ગયું. નારિયેળને ખમણી ઝીણું વાટવું ને ચમચો પાણી છાંટી નિચોવવું, એટલે દૂધ નીકળશે. તે ગળણીથી ગાળીને માથામાં ધીમેધીમે ઘસવું. પછી અરધો કલાક રહેવા દઈ ગરમ પાણીથી માથું ધોઈ નાખવું. સાબુ, અરીઠા, શૅમ્પુ કાંઈ જ વાપરવું નહિ; નારિયેળના દૂધથી જ એકદમ ચોખ્ખું થઈ જાય છે. આ પ્રયોગ પહેલા અઠવાડિયામાં ત્રણ વખત અને પછી ધીમે ધીમે બે અને એક વખત કરવો. છ આઠ મહિના જેટલા લાંબા સમય સુધી ધીરજથી કરવાથી ચોક્કસ ફાયદો થશે. મટ્યા પછી પણ થોડો વખત ચાલુ રાખવું. આ સ્વાનુભવ છે અને મારી દીકરીને તો ચોક્કસ ફાયદો થયો છે.

(સુરત) —દેસાઈ

'મૉડર્ન આર્ટ' અંગે ઘણા વખતથી ઘોળાયા કરતા વિચારો, ઑગસ્ટ અંકના 'વાચકો'ના વિભાગે ફરી જાગ્રત કર્યા. અમુક કળા (કાવ્ય યા ચિત્ર)માં રસ ધરાવનાર વ્યક્તિ આગળ એ કળાના કેટલાક નમૂના રજૂ કરવામાં આવે અને એ નમૂનાઓ જોતાં એને કશું ન સમજાય; સમજવા પ્રયત્ન કરતાં કંઈક 'અધઃ શાખા મૂલોઽશ્વેમ' જેવું સમજાય. કૃતિની સમજ આપ્યા પછી યે માથું ખંજવાળવું પડે ત્યારે શું સમજવું? 'હબસી મુક્કાબાજ'ને ગમે એટલા અર્થવિસ્તારથી સમજાવવામાં આવે છતાં એના વિષેનું 'જંગલી છોડ' તરીકેનું અર્થઘટન મનમાંથી ખસે જ નહિ ત્યારે શું સમજવું?

કલાની કોઈ નવી શૈલી પૂરી પ્રચલિત ન થઈ હોય ત્યાં સુધી એ પૂરેપૂરી ન સમજી શકાય એ ખરું, પણ એ બિલકુલ સમજાય જ નહિ યા ઊંધી સમજાય? સંગીતમય અવાજથી ટેવાએલા કાન ઉત્તર હિંદુસ્તાની સંગીતમાં શું કે કર્ણાટકી સંગીતમાં શું યા પાશ્ચાત્ય સંગીતમાં શું, લયબદ્ધતા અવશ્ય માણી શકે; ચિત્રની આ નવી પદ્ધતિ–મૉડર્ન આર્ટ વિષે આપણે એવું કહી શકીશું? ઑગસ્ટ અંકમાં એક ભાઇએ કહ્યું છે તેમ ગીતા સમજવાની સાધના જેટલી સાધના મૉડર્ન આર્ટ માગી લે છે, એ 'સમજવા' માત્ર. જો એમ હોય તો એ કલા નથી. 'કુમાર'માં મૉડર્ન આર્ટની સમજ આપતી લેખમાળાઓ કળાકાર ભાઈ જ્યોતિ ભટ્ટે આપેલી. એ પરથી એટલું ઠસેલું કે મૉડર્ન આર્ટ અમુક નિયમોને વશ તો વર્તે જ છે (જે ચિત્રો જોતાં, સામાન્ય રીતે, લાગતું નથી); પણ નિયમબદ્ધતા એ જ કલાનો એકમાત્ર ગુણ છે? કલાકારની અંગડાઈ–એની અનુભૂતિનું જો કલામાં દર્શન ન થાય તો એ નિયમબદ્ધતા શું આપી શકે? હોશિયાર ઇજનેરે બનાવેલું વૉટરવર્કસ બુદ્ધિને ચકિત કરી શકે, કલાપિપાસાને નહિ.

છેલ્લા અંકમાં બિલાડીનું ચિત્ર જોયાના પ્રતિભાવ મોકલવાની વિનંતી કરી છે એથી સામાન્ય વાચક તરીકે જ આ લખું છું.

'સાહિત્યસંપર્ક' વિભાગનું કદ વધી શકે તો કેવું સારું? બે-ત્રણ વખત આવેલા એવા સાહિત્યિક કોયડા (એથી વધુ સાહિત્યિક) ચાલુ રહે તો સૌને ગમશે. 'કુમાર'ની થોડી જોડણી અંગે (પૂરા વિનય સાથે) ફરિયાદ કરું? છેલ્લા અકમાં 'શિર્ષક', 'પ્રશસ્ય,' 'વિદ્વતા,' 'ટેલીફોન' જેવી જોડણીઓ જોવા મળી.*

(અમદાવાદ) —સુરેશ દેસાંઈ

[*દિલગીર છીએ.]

ઑગસ્ટ અંકમાં વનસ્પતિ 'ઘી' વિષે વાંચી ખૂબ જ ચિંતા થઇ. અને એક રીતે એમ પણ લાગ્યું કે સરકાર હાલમાં જે કુટુંબનિયોજન યોજના ચલાવે છે તેમાં ખર્ચ કરવાને બદલે વનસ્પતિ 'ઘી'નો વધારે પ્રચાર કરે તો શું

ખોટું? કારણ એનાથી નપુંસકતા આવી જ જશે અને કુટુંબ-નિયોજન આપોઆપ થશે જ! સરકાર પ્રજાનો કાંઈ જ વિચાર કેમ નથી કરતી? જોકે ભેળસેળની બાબતમાં સરકારથી કાંઈ જ થઈ શકે તેમ નથી; નહિ તો મનુષ્યની જરૂરિયાત જેવી જે દવાઓ, તેમાં હાલ બહાર પડ્યા તેવા ગોટાળા થઇ શકે ખરા?

'જીવનપટનાં સ્મૃતિચિત્રો', 'આ માસ ઇતિહાસમા', તેમજ 'છેલ્લું પાનું' વગેરે વાંચવાની ખૂબ જ મઝા આવે છે. 'કુમાર' વૈજ્ઞાનિક જ્ઞાન નથી આપતું એવા આરોપ કરનારાઓને તે બરાબર વાંચવાની મારી સલાહ છે. મારા માનવા પ્રમાણે તો આ જ્ઞાન છૂટુંછવાયું આખા અંકમાં પીરસેલું હોય છે; ફક્ત તે માણવાની ઇચ્છા હોવી જોઈએ. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખો વૈજ્ઞાનિક ન કહેવાય? ટેલ્સ્ટાર વિષેની માહિતી શું કહી શકાય? કે પછી ઍટમ બૉમ્બ વિષેની માહિતી જ વૈજ્ઞાનિક કહેવાય! 'કુમાર' આજકાલ અનુભવાતી મુશ્કેલીઓમાં માર્ગદર્શક છે.

(રાજકોટ) —નરેશ શાહ

સપ્ટેમ્બર અંકમાં મુ. રવિશંકર રાવળનાં સ્મૃતિચિત્રોમાં એક નાની શી ભૂલ રહી ગઈ છે: 'વઢવાણ જંકશનથી વીરમગામ સુધી મોટી ગાડી (બ્રોડ ગેઈજ)માં અને ત્યાંથી આર. એમ. આર. (રજપૂતાના માળવા રેલવે)માં નાની ગાડી (મીટર ગેઇજ)માં બદલીને અમે મહેસાણા પહોંચ્યા' એમ લખ્યું છે; પણ વઢવાણ ને વીરમગામ વચ્ચે બ્રોડ ગેઈજ રેલવે લાઇન તે કાળે ન હતી અને આજે પણ નથી.

અંતરની એક ઇચ્છા જાહેર કરું? શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકળા, ફોટોગ્રાફી, સંગીત, વિજ્ઞાન, પ્રાણી, પંખી, વનસ્પતિ ખગોળ– આવા વિષયો વિષે પ્રશ્નોત્તરીનો વિભાગ આપ 'કુમાર'માં ન શરૂ કરી શકો? જિજ્ઞાસુઓ માટે આવો વિભાગ અતિ ઉપયોગી થઇ પડશે.

(અમદાવાદ) —મનુભાઈ ત્રિવેદી

[* ૧) અગાઉ બ્રોડગેઈજ વીરમગામથી છેક વઢવાણ(હાલના સુરેન્દ્રનગર)સુધી હતી જ; પાછળથી એટલો કટકો ઉઠાવી લઈને તેને બદલે મીટરગેઈજ નાખીને તેને સળંગ વીરમગામથી મહેસાણા સુધી લંબાવી રાજપુતાના સાથે સાંધી લીધી. ૨) પ્રશ્નોત્તરનો એવો વિભાગ ત્રણેક સામયિકોમાં ચાલે છે ને?]

૪૬૫મા અંકમાંની ડૉ. જયેન્દ્ર શુક્લની બતાવેલી દવા લેવાની વાત વાંચીને નાણાવટી ઑસ્પિટલમાં કામ કરતા મારા એક ડૉક્ટર મિત્રે મને જણાવેલો બનાવ યાદ આવે છે. વિલેપારલેની એક ૭ વરસની બાળકીને કરમિયા હતા, એટલે ડૉક્ટરે એવી જ કંઈક દવા આપેલી. આ દવાથી ઝેર લાગવાથી ઘણુંખરું કરમિયા મરી જાય છે કે શિથિલ થઈ ઝાડા વાટે નીકળી જાય છે; જ્યારે મોટા કરમિયા વ્યાકુળ થઇ નાસભાગ કરે છે અને ઘણીવાર ઉલટીમાં નીકળી જાય છે. કોઈક વખત (જેમકે ઉપરના કિસ્સામાં) એક મોટો કરમ અન્નનળીમાં થઈ શ્વાસનળીમાં ભરાઇ ગયો. બાળકીનો શ્વાસ રુંધાઈ ગયો ને તરત ઑસ્પિટલમાં લઇ જઇ ઑપરેશન કરતાં બાળકી બચી ગઈ, નહિ તો 'એસ્ફિક્સિયા'નું બૂરું પરિણામ આવત. કરમિયાની દવા લેતાં પહેલાં વાચકો આ ખયાલમાં રાખે. વાચકોને યાદ હશે કે ઍર વાઇસમાર્શલ સુવ્રત મુખરજી માંસનો ટુકડો શ્વાસનળીમાં આવી જવાથી જ મૃત્યુ પામેલા.

(ભોપાલ) —ડાહ્યાભાઈ લ. પટેલ

સપ્ટેમ્બર અંકમાં 'કંકાવટી' વિભાગમાં રમાબાઇ રાનડે વિષેની માહિતીમાં તેમની જન્મસાલ ૧૮૬૧ની આપેલી છે તે ભૂલ છે. તેમની જન્મસાલ ૧૮૬૨ છે.

(ભરૂચ) —નરોત્તમ વાળંદ

અંક ૪૬૫માં બૅન્કના મકાન પરના ભીંતશોભનમાં નં. ૧૭ની માહિતી નથી.

(ડાંગરવા) —ભગવત સુતાર

[*ભૂલથી રહી ગએલી. એ છે યુરોપના કાંસાયુગનું, કુહાડીના ફળાના આકારનું નાણું]

વનસ્પતિ 'ઘી'ના લેખ વિષે વાંધા અને તેના ઉત્તર

હિંદના વનસ્પતિ મૅન્યુફૅક્ચરર્સ એસોસીએશનના સેક્રેટરીએ અંગ્રેજીમાં એક લાંબો પત્ર લખીને પોતાનો એવો અફસોસ વ્યક્ત કર્યો છે કે 'કુમાર'ના ઑગસ્ટ અંકમાં આવેલા વનસ્પતિ 'ઘી'ના લેખના લેખકે વનસ્પતિના લાભમાં ઊતરેલા સર્વાંગપૂર્ણ સંશોધનોના વૈજ્ઞાનિક પુરાવાઓ દબાવી દઇને વાચકોને ભુલાવામાં પાડવાનું કર્યું છે, તેમજ નીચે દર્શાવેલી ખૂબ જાણીતી બાબતો તરફ આંખમીંચામણાં કર્યાં છે. એ લાંબા પત્રના મુદ્દાઓનો સાર તથા તેના ડૉ. શિવપ્રસાદે આપેલા ઉત્તરો આ નીચે પ્રકટ કરીએ છીએ:

૧) પોષણ અને આરોગ્યની બાબતમાં ભારત સરકારને સલાહ આપતી 'ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીસર્ચ' જેવી ઉચ્ચ નિષ્ણાતોની બનેલી સંસ્થાએ તૈયાર કરેલું એક નિવેદન શ્રી ડી. પી. કરમારકરે ૧૯૫૯ની ૧૧મી ડિસેમ્બરે વાંચેલું કે 'મગફળી તથા તલનાં તેલ જેવાં વનસ્પતિનાં તેલનું, ને ૩૭ અંશ દ્રવણબિંદુવાળાં તેમનાં થિજાવેલાં તેલનું તેમજ માખણનું, એ ત્રણેનું પોષણમૂલ્ય લગભગ સરખું છે. થિજાવેલા તેલની પચનીયતા બિનથિજાવેલા તેલના જેટલી છે.'

૨) અતૃપ્ત ચરબીવાળાં તેલો, ઘી માખણ ને વનસ્પતિના જેવી તૃપ્ત ચરબીઓ કરતાં વધુ સહેલાઈથી પચે છે એવું ચોક્કસ ઠર્યું નથી.

૩) ખોરાકમાં રહેલાં કુદરતી વિટામિનો કરતાં વનસ્પતિ 'ઘી'માં ઉમેરાતાં કૃત્રિમ વિટામિનો ઓછું પોષણમૂલ્ય ધરાવતાં નથી.

૪) થિજાવેલા તેલમાં ઉત્પ્રેરક તરીકે વપરાતું નિકલ તેના છેલ્લા શુદ્ધિકરણમાં લગભગ સંપૂર્ણતઃ દૂર કરવામાં આવે છે. વનસ્પતિ 'ઘી' કરતા ડુંગળી જેવા શાકોમાં વધુ નિકલ છે; ને સરકારી વિજ્ઞાનીઓએ પ્રયોગશાળાઓમાં વિસ્તીર્ણ સંશોધનોથી સાબિત કર્યું છે કે નિકલ માનવશરીરને નુકસાનકારક નથી.

૫) ૧૯૪૭માં ઇજ્જતનગરના ઉંદરો ઉપર થએલા પ્રયોગોનું પરિણામ તો એ ઉંદરોને અપાએલા પૉલિશ્ડ ચોખામાં રહેલી વિટામિનોની અછત અને ચરબીયુક્ત ખોરાકને આભારી છે. ૧૯૪૭થી ૪૯ સુધી નવ પ્રયોગશાળાઓમાં વિજ્ઞાનીઓએ ઉંદરો અને બીજાં પ્રાણીઓ પર કરેલા અખતરાથી સર્વાનુમતે સાબિત કર્યું છે કે 'વનસ્પતિ' આરોગ્યને હાનિકારક નથી. છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન આગળ પડતા દેશોમાં થએલા અખતરાઓને આ વાત ટેકો આપે છે.

૬) હિંદમાં માથાદીઠ વનસ્પતિનો વપરાશ ૧.૬ રતલનો છે, જ્યારે સ્વીડન, નૉર્વે, હોલૅન્ડ વગેરે દેશોમાં વનસ્પતિ જેવાં થિજાવેલાં તેલનો માથાદીઠ વપરાશ લાંબા સમય સુધી ૪૨ થી ૫૫ રતલનો રહેલો છે. થિજાવેલાં તેલ પુષ્કળ પ્રમાણમાં ખાવાથી એ દેશના લોકો કોઈ રોગથી પીડાતા હોવાનું જણાયું નથી.

૭) ૧૯૬૧નું શ્રી કરમારકરનું નિવેદન એકલા થિજાવેલા તેલ માટે ન હતું; પણ માખણ, ઘી, કોપરેલ ને થિજાવેલાં તેલ જેવી અતૃપ્ત ચરબીઓ માટે હતું. આહારની કુલ કૅલરીના ૧૫ થી ૨૦ ટકા પ્રમાણમા એકલું 'વનસ્પતિ' ખાવાથી કોલેસ્ટેરોલના પ્રમાણ ઉપર કોઈ અસર હોવાનું સાબિત થયું નથી.

૮) અફસોસ છે કે હિંદમાં શુદ્ધ ઘીનું ઉત્પાદન વધતું હોવાની સરકારે પ્રકટ કરેલી

આંકડાબદ્ધ હકીકતો તરફ ડૉ. ત્રિવેદીએ ધ્યાન આપ્યું નથી. એ વધારો ધીમો હોવાનું કારણ તો દૂધનો વપરાશ વધ્યો છે તે છે; અને એ તો સારી વાત છે, કેમકે નર્યા ઘી કરતાં દૂધમાં પોષણમૂલ્ય વધારે છે.

૯) અત્યારે માર્ગરીન થિજાવેલા તેલમાંથી બને છે. તેમાં માખણ જેવી સોડમ આણવા તેના ઉત્પાદનમાં કલ્ચર્ડ દૂધ વપરાય છે.

૧૦) વનસ્પતિ ચરબી કરતાં પ્રાણિજ ચરબીનું પોષણમૂલ્ય શ્રેષ્ઠ હોવાની વાત સાચી નથી. અને પ્રાણિજ ચરબી તો વનસ્પત્યાહારીઓને માત્ર દૂધમાંથી જ મળી શકે, ઘીમાંથી નહિ. ઘી તો નરી ચરબી જ છે.

૧૧) પ્રાગતિક દેશોમાં માખણને મુકાબલે શોર્ટનિંગ અને માર્ગરીનનો વાર્ષિક માથાદીઠ વપરાશ આ પ્રમાણે છે:

દેશ	માખણ	શોર્ટનિંગ-માર્ગરીન
ડેન્માર્ક	૨૩·૦	૪૧·૪
નેધરલૅન્ડ	૯·૦	૪૪·૮
ઇંગ્લંડ	૧૮·૫	૧૯·૯
અમેરિકા	૮·૦	૨૦·૬
પ. જર્મની	૧૭·૨	૨૭·૧

ડૉ. ત્રિવેદીનો ઉત્તર

ઉપરના પત્રનો જવાબ પોષણના ક્ષેત્રમાં અધિકારી લેખાતી વ્યક્તિઓના લેખનમાંથી અને સમ્માનનીય વ્યક્તિઓના કથનમાંથી જ આપવાનું યોગ્ય લેખાશે.

ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીસર્ચના ડિરેક્ટર ડૉ. વી. એન. પટવર્ધન લખે છે કે 'જુદાંજુદાં ખાદ્ય તેલોનાં પોષણમૂલ્ય ઉપર અગત્યનું કામ થયું છે. કેટલીક બાબતોમાં પરિણામ એકબીજાથી ઊલટાં છે, પણ કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર મોટા ભાગની માન્યતા છે.'

૧) શ્રી કરમારકરે ઉચ્ચાર્યા પ્રમાણે થિજાવેલા તેલની પચનીયતા બિનથિજાવેલાં તેલોના જેટલી જ છે એ ખરું, પણ પોષણની દૃષ્ટિએ ખાદ્યપદાર્થના પાચન સાથે તેનું શોષણ પણ વિચારાવું જોઇએ. શ્રી પટવર્ધન લખે છે કે: 'તેલના બદલે થિજાવેલો માલ વાપરતાં અનંત ક્રમે ઉંદરોમાં શોષણનું પ્રમાણ ઊતરતું જોયું.' વળી 'ફૂડ ૧૯૫૯: અમેરિકન ઈયર બુક ઑવ એગ્રિકલ્ચર'માંનું આ લખાણ નોંધપાત્ર છે: 'પ્રોસેસિંગ દરમિયાન ચરબી કે તેલને થતી બધી જ અસરો વિષે હજુ રસાયણશાસ્ત્રીઓ જાણી શકયા નથી. થિજાવવા દરમિયાન પેદા થતા આઇસો-ઍસિડો, ટ્રાન્ઝીસોમર્સ અને સાંયોગિક (કૉન્જુગેટેડ) સ્નેહામ્લોને શરીર શી રીતે વાપરે છે તે વિષે બાયોકેમિસ્ટો અને ફિઝિયૉલૉજિસ્ટો હજુ કશું કહી શકતા નથી. આ કુદરતી પેદાશો આવશ્યક સ્નેહામ્લોની જેમ બિનઅસરી હોવાનો એક મત છે, તો બીજો મત સાયોગિક સ્નેહામ્લો લોહીનું કોલેસ્ટરોલ વધારવામાં સહાય કરે છે, એવો છે.'

૨) ઘી, માખણ ને વનસ્પતિ કરતાં અતૃપ્ત ચરબીવાળાં તેલો સહેલાઈથી પચતાં હોવાનું મેં પણ કહ્યું નથી. લેખમાં શ્રી એ. કે. યજ્ઞનારાયણના શબ્દોમાં મેં પણ કહ્યું છે કે 'પચવામાં ઘી મોખરે છે, તે પછી તેલો છે.'

૩) આનો ઉત્તર નથી.

૪) થિજાવેલા તેલના શુદ્ધિકરણમાં નિકલ "લગભગ સંપૂર્ણ" દૂર કરવામાં આવે છે એ સારી બાબત છે. ૨૨મી જુલાઇ ૧૯૫૦ના 'હરિજન બંધુ'માં પણ લખેલું છે કે 'મુંબાઈના આરોગ્ય મંત્રી (ડૉ. ગિલ્ડર) પોતે જ કબૂલ કરે છે કે વનસ્પતિમાં નિકલની સૂક્ષ્મ માત્રા છે.' પણ કાંદામાં અને બીજાં શાકમાં એકલું નિકલ જ ભર્યું પડયું નથી, તેમાં બીજાં પણ ખનિજદ્રવ્યો ને ક્ષારો છે જે લોહી બનાવવામાં ઉપયોગી નીવડે છે. જ્યારે 'વનસ્પતિ'માં માત્ર નિકલ (ભલે થોડી માત્રામાં) છે.

૫) ઈજ્જતનગરના પ્રયોગોની વિરુદ્ધની દલીલોના જવાબમાં આપણે શ્રી વિનોબા ભાવેનું કથન વાંચીએ: "ડૉ. ગિલ્ડરે જે એમ કહ્યું કે 'ઉંદરોને ૭૦ ટકા પૉલિશ્ડ ચોખા, ૫ ટકા વનસ્પતિ ને માત્ર અરધો ટકો પ્રોટીનનો ગરીબ બંગાળી ખોરાક આપવામાં આવેલો; અને તેમને (ત્રીજી પેઢીએ) અંધાપો આવવાનું કારણ 'વનસ્પતિ' નથી, પણ હલકો ખોરાક છે, તથા વનસ્પતિ ના વાપર્યું હોત તો પણ અંધાપો આવ્યો હોત'—એ દલીલ તર્કશુદ્ધ નથી; સામાન્ય બુદ્ધિથી વિચારતાં સમજાશે કે બંગાળી કે બીજો આહાર અગત્યનો મુદ્દો નથી; પણ પરિણામમાં ફેર આણનાર કારણ એક પક્ષે ઘી છે તો બીજા પક્ષે થિજાવેલું તેલ છે. પોષણમૂલ્યવિહીન આહારના પરિણામે ઉંદરોને અંધાપો આવ્યાનું આપણે ધારીએ તો એક બાબત ચોખ્ખી છે કે ઘીથી અંધાપો ટળ્યો હોત, થિજાવેલા તેલથી નહિ."

'અમેરિકન ઑઈલ-કેમિસ્ટ્સ સોસાએટી શિકાગો'ના સક્રિય સભ્ય બી. આંજનેયુલુ લખે છે: "એ જ બંગાળી અને મદ્રાસી ખોરાકને તે પ્રાંતમાં પેઢીઓ થયાં લોકો ખાય છે પણ એની કશી બૂરી અસર થઇ નથી; તેથી પ્રયોગોવાળા ઉંદરોનો અંધાપો આ ખોરાકના કારણે સમજવો ન જોઇએ. આ માઠી અસરો તો વનસ્પતિની ઝેરીલી અસરને કારણે જ છે."

તા. ૯-૪-૬૦ના રોજ આરોગ્યપ્રધાન શ્રી કરમારકરે શેઠ ગોવિંદદાસના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું હતું કે સરકારને મળતી માહિતી મુજબ તો માનવીને ખોરાકમાં ખાવા માટે વનસ્પતિ ઘી કરતાં તેલ ઘણું જ સારું છે.


૬) ને ૧૧) ચરબીના વધારે પ્રમાણમાં આહાર અને હૃદયરોગના ઘનિષ્ઠ સંબંધ વિષે વૈદક વિજ્ઞાનના ઉહાપોહ પ્રત્યે આપણે આંખમીંચામણાં કરી ન શકીએ. ડૉ. નલિનીરંજન સેનગુપ્તાએ લખ્યું છે કે "કૉરોનરી ડિઝીઝથી ઇંગ્લંડમાં ત્રીસ વર્ષમાં મરણપ્રમાણ વીસગણું વધ્યું છે." અમેરિકા, સ્વીડન ને નેધરલૅન્ડમાં પણ આવી સ્થિતિ છે. એ કારણે તો એ દેશોના બાર દાક્તરોના અભ્યાસ-જૂથે વિશ્વઆરોગ્ય સંસ્થાના આશ્રયે હૃદયરોગ પર સંશોધન કાર્યક્રમ ગોઠવ્યો છે.

ક્લીવલૅન્ડ ક્લિનિક (અમેરિકા)ના રીસર્ચ ડિરેક્ટર ઇરવિન એચ. પેઈજના અધ્યક્ષપણા હેઠળની સ્પેશ્યલ કમિટીએ 'ડાયેટરી ફૅટ ઍન્ડ ઈટ્સ રિલેશન ટુ હાર્ટ ઍટૅક્સ ઍન્ડ સ્ટ્રોક્સ' નામનો તૈયાર કરેલો રીપોર્ટ અમેરિકન હાર્ટ એસોસીએશને પ્રગટ કર્યો છે. તેમાં લખ્યું છે કે "હૃદયરોગના હુમલા અને સ્ટ્રોક્સ થવાનું કારણ એથેરો સ્ક્લેરોસિસ (લોહીની નળીઓની કઠણાઈ) છે. આ સ્થિતિ થવાનાં બીજાં કારણોમાં એક કારણ લોહીમાં કોલેસ્ટેરોલનું વધુ પ્રમાણ માનવામાં આવે છે. લોહીનું કોલેસ્ટેરોલનું પ્રમાણ તેમજ વજન ઘટાડવા માટે ખોરાકમાં ચરબીનું પ્રમાણ ઘટાડવું જોઈએ." ખોરાકમાં ચરબીનું વધારે પ્રમાણ રોગદાતા હોવા વિષે આથી વધારે સાબિતીની કોઈ જરૂર છે ખરી?


૭) થિજાવેલા તેલની માઠી અસરો બતાવવા, તેનું વધુ પ્રમાણ કોલેસ્ટેરોલનું પ્રમાણ વધારનાર હોવાની બાબત સ્પષ્ટ લખી છે.

૮) ગયા ઉનાળામાં શુદ્ધ ઘીના ભાવ મણના રૂ. ૧૮૫) હતા અને આજે રૂ. ૧૬૨) છે. જો હિંદમાં ઘીનું ઉત્પાદન વધ્યું હોય તો તેના ભાવ આટલા ઊંચા રહે ખરા? જાન્યુઆરી '૬૨ કરતાં આજે ઘીના ભાવમાં ૪૬ ટકાનો વધારો છે. આ શું બતાવે છે?

૧૦) અમેરિકન મેડિકલ એસોસીએશનની 'હૅન્ડબુક ઑવ ન્યૂટ્રીશન'માં લખેલું છે કે "સામાન્ય સ્નેહામ્લો કરતાં દૂધની ચરબી અને માખણમાં બ્યુટાઇરિક ઍસિડ (સી-૪) થી માંડી સી-૮ સુધીના શૉર્ટ ચેઈન સ્નેહામ્લો છે, જે નાનાં પ્રાણીઓને વિશેષતઃ ઉપયોગી છે." પ્રાણિજ ચરબીની શ્રેષ્ઠતા આના આધારે છે. —(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી



ક્રીડા (ધાતુશિલ્પ)



બતક (ત્રાંબાના તારથી)




મોર (સૌપ્રથમ કૃતિ–સીધી પ્લાસ્ટરમાં)



ઊંટડું (માટીકામ)

કૂકડો (ખીલા-પતરાં)



કાપણી (સીમેન્ટમાં ભાસ્કર્ય)





કુસ્તી (કાષ્ઠ-શિલ્પ)

શ્રી રાઘવ કનેરિયાનાં અભિનવ શિલ્પ

'કુમાર'ના પૂર્વપરિચિત (જુઓ અંક ૪૨૩) આ તરુણ ને શક્તિશાળી શિલ્પકારની વિવિધ માધ્યમ અને શૈલીમાં સર્જાએલી કૃતિઓનો આ સમૂહ સજીવ સૃષ્ટિની ગતિશીલતા અને નૈસર્ગિક ભંગિ નિરૂપવાની પ્રશસ્ય તાકાતની પ્રતીતિ કરાવે છે. એમાં ધાતુશિલ્પ ને પ્લાસ્ટરકામ છે, સિમેન્ટ-શિલ્પ ને કાષ્ઠ-કંડારણી છે, માટીકામ અને ત્રાંબાના તારનું સર્જન છે—અને, સ્વાભાવિક રૂપમાં મળી આવેલા પતરાના નાનાવિધ ઘાટરૂપના ટુકડા તથા ખીલાને લાકડાના ખંડમાં ખોસીને પુચ્છ-કલગી-પીછાંનો ચોટદાર આભાસ આપતો કૂકડો પણ છે.



દાણલીલા - કાંગડા કલમ : ગઢવાલી શૈલી - ઈ. ૧૭૮૦ થી ૧૮૦૦
ગોપીઓ પાસેથી દાણ ઊઘરાવતા કૃષ્ણ અને ગોપસખાઓ સહિતનું યમુનાકિનારાનું હરિયાળીછાયું મનોરમ દૃશ્ય
(શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંથી તેમના સૌજન્યથી)

શ્રાવણની સાંજે

· ગાન ·

શ્રાવણની સોનેરી સાંજે
ઝરમર ઝરમર ગીત!
અતીતનો ઘૂંઘટ હડસેલી
લોચન પલકે પ્રીત.
લોચનના પલકારે ટપક્યું
સરક્યું સુંદર મોતી,
કમલ સરીખા કપોલ પરથી
લીધ હતું જે ગોતી.
અશ્રુની ભીનાશ અડકતી
મનને અશો અજંપ!
જરઠ વળેલી રુક્ષ આંગળી
વિષે રુધિરનો કંપ!
શ્રાવણની સોનેરી સાંજે
ઝરમર ઝરમર ગીત.
ઊંડી ઝીણી આંખ બીડાતાં
ટપકે ભીની પ્રીત.

લાભશંકર ઠાકર

તારલા ટોળે વળ્યા

· ગાન ·

અધમધ આ રાતને ટાણે કે
તારલા ટોળે વળ્યા,
આ રે મેડી ને ઓલ્યે મસાણે કે
તારલા ટોળે વળ્યા.
ક્યાંક રૂપની કેદ શી કાળી કે૦
ક્યાંક હરખે હેતને ભાળી કે૦
કોઇ ઝૂલ્યાં મુખોમુખ નેણાં કે૦
કોઇ સાંખે ભવોભવ મેણાં કે૦
કોઇ અંધારે દેવું ભળાવી કે૦
કોઇ મોંઘી તે મૂડી વળાવી કે૦
જોઇ ખંડેરે તુલસીદીવો કે૦
સુતો સોડતાણી મરજીવો કે૦
એને એવું એવું શું સૂઝે કે૦
જોઇ ધરણી થરથર ધ્રૂજે કે૦
મૂગા મૂગા કરે કૈં વાતું કે૦
ઝીણીઝાકળમાંભીંજવેરાતુંકે૦

અનવર આગેવાન

મંગલસૂત્ર

· વસંત–મૃદંગ ·

સૌન્દર્યપદ્મ તુજ શાશ્વત યોનિ! બાલા–
રૂપે મરાલ–સહ ક્રીડન દિવ્ય; મુદ્રા
કાલાબ્ધિને તટ સુરેખ સ્ફુરે પદોની
તારા સુનીલ મણિ–મૌક્તિકથી ભરીભરી
મૂકી લસે ઉભય કોમલ પુષ્પગુચ્છ શી!

તારુણ્યના અકલ કૈં ઉરભાવ લોચને
પ્રેરંત મીન તણી ચંચલતા; રતૂમડી
ગોરા કપોલ પર ઝાંય; રૂંવેરૂંવે અહો
સંચાર શો મદનનો! અભિરામ તું મટી
કન્યા બની મલપતી નતનેત્ર મુગ્ધા!

પ્રત્યક્ષ રૂપ લહું હ્યાં હું તૃતીય: વાદળી
પેરે લળી, શિશુ પરે શતધાર વર્ષતી
વાત્સલ્ય! સૌમ્ય તવ દૃષ્ટિ મને ય તર્પતી.
સોહંત ચક્ષુમુકુરે છવિ શી મનોરમા!
એકે વસે કુલવધૂ, જનની દ્વિતીયમાં!!

ન્યાળી રહું હિયું ભરી અનિમેષ રે ત્યહીં
લાવણ્યનું પટલ દેહ થકી અચિન્ત્યું
તારું સર્યું! (પરુષ હસ્ત શું ભાગ્ય કેરો
વર્તાવતો ગજબ કેર!) વિવર્ત મેં લહ્યો
શો કારમો કરુણ મેં ક્ષણ એકમાત્રમાં!

હા! ગાત્ર સૌ શિથિલ, રુક્ષ ત્વચા, અરેરે
શી સ્નિગ્ધ શ્યામ તવ કુંતલની દશા! આ
ઊંડે ધસ્યાં દૃગ–કપોલ! વિરૂપતા અશી
વ્યાપી; હવે, નિયતિ હે, મુજથી ન કૈં વધુ
જોયું જતું—નયનદ્વાર કરું જ બંધ હું!

આશ્ચર્ય! મેં જરઠ જીર્ણવિશીર્ણ દેહે
દીઠી ઘડી–અબઘડી કરમાં કૃતાંતના,
રે એ જ તું મુજ સમીપ અહીં યથાવત્
બેઠી પ્રસન્ન સ્મિતથી મુજને નવાજતી!
મિથ્યાત્વ તારું, પ્રિય વા મુજ દૃષ્ટિ કેરું?!

મેં બાલ્ય યૌવન તણી તુજ રમ્ય દેહે,
વાર્ધક્યની લલિત–કામ્ય–કરાલ છાયા
પેખી પ્રલંબ; રતિ–પ્રીતિ, વિષાદ–ભીતિના
તાણે વણેલ દૃઢ મંગલસૂત્ર કંઠે
ધાર્યું; અનિષ્ટ અવ સર્વ ટળ્યું જ સર્વદા!

શંભુપ્રસાદ જોશી

પુનશ્ચ

· પૃથ્વી ·

...અવ તું ય તે હળુક ખોલતી દ્વાર આ.
અહીં ફરકતી અચાનક જ વાયુની લ્હેરખી.
રહે સળવળી બધી સ્મૃતિ અતીત કેરી, યથા
પ્રકાશ અડક્યે અનંત તિમિરાંધ સાપોલિયાં.
અહીં મનની કોકિલા ભજત મૌન. કૂજી હતી
તદા—પ્રથમ આમ્રપુષ્પ સમ પ્રીતિઆસ્વાદથી,
ભરી ગળું સમસ્ત કુંજ ગજવી હતી—
ત્યાં જ તો
અચાનક પ્રિયા ત્યજી હૃદય આ, થઇ ચાલતી.
થયું બધિર ચિત્ત સાવ—જયમ દીપ બૂઝી જતાં
અરૂપ બસ આયનો.
અવ પુનશ્ચ આ દર્પણે
રચાય તવ આસ્યનું લલિત ફાલ્ગુની બિંબ, ને
પુનશ્ચ અવ તું ય તે હૃદયકોકિલાને રહી
ખિજાવી. તવ સૂરનો સુખદ, રેશમી સ્પર્શ શો
લહું—તવ સુમંદ આ ફરકતો યથા પાલવ!
અહીં મુખર કોકિલા ટહૂકતી ત્યજી મૌનને.
મને બધું પસંદ તો ય મનમાં છ શંકા હજી.
કદાચ તવ રેશમી હૃદય માહરી પાસથી
જશે શું સરકી! કહે, અહિં પલાશના પુષ્પને
ગણી પરમ સાક્ષા, તું કદિ ય માહરી આંખથી
લૂછીશ નવ બિંબ તારું. પછી તો ગજાવ્યે જશું
કરોકર પરોવીને પ્રણયની વસંતો બધી.

દિલીપ ઝવેરી

કાં અલગ?

· ગઝલ ·

યુગોથી કાં ઝૂરે ધરા અને ગગન અલગ અલગ?
હજીય કાં રહે જીવન અને સપન અલગ અલગ?
ઓ બાગબાન, તેં ભલે કર્યા ચમન અલગ અલગ,
ન હદ મહીં રહી અને થયાં સુમન અલગ અલગ!
હરેક હાલમાં રહી હું તો ચહું છું એટલું:
કદી ન હોય મુજ જીવન અને કવન અલગ અલગ.
કહી રહ્યાં છો શું તમે હું કેમ એ કળી શકું?
હૃદય, નયન, અને તમે કહો વચન અલગ અલગ!
વિરહ અને મિલન તણી સ્વતંત્ર હસ્તી છે જ ક્યાં?
છે એક પ્રેમનાં જ એ ઉભય વસન અલગ અલગ.
ન હું ને મારું દર્દ એક ક્ષણ કદી જુદાં પડ્યાં,
હું એકલો નહીં રહું; ન હો દફન અલગ અલગ.
અલગ રહ્યા છતાં અલગ કરી શક્યો ન કાળ પણ
ક્ષણે ય આંપણે શ્વસ્યાં નહીં શ્વસન અલગ અલગ.
હરેકનાં કવન મહીં હું મારું દર્દ જોઉં છું;
અલગ હો પૂજનાર પણ નથી પૂજન અલગ અલગ.

રાજેન્દ્ર શુક્લ

પ્રશિષ્ટ શૈલીનાં પ્રાસાદિક કાવ્યો આપનાર લાભશંકર સવૈયાના ઢાળની દેશીમાં ગાન પણ એટલા જ નાજુક ભાવો અને કમનીય કલ્પનાવાળું લઇને આવી શકે છે તેની પ્રતીતિ સુખદ છે. એવા જ ભાવ અને કલ્પનામાં દિલીપની હથોટીની પણ શી જમાવટ છે! અનવરનું ગાન પણ અર્થગર્ભ અભિવ્યક્તિથી સોહે છે. બાલ્ય, યૌવન અને જરા, ત્રણે સ્થિતિનું પોતાની પત્નીનું કલ્પનાદર્શન કરી લેતા મંગલસૂત્ર ના કવિ, એ દર્શન દ્વારા રતિપ્રીતિ અને વિષાદભીતિના ભાવના તાણાવાણાથી વણાએલું મંગલ શ્રદ્ધાનું કેવું દૃઢ સૂત્ર હૃદયમાં ધારી રહે છે! આપણી પાસે પહેલી જ ગઝલ લઇને આવતા રાજેન્દ્ર શુક્લ ગઝલરચનાનાં દર્દ અને મિજાજ બંનેની સારી શક્યતાઓ ધરાવે છે.

આત્મસંયમવાળી લોકશાહી

★ યશોધર મહેતા

આજથી અઢી હજાર વર્ષ ઉપર ગ્રીસમાં સૉક્રેટિસ નામનો એક મહાન તત્ત્વવિચારક પાક્યો. એણે મનુષ્યના જીવનની મીમાંસા કરી ને રાજકારણને મનુષ્યના સંઘજીવનનું ઉત્તમ સાધન ગણી તેનું ઘડતર સદ્‌ગુણના પ્રચાર અને વિકાસ સાથે કરવાનું કહ્યું. સૉક્રેટિસના પ્રહારો તેના જમાનાના જડવાદી ને નિરીશ્વરવાદી 'સોફિસ્ટો' ઉપર હતા. તેઓ કહેતા કે નીતિ અને ધર્મ જેવું કાંઈ છે નહિ, બળ એ જ નીતિ અને ધર્મ છે.

સોફિસ્ટોની આ તકવાદી ફિલસૂફીને સૉક્રેટિસે ઊધડા લીધા અને સફળતાથી તેમનો સામનો કર્યો. એના વિચારો કેવા હતા એ સમજવા માટે આપણે એના પ્રખર શિષ્ય પ્લેટોનાં પુસ્તકો જોવાં જોઈએ. ઍથેન્સની તે કાળની લોકશાહીએ સૉક્રેટિસને ઝેર આપી તેની હત્યા કરી. પ્લેટોએ ઍથેન્સ છોડ્યું.

આઠ વર્ષના પર્યટન પછી તે ફરી ઍથેન્સ આવ્યો અને પોતાના ગુરુના તત્ત્વવિચારોના શિક્ષણ સારુ તેણે 'ઍકેડેમી' સ્થાપી.

પ્લેટોએ એ તત્ત્વવિચારો 'સંવાદો'ના નામથી રજૂ કર્યા છે. તેનો સાર નીચેના ત્રણ મુદ્દાઓમાં સમાઈ જાય છે:

(૧) માનવજાતનું આખરી ધ્યેય સદ્‌ગુણનો વધારો કરવામાં રહેલું છે.

(૨) સદ્‌ગુણ અને જ્ઞાન એકબીજા ઉપર આધાર રાખનારી વસ્તુઓ છે. સદ્‌ગુણનો વધારો કરવા માટે મનુષ્યે બુદ્ધિને કેળવવી પડે.

(૩) રાજ્યસત્તા જ્ઞાની સદ્‌ગુણીના હાથમાં જ રહે તે માટે પ્રયત્નશીલ રહેવું ઘટે.

એટલા માટે પ્લેટો ગ્રીક સમાજને ત્રણ વિભાગમાં વહેંચી નાખે છે: ૧) આત્મનિગ્રહવાળા તત્ત્વચિંતકો ૨) યોદ્ધાઓ ૩) કારીગરો અને વેપારીઓ. આ ત્રણ વિભાગો જીવનના શ્રેય અર્થે છે. તેમની વચ્ચે સ્પર્ધા કે સંઘર્ષ નહિ પણ સહકાર હોવો જોઈએ.

પ્લેટોના વિચારો ઉપર ભારતીય તત્ત્વવિચાર તથા સમાજરચનાની મોટી અસર હતી એવું ઇતિહાસકારો માને છે. શક્તિ હમેશાં આત્મનિગ્રહમાંથી જન્મે છે એ તત્ત્વવિચાર ઉપનિષદ્‌કાળનો છે. આપણે ત્યાં સમાજની રચના ચાર વિભાગ (વર્ણાશ્રમ)માં કરવામાં આવી છે, તેની અસર પ્લેટો ઉપર સ્પષ્ટ છે.

પ્લેટો કહે છે કે તત્ત્વચિંતકો ને યોદ્ધાઓ પાસે માલમિલ્કત ન હોવાં જોઈએ અને તેમનો વ્યવહાર રાજ્ય તરફથી ચાલવો જોઈએ. તેવી જ રીતે આપણે ત્યાં પણ બ્રાહ્મણોને



સૉક્રેટિસ અને પ્લેટો · નીચે: ઍરિસ્ટોટલ

માલમિલ્કતના મોહથી દૂર રહેવા કહ્યું છે.

આ પ્લેટોનો શિષ્ય ઍરિસ્ટોટલ. તે મહાન તત્ત્વચિંતક હતો. પ્લેટો અને ઍરિસ્ટોટલના વિચારો વચ્ચે ધ્યાન ખેંચે તેવો ફરક એ હતો કે પ્લેટો તત્ત્વચિંતકો તથા યોદ્ધાઓ માટે અંગત માલમિલ્કતમાં માનતો નહોતો; જ્યારે ઍરિસ્ટોટલ માનતો કે કુટુંબ ને મર્યાદાસરની માલમિલ્કત માનવસમાજનો વિકાસ કરનારી વસ્તુઓ છે. તે સિવાય, રાજકારણના વિચારોમાં પોતે પ્લેટોની સાથે છે.

ઍરિસ્ટોટલના મતે મનુષ્ય એ સ્વભાવથી જ રાજકારણી પ્રાણી છે. રાજ્ય એ કુટુંબનું આખરી રૂપ જ છે, અને કૌટુંબિક ભાવના મનુષ્યના સ્વભાવમાં રહેલી છે. પ્રાણીમાત્રને આ ભાવના વારસામાં ઊતરી આવેલી હોઈ માનવ પ્રાણીને રાજકારણી અભિલાષા હોવી તે એનો સ્વભાવ છે. એ જેમ બુદ્ધિમાં વધશે તેમ રાજકારભારમાં વધુ જાગતો રહેશે.

આ સમાલોચનાનો સાર શો? એટલો જ કે સદ્‌ગુણી અને સંયમી મનુષ્યોએ દેશના હિતનો વિચાર કરીને રાજકારણમાં જાગ્રત મનોદશા કેળવવી જોઈએ ને નીરક્ષીર ન્યાયે વિવેક કરી જાણવો જોઈએ.

લોકશાહીમાં લોકોનો વિચાર એ બહુ



મહત્ત્વની વસ્તુ છે. એ વિચાર પ્રમાણે વહીવટ ચાલે છે કે નહિ તે જોવાનું કામ આપણું છે. પક્ષો આપણને વફાદાર છે કે નહિ, આપણી ઇચ્છાનો અમલ કરે છે કે નહિ, તેમાંના માણસો કેવા છે, એ બધું જોવાની ફરજ આપણી છે. વળી, આપણી ઇચ્છા એટલે શું? રાજકારણમાં 'આપણે' શબ્દનો અર્થ અમુક નાતજાત કે વાડો નથી થતો. 'આપણે' એટલે ભારતના તમામ લોકો, જેમાં નેવું ટકા નાગાભૂખ્યા આવી જાય. થોડા ધનિકો અને થોડા રાજામહારાજાઓ એ 'આપણે' નથી. કહેવાતો 'મધ્યમ વર્ગ' એ 'આપણે' નથી. લોકશાહીમાં જો 'આપણે' શબ્દનો અર્થ બરાબર નહિ સમજાય તો દુઃખના દહાડા છે.

અત્યારના રાજકીય પક્ષો આ બાબતનો વિચાર નથી કરતા એવું નથી. પણ તેમની આચારશક્તિ મંદ પડી છે. આ પાંચ વર્ષમાં જો આપણે સંસ્કારી લોકશાહી તરફ નહિ વળીએ તો સરમુખત્યારીનો પંજો ફેલાશે.

અને પ્રજાની પણ જાગ્રત રહેવાની ઘડી આવી ચૂકી છે. આત્મસંયમવાળી લોકશાહીનું નિર્માણ કરવાનું છે. એની શરૂઆત જાતથી જ કરવાની છે તે માટે પોતાની જરૂરિયાતોનો આ બધે ફુગાવો હાથમાં લેવાનો છે. લોકોએ પોતે જ પોતાની જરૂરિયાતો ઉપર અંકુશ મૂકવાનો છે. નિરંકુશ પ્રજોત્પત્તિ પણ દેશનું અહિત કરનારી છે. જે વસ્તુ આપણી પોતાની સત્તામાં છે તે વસ્તુ માટે રાજસત્તા તરફ દૃષ્ટિ દોડાવવી એ લક્ષણ જાગતા માણસનું નથી. આપણે શોર મચાવીએ તેથી જાગતા છીએ એવું સાબિત થતું નથી.

સત્ય, સદ્‌ગુણ અને રાજકારણ એ ત્રણે જે લોકો સાથેસાથે વિચારે છે તેઓ જ લોકસંગ્રહ કરી શકે છે. આજે આ વિષય ઉપર પુખ્ત વિચાર કરીને મક્કમ પગલે આચાર કરવાનો વખત પાકી ગયો છે.

માણસની સ્વતંત્રતાનો લોપ જરૂરિયાતોના ફુગાવાથી જ થાય છે. મૂડીવાદ ને સામ્યવાદ બંને અનિષ્ટો છે, કારણ કે બંનેમાં મનુષ્યની જરૂરિયાતો બહેકાવી મૂકવાની વાતો છે. જરૂરિયાતોના વધારાને જે લોકો સંપત્તિ માને છે તેઓ ભ્રમણાને સત્ય માને છે. આજનું તમામ રાજકારણ તથા અર્થકારણ ભ્રમણાના ચકડોળે ચડેલું છે.

સ્વરાજ એટલે જરૂરિયાતો ઉપરનો કાબૂ: સ્વરાજ એટલે શક્તિનો વધારો અને વ્યયનો ઘટાડો; સ્વરાજ એટલે આત્મનિગ્રહ.

ગુજરાતની પ્રજાને સૌપ્રથમ વિદ્યાભિમુખ કરનાર આપણી ગુજરાતી કેળવણીના આદ્ય જનક



રણછોડદાસ ગિરધરદાસ

જેમના પુત્ર મોહનલાલે અને પૌત્ર દી. બ. કૃષ્ણલાલે એમ એકધારી ત્રણ પેઢી સુધી ગુજરાતનાં શિક્ષણ ને સાહિત્યની સેવા કર્યાનું વિરલ ઉદાહરણ છે.

લેખક
ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ'

ગુજરાતની પ્રજાને સૌપ્રથમ વિદ્યાભિમુખ કરનાર, આપણી અર્વાચીન કેળવણીના આદ્ય પિતા ગણાએલા આ ગરવા ગુજરાતીનો જન્મ ભરૂચમાં, ખાનદાન કુટુંબ સંસ્કારસંપન્ન વાતાવરણ અને સદાચાર તથા શિક્ષણ પ્રતિ પ્રેમાદર ધરાવતા પરિવારમાં, આજથી ૧૫૯ વર્ષ પર આ જ માસમાં વિ. સં. ૧૮૬૦ના કાર્તિક માસના પડવાના રોજ રવિવારે થયો હતો.

એ ઝવેરી કુટુંબના મૂળ પુરુષ (રણછોડદાસના દાદા) જીવણદાસ ઈ. ૧૬૨૦માં અમદાવાદથી ભરૂચ આવીને રહેલા. રણછોડદાસના પિતાનું નામ ગિરધરભાઇ અને માતાનું નામ હરકોર. રણછોડદાસ પછી એમના પુત્ર શ્રી મોહનલાલ ઝવેરી અને પૌત્ર દીવાનબહાદુર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ પણ ગુજરાતના સમાજ, સાહિત્ય, શિક્ષણ ને સંસ્કાર ક્ષેત્રની માતબર સેવા કરી છે. આમ એકધારી ત્રણ પેઢી સુધી ગુજરાતની સંસ્કારિતાની સતત સેવા કર્યાના કિસ્સા વિરલ છે.

રણછોડદાસના જન્મદિને હિંદુ નવ વર્ષના પ્રારંભ ઉપરાંત એમના જન્મનું વર્ષ બીજી રીતે પણ ઇતિહાસમાં નોંધપાત્ર બન્યું છે. એમના જન્મવર્ષે ઈ. સ. ૧૮૦૩માં તા. ૨૯ ઑગસ્ટે બ્રિટિશ સરકારે સિંધિયા પાસેથી ભરૂચ શહેર જીતી લીધું હતું અને તે સાલથી ભરૂચમાં બ્રિટિશ હકૂમતનો અમલ શરૂ થયો હતો.

નાનપણમાં જ માતા ગુમાવી બેસવાથી એમના જીવનઘડતરમાં સ્વાભાવિક રીતે જ માતા કરતાં પિતાનો ફાળો વધુ રહેલો છે. એમના પિતા ગિરધરભાઈ ઉમદા સંસ્કારી સજ્જન અને સાચા પ્રભુજન હતા. તેમની કુટુંબવત્સલતા, ધીરજ, ઉદ્યોગપરાયણ વૃત્તિ, પુરુષાર્થશીલ પ્રકૃતિ, પ્રામાણિકતા, સદાચારી બુદ્ધિ, સમયસૂચકતા આદિ સદ્‌ગુણો અનેક રીતે નોંધપાત્ર છે. કુટુંબવત્સલતાને કારણે જ નાની વયથી મોરફતિયાનો, બદામો વેચવાનો તથા સૂતરીઆનો ધંધો કે મુનીમગીરી કરી તેમણે પોતાના મોટા ભાઇ કુકુભાઇને વાસેક માણસના સંયુક્ત કુટુંબની આજીવિકા રળવામાં સારી એવી સહાય કરી હતી. એમના અક્ષર મોતીના દાણા જેવા સુંદર હતા. એટલે જ સિંધિયા સરકાર જ્યારે ભરૂચના દીવાન લલ્લુભાઇને કેદ પકડી પાવાગઢમાં લઈ ગઈ ત્યારે જતી વખતે લલ્લુભાઇએ ગિરધરભાઈના જ હાથનો લખેલો સુંદર અક્ષરોવાળો કાગળ મોકલવા આગ્રહ કરેલો. અંગ્રેજ સરકારે સૌપ્રથમ દસ્તાવેજ વગેરે માટે સ્ટૅમ્પના કાગળો કાઢેલા ત્યારે થએલા વિરોધની સામે થઇને તેમના ભાઈ વકીલ વાજભૂખણદાસે સરકારી હુકમના પક્ષે રહી જનતાનો ખોફ વહોરી લીધેલો, એ વખતે લોકોનાં ટોળાના રોષમાંથી ગિરધરભાઇએ પોતાના એ ભાઇને બચાવી લીધેલા.

એક વાર ગિરધરભાઈના શેઠ પ્રાણનાથભાઈની હવેલીમાંથી બારેક હજાર રૂપિયાની કીંમતના દાગીનાની ચોરી થએલી ત્યારે એનું આળ ગિરધરભાઇને માથે આવેલું. તેઓ તો ત્યારે પરગણામાં ઉઘરાણીએ ગયા હતા; પણ આની ખબર પડતાં તરત જ તે ભરૂચ આવ્યા અને ખરા ચોર (શેઠના જ એક જૂના ચાકર)ને શોધી કાઢી તેની પાસેથી મુદ્દામાલ મેળવી આપી પોતાની પ્રામાણિકતા પુરવાર કરી આપેલી. વળી શેઠ પ્રાણનાથને પરણાવવા માટે સાવરકુંડલા ગામે ગાડાવાટે જ્યારે જાન જતી હતી તે વેળા મહી નદીને કાંઠે ગાડાવાળાએ લુચ્ચાઇથી દાગીનાનો ડબ્બો ઉચાપત કરી લીધેલો તે ગિરધરભાઈએ સાવચેતીથી અને કુનેહથી ગાડાવાળા પાસેથી કઢાવી આપેલો.

તેમની પ્રામાણિકતા અને સુઘડસુવાચ્ય લેખનપદ્ધતિ વગેરેથી ગોરા અમલદારો પણ તેમના પર મુગ્ધ હતા. યુવાવસ્થામાં જ ઘરભંગ થયા હતા, છતાં બીજી વાર લગ્ન ન કરી તેમણે સચ્ચારિત્ર્યનો ઉમદા દાખલો બેસાડ્યો હતો. આ ઉપરાંત વિવેક, પરગજુ વૃત્તિ, ખુશામદખોરી પ્રતિ ઘૃણા વગેરે સદ્‌ગુણોની સાથે તેમનામાં સાહસિક વૃત્તિ પણ હતી અને એ વૃત્તિને કારણે જ તેમણે પોતાના પુત્ર રણછોડદાસને પોતાની સારી સ્થિતિ છતાં એ રૂઢિચુસ્ત જમાનામાં મુંબાઈ મોકલ્યા હતા. 'જીકાકા'ના નામે કુટુંબમાં ઓળખાતા આવા પ્રતાપી પિતાને હાથે ઘડતર પામનાર રણછોડદાસે પિતાના એ ગુણવારસાને ઉજાળ્યો.

એ જમાનામાં કેળવણીનાં સાધનો અત્યંત અલ્પ બલ્કે નહિવત્ હતાં. વાચવાનાં પુસ્તકો તો ભાગ્યે જ મળતાં; અને જે વાણિયાશાઈ લખાણ તે વખતે પ્રચલિત હતું તેમાં કાના-માત્રા, હ્રસ્વ-દીર્ઘ કે જોડાક્ષરની શુદ્ધિ ભાગ્યે જ જોવા મળતી. આઠદસ વર્ષની વયે મહેતાજીની ગામઠી નિશાળે બેસી બેચાર વર્ષની મુદતમાં આંક, કક્કો, નામું વગેરે શીખી લઇ મુનીમ કે ગુમાસ્તાની નોકરી પર ચડી જવું, એ તે જમાનામાં પ્રચલિત સર્વસાધારણ ઉપક્રમ હતો.

પ્રારંભિક શિક્ષણ સફળતાથી પૂરું કરી રણછોડદાસે પોતાના પિતાના હાથ નીચે દુકાનમાં પંદરસોળ વર્ષની વયે ગુમાસ્તાનું કામ શીખવા માંડેલું. ચારપાંચ વર્ષમાં તો અક્ષર સુધાર્યા, નામું શીખી લીધું અને સાથેસાથે સ્વામી નિર્મળાનંદ જેવા પાસે ભગવદ્‌ગીતા

સમાં ધર્મપુસ્તકોનો પણ અભ્યાસ એમણે કરી લીધો. આ ઉપરાંત દાદુપંથી બાવા અમૃતરામજી તથા સિદ્ધિરામજીના સત્સમાગમથી હિંદી ભાષાનાં પુસ્તકો વાંચવાની અને સમજવાની ફાવટ પણ તેમણે મેળવી લીધેલી. દેવનાગરી લિપિ શુદ્ધ અને સ્વચ્છ રીતે લખવાનું પણ તેઓ આ વખતે જ શીખેલા. એ જ અરસામાં લડાઇઓને કારણે આવેલા લશ્કરની સાથે ભરૂચમાં મુકામ કરી રહેલા સરકારી ખ્રિસ્તી દેવળના રક્ષક મિ. ટક્કર પાસેથી તેમણે ખૂબ જહેમત ખેડીને અંગ્રેજી બોલવા, વાંચવા ને લખવાનું જ્ઞાન પણ મેળવી લીધેલું. મિ. ટક્કરને ગુજરાતી કે ભારતની બીજી કોઇ પણ ભાષા આવડતી ન હોવાથી એમની પાસે અભ્યાસ કરતી વેળા મુશ્કેલી ઘણી જ પડેલી; છતાં વિદ્યાની અદમ્ય પિપાસા, ધીરજ અને ખંતથી એ અભ્યાસ એટલી સારી રીતે કરી લીધો કે દેવળની તપાસણી માટે આવેલા મુંબાઈના પાદરી મિ. કારની પરીક્ષામાં તેઓ યશસ્વી સફળતા પામ્યા. રણછોડદાસની ચતુરાઈ જોઇ મિ. કારે કેળવણીખાતાના નિયામક કર્નલ જર્વિસને લખીને એમને પોતાની પાસે રાખી લેવા ખાસ ભલામણ કરી. પરિણામે 'બૉમ્બે નેટિવ એડ્યુકેશન ઍન્ડ સ્કૂલ બુક સોસાએટી'માં રૂપિયા ચાલીસના પગારથી રણછોડદાસને લેવામાં આવ્યા અને આમ ઇ. સ. ૧૮૨૫માં તેઓ કેળવણી ખાતામાં જોડાયા.

શરૂઆતમાં તેમને દેશી નિશાળોને સારુ ગુજરાતી પુસ્તકો રચવાનું કામ સોંપાયું. ત્યારે તેમનું વય માત્ર ૨૨ વર્ષનું હતું! એ પુસ્તકોમાં વર્ણમાળા, જોડાક્ષર, એકાક્ષરી શબ્દ, દ્વિ-અક્ષરી શબ્દ, પાંચ સાત અક્ષરી શબ્દ, શબ્દાર્થો, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ભાંજણી વગેરેની શાસ્ત્રીય ને વ્યવસ્થિત રચના કરીને તેમણે તે વખતે ઇંગ્લંડમાં ચાલતા લૅંકેસ્ટ્રિયન ધોરણ અનુસાર કેળવણી આપવાનું કામ ગુજરાતમાં સૌપ્રથમ દાખલ કર્યું. આ ઉપરાંત પ્રસ્તુત 'મુંબાઈ દેશી નિશાળ તથા પુસ્તક મંડળી' તરફથી તૈયાર થએલાં 'લિપિધારા', 'બોધ વચન', 'ડાહ્યલીની વાતો', 'ઇસપનીતિની કથાઓ', 'બાલમિત્ર', 'પંચોપાખ્યાન', 'ભૂગોળ', 'ખગોળ', 'વિદ્યાના ઉદ્દેશ', 'લાભ ને સંતોષ', 'હટન કૃત પૂર્ણાંક-અપૂર્ણાંક', શિક્ષણમાળા ભા. ૧-૨', 'કર્તવ્યભૂમિતિ' વગેરે અનેક પુસ્તકોની રચનામાં એમનો ફાળો મૂલ્યવાન હતો.

આવાં પુસ્તકો તૈયાર કરવા ઉપરાંત રણછોડદાસે જે બીજું મહત્ત્વનું કાર્ય કર્યું તે ગુજરાતમાં એ વખતે નવી સ્થપાએલી તથા સ્થપાનારી દેશી નિશાળો માટે તાલીમબદ્ધ યોગ્ય મહેતાજીઓ તૈયાર કરવાનું ને શોધી કાઢવાનું. આ માટે તેમણે ગુજરાતનાં અનેકવિધ સ્થાનો ને ગામોનો પ્રવાસ કર્યો. પ્રથમ તેમણે સૂરત, ભરૂચ ને અમદાવાદ શહેરોમાં નિશાળોનો આરંભ કર્યો, અને તે પછી કસ્બાઓ સમાં ઓરપાડ, કાલીઆવાડી, વલસાડ, બગવાડી, અંકલેશ્વર, જંબુસર, આમોદ અને નડિયાદ જેવા કસ્બાઓમાં ફરીફરીને લોકોને સમજાવીને નિશાળો સ્થાપી. આ કામ હાલ માનીએ છીએ તેટલું સહેલું નહોતું. એ જમાનામાં ભણવાનો ઉમંગ બિલકુલ નહોતો, બલ્કે સરકાર ભણાવીને લશ્કરમાં લઈ જશે ને વટલાવશે એવી ડર ભરેલી માન્યતા પણ પ્રચલિત હતી. આવા પછાત પરિસ્થિતિમાં રણછોડદાસે વિદ્યાભિમુખ દૃષ્ટિ ખીલવવા લોકમત ઘડ્યો અને નિશાળો તરફનો લોકોનો ડર દૂર કર્યો. તેમની આ સેવા નાનીસૂની નથી. આવી ભૂમિકા તેમણે તે જમાનામાં ઘડી ન હોત તો શિક્ષણના ક્ષેત્રમાં આજની પરિસ્થિતિએ કદાચ આપણે પહોંચી શક્યાં ન હોત. આમ, ગુજરાતમાં જ્યારે સારી એવી સંખ્યાની લગભગ વીસેક નિશાળો થઈ ત્યારે સરકારે રણછોડદાસની સેવાની કદર બૂઝી તેમને ગુજરાતની નિશાળોના વિદ્યાધિકારી(ઈન્સ્પેક્ટર)નો હોદ્દો રૂ. ૮૦ના માસિક પગારથી આપ્યો.

પ્રારંભમાં આ નિશાળખાતું જિલ્લા કલેક્ટરોની હકૂમત નીચે હતું, પણ પછી મુંબાઇની હાઇકોર્ટના ન્યાયાધીશને વાર્ષિક પરીક્ષા લેવાનું કામ સોંપાએલું. ઈ. સ. ૧૮૩૪-'૩૫ પર્યંત આ વ્યવસ્થા રહેલી. એ દરમિયાન એક વેળા ન્યાયાધીશ મિ. જિબરીને ભૂગોળ ખગોળના કેટલાક પ્રશ્નો વિદ્યાર્થીઓને પૂછ્યા. વિદ્યાર્થીઓને તે ન આવડ્યા ત્યારે તેમણે શિક્ષકોને પણ એ જ પ્રશ્નો પૂછ્યા. એમને પણ ન આવડ્યા ત્યારે તેમણે શિક્ષકોને વધુ તાલીમ આપવાની સરકારને ભલામણ કરી. આથી સરકારે ચાલુ પગારે ગુજરાતના મહેતાજીઓને મુંબાઇ બોલાવ્યા અને ભૂગોળ, વ્યાકરણ, ગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ, બીજગણિત વગેરે વિષયોની ખાસ તાલીમ આપી. આ તાલીમ આપવાનું કાર્ય પણ સરકારે રણછોડદાસને જ સોંપ્યું; અને એ માટે તેમને ઇ.સ. ૧૮૩૬-'૩૭નું વર્ષ મુંબાઈ ખાતે ગાળવું પડેલું.

ઈ.સ. ૧૮૪૦માં સરકારે 'દેશી નિશાળ પુસ્તક મંડળી'ની સંસ્થા બંધ કરીને 'બોર્ડ ઑવ એડ્યુકેશન' નામક શિક્ષણખાતું રચ્યું અને નિશાળોની હકૂમત જિલ્લા હાકેમો પાસેથી લઇને આ નવા ખાતાને સોંપી આ શિક્ષણખાતાએ કેળવણીના કાર્યને વધુ નિયમબદ્ધ ને વ્યવસ્થિત કરવા માટે નવી નિશાળો સ્થાપવા અંગે નવા નિયમો બનાવ્યા અને નિશાળોમાં ફીની પ્રથા દાખલ કરી. એની સાથેસાથે જ તેણે અંગ્રેજી નિશાળો પણ સ્થાપી. આમ કાર્ય વધ્યું ને કેળવણીનો ફેલાવો પણ વધુ વ્યાપક બન્યો. શિક્ષણખાતાએ ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ, નકશાપોથી આદિ વિષયોનાં નવાંનવાં પુસ્તકો પ્રગટ કરવા માંડ્યાં. શિક્ષણ વધુ વ્યાપક ફેલાવો પામતાં વધુ શિક્ષકોની જરૂર પડી, તેથી શિક્ષકો તૈયાર કરવા મરાઠી અને ગુજરાતી ભાષાના માધ્યમના બે તાલીમવર્ગો મુંબાઈમાં શરૂ કર્યાં. ઈ.સ. ૧૮૪૫માં શરૂ થએલા ગુજરાતી માધ્યમના આ વર્ગનું સંચાલન સરકારે રણછોડદાસને સોંપ્યું.

પ્રસ્તુત શિક્ષણખાતાની સ્થાપના થયા પછી ઇ.સ. ૧૮૪૨થી ગુજરાતની નિશાળોની પરીક્ષા ને તપાસણીના કાર્ય માટે સરકારે પ્રો. ઑર્લિબારને સુપરિન્ટેન્ડેન્ટ તરીકે અને તેમની સાથે ઈન્સ્પેક્ટર તરીકે રણછોડદાસને નીમ્યા. પ્રો. ઑર્લિબાર પછી પ્રો. હાર્કનેસ અને પછી સૂરતની અંગ્રેજી શાળાના આચાર્ય મિ. ગ્રીન આવ્યા. એ મિ. ગ્રીન ઈન્સ્પેક્ટર રણછોડદાસની અવગણના કરીને પોતાના પ્રીતિપાત્ર દુર્ગારામ મહેતાજીની જ સલાહ લેતા અને એ મુજબ જ વહીવટ કરતા. આ ઘણું અપમાનકારક હતું, પણ ખંતીલા, ધીરજનો ગુણ ધરાવનાર ને કર્તવ્યનિષ્ઠ રણછોડદાસે આ અન્યાય મૂગે મોઢે સહન કરી લીધો. જોકે આ લાંબું ન ચાલ્યું. મિ. ગ્રીનની જગ્યાએ નવા આવેલા મિ. ગ્રેહામના વહીવટમાં રણછોડદાસની થતી અણછાજતી અવગણનાનો અંત આવ્યો ને રણછોડદાસને સૂરત ખાતે સ્થાયી રહેવાનું થયું.

એ પછી સરકારે ઈ.સ. ૧૮૫૨માં ખર્ચમાં કરકસર ને કાપકૂપ કરવા માટે ગુજરાત ખાતેના તપાસણી અધિકારીનો હોદ્દો રદ કર્યો અને પરિણામે રણછોડદાસ એ જગ્યા પરથી છૂટા થયા. તે અરસામાં નિવૃત્તિવેતનનો ધારો ન હોવાથી સરકારે તેમની સેવાની કદર તરીકે તેમને અઢાર માસના પગાર રૂ. ૧૪૪૦ની રકમ બક્ષિશ તરીકે આપી.

નોકરી છોડ્યા બાદ એમણે પોતાનું જીવન પરોપકારી જાહેર સેવાકાર્યમાં વીતાવ્યું. સરકારે એમને મ્યુનિસિપલ કમિશનર નીમ્યા, તે કામ ઘણી ચાલાકીથી બજાવ્યું. તે પછી ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના મંત્રી (અમદાવાદની હાઇસ્કૂલના શિક્ષક) મિ. કર્ટિસની સલાહથી સોસાએટીએ મિસર, પ્રાચીન ગ્રીસ, બાબિલોન, રોમ આદિ રાજ્યોના મૅડમ વિલસન કૃત ઇતિહાસોનું ગુજરાતી ભાષાંતર રણછોડદાસને સોંપ્યું. જે એમણે શુદ્ધ સેવાભાવે કર્યું. આવી નિસ્પૃહી (અનુ.પૃ.૪૨૫)

વનસ્પતિ અને વૈદ્ય

સત્યકથા

૫

મુકુન્દરાય
વિજયશંકર
પારાશર્ય



'અહિંસા' એ ભારતના સર્વ ધર્મે સ્વીકારેલો પરમ ધર્મ છે. એ ધર્મના આશ્રયે આજે બે અઢી હજાર વર્ષથી ભારતની પ્રજાના ઘણા મોટા સમુદાયે માંસાહારનો સદંતર ત્યાગ કર્યો છે એ ઘણી મોટી સામુદાયિક સિદ્ધિ છે. પશ્ચિમના દેશોનું મુગ્ધભાવે અનુકરણ કરી આજે આપણામાંના ઘણા લોકો હમણાં હમણાં માંસાહાર તરફ પાછા વળવા લાગ્યા છે એ હકીકત બાજુ પર રાખીએ, તો થોડા દશકા અગાઉ ભારતની વસતિનો મોટો ભાગ સ્વેચ્છાએ વનસ્પતિજન્ય આહાર પર નભતો હતો.

અને છતાં, શાકાહારમાં હિંસા નથી એમ આપણા પૂર્વજો નહોતા માનતા. ઊલટું શાકાહારમાં પણ સ્પષ્ટ હિંસા છે એવી એમની સમજણ હતી, અને તેથી જ અનિવાર્ય હોય તેથી વિશેષ હિંસા ન થાય તેનું ધ્યાન રાખવામાં આવતું. 'ખાસ કારણ વિના ઝાડ તોડાય જ નહિ, અને સાયંકાળ પછી ઝાડનાં પાન ન તોડાય' તેવી સામાન્ય વૃત્તિ હતી. વનસ્પતિ સજીવ છે એમ પ્રોફેસર જગદીશચન્દ્ર બોઝે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિએ પશ્ચિમના લોકોને હમણાં પુરવાર કરી દર્શાવ્યું, પરંતુ આપણે ત્યાં તો છેક મહાભારતકાલમાં પણ વનસ્પતિ સજીવ તથા સુખદુ:ખનાં સંવેદનને અનુભવનાર છે એવી ઊંડી સમજણ હતી; અને વનસ્પતિનું તો આપણા પર ઘણું ઋણ છે અને તેથી તેમના પ્રત્યેની આપણી સાભાર કૃતજ્ઞવૃત્તિના સંસ્કારરૂપે વનસ્પતિની સંભાળ લેવી જોઇએ એવી તે:કાળે સાર્વત્રિક ભાવના હતી. કવિ કાલિદાસે પોતાના 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકમાં સાસરે જતી શકુન્તલાનું વર્ણન કરતાં કહ્યું છે કે આશ્રમનાં વૃક્ષોને પાણી પાઈ તેને તૃપ્ત કર્યા વગર શકુન્તલા પોતે પાણી પીતી ન હતી. ભારતવર્ષના સંસ્કારનો એ પરંપરાગત અંશ આજ સુધી અવિચ્છિન્ન વહેતો હતો. કચ્છ–સૌરાષ્ટ્રના જાણીતા વનસ્પતિ-શાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજી રોજ સવારે ઓછામાં ઓછાં બે નવાં વૃક્ષોને વાવ્યા વગર પોતે જમતા નહિ.

આયુર્વેદના ગ્રંથોમાં તો ઔષધ બનાવવા માટે વનસ્પતિનો બહોળો ઉપયોગ વર્ણવ્યો છે. તેમાં ઔષધ તૈયાર કરવા માટે વનમાંથી વનસ્પતિ લાવવાની પ્રક્રિયામાં સ્પષ્ટ આજ્ઞા છે કે વૈદ્યે પ્રાતઃકાલે જોઇતી વન-સ્પતિની સમ્મુખે જઈ, તેને સ્તુતિવંદન કરી, સર્વનું કલ્યાણ કરનાર ઈષ્ટદેવનું સ્મરણ કરી, અમુક એક ધર્માભિમુખ રોગીના રોગ–નિવા-રણાર્થે તે વનસ્પતિનાં જોઇતાં અંગો લેવાં. 'પાનથી ચાલે ત્યાં ફૂલ ન લેવાં, ફૂલથી ચાલે ત્યાં ફળ ન લેવાં, છાલથી ચાલે ત્યાં મૂળ ન લેવાં,' એવી આજ્ઞાની પાછળ પણ તે વનસ્પતિસૃષ્ટિને જાળવવાની વૃત્તિ સ્પષ્ટ છે. વિના-પ્રયોજન, અને તે પણ જરૂરી ધાર્મિક પ્રયોજન વગર વનસ્પતિને ન તોડવી, અને તે તોડતી વખતે પોતે સજીવ દેહને દુઃખ દઈ રહ્યા છે તેવું ભાન એ ગ્રંથકારો તથા વૈદ્યોને હતું એમ સ્પષ્ટ દેખાય છે. ઋષિમુનિઓના આશ્રમે જે સમિધ વીણી લાવવામાં આવતાં તે સમિધ કુહાડા વડે તોડી પાડેલાં લીલાં વૃક્ષોની શાખાઓ ન હતી પણ સુકાઇને આપમેળે ખરી પડેલાં કરગઠિયાં હતાં.

વનસ્પતિ પ્રત્યેની આપણી આવી ભક્તિ આપણા ઘણા પ્રાચીન ગ્રંથોમાં પ્રદર્શિત થાય છે તેમ જ તેને અનુરૂપ જીવન જીવી જનાર વ્યક્તિઓનાં ચરિત્રો ઇતિહાસે આપણને આપ્યાં છે.

મધ્ય સૌરાષ્ટ્રમાં, રાજકોટથી વીસ માઈલ અગ્નિખૂણે કોટડા-સાંગાણી નામે ગામ છે. એક વખતે એ ગામ એ જ નામના ૨૪ ગામના નાના તાલુકાના રાજ્યની રાજ્યધાની હતી. ઈ.સ. ૧૮૭૨–૭૩માં ત્યાંના ઠાકોર તોગાજીએ મોરબીના વૈદ્ય કાનજી હરિરામને પોતાના રાજવૈદ્ય તરીકે માસિક રૂપિયા અગિયારના પગારથી રોકયા. એ કાનજી હરિરામ જામનગરના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીના મિત્ર હતા. ઝંડુ ભટ્ટજીએ પોતાના દવાખાનાની એક શાખા મુંબાઈ ખોલવા નિર્ણય લીધો ત્યારે તે શાખાનું ઉદ્ઘાટન કરવા વૈદ્ય કાનજી હરિરામ મુંબાઇ ગએલા ને દવાખાનું શરૂ કરી, સારી સ્થિતિએ ઊભું કરી પાછા આવેલા. આયુ-ર્વેદના પુનરુદ્ધારના ઝંડુ ભટ્ટજીના પ્રયત્નોમાં કાનજીભાઈ બનતી સહાય કરતા. જોકે રસશાળા સ્થાપીને મોટા પાયા પર દવાઓ તૈયાર કરી રાખીને માગે તેને વેચવાની ઝંડુ ભટ્ટજીની યોજનામાં તેઓ સહમત થયા ન હતા. કાનજી હરિરામ તો પોતે બનાવેલી દવા દ્રવ્ય લઇને કોઇને વેચતા જ નહિ, તેમ કોઈની તૈયાર દવા ખરીદતા પણ નહિ.

કાનજીભાઈ વૈદ્ય પ્રજાને આશીર્વાદ રૂપ હતા. કોઈ દરદી પાસેથી એ કંઈ દ્રવ્ય લેતા નહિ. 'પ્રજાનો બાપ – રાજા – પગાર આપે છે, પછી એ રાજાની પ્રજા પાસેથી કંઇ ન લેવાય' એમ એ કહેતા. બહારગામથી આવેલા દરદીને તથા જેની તબિયત વધુ ખરાબ હોવાથી વધુ સંભાળની જરૂર હોય તેને પોતાને ત્યાં રાખીને સારવાર કરતા; ગરીબ દર્દીઓને દૂધ તથા બીજી જોઈતી વસ્તુઓ પહોંચાડતા; અને કોઈ કુટુંબમાં જાતે કમાનાર માણસ માંદો પડે ત્યારે તેની આર્થિક સ્થિતિ સારી ન હોય તો આર્થિક મદદ પણ આપતા! આવી ટેવને અંગે વૈદ્યરાજ પર કરજ થઇ ગએલું. ઝંડુ ભટ્ટજીને આ વાતની ખબર હતી. મિત્રની પ્રકૃતિ એ જાણતા હતા ને તેથી કાનજીભાઈ જાતે કદી કરજમુક્ત થઈ નહિ શકે એમ તેમને લાગતું. મિત્રને કરજમાંથી છોડાવવા એ ઉત્સુક હતા, જોકે પોતે પણ એવી જ ટેવોને અંગે ઘણા મોટા કરજમાં ડૂબેલા હતા!

ત્યારે આગગાડીનું બધે સાધન ન હતું. મુસાફરી સિગરામમાં થતી ને હાડમારીભરી રહેતી. એવા એ દિવસોમાં વૈદ્યરાજ કોઈ ગામડે દરદીની તબિયત જોવા ગએલા ત્યારે એક યુવાન દરદી, આધેડ ઉમરના કોઇ માણસ સાથે કોટડે આવી વૈદ્યરાજને ત્યાં ઊતર્યો. વૈદ્યરાજ ગા-મડેથી પાછા આવ્યા ત્યારે સાથે આવનાર માણસે કાનજીભાઈને એક ચિઠ્ઠી આપી. એ મુંબાઇથી ઝંડુ ભટ્ટજીની હતી. તેમાં લખ્યું હતું: 'આ ચિઠ્ઠી લાવનાર જુવાન મુંબાઇના ધનાઢય શ્રી .....ના એકના એક પુત્ર છે. પિતા ધર્મિષ્ઠ અને સદાચારી છે, પણ એ ગુણો પુત્રમાં પૂરા ઊતર્યા નથી. છોકરાને મેં તપાસ્યો છે. મુંબાઇમાં રહ્યેરહ્યે એ સાજો થાય તેવી તેની પ્રકૃતિ નથી, તેથી તમારી પાસે કોટડે મોકલ્યો છે. દવા કરશો. ધનવાન પિતા માગો તે દેવા રાજી છે. તમે કરજમાં છો. એ કરજ માટે એટલું ધન વિના સંકોચ લઇ લેશો.'

વૈદ્યરાજે જુવાનની તબિયત જોઇ. પોતે રૂપિયા સાથે લાવેલો છે એમ કહીને યુવાને બે કોથળી વૈદ્યરાજને ધરી. વૈદ્યરાજે તે હાલ રાખવા ના કહી, ત્યારે સાથે આવેલા માણસે એ વૈદ્યરાજ પોતે સાચવે એમ કહ્યું. વૈદ્યરાજે એ પટારામાં મુકાવીને દવા શરૂ કરી.

જેમને કોટડા–સાંગાણીમાં જ નજીકનું કોઇ સગુંસાંઇ ન હોય તેવા બહારગામના દરદીઓને વૈદ્યરાજ પોતાને ત્યાં જ રાખતા. દરદીઓ ઘરમાં જ રહે, તેને માટે વૈદ્યરાજ જે કહે તે જ રંધાય ને પ્રમાણસર ખવડાવાય, અને જાતદેખરેખ નીચે જ દવા થાય. એ દરદી તો અતિથિ ગણાતો, તેની સેવા જ થતી. તેની પાસેથી ખર્ચ ન લેવાતો. એવા દરદી તરીકે આ યુવાન રહ્યો. વૈદ્યરાજના ઘરની સેવાચાકરી જોઇ તથા યુવાનને સાજો થતો જોઇ સાથે આવેલા ગૃહસ્થ મુંબાઇ જવા તૈયાર થયા. વૈદ્યરાજે કહ્યું: 'પેલી થેલીઓ લેતા જાઓ. મને ભારરૂપ છે.' પેલા માણસે કહ્યું, 'શેઠને કદાચ જરૂર પડે, માટે ભલે રહી.'

વૈદ્યરાજ રોજ સવારે નિત્યકર્મ માટે નદીએ જતા. નિત્યકર્મથી પરવારી નદીના કાંઠા પરના વિસ્તારમાંથી બેચાર વેલાનાં મૂળ ખેંચી લાવતા ને તેનો સ્વરસ કાઢી કોઈ ચૂર્ણ તથા ગુટિકા સાથે આ યુવાન દરદીને જાતે પિવડાવી દેતા. આમ કરતાં ચારેક માસ થયા અને દરદી તદ્દન નીરોગી થઈ ગયો. વૈદ્યરાજે તેને જવાની રજા આપી ને પટારામાંથી કાઢી પેલી બે થેલી તેને પાછી સોંપી.

યુવાને કહ્યું, 'મારે રૂપિયા દેવા જ છે, તમે લઈ લો. મને ભટ્ટજીએ પણ કહ્યું છે કે દઇને જ આવજો.' ભટ્ટજી એટલે ઝંડુ ભટ્ટજી.

વૈદ્યરાજે કહ્યું: 'ભટ્ટજીની ચિઠ્ઠી હતી તેથી જ મેં દવા કરી છે. હું તો ગામડાનો બ્રાહ્મણ વૈદ્ય છું ને બધાની દવા કરતો ય નથી. અમુક પ્રકારના દરદીઓ પાસેથી તો હું દ્રવ્ય લેતો જ નથી. તમને રૂપિયા વાપરવા ઇચ્છા હોય તો સત્પાત્રે અને સન્માર્ગે વાપરજો.'

યુવાને આગ્રહ કરી કહ્યું, 'મારે તો દક્ષિણા આપીને જ જવું છે.'

વૈદ્યરાજે કહ્યું, 'તો ભલે. પણ દક્ષિણા દેવી હોય તો હું જે કહું તે આપો. આ કામમાં તમારું ધાર્યું નહિ પણ મારુ ધાર્યું થવું જોઇએ.'

યુવાને કહ્યું, 'તમે કે'શો તેમ જ કરીશ.'

ને વૈદ્યરાજે કહ્યું : 'તમે ગર્ભશ્રીમંત છો, વૈષ્ણવમાર્ગી છો. તમારાં મા-બાપ ધાર્મિક છે; સદાચારી છે. છતાં તમે જે રીતે ધર્મથી વિરુદ્ધ, કુલાચારથી વિરુદ્ધ આહારવિહાર કર્યા છે તેમાંથી આ દરદ તમને થયું; નહિ તો તમારું શરીરબંધારણ એવું છે કે તમે માંદા પડો નહિ. આ દરદ તમે હાથે કરીને ઊભું કર્યું હતું. હવે તો એ મટી ગયું છે. માટે હવે તમારે દક્ષિણા આપવી જ છે તો એટલું વચન આપો કે તમે જે રીતે કુમાર્ગે ચાલેલા તે રીતે હવે નહિ ચાલો અને તમારા કલ્યાણને માટે ધર્મથી વર્તશો. એટલું કરશો તો મને બધું જ મળી ગયું છે.'

'ધર્મ પ્રમાણે વર્તીશ' એ પ્રકારનું વચન આપી તે યુવાન મુંબાઈ ગયો. થોડા દિવસ પછી વૈદ્યરાજ પર ઝંડુ ભટ્ટજીનો જામનગરથી પત્ર આવ્યો. એમાં લખેલું કે દરદી સાજો થશે જ એવી પોતાને દૃઢ શ્રદ્ધા હતી જ, પણ બદલામાં દરદી રાજીખુશીથી આપતા હતા છતાં દ્રવ્ય ન લીધું તેનો ખેદ વ્યક્ત કર્યો હતો ને કરજ ચાલુ રહેશે તો શું થશે તેની ચિન્તા દર્શાવી હતી. વૈદ્યરાજે તેનો ઉત્તર ન લખ્યો.

એ પછી વર્ષ કે સવા વર્ષે ફરીથી એ જ યુવાન કોટડે વૈદ્યરાજને આંગણે આવી ઊભો ને એ જ દરદના ઉપચાર માટે એ જ ઝંડુ ભટ્ટજીનો જામનગરથી લખેલો ભલામણનો મોટો કાગળ તથા બે ને બદલે ચાર થેલી રૂપિયા વૈદ્યરાજને ધર્યા. વૈદ્યરાજે ઝંડુ ભટ્ટજીનો કાગળ વાંચ્યો. તેમાં આ વખતે દવા શરૂ કરતાં પહેલાં જ રૂપિયા લઈ લેવા આગ્રહ લખ્યો હતો અને માથા પરથી કરજ ઉતારવા એ રૂપિયા પરમાત્માએ મોકલાવેલા છે એમ ગણીને લઈ લેવા સમજાવ્યું હતું.

વૈદ્યરાજ કંઈ બોલ્યા નહિ એટલે યુવાને થેલીઓ ચરણે ધરીને કહ્યું: 'આટલું તો પહેલેથી જ આપું છું; વધુ માગશો તો હૂંડી મંગાવી રાજકોટથી લાવી આપીશ; રાજી થઇને આપીશ, પણ મને સાજો કરો.'

વૈદ્યરાજે કહ્યું, 'પૃથ્વી પર વૈદ્યો ઘણા છે. તમે ગમે ત્યાં જાઓ. હું તમારી દવા કરવા માગતો નથી.'

'કેમ? તમે કહો તો હું ગામમાં જુદું મકાન રાખીને રહીશ.'

'તો ય નહિ. દવા હું નહિ કરું.'

'કેમ?' યુવાને કારણ જાણવા આગ્રહ કર્યો.

વૈદ્યરાજે કહ્યું, 'ભાઈ, તને ખબર છે કે વચન આપ્યા છતાં તું અનાચારથી વર્ત્યો છે. તારામાં સંયમ નથી, સમજ નથી, તેમ શરમ નથી. તેથી ફરી એ જ દરદ ઊભુ થયું છે. આ અનાચાર ને આ દરદ તું બીજા લોકોમાં ફેલાવે છે. હું તને સાજો કરુ તો યે તું તો એમ જ રહેવાનો છે, ને એ રીતે અનાચાર ફેલાવવા જેવું તારું શરીર હું સુધારી દઉં ને તું મને દ્રવ્ય આપે તો એ રૂપિયામાંથી, અનાચાર વધારવાની કમાણીમાંથી હું કે મારાં સંતાનો રોટલા ખાઇએ એવું મારે કરવુ નથી.

'પણ વાત એટલી જ નથી. પૈસા લીધા વગર પણ તારી દવા હું ન કરું તેનાં બીજાં પણ કારણો છે. તને ખબર છે કે આગલે વર્ષે તને સાજો કરવા હું દરરોજ સીમમાંથી જીવતા-જાગતા ચારેક છોડનાં મૂળ ખેંચી લાવી, તે વાટીને તને દવા પાતો. એના રસથી તું સાજો થયો. તને એકને સાજો કરવા મેં નિર્દોષ પાંચસો જેટલા છોડ-વેલાના જીવ લીધા. હવે ફરીથી તારા જેવાને સાજો કરવા એ રીતે હજી વધુ છોડના જીવ લેવા મારી ઇચ્છા નથી–હિમત નથી. માટે મને આગ્રહ ન કરીશ.'

આટલું કહી વૈદ્યરાજે પાઘડી ઉતારી યુવાન દરદીને વિદાય કર્યો.

એ વૈદ્યરાજ કાનજીભાઈનાં પત્નીનું નામ અવલકુંવર. ઓગણસિત્તેર વર્ષની વયે ઈ.સ. ૧૯૧૧માં વૈદ્યરાજ દેવ થયા એને વળતે વર્ષે અવલમા બન્ને આંખે સાવ આંધળાં થયાં ને ઈ.સ. ૧૯૪૦ સુધી જીવ્યાં. વનસ્પતિ પ્રત્યે તેમને એટલી જ ભક્તિ હતી.

એ બને ત્યાં સુધી ઠંડે પાણીએ ના'તાં. શિયાળામાં ને મંદવાડમાં ગરમ પાણીની જરૂર પડે તો બને તેટલું ઓછું ગરમ કરાવતાં. એ કહેતાં કે માણસો હવે લીલાં ઝાડ કાપી તેનાં લાકડાં સૂકવીને વેચે છે એટલે જેટલાં બાળીએ એટલું પાપ લાગે.

એ અવલમાને બે દીકરા. તેમાંથી નાના પુત્ર ચંપકરાયને ત્યાં પહેલા પુત્રના જન્મ પછી બીજા ત્રણ દીકરા જન્મ્યા, પણ એ ત્રણે ય નાની વયમાં જ માંદા પડી તાણ આંચકીમા ગુજરી ગએલા. તે પછી ઈ.સ. ૧૯૨૫માં ચંપકભાઇને ત્યાં ફરી પુત્ર જન્મ્યો ને તે દોઢેક વર્ષની વયે સખત માંદો પડ્યો. રાતના મંદવાડ વધ્યો ને તાણ-આંચકી શરૂ થઈ. વૈદ્યને તેડાવ્યા. તેણે કોઈ રસઔષધ તુલસીના રસમાં આપવા માટે પડીકી આપી. અવલમા છોકરાની પથારી પાસે જ હતાં. તેણે કહ્યું, 'અત્યારે રાતે તુલસીનાં પાન નહિ તોડાય.'

વૈદ્યે કહ્યું, 'એ દવા તુલસીના સ્વરસમાં જ આપવાની છે.'

ચંપકભાઈનાં પત્નીએ કહ્યું, 'બાઈજી, તમે દેખતાં નથી, પણ આગલા ત્રણ વળી ગયા એવી જ આની હાલત છે.'

વૈદ્યે કહ્યું, 'મોડું ન કરો. છોકરાની સ્થિતિ બગડતી જાય છે. તુલસી લાવો.' અવલમાએ કહ્યું, 'રાખનારો ને લેનારો ભગવાન છે. એને લઈ લેવો હશે તો તુલસીનો રસ કામ નહિ લાગે, ને રાખવો હશે તો તુલસીના રસ વગર પણ રાખશે. બાકી હું બેઠી છું ત્યાં સુધી રાતે તુલસીના પાન ન તોડશો.'

ને તેની આજ્ઞા કુટુંબીઓએ માની. વૈદ્ય મૂંઝાયા. અવલમાએ કહ્યું, 'વહુ, તમારા સસરા આવાં દરદોમાં બાળકોને રાતને વખતે લીંડીપીપર ને મધમાં દવા ચટાડતા. વૈદ્ય કહે તો એ રીતે ચટાડી દો.'

ને એ રીતે દવા ચટાડી. એ છોકરો, શ્રી શરદ ચંપકરાય, હાલ કાનપુરમાં હિંદ સરકારની નોકરીમાં છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'ચામડી' અને 'ઠળિયો'

ચામડી શરીરની હોય. કોઈ ઝાડ કે ફળની ચામડી એવો પ્રયોગ કરે તો આપણને એમાં બાધાઈ કે વિનોદ જ લાગવાનો. આવરણ તો બંને ય, છતાં એકને આપણે 'ચામડી' કહીએ છીએ, બીજાને 'છાલ'. પણ એવો ભેદ બધી ભાષામાં ન હોય. સંસ્કૃતમાં જ 'ત્વચ' 'ત્વચા' બંને અર્થમાં વપરાયા છે; અને અંગ્રેજીમાં 'સ્કિન' શબ્દનું પણ એમ જ છે. 'ચામડી'ને 'છાલ' બંને માટે તે પ્રયોજાય છે.

આપણને એમ થાય કે 'ઝાડ' કાંઈ જીવતું પ્રાણી થોડું જ છે, કે તેના આવરણને 'ચામડી' કહેવાય? લાગે છે કે આનો સંબંધ કાંઈક અંશે માંસાહાર અને નિરામિષાહારની પ્રથા સાથે પણ હોય. જેમ આપણે એકને 'ચામડી' અને બીજાને 'છાલ' કહીએ છીએ, તેમ શરીરની અંદરના કઠણ પદાર્થને 'હાડકું' અને ફળની અંદરના મોટાં કઠણ બીજને 'ગોટલો' કે 'ગોટલી' અને નાને 'ઠળિયો' કહીએ છીએ; અને નરમ ભાગને 'ગરભ' કે 'ગર' કહીએ છીએ. 'ગરભ' શબ્દનું સૂચન સ્પષ્ટ છે. સંસ્કૃતમાં 'અસ્થિ'ના બે અર્થ છે: 'હાડકું' અને 'ફળનો ગરભ'; અને 'ઠળિયા'ના મૂળમાં તો 'અસ્થિ' શબ્દ જ છે. 'અસ્થિ' ઉપરથી 'અષ્ઠીલા' ને 'અષ્ઠીલિકા' એવો શબ્દ 'ગોળમટોળ કાંકરો' કે 'પાકું' એવા અર્થમાં પ્રચલિત થયો. તે ઉપરથી અપભ્રંશ 'અટ્ઠિલિય' અને પછીથી તે પરથી થયો 'ઠળિયો'.

અંગ્રેજીમાં 'સ્ટોન' શબ્દ 'પથ્થર' કે 'કાંકરો' તથા 'ઠળિયો' બંને અર્થ ધરાવે છે.

ચામડીના મૂળમાં સંસ્કૃત 'ચર્મ' ને પ્રાકૃત 'ચામ' છે; અને 'છાલ'ના મૂળમાં સંસ્કૃત 'છદ્' (=ઢાંકવું) તથા પ્રાકૃત 'છલ્લી' છે.

હરિવલ્લભ ભાયાણી

એક અરૂઢ અને આરૂઢ કવિ

પરંપરાગત કાવ્ય સ્વરૂપો ને અભિવ્યક્તિની રીતોની વિડંબના કરીને અરૂઢ શૈલીએ કવિતા લખનાર, એમાં બીબાંની અવનવીન ગોઠવણીથી વિશ્વભરના કાવ્યરસિકોનું લક્ષ્ય ખેંચનાર, અને સમગ્ર મુદ્રણમાં કૅપિટલ અક્ષરોની ઉપેક્ષા કરનાર જગપ્રસિદ્ધ અમેરિકન કવિ ઈ. ઇ. (એડવર્ડ ઈસ્ટલિન) કમિંગ્ઝનું ગઈ ત્રીજી સપ્ટેમ્બરના રોજ અમેરિકાના ન્યૂ હૅમ્પશાયર પરગણાના નૉર્થ કૉનવે ગામે ૬૭ વર્ષની વયે અવસાન થયું. એક વિરલ પ્રતિભાશાળી કવિ અદૃશ્ય થયા.

એમનો જન્મ હાર્વર્ડના એક પ્રાધ્યાપક-પિતાને ત્યાં મૅસૅચ્યુસેટ્સ પરગણાના કૅમ્બ્રિજ ગામે ૧૮૯૪ની ૧૪મી ઑક્ટોબરે થએલો. હાર્વર્ડમાંથી ૧૯૧૫માં તેઓ સ્નાતક થઇને બીજે વર્ષે એમ. એ. થયા. અમેરિકા પ્રથમ વિશ્વયુદ્ધમાં પ્રવેશ્યું તે પૂર્વે તે ફ્રેંચ સૈન્યમાં સ્વયસેવક ઍમ્બ્યુલન્સડ્રાઇવર તરીકે જોડાવા ફ્રાંસ ગયા હતા, જ્યાં લશ્કરી નિયમોના એક સામાન્ય ભંગ માટે તેમને થોડો સમય કેદી-છાવણીમાં રહેવું પડેલું. ભવિષ્યમાં હૃદયસ્પર્શી કલાકૃતિ તરીકે યશ પ્રાપ્ત કરનાર 'ધી ઇનૉર્મસ રૂમ' નામની એમની જાણીતી નવલકથાની કાચી સામગ્રી મહદંશે ઉપર્યુક્ત કેદી તરીકેના અનુભવોમાંથી તેમને સાંપડી.

એમણે લગભગ ૪૦ વર્ષો સુધી કવિતાની આરાધના કરી, જેમાં ૧૧ કાવ્યસંગ્રહો અને ૨ પદ્યનાટકોનો પણ સમાવેશ થાય છે. આમાંનાં મોટા ભાગનાં સર્જનોમાં કવિનું વ્યક્તિત્વ વિશેષત: બે સ્વરૂપે પ્રગટ થાય છે: આ સૃષ્ટિ પરત્વે અપાર મૌગ્ધ્ય પ્રગટ કરતા 'સંવેદનશીલ ઋજુ કવિ' તરીકે, અને માનવ વ્યક્તિત્વના વિકાસને રૂંધનારાં પરિબળો તરફ તીવ્ર ને વેધક કટાક્ષ ફેંકતા 'નિર્મમ કવિ' તરીકે.



એ મુખ્યત્વે વિસ્મયના કવિ છે. યુવાન વયે કવિના ચક્ષુમાં જે નિર્વ્યાજ મૌગ્ધ્ય હતું, તે મૃત્યુ પર્યંત એવું ને એવું જ છલકાતું રહ્યું. પ્રકૃતિ ને પ્રણયનાં એમણે આજીવન હૃદયંગમ ગીતો ગાયાં. વસંતના આ કવિને મન પ્રણય એ કેવળ ઊર્મિ નહોતી, પણ આરાધ્યદેવ હતો.

એ જ રીતે એમનાં કટાક્ષકાવ્યોનું પ્રેરક બળ પણ વિસ્મય જ છે. વિશ્વની વિસ્મયતાને હરી જનારાં પરિબળો સામે એ વેધક દૃષ્ટિથી જુએ છે અને શુષ્ક બુદ્ધિવાદ, વિજ્ઞાન, જૂથબંધી, સલામતીપૂજા, ફ્રોઈડની વિચારસરણી—એ સર્વ પર એમણે કટાક્ષમય પ્રહારો કર્યા છે. કમિંગ્ઝનું ચાલે તો વિશ્વમાંથી વિજ્ઞાનીઓને હદપાર કરે, કેમકે એમને મન વિજ્ઞાનીઓ વિસ્મયના વિનાશકો છે, ચુંબન અને સ્વપ્નના માધુર્ય પર નસ્તર મૂકીમૂકીને તેને ચૂંથનારા છે.

ચિંતક તરીકે કમિંગ્ઝનું ફલક જોકે મર્યાદિત હતું, પણ અનેક આશ્ચર્યપૂર્ણ, વૈવિધ્યમય, કાવ્યોચિત લય ને ઉદ્ગારોના તે સ્રષ્ટા હતા. તેમની પંક્તિઓમાં લય ક્યારેક ઉછાળા મારતો, ક્યારેક ગર્વભેર મ્હાલતો ને ક્યારેક પ્રાર્થનાની પેઠે સરળતાથી વહેતો લાગે છે.

કવિ રૉબર્ટ ફ્રૉસ્ટને બાદ કરતાં તેઓ અમેરિકાના કવિઓમાં સૌથી વધારે લોકપ્રિય હતા. 'કાવ્યો ૧૯૨૩–૧૯૫૪' માટે તેમને રાષ્ટ્રીય ગ્રંથ પારિતોષિક સમિતિતરફથી ખાસ પ્રશસ્તિ-પત્ર મળ્યો હતો. ૧૯૫૮માં તેમને કાવ્યો માટે બોલિંજન પારિતોષિક અને શિકાગો યુનિવર્સિટીનું 'હેરીએટ મનરો કાવ્ય પારિતોષિક' અર્પણ થએલાં.

જાણી આશ્ચર્ય થશે કે આ કવિ એક શક્તિશાળી ચિત્રકાર પણ હતા. તેમણે સંખ્યાબંધ એક-વ્યક્તિ પ્રદર્શનો યોજેલાં, ને ચિત્રકલાના ઊંડા પરિશીલન માટે તેમણે પારી(સ)માં કેટલાંક વર્ષો ખાસ અભ્યાસમાં ગાળેલાં.

કમિંગ્ઝને અંજલિ આપતાં અમેરિકન વિવેચક ઍલન ટેઇટે કહ્યું છે: 'એની પેઢીના કવિઓમાં એનાથી કોઈ ચડિયાતો નથી.' આ વિધાનમાં કોઇને અતિશયોક્તિ લાગવાનો સંભવ છે. એક કવિની અન્ય કવિ સાથે તુલના કરવી એ સહેલું નથી. કમિંગ્ઝના સમકાલીન કવિ આર્કિબાલ્ડ મૅકલિશે યોગ્ય જ અંજલિ આપી છે કે: 'કવિ' પદને લાયક વ્યક્તિઓ બહુ જૂજ હોય છે. કમિંગ્ઝ એમાંના એક હતા.

—જ. લ. દે.

ડૉ. રાંગેય રાઘવ

હિન્દીના એક વિદ્વાન અને સર્વોચ્ચ લેખક ડૉ. રાગેય રાઘવનું તાજેતરમાં લોહીના કૅન્સરના રોગથી માત્ર ૩૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું. આટલી નાનકડી જીવનયાત્રા દરમિયાન પણ ડૉ. રાઘવે કવિતા, નવલકથા, વિવેચન, ઇતિહાસ આદિ વિવિધ વિષયો પર ૧૩૯ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. વિશ્વવિખ્યાત કવિ શેક્સપીઅરની એકેએક કૃતિનો



ફો. રાંજેય રાવત

એમણે હિંદીમાં અનુવાદ કર્યો હતો. તે ઉચ્ચ કોટિના ચિંતક અને વિચારક પણ હતા. એવા વિદ્વાનો મોટે ભાગે સર્જનાત્મક સાહિત્ય નથી લખતા. પરંતુ ડૉ. રાઘવમાં સાથેસાથે ઉચ્ચ સર્જનપ્રતિભા પણ હતી અને આજના મોખરાના નવલકથાકાર ગણાતા. 'કબતક પુકારું', 'અંધેરા રાસ્તા,' 'મુર્દોકા ટીલા' વગેરે તેમની નવલકથાઓ તો સામાન્ય તેમજ વિવેચક બંને વર્ગમાં પ્રશંસા પામી હતી. અને કેટલીક કૃતિઓને ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનમાં રાજ્ય–પારિતોષિકો પણ મળ્યાં હતાં. પોતાની માંદગીના સમય દરમિયાન તેમણે પંડિત જગન્નાથ રાવના 'ભામિનીવિલાસ'નું પોતે જ કરેલાં ચિત્રાંકનો સાથે હિન્દીમાં ભાષાંતર કર્યું હતું. રાજસ્થાન સાહિત્ય અકાદમીના તેઓ સભ્ય હતા.

એમનું સાચું નામ તો હતું ટી. બી. એન. આચાર્ય અને તે તમિળ બ્રાહ્મણ હતા. એમના પિતાશ્રી રંગાચારી ઉત્તર હિંદમાં જઇને વસેલા. આગ્રા યુનિવર્સિટીમાં તેમણે ઉચ્ચ શિક્ષણ લીધેલું અને ત્યાંથી જ પીએચ. ડી. થયા. આમ તો એ જૂના ભરતપુર રાજ્યના વૈર નામે ગામમાં મોટે ભાગે રહેતા. શરૂશરૂમાં તો એ મોટે ભાગે કાવ્યો લખતા; એમાં 'રૂપછાયા' નામનું મોટું પ્રબંધકાવ્ય પ્રકટ થતાં એમની પ્રતિભાની પ્રથમ પ્રતીતિ લોકોને થઈ.

દક્ષિણ ભારતીય તમિળ હોવા છતાં હિંદી ભાષામાં આટલી પ્રતિભા ને પ્રભુત્વ દાખવનાર એ ભારે હિંદીનિષ્ઠ હતા અને હિંદીની સેવા એમણે જીવનવ્રત બનાવ્યું હતું. એમના અવસાનથી હિંદી ભાષાસાહિત્યનો એક તેજસ્વી તારક ખરી પડ્યો છે.

ઉછીની અનુભૂતિ

સાહિત્યમાં અર્વાચીનતા (મૉડર્નિઝમ) શી ચીજ છે? પશ્ચિમમાં આજે કોઈ વાદ કે વિચારણાનો જન્મ થયો એનો તાબડતોબ પડઘો પાડી દેવાથી કે 'લોલમાં લોલ પુરાવી દેવાથી' જ આપણે અર્વાચીન ગણાઇ શકીએ? એક મિત્રે કહ્યું, આપણે ત્યાં ફલાણા ભાઇ 'એકઝીસ્ટેન્શીઅલિસ્ટ' શૈલીએ લખે છે ત્યારે હું વિચારમાં પડી ગએલો કે જીવનનાં જે પરિબળોમાંથી એકઝીસ્ટેન્શીઅલિઝમનો જન્મ થયો છે એ પરિબળો આપણે ત્યાં મોજૂદ છે ખરાં? સાર્ત્રે કે કામૂ જે અનુભવોમાંથી પસાર થયા છે, જે તાવણીમાં તવાયા છે, એ બધું આપણે અનુભવ્યું કે સંવેદ્યું છે ખરું? અને આ સાહિત્યસ્વામીઓની સાચુકલી અનુભૂતિ વિના એમની ઢબે જઇશું તો એમના ચાળા પાડ્યા જેવું નહિ ગણાય?

સાહિત્યમાં હું સંકુચિત સ્વદેશીનો હિમાયતી નથી; છતાં મને લાગે છે કે હરેક પ્રજાજૂથના સાહિત્યકારો વિશ્વચેતના અનુભવતા હોવા છતાં પણ એમને કાંઇક અંશે પોતપોતાની આગવી, નિજી કહી શકાય એવી પણ એક અનુભૂતિ હોય છે. એ સર્જકોનાં મૂળિયાં પોતપોતાની સાંસ્કૃતિક ભૂમિમાં ઊતરેલાં હોય છે.

હમણાં એક અખિલ ભારતીય સાહિત્યસંમેલનમાં સાહિત્યની કેટલીક સમસ્યાઓ વિષે જોરશોરથી વાદાવાદી ચાલતી હતી, ત્યારે ત્યાં હાજર રહેલા એક વિદેશી લેખકે ટકોર કરેલી કે 'આ બધા પ્રશ્નો અને સમસ્યાઓ ખરેખર ભારતીય સાહિત્યને સ્પર્શે છે ખરાં?–કે પછી અમે અમારે ત્યાં જે ચર્ચાવિચારણાઓ કરીએ છીએ એની તમે નકલ જ કરી રહ્યા છો?' એ વિદેશી પ્રતિનિધિની પૃચ્છાનો ભાવાર્થ કદાચ એવો પણ હોય કે હરેક ભૂમિને એની પોતાની આબોહવા હોય, એમ એના સાહિત્યને પણ એની પોતપોતાની લાક્ષણિક્તા હોય (વિશેષતા હોય. મને તો લાગે છે કે ગુજરાતી સાહિત્યમાં આપણે જેને અર્વાચીન ગણીએ એ પશ્ચિમના સાહિત્યની કાર્બન–કૉપી જેવી અર્વાચીનતા ન હોવી ઘટે. જરા આકરો શબ્દપ્રયોગ કરીને કહું તો, આપણી અનુભૂતિ ઉછીની ન હોવી જોઇએ.

ત્રીસીના દાયકામાં નવી કવિતાનો સારો ફાલ ઊતર્યો. ગાંધીજીએ બોત્રેલા અસહકાર, સત્યાગ્રહ, જેલજાત્રા વગેરેનો એ જમાનો હતો. દલિતો અને પીડિતોને આપણા કવિઓએ કાવ્યવિષય બનાવેલો. આજે એ જમાનાની ઘણી રચનાઓ અખબારોના વાસી તંત્રીલેખોથી વધારે મૂલ્ય નથી ધરાવતી. એમાં જે નિર્ભેળ કવિતા હતી એ જ આજે યાદ રહી છે.

નવી કવિતાની નવીનતાનો ઘણો મોટો યશ બ. ક. ઠાકોરને જાય છે. જોકે એમણે પ્રચારેલી અર્થઘનતા હાંસીપાત્ર પણ થએલી. એ એવી દુર્બોધ કે ચૌદ લીટીના સૉનેટ પર ચાળીસ લીટીનું ટિપ્પણ લખવું પડે! બ. ક. ઠાકોરે આરંભેલી કવિતાની એ દુર્બોધતા આજે જુદા રૂપે ચાલુ રહી જણાય છે. ઠાકોરશાઈ દુર્બોધતા વિચારઘનતા કે ક્લિષ્ટતાને પરિણામે જન્મેલી, તો આજની નવીનતમ કવિતાની દુર્બોધતાનાં મૂળ એની વધ રેપડતી જટિલતામાં રહ્યાં જણાય છે. નવીન કવિતા વધારે પ્રમાણમાં પ્રતીકો અને સંજ્ઞાઓનો આશ્રય લે એ તો સમજી શકાય; પણ આ જટિલતા અગમ્યતાની હદે પહોંચે ત્યારે સરેરાશ કવિતારસિકની એમાં ચાંચ ન બૂડે. કવિ પોતે જ્યારે પોતાની રચનાની ખૂબીઓ બતાવતો 'સાચો ઉકેલ' આપે ત્યારે જ કવિતા સમજાય, એ સ્થિતિ ક્રૉસ–વર્ડ પઝલ જેવી બની રહેવાનો ભય છે.

('યૂસિસ'ના આશ્રયે આપેલા તાજેતરના વ્યાખ્યાનમાંથી) —ચૂનીલાલ મડિયા

'ગ્રંથ' 'રુચિ' અને 'રોહિણી'

એ નામનાં ત્રણ નવા પત્રો સામયિક જગતમાં પ્રવેશ પામે છે, જેમાંનું ત્રીજું 'રોહિણી' પ્રા. વિજયરાય વૈદ્યના સંચાલન તળે 'અનિયતકાલિક' રૂપે પ્રકટ થઈ ચૂક્યું છે. ૪૪ પાનાંની એ પત્રિકાની કિંમત રૂ. ૧ છે.

વિવેચનનું માસિક 'ગ્રંથ' મુંબાઈના પરિચય ટ્રસ્ટ તરફથી થોડા સમયમાં શરૂ થશે. ગુજરાતી પુસ્તકોનાં અવલોકનો ઉપરાંત બીજી ભારતીય ભાષાઓમાં ચાલી રહેલી સાહિત્ય-પ્રવૃત્તિનો તથા અંગ્રેજી પ્રકાશન–પ્રવૃત્તિનો પણ પરિચય આપવાના હેતુથી પ્રકટ થનારા એ પત્રનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦ રહેશે.

એટલા જ વાર્ષિક લવાજમથી 'રુચિ' નામનું નવું ગુજરાતી સાહિત્યિક માસિક શ્રી ચૂનીલાલ મડિયા આવતા જાન્યુઆરીથી શરૂ કરનાર છે. એમાં સર્જનાત્મક સાહિત્ય આપવા ઉપરાંત સાહિત્ય અને કલાનાં વિવિધ ક્ષેત્રોનો રસાસ્વાદ કરાવવાનો પ્રયત્ન થશે.

બે સુંદર અને ઉપયોગી સાપ્તાહિકો:

જ્ઞાનની રજૂઆતનું સરળતમ વાહન આલેખન છે. ભાષા, લિપિ કે અક્ષરજ્ઞાનનાં બંધનો એને ઓછાં નડે છે એટલે જ્ઞાનવિજ્ઞાનના વિતરણના પ્રકાશનમાં ચિત્રાલેખનોનું મહત્ત્વ સૌથી વધુ છે. આ રીતે વિષયને ઘણો સરળ બનાવી દેતાં સુંદર રંગીન ચિત્રો, આલેખો ને નકશાઓથી સભર એવાં બે ઉપયોગી અંગ્રેજી સાપ્તાહિકો હમણાં પ્રકટ થઈ રહ્યાં છે. એમાંનું પહેલું 'કૉલેજ' ઇતિહાસ, (અનુ પૃ. ૪૨૪)

અસિધારા

લેખક
ડૉ. રમણલાલ ચી. શાહ

સ્થળ : અચરતલાલનું ઘર. સમય : રાતના સાડા દશ પછીનો.

[ઘરમાં એક ખાટલા પર સમરત બેઠી છે. હાથમાં ચોપડી છે. પાસે ફાનસ બળે છે. ઘરનું એક બારણું બહાર શેરીમાં પડે છે. બીજું પાછળ વાડામાં. એક બાજુ રસોડામાં જવાનું બારણું છે. ઘરવખરી નહિવત્ છે. એક ખૂણામાં ઘંટી છે... એકંદરે ગામડાના કોઈ ગરીબ ઘરનું દૃશ્ય.]

ગંગા (પ્રવેશતાં): સમરતબેન, જાગો છો કે?

સમરત: હા આવો ગંગાબેન; કેમ અત્યારે?

ગંગા: મને થયું કે લાવ દળવાનું મૂકતી આવું. પાંચ શેર ઘઉં છે, અને બશેર ચણાની દાળ (ઘંટી આગળ મૂકે છે.)

સમરત: સવારે જોઇએ છે?

ગંગા: હા. બળ્યું હું તો ભૂલી જ ગઇ'તી. કાલે મહેમાન જમનાર છે ને ઘરમાં લોટ નથી.

સમરત: ભલે, વહેલી ઊઠીને દળી નાખીશ.

ગંગા: ચોક્કસ હોં...

સમરત: હા, હાં; અને નહિ દળાય તો ય તમે ફિકર ન કરશો. મારા ઘરમાં લોટ છે.

ગંગા: અને તમારા આગળના દળણાના પૈસા કેટલા લેવાના બાકી છે તે ગણી રાખજો ને... બળ્યું હું તો ભૂલી જ જાઉં છું.

સમરત: કંઈ ઉતાવળ નથી. તમ તમારે આપજોને નિરાંતે. હમણાં તો મારે વરસીતપ ચાલે છે, એટલે બહુ જરૂર પણ નથી. અખાત્રીજે એમની દીક્ષા છે અને મારે પારણું છે. તે દિવસે કંઈ દેવદર્શનમાં વાપરવા જોઇશે.

ગંગા: લ્યો, ત્યારે જઉં (ચાલવા માંડે છે).

સમરત: સારું... કેમ, આજ કંઈ પરવારતાં બહુ વાર લાગી?

ગંગા (ઊભી રહી જતાં): આ જુઓને, વસ્તારીના ઘરનું કામ કેટલું પહોંચે છે! તમારી જેમ થોડું છે? આખો દિવસ કાં તો સામાયિક અને કાં તો દેવદર્શન. રાતના વાળુ તમારે કરવાનું નહિ, એટલે આઠ વાગતાંમાં તો તમે ઊંઘવા માંડો... પણ આજ તમે ય કેમ કંઈ મોડે સુધી?

સમરત: આ સામાયિક કરીને સૂતી હતી, પણ મન કોણ જાણે એવા વિચારે ચડી ગયું કે ઊંઘ જ ન આવે; એટલે કેટલી વાર સુધી નવકારવાળી ગણી, અને પછી ફાનસ કરીને આ ગાથા ગોખવા બેઠી.

ગંગા (ખાટલા પર બેસતાં): એવા તે શા વિચારે ચડી ગયાં?

સમરત: એમની દીક્ષા. કોણ જાણે, મને હમણાં હમણાં એમના બહુ ઉચાટ થાય છે.

ગંગા: બેન, દુઃખ તો થાય ને? ધણી જેવો ધણી દીક્ષા લેવા નીકળે ત્યારે કઈ બાયડીનું કાળજું હાથમાં રહે?

સમરત: હા, એ દુઃખ થાયસ્તો. પણ હું તો મૂઈ એ ય દુઃખ નથી ગણતી. મેં તો એમને રાજીખુશીથી દીક્ષા લેવાની હા પાડી છે; પણ...

ગંગા: ત્યારે?

સમરત: એ તો હમણાં હું વાંદવા ગઇ ત્યારે ગુરુ મહારાજ એમને દીક્ષા આપવાની ના પાડતા હતા.

ગંગા: કારણ? દીક્ષા આપવાની છે માટે તો મહારાજ સાહેબ એમને બે વરસથી સાથે ને સાથે ફેરવે છે. અને તમે કહો છો ને કે અખાત્રીજે તો દીક્ષા આપવાની છે?

સમરત: એ તો હું જઇને મંડીને નક્કી કરાવી આવી. મહારાજ સાહેબ તો માનતા જ નહોતા. અને હજુ ય અખાત્રીજે દીક્ષા આપે ત્યારે ખરા. એ તો હજુ વરસ-બેવરસ રાહ જોવાનું કહે છે.

ગંગા: પણ એમ કરવાનું કંઇ કારણ?

સમરત: કહે છે કે દીક્ષા લેવાની ભાવના હજુ થોડી કાચી છે.

ગંગા: લ્યો રાખો હવે. બચાડા જીવે બે વરસમાં તો કેવી કાયા કરમાવી નાખી, ને હજુ કહે છે કે ભાવના કાચી છે! અહીં હતા ત્યારે તો એમને કંદમૂળ વગર ન ચાલે, રાતના ખાધા વગર ન ચાલે, બીડીઓ વગર ન ચાલે, કલાકે કલાકે ચા વગર ન ચાલે. એને બદલે, પૂરવ ભવનાં કંઈ હળુ કરમ* હશે તે એમને દીક્ષા લેવાની ભાવના થઈ. એટલો મન પર કાબૂ હશે તારેસ્તોને! સજમ પાળવો એ કંઈ સહેલી વાત છે?

સમ૦: કહે છે ને કે એ તો ખાંડાની ધાર છે!

ગંગા: છેસ્તો. એમ ના હોય તો બધા ય ઘડીમાં બાવા બને અને ઘડીમાં સંસારી... પણ મહારાજ સાહેબને રહીરહીને આવું કહેવાનું કારણ? પૂછવું તો હતું!

સમરત: આપણાથી એકદમ તો કેમ પુછાય? પણ કો'ક વાત કરતું'તું કે એક દિવસ બજાર જઇ એ છાનામાના હોટલમાં ખાઇ આવ્યા'તા ને બીડી પી આવ્યા'તા.

ગંગા: તો અચરતલાલને પૂછીને વાત ચોક્કસ કરવી'તી ને? લોકો તો ફાવે તેમ બોલે.

સમરત: મારે એમની સાથે વાત કરવી'તી, અને એમને ય, કોણ જાણે, કંઈક કહેવું હોય એમ લાગતું હતું. પણ લોકો કોઈ આઘા ખસે નહિ એટલે શી વાત થાય? પછી તો મને ય થયું કે બળ્યું, એમણે તો હવે સંસાર છોડ્યો છે, એટલે હવે બીજી શી વાત કરવાની હોય? નથી કૈં માલમિલકત કે નથી કૈં છૈયાં છોકરાં.

ગંગા: બેન, એ તો હળુકર્મી જીવ સમજો; નહિ તો છોકરાં થાય એ ખાતર તો આટલી ઉંમરે તમારી સાથે લગ્ન કર્યાં.

સમરત: એટલેસ્તો એ જ્યારે દીક્ષા લેવાની વાત કરતા, ત્યારે હું એમને લડતી કે પરજા માટે તો તમે ત્રીજી વારનાં લગન કર્યાં અને હવે દીક્ષા લેવાની વાત કરો છો?

ગંગા: બેન, એ તો કરમની વાત છે. વંશવેલો વધવાનો નહિ લખ્યો હોય તે તમને ત્રણ વરસ સુધી અધરણી આવી નહિ, ને એમનું મન સજમ તરફ વળી ગયું.

સમરત: મેં તો એમને ઘણું ય સમજાવ્યા'તા કે વરસ-બે વરસ ખમી જાવ. મારી જુવાની સામું તો જુઓ. ઘરમાં એક દીકરો કે દીકરી હોય તો મને ઓછું આવે નહિ અને આગલી બેની જેમ મને કોઈ વાંઝિયામેણું...

ગંગા (વચ્ચે): સાચી વાત વળી. આ આગલી નરબદાવહુ તો બચાડી વાંઝિયામેણાને લીધે જ ખયરોગમાં ગઇ ને?

સમરત: અને જુવાનીમાં તો હું દળણાં દળીને 'ને પારકાં ઘરકામ કરીને મારો રોટલો રળી લઇશ; પણ પેટે કંઈ વસ્તાર હોય તો ઘડપણમાં મારે કોઈની આગળ હાથ લાંબા કરવાનો વખત ન આવે ને?... પણ એ કંઈ માન્યા નહિ, અને એક દિવસ મને પૂછ્યા કર્યા વગર મહારાજ સાહેબ પાસે ચોથા વ્રતની જાવજીવની× બાધા લઈ આવ્યા!

ગંગા: જાવજીવની? આ તો ખબર જ નહિ!

સમરત: હા, જાવજીવની એમનું મન મક્કમ ના રહે એટલે મેં કોઇને વાત કરી જ નહોતી.

ગંગા: અને તમને પૂછ્યું નહોતું?

સમરત: જરા યે નહિ ને; હું તો એમને ખૂબ લડી. તો મને કહે કે તું મારી ધરમની

---

* ઓછામાં ઓછાં; હળવાં પાપકર્મ, જેથી શુભ ભાવનાઓનો ઉદય થાય.

× અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોમાંનું ચોથું વ્રત તે બ્રહ્મચર્ય. જાવજીવ અથવા જાઓ જીવ એટલે યાવદ્ જીવન, જીવન પર્યંત.

વાતમાં અંતરાય કર નહિ. આટલે અડતાલીસમે વરસે હવે ધરમ તરફ મન નહિ વાળુ ત્યારે કયારે વાળીશ?

ગંગા: પછી?

સમરત: કોઈની ધરમની વાતમાં આપણાથી થોડો અંતરાય કરાય છે, બેન? મેં તો કહ્યું કે ભલે તમ તમારે ખુશીથી દીક્ષા લો અને ચારિત્ર પાળો. તમારી વાતમાં અતરાયકરમ બાંધીને હુ કયે ભવે છૂટવાની હતી?

ગંગા: સાચી વાત છે, બેન. એમને દીક્ષા લેવાના ભાવ જાગ્યા હોય ત્યારે આપણે આપણી જુવાની સામું જોઈ એમને કંઈ પાપકરમમાં થોડા નંખાય છે?

સમરત: મૂળ તો, એમને દીક્ષા લેવાના ભાવ પછી જાગ્યા. આ તો એમની નોકરી છૂટી ગઈ એટલે એમનું મગજ આખો દિવસ વિચારમાં ને વિચારમાં ભમ્યા કરે. આમે, પહેલેથી જ કમાવા માટે મહેનત કરવાની એમની દાનત ઓછી; એમાં વળી નોકરી છૂટી ને નવરા પડયા. બીજી નોકરી ઝટ મળે નહિ, ને આખો દિવસ ઘરમાં કચકચ કરે. એટલે હું જ મૂઇ એમને લડીલડીને દેરેઅપાસરે ધકેલતી—જે ધરમના બે વેણ કાને પડયાં તે ખરાં....

ગંગા: એટલે એમ કહોને. આ તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં જેવું થયું, તમને.

સમરત: હાસ્તો, એમનું મન આટલું જલદી બદલાઇ જશે એવી આપણને થોડી ખબર?

ગંગા: એવી ખબર હોત તો તમારા બાપે તમને ત્રીજવરને આપ્યાં જ ન હોત ને!

સમરત: આપણી ન્યાતમાં કન્યાની છત બહુ, એટલે માબાપ બિચારાં શું કરે? એટલે મારી માએ જ્યારે દીક્ષાની વાત સાભળી ત્યારે તો બિચારી ધ્રુસકે ને ધ્રુસકે રોઈ પડી.

ગંગા: એ તો તમે કાળજું કઠણ કરીને મન ધરમ તરફ વાળી નાંખ્યું. બીજી કોઇ કાચીપોચી હોય તો ઘર છોડીને નાસી જાય, ને કાં કૂવોહવાડો પૂરે કે ઘાસલેટ છાટે. આ તો પરણ્યા ને બેત્રણ વરસમા જ વગર રંડાપે રંડાપા જેવું દુ:ખ આવ્યું એવું જ કહોને વળા?

સમરત: એ તો જેવો જેનો ગનનો ભાવ, હું તો એટલું સમજું કે એમની બિચારા જીવની સદ્‌ગતિ થતી હોય તો આપણે અંતરાયકરમ ના બાધવું. એમના નિમિત્તે આપણી સદ્‌ગતિ નહિ લખેલી હોય, કોને ખબર છે?

ગંગા: એ તો તમે આટલા સમજુ અને સમતાવાળાં છો તે તરત ધરમધ્યાનમાં મન પરોવી દીધું

સમરત: સાચું કહું તો, એ જ્યારે ઘરછોડીને ગયા ત્યારે મન થતું કે મૂકી આ જીવતર. એક વખત ઘાસલેટ છાંડી દઇએ કે પાર આવે...

ગંગા: જાવ જાવ, એવું શું બોલ્યાં? જોજો એમ કરતાં...મનખાદેહ કંઈ એમને'મ નથી મળતો.

સમરત: એ તો પહેલાં મને એવું થતું; પણ હવે તો મેં ય ધરમધ્યાનમાં મન પરોવી દીધું છે; અને સાચું કહું તો હવે તો મને ય કોઈ કોઈ વખત દીક્ષા લેવાના ભાવ થાય છે.

ગંગા: હવે બેસો છાનાંમાનાં. તમારે વળી અત્યારથી દીક્ષા લઇને શું કામ છે?...(ઊભી થતા) બળ્યું, બહુ વિચાર ના કરવા. જે થવાનું હશે તે થશે. આરહંતનું નામ લઈ સૂઇ જાવ... (જતાં જતાં) લ્યો ત્યારે, મારા વગર હજુ છોકરાં ઊંધ્યાં નહિ હોય અને સવારે પાછું વહેલું ઊઠવાનું છે. (જાય છે. સમરત ઊભી થઈ, બારણું બંધ કરી, ચોપડી મૂકી, ફાનસ ઓલવી નાખી ખાટલામાં સૂઈ જાય છે. થોડીવારે બારણું ખખડવાનો અવાજ આવે છે.)

સમરત: કોણ? કોણે બારણું ખખડાવ્યું? ગંગાબેન કે? (કંઈ જવાબ નથી આવતો. ફરી બારણા પર ધીરેથી ટકોરા)... કોણ? (સ્વગત) આ તો વાડાનું બારણું ખખડયુ લાગે છે. કંઈ કૂતરુંબૂતરું તો નહિ ભરાઈ ગયું હોય? (ઊભી થઈ ફાનસ સળગાવે છે.)

બહારથી બાવેલો ધીમો સાદ: સમરત... એ સમરત...ઉઘ ડ.

સમરત: (ધ્યાનથી સાંભળતાં, સ્વગત) વાડામાંથી જ કોઈ બોલતું લાગે છે, કોઈ જરૂર દીવાલ ઠેકીને વાડામાં આવ્યું છે. (અસ્વસ્થ થતા) કોઈ ચોર તો નહિ હોય? (ખાટલામાં બેસી પડે છે.)

ફરીથી ધીમો અવાજ: ઉઘાડ...એ સમરત...ઉઘાડ...એ તો હું છું.

સમરત: ઊભી થઇ, (સ્વગત) આ તો એમનો અવાજ લાગે છે! (વિચારતાં) પણ એ અત્યારે અહીં વાડામાં કયાંથી હોય? (ગભરાતા) કંઈ ભૂતપલિત જ હશે!...નમો અરિહંતાણં... મૂકો, જે હશે તે! જરીવાર ખખડાવીને જતું રહેશે (ખાટલામાં બેસી આડી પડે છે.)

ફરીથી અવાજ: સમરત...ઉઘાડને જલદી! વિચાર શું કર્યા કરે છે?

સમરત: (બેઠી થતાં, સ્વગત) કહો ન કહો, પણ એમના જેવો જ અવાજ લાગે છે. લાવ, ગંગાબેનને હાંક મારું. એકથી બે ભલાં. (વિચારતાં)...ના, રહેવા દે...,એ વાડામાંથી ખખડાવે છે તે કંઇ ખાનગી હશે ત્યારે ને?... ઉઘાડવા દે...એ નહિ હોય ને ચોર કે ભૂત હશે તો ય મારી પાસે છે શું તે લઈ જશે?... (કૈંક આશંકા સાથે બારણું ઉઘાડવા જાય છે ધીમેથી ઉઘાડે છે. બહાર અચરતલાલ ઊભા છે.) આય હ ય! તમે? અત્યારની વેળાએ અહીં?

અચરતલાલ (નાકે આંગળી મૂકી, ઝડપથી ઘરમાં આવી બારણું બંધ કરી): કેટલી વાર બહાર બેસી રહ્યો! કોણ હતું ઘરમાં? તિરાડમાંથી તો બાજુવાળી ગંગલી હોય એમ લાગતું હતું.

સમરત: હા, ગંગાબેન જ હતાં. પણ તમે અત્યારની વેળાએ અહીં કેમ આવ્યા?

અચરતલાલ: હું પાછો આવતો રહ્યો છું.

સમરત: પાછા? કેમ?...આ સાંભળીને મારો જીવ બહુ ઊંચો થાય છે.

અચરતલાલ: જીવ ઊંચો કરવાની કંઈ જરૂર નથી. હું હવે બહુ કંટાળી ગયો છું. એટલે ઘરે પાછો આવતો રહ્યો છું. મારે દીક્ષા લેવી નથી.

સમરત: મહારાજ સાહેબની રજા લઇને આવ્યા છો?

અચરતલાલ: એમાં રજા શેની લેવાની?

સમરત: ના, ના; એવું ના હોય. તમે તો કેટલી હોંશથી દીક્ષા લેવાનો વિચાર કર્યો છે. હવે એમ કંઈ મન બદલીએ તે સારું કહેવાય? લોકો જાણે તો શું કહે? આપણે કેટલું નીચું જોવાનું થાય?

અચરતલાલ: લોકોને કહેવું હોય તે કહે, મને હવે સાધુ થવાનો બહુ મોહ રહ્યો નથી.

સમરત: તમે એમ ઢીલા ન બનો. શરૂઆતમાં તો સાધુ થવું થોડું આકરુ લાગે.

અચરતલાલ: એટલે જ મારું મન એમાંથી ઊઠી ગયું છે. રોજ સમી સાંજથી સૂઈ જવાનું, વહેલુંવહેલું ઊઠવાનું, ઓછું ઓછું ખાવાનું ને ઉપવાસ એકાસણાં કરવાના; નહિ કયાં ય કોઇને મળવાજવાનું, કે નહિ કોઈ...

સમરત: પણ એ તો આપણે પહેલાંથી કયાં નથી જાણતા? બીજા મહારાજો પાળે જ છે ને એ બધું?

અચરતલાલ: હા, પણ એ બધું મારાથી નહિ બને.

સમરત: ના કેમ બને? બધું જ બનશે. માટે મહેરબાની કરી...

અચરતલાલ: એ બધું તો હજુ ય બને; પણ સંજમ પાળવાનો એ તો નહિ જ બને.

સમરત: સંજમ પાળવો એ તો ખાંડાની ધાર છે એમ તો હું તમને પહેલેથી કહેતી'તી. પણ ત્યારે તમે મને માનતા નહોતા અને તમારો જ કક્કો ખરો કરતા હતા.

અચરતલાલ: તે વખતે દીક્ષા લેવાની ભાવના થઇ આવી'તી. પણ હવે તું કહે છે તે સાચું લાગે છે. સંજમ પાળવો એ ખરેખર તરવારની ધાર પર ચાલવા બરાબર છે! એ કંઇ સહેલી વાત નથી.

સમરત: સહેલી ના હોય તો હવે સહેલી બનાવો. પચાસ વર્ષે હવે તમે સંજમ નહિ પાળી શકો તો ક્યારે પાળશો? બીજા સાધુઓ તો જુઓ! કેટલી નાની ઉંમરમાં સંજમ પાળે છે!

અચરતલાલ: બીજા સાધુઓની વાત જુદી છે અને મારી વાત જુદી છે. મારે કંઇ હવે પાકે ઘડે કાંઠલા ન ચડે.

સમરત: શું કામ ના ચડે? આ તે એવી કઇ વાત છે? જુઓ, એમ કંઇ મન ઢીલું કરવાની જરૂર નથી. મારું માનો તો અત્યારે ને અત્યારે પાછા ચાલ્યા જાવ. ઊલટાનું તમે દીક્ષા લેવાની ભાવના કરી એ જોઇ મને પણ દીક્ષા લેવાનું મન થઇ આવ્યું છે.

અચરતલાલ: દીક્ષા લેવામાં કંઇ સાર નથી, સમરત! ડુંગર જેટલા દૂરથી રળિયામણા લાગે છે એટલા નજીકથી નથી હોતા.

સમરત: એ બધું ખોટું. નકામી સાધુઓની નિંદા ન કરશો.

અચરતલાલ: હું ક્યાં સાધુઓની નિંદા કરું છું? હું તો કહું છું કે મારાથી સંજમ નથી પળાતો.

સમરત: ન પળાતો હોય તો ય હવે પાળવો પડશે. મન એવું મક્કમ કરી નાખો કે એની મેળે પળ શે; ના કેમ પળાય?

અચરતલાલ: નથી પળાતો એટલે નથી પળાતો! સાચું કહું? મને બીજું કોઇ નહિ, સમરત, પણ તું જ બહુ યાદ આવતી'તી. તારા વિના મને જરા ય ગમતું નહોતું.

સમરત: જુઓ, એવા વિચાર કરીને પાપમાં ના પડશો. તમે મન, વચન અને કાયાથી ચોથા વ્રતની બાધા લીધી છે.

અચરતલાલ: મનથી એ બાધા ક્યારની તૂટી ગઇ છે અને વચનથી અત્યારે તૂટી. હવે એમાં બાકી શું રહ્યું?

સમરત: બધું ય. પાપના વિચાર થયા હોય તો મહારાજ પાસે આલોયણા* કરી લેજો, પણ હું તમને કહું છું કે મહેરબાની કરી...

અચરતલાલ: પણ તું મને પહેલાં શું કહેતી'તી એ તો યાદ કર! ઘરમાં એક છોકરું હોય તેને માટે તું કેટલું ઝંખતી હતી અને મને દીક્ષા લેતો અટકાવતી હતી?

સમરત: શું કહ્યું? મેં તમારી વાતમાં જરા ય અંતરાય નથી કર્યો.

અચરતલાલ: પણ મારે તારા કોડ પૂરા કરવા છે. દીક્ષા લેવી હશે તો વરસ-બેવરસ પછી લેવાશે.

સમરત: એ બધી વાત ખોટી. હું તમને ચોખ્ખું કહું છું કે તમે અત્યારે ને અત્યારે અહીંથી પાછા ચાલ્યા જાઓ.

અચરતલાલ: તું તે કેવી ગાંડા જેવી વાત કરે છે? તારા ખાતર તો હું અત્યારે આવ્યો, અને હવે તું જ મને...

સમરત: તમે મારે ખાતર નથી આવ્યા, તમે તમારે ખાતર આવ્યા છો. તમારી વાસના હજુ અધૂરી રહી ગઇ છે.

અચરતલાલ: ભલે જે કહે તે; પણ હું પાછો આવ્યો છું અને તારી સાથે રહેવાનો છું. આપણે સંસાર ફરીથી ભોગવીશું.

સમરત: (કડક અવાજે) એ નહિ જ બને.

અચરતલાલ: કેમ નહિ બને? મેં કંઈ હજુ દીક્ષા થોડી લીધી છે?

સમરત: દીક્ષા નથી લીધી, પણ ચોથા વ્રતની બાધા તો લીધી છે ને?

અચરતલાલ: બાધા તો બધા ય તોડે છે.

સમરત: (કડક અવાજે) જુઓ, હું તમને ચોખ્ખું કહું છું કે હું તમને પાપમાં પાડવા નથી માગતી; માટે આ ઘર છોડીને અત્યારે ને અત્યારે ચાલ્યા જાવ.

અચરતલાલ: તું મને ઘર છોડવાનું કહેનાર કોણ? આ ઘર હજુ મારું છે, સમજી?

સમરત: તમારું હોય તો તમે સુખેથી રહો. હું મારે આ ચાલી...(બારણા તરફ જાય છે.)

અચરતલાલ: (સમજાવતાં) ક્યાં ચાલી જાય છે? આમ આવ, મારી વાત સાંભળ. એમ વેવલી શું થાય છે?

સમરત: બોલો, શું છે?

અચરતલાલ: હું પાછો ચાલ્યો જાઉં અને દીક્ષા લઉં એમ તું ઈચ્છે છે ને?

સમરત: હા...

અચરતલાલ: બસ; તો એ પ્રમાણે કરીશ, પછી કંઈ?

સમરત: (આનંદપૂર્વક) ત્યારે એમ ડાહ્યા થઈ જતા હો તો...

અચરતલાલ: સારું, તો હું જાઉં છું... પણ હું આટલે આઘેથી આવ્યો છું તો મને પાણીબાણી તો પીવડાવીશ કે નહિ? કે એટલા દયાધરમમાંથી ય જઇશ?

સમરત: એની હું ક્યાં ના કહું છું? પણ તમે હવે સાધુ થવાના હો તો તિવિહાર-ચોવિહાર પણ તમારાથી ના પળાય? (પાણી લેવા જાય છે.)

અચરતલાલ: રોજ તો પાળું જ છું ને? પણ અત્યારે હું ચાર ગાઉ છેટેથી ચાલીને આવ્યો છું. ને બે દિવસના ઉપવાસ છે, તો ગામ-પરગામની એટલી તો છૂટ હોય કે નહિ? મેં ક્યાં હજુ માથું મુંડાવી નાખ્યું છે?

સમરત: (પાણી આપતાં) માથું મુંડાવ્યું નથી, પણ મુંડાવા માટે નીકળ્યા તો છો ને? માથું મુંડાવનારનાં આવાં લક્ષણ ન હોય.

અચરતલાલ: મુંડાવાય ત્યારે ખરું. અત્યારે તો એનો કંઈ જોગ દેખાતો નથી. (પાણી ગટગટાવી પ્યાલો પાછો આપતાં) લે હવે, એકલા પાણીથી શું વળે? કંઈ ચા બા મૂક. બે વર્ષથી ચાનો સ્વાદ કેવો છે એ ય ભૂલી ગયો છું.

સમરત: ઘરમાં ચા નથી અને દૂધે નથી.

અચરતલાલ: બીજું ય કંઈ ખાવાનું નથી?

સમરત: કશું નથી. મારે ઉપવાસ એકાસણાં ચાલતાં હોય એટલે ઘરમાં શું રાખ્યું હોય!

અચરતલાલ: તો કંઈક ગરમાગરમ કરી આપ... ભજિયાં કે શીરો.

સમરત: આ તે કંઈ દીક્ષા લેવાના તમારા ચાળા છે? ભજિયાં ને શીરા માટેનો તમારો ચટકો હજુ ગયો નથી?

અચરતલાલ: દીક્ષાનો ભાવ થયો એટલે ભજિયાં ને શીરો ન ખવાય એવું કોણે કહ્યું?

સમરત: પણ અત્યારે તમે એ ખાવા રોકાશો? ચૂલો સળગાવીશ ને કંઇ અવાજ થશે ને પડોશી કોઈ જાણશે તો?

અચરતલાલ: તો તું શું મને એમ ને એમ ભૂખ્યો તગડવા માગે છે? ધીમેધીમે ઠાવકી રહીને કરીશ બધું, તો કોઇ જાણવાનું નથી.

સમરત: પણ મારું મન નથી માનતું. કંઇક ખખડાટ થયો અને પડોશી કોઈ જાણશે ને ખબર પડશે તો તમારે માટે શું ધારશે, અને મારે માટે શું ધારશે? હાથે કરીને ભવાડો થશે કે બીજું કંઇ? તમારે તો ઠીક, ઘડીમાં ચાલ્યા જશો, પણ મારે તો અહીં મરવા બરાબર થાય. અમસ્તા ય આપણા લોક બહુ વહેમીલા છે. લાગશે કે રાતને વખતે ઘરમાં કોઇ પુરુષ માણસ આવ્યું'તું તો મારે માથે કંઈકંઈ વીતાડશે. માટે મહેરબાની કરીને અત્યારે ચાલ્યા જાવ. દિવસે કોઈ વાર મહારાજની આજ્ઞા લઇને આવજો; કહેશો તે ખાવાનું કરી દઇશ.

અચરતલાલ: જો, હું બે દિવસનો ભૂખ્યો છું, ને ચાર ગાઉ ચાલીને આવ્યો છું. માટે છાનીમાની ડાહી થઇ ચૂલો સળગાવ....

સમરત: તમે કહો છો એટલે સળગાવું છું; બાકી મારું મન તો હજુ ય...

અચરતલાલ: પાછી વેવલાઈ કરે છે? જા જલદી...(સમરત રસોડામાં જઇ ચૂલો સળગાવી બહાર આવે છે.)

સમરત: ચૂલો તો સળગાવ્યો, પણ કોણ જાણે હજુ ય મારું મન માનતું નથી. સાચું કહું છું, તમે જલદી ચાલ્યા જાવ. તમારાં ભજિયાં ને શીરો ક્યારે થશે, તમે ક્યારે ખાઇ રે'શો અને ક્યારે જશો? તમે જશો નહિ ત્યાં સુધી

* આલોયણા=આલોચના, પાપ માટે પ્રાયશ્ચિત્તની વિધિ.

મારો જીવ મિનિટે મિનિટે ફફડ્યા જ કરશે. મને તો આ બધું મરવા જેવું લાગે છે.

અચરતલાલ: તું મને જલદી તગેડી દેવા માગે છે? હું તારો ધણી છું એટલું તો યાદ રાખ. દીક્ષા લેવાની ભાવના કરી એટલે શું ગુનેગારી કરી?... આ હું તને કહી દઉં છું, તારે ભજિયાં ને શીરો કરવાં હોય તો કર ને ના કરવાં હોય તો ના કર. અત્યારે ને અત્યારે હું જવાનો નથી. ચાર ગાઉ અંધારામાં ચાલતો આવ્યો છું ને પાછો તરત અરધી રાતે અંધારામાં ચાર ગાઉ દોડું? જરીક થાક તો ખાવા દઈશ કે નહિ?... આ તને કહી દીધું કે સવારના વહેલો ઊઠીને હું જતો રહીશ.

સમરત: (આશ્ચર્ય અને ચિંતા સાથે) સવારે? એટલે તમે રાત અહીં રોકાશો.

અચરતલાલ: હા, તેમાં શું છે વળી?

સમરત: ના, એ તો ન જ બને.

અચરત૦: ન કેમ બને? બનશે જ બનશે. જોઉં છું તું મને ઘરની બહાર કેવો કાઢે છે!

સમરત: તો તમારું મન મક્કમ નહિ રહે...

અચરતલાલ: ભલે ના રહે.

સમરત: એટલે? તમારો વિચાર શો છે તે હું સમજી ગઈ! તમે બાધા લીધી છે અને દીક્ષા લેવાના છો એનો તો વિચાર કરો.

અચરતલાલ: દીક્ષા લેતાં પહેલાં આટલી એક દિવસની છૂટ તો હોય.

સમરત (વિનવતા): શું કામ હાથે કરીને પાપમાં પડો છો અને મને પાપમાં પાડો છો?

અચરતલાલ: (સમરતને ખભે હાથ મૂકવા જતાં) જો સમરત, મારી વાત સાંભળ...

સમરત (ખસી જતાં): મને અડશો નહિ.

અચરતલાલ: કેમ?

સમરત: (કરુણ સ્વરે) સાચું કહું છું, મને અડશો નહિ. મારા સમ જો મને અડો તો...

અચરતલાલ (પાસે જતાં): સમ ને બમ. હું એમાં કંઈ માનતો નથી.

સમરત (આઘી ખસતાં): હું સાચું કહું છું ભૈસા'બ તમને વિનંતી કરું છું. મારું આટલું માન રાખો...

અચરતલાલ: કેમ?

સમરત: મેં બાધા લીધી છે.

અચરતલાલ: શાની?

સમરત: ચોથા વ્રતની!

અચરતલાલ: (આશ્ચર્ય અને રોષ સાથે) ચોથા વ્રતની? ક્યાં સુધી?

સમરત: જાવજ્જીવ.

અચરતલાલ: ક્યારે?

સમરત: મહિના પહેલાં.

અચરતલાલ: મને તો કંઈ ખબર નથી. એવી લેતાં પહેલાં મને પૂછવું તો હતું. (ગુસ્સામાં) મને પૂછ્યા વગર તેં બાધા લીધી જ કેમ?

સમરત: હું મહારાજ સાહેબને વાંદવા આવી ત્યારે તમને પૂછવાની જ હતી; પણ લોકો આઘા ખસે નહિ તો હું શું કરું? પછી મને થયું કે તમે તો હવે સંસાર છોડ્યો છે એટલે હું બાધા લઈશ એટલે તમે તો ઊલટાના કેટલા બધા રાજી થશો.

અચરતલાલ: પણ તને આવું ડહાપણ કરવાનું કહ્યું કોણે?

સમરત: મારા મનથી જ. આમેય સંજમ પાળવો ને આમેય પાળવો; તો પછી બાધા લઈને શું કામ ન પાળવો, કે જેથી પછી પાછું વાળીને જોવાનું તો ના રહે!

અચરતલાલ: એ બધી ખોટી વાત. તને કોઈએ ભરમાવી છે.

સમરત: મને કોઈએ ભરમાવી નથી. સાચું કહું છું, મેં મારી મેળે જ સાધ્વીજી પાસે જઈને બાધા લીધી છે.

અચરતલાલ: હું એ કંઈ માનવાનો નથી. તારે તારી બાધા ગણવી હોય તો આવતી કાલથી ગણજે; લેવી હોય તો આલોયણા લઈ લેજે, પણ આજે તો...

સમરત: ના એ ન બને. એવી કંઈ આલોયણા લેવાય નહિ. સાચું કહું છું. હું પગે પડીને કરગરું છું ભૈસા'બ, મારું આટલું કહ્યું કરો...

અચરતલાલ: એ કંઈ જ નહિ બને; માટે સીધેસીધી ડાહીડમરી થઈને સમજી જજે, નહિ તો મારે બળજબરી કરવી પડશે! જા, પહેલાં ગરમ ગરમ ભજિયાં ને શીરો તો કર, પછી એ વાત... જા, જા, ઊભી શું રહી છે? સાંભળતી નથી?...

(સમરત આંખમાં આંસુ સાથે બારણા તરફ જઈ આગળિયો ખોલવા માંડે છે.)

અચરતલાલ (કડક અવાજે) જો...ત્યાં ક્યાં જાય છે?

સમરત: (ગળગળા સાદે) ગંગાબેનને બોલાવવા.

અચરતલાલ: ખબરદાર! બારણું ખોલીને જવાનું નથી. હું જાણી ગયો છું તારી રમત, પણ આજે હું તને કંઈ છટકવા દેવાનો નથી... (પાસે જઈ સ્પર્શ કરવા જતાં)...જો મારી સમરત નહિ?...ડાહી થઈ જા જોઉં... મેં દીક્ષા લેવાનું તારું વચન રાખ્યું, તો તું મારું આટલું વચન રાખ...ચાલ જોઉં...

સમરત: જેવી તમારી મરજી...પણ અત્યારથી મને અડશો નહિ....પહેલાં તમે ખાઈ લો...કોણ જાણે, મારો જીવ બહુ મૂંઝાય છે...

અચરતલાલ: જા, જા...જલદી ભજિયાં ને શીરો કર...લોકો જાણે તો ભલે જાણે...બહુ વેવલાઈ કરવામાં સાર નથી...

[સમરત રસોડામાં જાય છે. અચરતલાલ ખાટલા પર બેસે છે. આડા પડે છે. થોડીવારમાં રસોડામાં એક મોટો ભડકો થાય છે ને ચીસ પડે છે. અચરતલાલ સફાળા બેઠા થઈ રસોડા તરફ દોડે છે. ને તરત છળીને બહાર આવે છે.]

અચરતલાલ: (સ્વગત) અરે, આ તો હાળીએ બળી મરીને જીવ કાઢી નાખ્યો. હવે અહીં ઊભા રહેવામાં સાર નથી. હમણાં પેલી ગંગલી ને જીવલી ને બધાં આવી પહોંચશે... અત્યારે ને અત્યારે મહારાજ સાહેબ પાસે અપાસરે પહોંચી જઉં. કોઈને ખબર પડવાની નથી. (વાડામાં થઈને નાસી જાય છે.)

ગંગા: (બહારથી ખખડાવતાં) સમરતબેન...એ સમરતબેન...તમે ચીસ પાડી? શું થયું કંઈ? ઉઘાડો તો...(જવાબ ન મળતાં વધુ ખખડાવી, ધક્કો મારે છે, પણ બારણું ઊઘડતું નથી. પડોશી ભેગાં થઈ જાય છે અને બારણાં ઉતારીને સૌ અંદર આવે છે, ને સૌ રસોડા તરફ દોડી જાય છે સમરતને બળી મરેલી જુએ છે. કેટલાક આમતેમ દોડાદોડી કરી મૂકે છે. સૌના ચહેરા પર અસ્વસ્થતા છે.)

ગંગા: હાય હાય, આ તો બચાડાં બળી મર્યાં...આજ કહેતાં જ હતા કે બચાડાંનો જીવ બહુ મૂંઝાતો હતો. અખાત્રીજનું વરસીતપનું પારણું ય ન જોયું, ને વરને દીક્ષા અપાવવાના કોડેય અધૂરા રહ્યા...મનખા દેહનો કંઈ ભરોસો છે?

જીવી: આમ દેખાતાં'તાં તો બચાડાં કેવાં સારાં; પણ કોણ જાણે શું યે પાપ કરી બેઠાં હશે તે આમ બળી મરવાનો વારો આવ્યો. જુવાનીનો કંઈ ભરોસો છે?...જુવાની હાથવગી, એ તો બેન, તરવારની ધાર છે...

ગંગા: લ્યો હવે, એવું ના બોલો, કંઈ જાણ્યા કર્યા વગર! જનારી તો બચાડી ગઈ, પણ એવું બોલીને તમે શું કામ નકામાં પાપમાં પડો છો વગર લેવે દેવે?...

એક પુરુષ-(બૈરાંઓને): હવે કંઈ સૂઝ પડવા દેશો કે તમારી જ ભાંજગડ કર્યા કરશો? ખસો આઘાં... (પડદો)

નાટિકા ભજવતાં પહેલાં કર્તાની સંમતિ (સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબાઈ–એ સરનામે લખીને) મેળવવી આવશ્યક છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો આત્મકથાનક-૧૦

લેખક-આલેખક
રવિશંકર રાવળ




૩૪ દવે મહારાજ

પિતાશ્રીની ડિસ્ટ્રિક્ટ બહુ જ મોટી ને આકરા પ્રવાસોવાળી હતી. મોડાસા તરફ કે સાંચોર તરફ જાય ત્યારે પંદરવીસ દિવસનું સીધું, વાસણોની પેટી, બિસ્તર, પાણીનો કૂજો અને ઑફિસનો ચામડાનો ફોલિયો સાથે લઈ જતા. સાથેના પટાવાળાનો પગાર સરકારતરફથી મળતો અને પોતાની પસંદગીનો માણસ રાખવાની છૂટ હતી, એટલે કોઈ સંબંધી કે વિશ્વાસુ બ્રાહ્મણને જ રાખતા, જેથી ગમે ત્યાં રસોઈ અને બીજી સરભરા બરોબર સચવાય. આને લીધે દુઃખી કે બેકાર સંબંધીઓ તે નોકરી માટે આવી મળતા.

પિતાશ્રીનાં માશીનાં એક દીકરી હતાં. તેમના વર ખાનદાનીના ફાંકા તથા ગરમ મિજાજને કારણે કોઈ ઠેકાણે નોકરીમાં સ્થિર થતા નહિ. ઘરમાં ધાનધાન થવા લાગ્યું, એટલે એ ફોઇબા પોતાના એકના એક ભાણાને લઈ એક સવારે મહેસાણા આવી ચડયાં. તેમના ગરીબ સ્વભાવે મારાં બાને પીગળાવી દીધાં અને પાસે રાખ્યાં. થોડા વખતમાં તેમના પતિરાજ પણ પાછળ આવ્યા જ છે! એ કાળે કોઇને 'જાઓ' કહેવાતું નહિ. અને તેઓ જાય પણ ક્યાં? એટલે બાપુજીએ હાથ પરના માણસને ક્યાંક ખાલી પડેલી પોસ્ટમૅનની જગ્યામાં ગોઠવી દઈને બનેવી શ્રીમાન દવેજીને પોતાના એ.ડી.સી. બનાવી દીધા!

દવેજીના એક પગે વા હોવાથી જરા ઠીંગાતા, તેથી એ તરફના હાથમાં જાડો ડંગોરો રાખતા. વખત ઓળખી એમણે પણ પટાવાળાનો ચોરણો ને પટ્ટો લગાવી દીધો. સ્વભાવે સાચુકલા ને મિજાજે તેજ હતા, પણ બા-બાપુના ઉપકાર આગળ વિનમ્ર થઈ રહેતા. ફોઈબા બધું સમજતાં. દવેજીને નોકરીમાં કંઇ ખર્ચ નહિ. ફોઈબા ઘરમાં જ બા આગળ પોસાતાં. ભાણિયો જરા રિસાળ હતો અને બધી રીતે બાપ ઉપર ઊતર્યો હતો. દવેજીના પગારની બચતથી ઠીક મૂડી થઈ એટલે ફોઈબાએ નજીકમાં બીજાં સંબંધીઓની પાસે ઘર રાખી લીધું અને કાલાં ફોલવાનું કે દળવાનું કામ કરી થોડું કમાવા માંડ્યું. ભાણિયાને નિશાળે મૂકયો. મુસાફરીમાંથી દવેજી આવે ત્યારે એક લારીમાં સામાન ઘરે લાવી ઉતારે અને પછી પોતાને ઘેર જાય; પણ રોજ બાપુજીની બેઠક અને દફતર ગોઠવી જાય, ટપાલ પહોંચાડે કે બીજું કામ કરે. રસોઈમાં તે એક્કા હતા. બનેવી ઠર્યા એટલે બાપુજી તેમને 'દવે ક્યાં ગયા હતા' એમ માનવચનથી બોલાવતા. આથી તે બીજાં માણસો—પટાવાળાઓ, હલકારા વગેરે પર રૉફ ચલાવતા.




દવે મહારાજ

એક વાર એક ગામડાની પોસ્ટ ઑફિસમાં મુકામ થયો હતો અને દવેજીએ બનાવેલી કૉફી બાપુજી પી રહ્યા હતા, ત્યાં ટપાલ લઇ ગામડાનો હલકારો આવ્યો. આગળના કોઈ પ્રસંગે દવેજી સાથે તેને સામાન ઉપાડવાની બાબતમાં ચડભડ થએલી અને તે નાફરમાન બનેલો. તેને આવેલો જોતાં દવે અંદરથી ડંગોરો લઇ બહાર આવ્યા અને કોઈને કાંઈ સમજાય તે પહેલાં તો હલકારાના પગમાં ડંગોરો ફટકારી દીધો! 'હં...હં...દવે! આ શું કરો છો?' એમ બાપુજીએ હાકોટો કર્યો; પણ દવેજીનું રૂપ તો બદલાઈ ગયું હતું. સંબંધ, સ્થાન, સ્થિતિ બધું ભૂલી ગયા હતા. હલકારો તો ચાલ્યો પોલીસમાં ફરિયાદ કરવા. બાપુજીએ દવેને વઢવામાં બાકી ન રાખી, પણ શું થાય? ફરિયાદ થાય તો તેમાં તેમને પણ સાક્ષીમાં જવું પડે એવો હાલ થયો હતો. પોસ્ટ માસ્તરની મારફત બાપુજીએ હલકારાને સમજાવ્યો અને તેની દવાદારૂના પૈસા આપી કેસ થતો અટકાવ્યો. ઘેર આવ્યા ત્યારે આ વાત અમે જાણી. ફોઇબા તો ખૂબ રડયાં. અવતાર આખો આવા સ્વભાવના પતિરાજને વેઠયા હતા! વખત જતાં દવેજીને કોઈ વૈષ્ણવ મંદિરમાં જગ્યા મળી ત્યારે છૂટા કરી દીધા.

પિતાશ્રી લાંબા પ્રવાસો પર જતા ત્યારે ઘર સૂનું પડતું, પણ બાના મળતાવડા સ્વભાવે પડોશીઓને વશ કરી લીધાં હતાં. દિવસે તેમજ રાત્રે કેટલાંક પીઢ બૈરાં તથા જાગરણવ્રત કરનારી જુવાન સ્ત્રીઓ અને છોકરીઓનો અમારા ઘરમાં જ મેળો થતો. રાત્રે ઘણી વાર સોગઠાંબાજી રમાતી, તેમાં કોઈ અમને છોકરાંને પણ ભેરુ બનાવી દાણા નંખાવતાં. સારા દાણા પડે ત્યારે ભેરુ ખુશ થાય, અને ખાનાં ગણી કોઈ સોગઠી કુડાડી મૂકે ત્યારે અમને પોરસ ચડતો. પણ મને આ સોગઠાંબાજીમાં કાયમનો રસ લાગ્યો જ નહિ. પિતાશ્રીની લાંબી ગેરહાજરી દરમિયાન પોસ્ટ માસ્તર બે સ્થાનિક વૃદ્ધ પોસ્ટમેનને ઘેર સૂવા મોકલતા, તે રસ્તા પરની જાળીવાળી પડાળીમાં પથારી નાખતા. તેમાં એક રૂપજી ઠાકરડા હતા અને બીજા ડોસલ ભાટ હતા. એ બંને લાંબીલાંબી લોકવાર્તાઓ કહેતા તે અમારું રોજનું મનોરંજન હતું.

દિવાળી પાસે આવી ત્યારે બાએ રોજ સવારમાં વહેલાં ઊઠી કંઈકંઈ બનાવવા માંડયું. અમે જાગીએ ત્યાં તો ખારીમોળી પૂરીઓ વણેલી પાથરી હોય, ફાફડા થયા હોય અને ઘણી વાર તે ઘૂઘરા-ઘારી ભરતાં બેઠાં હોય. બાજુમાંનાં મંછાબેન સૂરતી આવી પહોંચ્યાં હોય તે નવી જાતની કાંગરી પાડવાનું બતાવતા હોય. બાએ આ રીતે પ્રવાસી પાડોશીઓ પાસેથી જમવાની ઘણી વાનીઓ શીખી લીધી હતી. રાજકોટનાં દક્ષિણી બેનો પાસેથી પૂરણપોળી શીખ્યાં હતાં અને મંછાબેને સૂરતી શિખંડ બનાવવાનું શીખવ્યું હતું. મેં સૌરાષ્ટ્રમાં કોઈ ઠેકાણે શિખંડ ખાધો નહોતો, તેમજ



ડોસલ ભાટ રૂપજી ઠાકોર

બનતો જોયો પણ નહોતો. મંછાબેન સાચું કેસર, ચારોળી, પિસ્તાં વગેરે ખૂબ નાખતાં. એવો શિખંડ આજકાલ મળવો દુર્લભ. અમારા ઘરમાં બહારથી તો પેંડા અને બરફી સિવાય કોઇ પણ ખાવાની ચીજ કદી આવતી નહિ. 'ખપે નહિ' એ મોટો ખુલાસો હતો.

૬૫ કળાના સંસ્કાર

મહેસાણાની સ્કૂલમાં મને ઘણી જાતના દોસ્તદારો મળ્યા. તેમાં એક હસનઅલી કરીને વહોરા શ્રીમંતનો પુત્ર હતો. તેનો બંગલો સ્ટેશનની નજીક રેલવે લાઇન પાસે હેડક્વાર્ટર્સ તરફ જતી સડક પર હતો. ત્યાં એક વાર સાંજે તેણે બીજા ગોઠિયાઓ જોડે મને તેનું મૅજિક લૅન્ટર્ન જોવા બોલાવ્યો. એક બારણા આડું સફેદ કપડું બાંધી, પાછળ તેણે મુંબાઈથી આણેલું રમકડા જેવું મૅજિક લૅન્ટર્ન ગોઠવ્યું. તેમાં પ્રકાશ માટે અંદર ઘાસલેટની બત્તી કરવાની હતી. તેના ચોરફાનસના કાચ જેવા ઊપસેલા કાચમાંથી જે પ્રકાશ નીકળે તેની આડે તે ચિત્રો પાડેલી નાની કાચ-પટ્ટીઓ ભરાવતો અને આગળ એક બીજો કાચ હતો તેમાંથી તે ચિત્ર પડદા ઉપર મોટું દેખાતું.



દીવાના પ્રકાશ અને કાચની મદદથી ચિત્ર મોટું કરવાની આ તરકીબ મારા મનમાં ઘર કરી ગઈ અને એ વિષે નવા પ્રકારની ઘડભાંગ શરૂ થઈ. ઊપસેલા કાચની કાર્યશક્તિ વિષે વિચારમાળા જાગ્રત થઈ. તેમાંથી જ હું ભવિષ્યમાં ચિત્ર, ફોટોગ્રાફી, સિનેમા વગેરે પ્રકારોમાં વૈજ્ઞાનિક રસ લેતો થયો એમ જરૂર કહી શકું

બીજો એક મિત્ર સુતારનો છોકરો હતો. તેના પિતાનું કારખાનું નજીકમાં હતું એટલે હું વખતોવખત ત્યાં જતો અને સુતારી ઓજારોથી કેટલું કામ થાય છે તે ધ્યાનથી જોતો. સાફ કરેલાં જાડાં પાટિયાં સાલવતા જે ટુકડા પડે તે પર કોતરણી કરવા એ છોકરાએ મોટા કાળા ખીલા તપાવીને તેને જુદાજુદા કદની ફરસી જેવા ધારદાર બનાવ્યા હતા. પછી લાકડાના સાફ કરેલા ટુકડા પર તે ફૂલ પક્ષી વગેરે આકારો ટ્રેઇસ કરીને કાર્બન કાગળથી તેના પર છાપ લેતો, અને પછી હથોડી લઈ પેલા ખીલા વડે તેની આસપાસનો ભાગ કોતરી કાઢતો એટલે બીબું બની જતું. છાપવાના બીબાનું એ અસલ રૂપ હશે એમ હું અનુમાનથી સમજી ગયો.

મેં પણ ઘેર આવી બેચાર ખીલા ચૂલામાં તપાવી ખાંડણી ઉપર દસ્તાથી ટીપીને તેને પાતળાં ફણાંવાળા કર્યા, અને ઓસરીના પથ્થર પર ઘસી તીવ્ર ધાર કાઢી. પછી સુતારના છોકરા પાસેથી સાફ લાકડાના વધેલા ટુકડા લઈ આવ્યો, અને હાથી, ઘોડો, ફૂલ એવી આકૃતિઓ (પેલાના કરતાં વધુ સારી રીતે) ઉતારી, પેલા ખીલા પર એક દંડુકા વતી ઠોકાઠોકીને તેની ધારથી તે કોતરી કાઢી. પછી પોસ્ટ ઑફિસમાં કાગળો પર છાપ મારવાની શાહી હતી તેમાંની થોડી એક કપડાની પોટલી પર લઇ આવ્યો અને પેલાં બીબાં પર તે દાબીદાબીને ચોપડયા પછી કાગળો પર તેની છાપ લેવા માંડી. આકૃતિની ઘણી નકલો ઉતારવાની આ મઝા અને અનુભવે મારામાં છાપવાનાં અને બીબાંનાં કામ જોવાનો રસ પેદા કર્યો.

ત્રીજો એક ઘાંચી મિત્ર યાદ આવે છે. તે બહારગામથી ભણવા આવેલો. નિશાળની નજીક એક ઓરડી રાખી તે હાથે રાંધી ખાતો અને પછી નિશાળમાં આવતો. તેની દોસ્તી થઈ એટલે બપોરની રજામાં હું તેને ત્યાં જવા લાગ્યો. નાની સાંકડી ઓરડીમાં એક જ બારી રસ્તા ઉપર પડતી હતી ત્યાં તેણે બેઠક ગોઠવી હતી, અને વળીના દાંડાવાળી નાની સીડીથી જ્યાં ઉપર જવાતું એવા નાનકડા માળિયા જેવા મેડા પર તે રાંધવાનું કરતો. આટલી ઉમરે એક નાનું ઘર ચલાવનારો આ મિત્ર મને બહુ પાવરધો લાગ્યો, પણ મને તેને ત્યાં જવાનો રસ તો એટલા માટે લાગ્યો કે તેણે કાપડના તાકા ઉપરની ઘણી જાતની છાપો ભેગી કરીને, બારી પાસેની ભીંત ઉપર એક મોટો કાગળ ચોડી તે પર લગાડી શૉખ કર્યો હતો. એ છાપોમાં બેગમો, બાદશાહો, ફૂલો, સાહેબો, મડમો એવાં જાતજાતનાં ચિત્રો હતાં. આવું એકસામટું જોવાનું એ કાળે કોઇની પાસે નહોતું મળતું. આ ભાઈબંધે વળી પાછળના વાડામાં ડમરા અને બારમાસીના છોડ વાવી નાનો પાંચસાત ફૂટનો બગીચો બનાવ્યો હતો. ઘણી વાર સાંજે તેને ઘેર થતો જાઉં ત્યારે તે ત્યાં પાણી છાંટી વચ્ચે કોથળો નાખી બેઠો હોય, તે જાણે બાદશાહ બાગમાં બેઠો હોય એમ લાગે!

પણ આ દોસ્તમાં સૌરાષ્ટ્ર બહાર વ્યાપક અને લોકમાન્ય બનેલું બીડી પીવાનું વ્યસન હતું. મેં તો કાઠિયાવાડમાં વાણિયા-લુહાણા જેવામાં પણ કોકને જ હોકો કે બીડી પીતાં જોએલા. બ્રાહ્મણની સમગ્ર કોમમાં તો બીડી તિરસ્કારપાત્ર વ્યસન મનાતું. કોઈને એકાંતે બીડી પીતો જાણ્યો હોય તો કહેવાતું 'હાય હાય! એ તો બીડી પીતો થઈ ગયો છે!' પણ મહેસાણા ગયા પછી જોયું કે પડોશમાંના ઉચ્ચ વર્ણના સૌ બ્રાહ્મણ-વાણિયા પણ ઘરમાં કુટુંબની વચ્ચે બીડીઓ પીતા હતા. અમારા ભલા પાડોશી મંછા માશીના વર ભીમભાઈ કે તેના મોટા



મારા ઉપર હુમલા

પુત્ર બાલુભાઇ પણ ધુમાડા કાઢતા બેઠા જ હોય. હું ઘણી વાર તેમની પાસે નાક પકડી બેસું ત્યારે મને ચીડવવા મારા મોં તરફ ધુમાડા ફેંકે અને હસે! એક વાર મારા આ દોસ્તદારે મને બીડીની લ્હેજત લેવા ખૂબ આગ્રહ કર્યો અને બીડી સળગાવી મારા મોંમાં મૂકી. શું છે તે જાણવું તો ખરું જ, એમ માની મેં જરા દમ ખેંચ્યો ત્યાં તો અંદરથી મારી સાત પેઢી કંપી ઊઠી! હું ગભરાઇને તેના ઘરમાંથી બહાર નીકળી ગયો અને ફરી ત્યાં કદી ગયો નહિ.

૩૬ બ્રાહ્મણના સંસ્કાર

બીજી તરફ ભાવનગર પહોંચીને કાકાએ પત્રમાં જણાવ્યું હતું કે મને દસમું વર્ષ બેસી ગયું છે અને બ્રાહ્મણ પુત્રને તો જનોઈ આઠમે વર્ષે દઈ જ દેવી જોઈએ તેથી ઘણું મોડું થયું છે; એટલે મે મહિનામાં ઘરનાં સૌ વહેલાં ભાવનગરમાં આવી જાય અને જનોઈના દિવસો પૂરતી આઠ દિવસની રજા લઈ બાપુજી ત્યાં હાજરી આપે. આથી પિતાજીએ મને અગાઉથી તે પ્રસંગ માટે તૈયાર કરવા માંડયો. તેમાં સૌ પ્રથમ હજામને સૂચના આપી કે તેને સંધ્યા કરતી વખતે શિખા બાંધવી પડશે માટે હવે વાળ કાપતી વેળા શિખા પૂરતા વાળ બચાવીને વધવા દેવા. બીજો પાઠ, હું અત્યાર સુધી ધોતિયાને કેડે ગાંઠ વાળીને કછોટો મારતો હતો તેને બદલે કેડ પર વાટો ચડાવીને ચાર છેડે બ્રાહ્મણી રીતે ધોતિયું પહેરવાનો મહાવરો શરૂ કરવાનો હતો.

એવામાં, અમારી લાઇનમાં જ રહેતા અને સામે આવેલી ઈજનેર ઑફિસમાં ડ્રાફ્ટસમૅન તરીકે નોકરી કરતા ગણપતરાવ કરીને એક દક્ષિણી ગૃહસ્થ હતા, તેમણે પોતાના પુત્રોને ઘર-આંગણે જનોઈ દીધું તે જોવા હું ગએલો. દક્ષિણી ગૃહસ્થો રિવાજ કરતાં શાસ્ત્રીયતાનું વધુ પાલન કરે છે એવો અભિપ્રાય પિતાશ્રી ધરાવતા, એટલે મને પણ એ કુટુંબના છોકરાઓ પ્રતિ સદ્‌ભાવ બંધાયો હતો. હું જનોઇની વિધિઓ તો ન સમજી શકયો, પણ પછીથી એ છોકરાઓ નિત્ય ઘરમાં લંગોટી પહેરી રાખતા અને પછી ચોરણી કે ધોતિયાં ઘરમાં પહેરવાની જરૂર નહિ એ જોયું. ઘણી વાર તો તેઓ ઘરના આંગણાં આગળ પણ માત્ર લંગોટીઓ પહેરીને લખોટીઓ, મોઈ-દંડા કે ભમરડાની



રમત રમતા! બહુ સભ્યતા બતાવવી હોય તો પહેરણ પહેરી લેતા. આ ખરેખર ઋષિકાળનો એક રિવાજ હતો. વળી આ છોકરાઓ ગામના બીજા છોકરાઓ કરતાં જુદી જ ભાત પાડતા. વડીલો અને આઈની મર્યાદાઓ સાચવતા, અપશબ્દ બોલતા નહિ, રોજ પૂજા દેવવંદના અને સંધ્યા કરતા અને નહાવું, હાથપગ ધોઈને ઘરમાં જવું, વગેરેથી સમાજમાં સાંસ્કૃતિક શ્રેષ્ઠતા ભોગવતા.

પછી તો એ ગણપતરાવ ડ્રાફ્ટસમૅન (નકશા કરનાર)નો મોટો પુત્ર શંકર મારો મિત્ર થયો અને હું તેને ઘેર જતોઆવતો થયો. ઈજનેર ઑફિસમાંથી જુદાજુદા રંગોની ટીકડી એ લાવતો, તે કાચની રકાબીમાં ઘસવાથી રંગ થતા તે હું જોતો, પણ કાગળ પર તે કેમ વાપરવા તે હું તે વખતે સમજી શકયો નહોતો. તેની પ સેથી મને પૂના ચિત્રશાળાએ ગુજરાતીમાં પ્રસિદ્ધ કરેલી 'લઘુ રામાયણ'ની ચોપડી મળી. તેમાં હું પહેલી જ વાર સળંગ રામાયણકથા વાંચી ગયો, અને રામચરિતની મારા મન પર ઘેરી છાપ પડી ગઈ. તે પછી વર્ષો બાદ મેં ભાગવત સપ્તાહ પણ પૂરું સાંભળ્યું તેમજ બીજાં પણ ઘણાં વ્યાખ્યાનો સાંભળ્યાં, છતાં હજી પણ શ્રીરામનું પાત્ર મારા મન પર વિશેષ અધિકાર કરી રહ્યું છે. જનોઈ મળે કે તરત પૂજા-સંધ્યાનો યોગ્ય અધિકારી બનવા ઘરમાં હું પ્રયત્નશીલ હતો. સંધ્યા અને પ્રાર્થનાઓની પણ એક ચોપડી મળી ગએલી તેમાંથી ઘણું મુખપાઠ કરવા મંડયો હતો. બીજી તરફ, જનોઈના પ્રસંગ માટે વ્યવહાર કેવો થશે, કોણ સગાવહાલાં બોલાવવાં પડશે, વગેરે બા પાસે થતી વાતો પર કલ્પનાઓ કરતો. કાકા-કાકી, ભાઇ-ભાભી, મોટાં બા, ફોઈ, બધાંની સાથે ઘણું રહેવાનું મળશે તેથી અમે બાળકો ખુશ થતાં હતાં.

૩૭ બહારનું વિશ્વ

બહારનું વિશ્વ પણ મોટું થતું જતું હતું. મહેસાણા સ્ટેશને ઘણી જાતના ખેલ બતાવનારા ઊતરી પડતા હતા. આબુ રાજ્યનાં રીંછો રમાડનારા અને લાલ માકડાંની મિયાં બીબીની જોડ લઇ ફરનારા મદારીઓ તથા દોરડા પર થાળી મૂકી ચાલનારા બજાણિયા, અને ટોપલામાં છોકરાને ગુમ કરી દેનારા તથા નજર સામે ગોટલો જમીનમાં નાખી પાણી છાંટી કપડું ઢાંકે અને ઉઘાડે ત્યાં આંબો ઉગાડી તે પર કાચી કેરીઓ ઝૂલતી બતાવનારા જાદુગરો વગેરેના ખેલો અનેકવાર જોયા. માથે મોટી પેટીઓ જેવાં ખોખાં લઈને ફરતા અને તેમાં 'દેખો મુંબાઇ કા ખેલ દેખો, દેખો વિલાયતકી રાણી' વગેરે કહીને તેમાંના ત્રણ મોટા ઉપસેલા કાચમાંથી નાનાં ચિત્રોને મોટાં કરી બતાવનારાના ખેલ જોતો ત્યારે તો ખરેખરાં દશ્યો જોતો હોઉં એમ લાગતું. એક પૈસાની એ મઝા હું કદી ચૂકતો નહિ.



મારા પિતાશ્રીનો પોર્ટફોલિયો (ચામડાની ઑફિસપેટી) જેમાં લખવાનાં સાધનો, કાગળો, સિક્કા વગેરે રહેતું તેમાં પણ એવો એક મોટો આગિયો કાચ રહેતો. તેને 'આગિયો' એટલા માટે કહેતા કે તડકામાં તેની નીચે કાગળ કે રૂ મૂકી તે પર સૂર્યનું કિરણ ઝીણું કરતાં પદાર્થ સળગી ઊઠતો. સૂર્યની બાળવાની શક્તિને આમ નીચે ઉતારીને હાજર કરનાર એ કાચ મને એક જાદુઈ ચીજ લાગતો. પિતાજી તે વડે કાગળો, છાપ કે ટિકિટ તપાસતા કે નકશા જોતા. ડિસ્ટ્રિક્ટમાંથી તેઓ ઘેર આવે ત્યારે આ કાચ અમારા હાથમાં આવતો.

'મુંબાઈનો ખેલ' જોયા પછી અમે પણ અમારા કાચ વડે એવો ખેલ ઊભો કર્યો. પૂંઠાનું એક ખોખું મેળવ્યું. તેમાં એક બાજુ અમારો આગિયો કાચ રહે એમ કાણું પાડી ગોઠવ્યો, અને અંદર સામે ચિત્રો મૂકી 'મુંબાઈનો ખેલ' ઘરમાં જોયાનો ગર્વ અનુભવ્યો. આ કાચથી બહારના ઓળા અંદર પડતા જોયા, એટલે એક ઓરડાની ભીંત પર તે કાચથી બહારના પડછાયા પાડી, ધીરે ધીરે કાચની આસપાસની જગ્યા બંધ કરી અંધારામાં ભીંત પરની આકૃતિઓ સ્પષ્ટ કરીને જોઈ. એકબે વખત કોઈ છબી પાડનારાઓએ મને ઊંચો કરી કૅમેરાના કપડા નીચે સામે બેઠેલાંની છબી બતાવી હતી, તેથી આ કાચની શક્તિ કૅમેરામાં કેવી રીતે કામ કરતી હશે તે સમજાયું. ઘરમાં આ જે એક કાચ હતો તેમાંથી જ મને ભવિષ્યમાં ફોટોગ્રાફી, ફિલ્મ, મૅજિક લૅન્ટર્ન વગેરેની ક્રિયાઓમાં પ્રવેશ મળ્યો એમ માનું છું.

એ જ અરસામાં 'બાયોસ્કોપ' યાને હાલતાં-ચાલતાં ચિત્રોની શહેરમાં જાહેરાત થઈ. મારા સુતાર મિત્રની નજીકની વાડીમાં જ તે બતાવાતું હતું, એટલે અમે બંને જણ વડીલો પાસેથી એકએક આનો લઈને રાત્રે એ જોવા ગયા. એ કાળે વીજળીની બત્તી નહોતી. એક ઓરડામાં એક ખૂણે કાર્બાઈડ ગૅસનાં બે મોટાં પીપ હતાં તેની ગંધ ફેલાતી હતી. વચમાં એક સફેદ પડદો લટકાવેલો હતો, તેને બંને બાજુની ખીંતીઓ સુધી દોરીથી ખેંચી અક્કડ રાખ્યો હતો. પીપની બાજુએ ચિત્રોનું મશીન હતું, બીજી બાજુએ જોનારાં છોકરાં અને બીજાં મોટેરાં બેઠાં હતાં. પરદામાંથી પાછળના યંત્રનો દીવો દેખાતો હતો. તેમાંથી પડદા પર પ્રકાશનો એક ધોળો ચોરસ થયો, ત્યારે એક માણસે પરદા પર પાણી છાંટી તેને જરા ઘટ્ટ બનાવ્યો અને અમારી ભારે અજાયબી વચ્ચે એક બગીચાનું ચિત્ર દેખાયું. તેમાં એક બાંકડો પડ્યો હતો. ત્યાં એક માણસ રંગનું ડોલચું અને પીંછી લઈ આવ્યો અને બાંકડાને રંગ લગાડી ચાલ્યો ગયો. ચલચિત્રની આ બધી ક્રિયા બતાવનારા એ યંત્રને પાછળથી હાથથી ફેરવવામાં આવતું હતું. (ચાલુ)

જીવી જાણનારા



ઉત્તર ર્‌હોડેશિયન પોલીસના આસિસ્ટંટ ઇન્સ્પેકટર મિ. જ્હૉન મૅક્સવેલે કાફુ નદીમાં ખુલ્લે હાથે મગર સાથે લડીને બે બાળકોને તેનાથી બચાવેલાં. મિસિસ બેલિની મૅલૅની નામની એક આફ્રિકન નર્સ બાઇ પણ એની મદદે પાણીમાં કૂદી પડેલી ને એમને કાંઠે લાવવામાં સહાય કરેલી. મગર સાથે લડતાં મૅક્સવેલને પોતાનો એક પગ ગુમાવવો પડ્યો, પણ બાળકો બચી ગયાં. એમને અને નર્સને એમના આ સાહસ બદલ જ્યૉર્જ મેડલ એનાયત કરવામાં આવ્યો છે.

વાસ્તવિકતાનો આભાસ કરાવતી ચલચિત્રની છેલ્લી શોધ

વર્તુલાકાર સિનેમા


જર્મનીમાં હૅમ્બર્ગ મુકામે એક અભિનવ સિનેમાઘર તૈયાર થઈ રહ્યું છે. આપણે હાલ તેને 'સિનેટેરિયમ' તરીકે ઓળખીશું. એનું એના આડછેદ સાથેનું એક કલ્પનાચિત્ર આ સાથે આપ્યું છે. એ જોતાં એની રચના અને બાંધણીનો તથા વિશાળતાનો ખયાલ આવી શકશે. જર્મનીના મિ. વાલ્ટસે વિકસાવેલી એક નવી પદ્ધતિ અનુસાર અહીં જે ફિલ્મ દર્શાવવામાં આવશે એ ૩૬૦ અંશના સપૂર્ણ વર્તુળાકાર ફલક પર રજૂ થશે. પ્રેક્ષકોની ચોતરફ ફેલાએલા એના વિશાળ ફલક પર ગમે તે બાજુ જોઈ શકવા માટે એમાં જોનારાઓ માટે વચ્ચે રાખેલી ખુરશીઓ ચારે બાજુ ફરી શકે એવી રહેશે. આમાં રજૂ થતાં દશ્યોમાં પ્રેક્ષક પોતે જાણે એ અસલ જગ્યાએ જ હાજર હોય એવો સચોટ આભાસ કરાવવાનો આ પદ્ધતિનો ઉદ્દેશ છે. વધુ વાસ્તવિકતા આણવા એમાં 'સેવનકૅનાલ' સ્ટીરીઓફોનિક સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ થયો છે.

પડદા પરના દશ્યની વિશાળતા અને વાસ્તવિકતાનો આભાસ વધારવાના પ્રયત્નો તો છેક સિનેમાના શરૂઆતના દિવસોથી થતા રહ્યા છે. આજે વિસ્ટાવિઝન, સિનેમાસ્કૅાપ, સિનેરામા ને છેલ્લે સર્કેરામા નામે ઓળખાતી પદ્ધતિઓ પણ સાવ નવી નથી જ. આ બધામાં 'થ્રી-ડાઇમેન્શનલ' (ત્રિપરિમાણ) અને 'સર્કેરામા'ની પદ્ધતિથી વાસ્તવિકતાનો આભાસ ઊભો કરવામાં ઘણી સારી સફળતા મળી છે એ હવે અજાણ નથી. પણ 'થ્રી-ડાઇમેન્શનલ' રીતે ફિલ્મ રજૂ કરવામાં બેવડા પ્રોજેક્શનની તથા એ જોવા માટેનાં ખાસ ચશ્માંની જે જરૂર પડે છે એ ફિલ્મ રજૂ કરનારને તથા જોનારને બંનેને માટે થોડી અગવડભરી છે. વળી, 'થ્રી-ડી'માં વિશાળતા નથી. સર્કેરામામાં પૂરતી વિશાળતા છે ને ચશ્માની કડાકૂટ નથી, પણ એમાં ઘણાં પ્રોજેક્ટરો ને ફિલ્મોની જરૂર પડે છે. ઈ. ૧૯૦૦માં પારી(સ)ના એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં 'સિનેકૅાસ્મોરામા' નામે એક પદ્ધતિથી ચલચિત્ર બતાવાએલું એ બાર કૅમેરા વડે ઊતરેલું ને બાર પ્રોજેક્ટરો વડે દર્શાવાએલું! આજનું 'સર્કેરામા' પણ આ જ રીતનું છે. તેમાં બારને બદલે ૧૧ કૅમેરા ને ૧૧ પ્રોજેક્ટરોનો ઉપયોગ થયો છે. પણ આ રીતે ફિલ્મ તૈયાર કરવી અતિશય ખર્ચાળ બની જાય છે.

વળી, ચલચિત્રમાં વિશાળતા અને વાસ્તવિકતાનો આભાસ ઉપજાવવાના વર્ષોથી થતા રહેલા આ પ્રયોગોની સફળતા હજી કોઈ ને કોઈ રીતે મર્યાદિત જ રહેતી આવી હતી.

પણ નાતાલના તહેવારોમાં લટકાવાએલા કાચના એક ગોળામાં, જર્મનીના અડાવર્ટ વાલ્ટસે ચારે તરફને આવરી લેતું પ્રતિબિંબ જોયું. વિકૃતાકાર છતાં રંગ અને તેજછાયાની બધી જ વિગતોને એણે એમાં સચોટ રીતે પ્રતિબિંબિત થતી જોઈ. એને એક કલ્પના સૂઝી અને એના સમયોગ વિકાસમાંથી ઉપર્યુક્ત સિનેટોરિયમનું સર્જન થયું.

એણે વિકસાવેલી રીતમાં કૅમેરાના લેન્સની ઉપર એક અર્ધગોળ પરાવર્તક રાખવામાં આવે છે. પેલા નાતાલના ગોળામાં જે રીતે પ્રતિબિંબ પડતું હતું એમ જ આ ગોળા પર પણ ચારે તરફના દશ્યોનું, પૂરા ૩૬૦ અંશને આવરી લેતું પ્રતિબિંબ પડે છે. અલબત્ત, આ બિંબમાં દેખાતી આકૃતિઓ એના ગોળાકારને લીધે વક્ર લાગે છે, પણ એનો વાંધો નહિ. આ વક્ર પ્રતિબિંબની કૅમેરા દ્વારા ફિલ્મ ઊતારી લેવાય છે. આમ, ૩૬૦ અંશના પૂરા ગોળ આકારનું વક્ર આકૃતિઓવાળું આ દશ્ય ફિલ્મ પર પણ ગોળાકાર ચિત્રોની હારમાળા રૂપે અંકિત થાય





છે. (આમ કરતાં તો કૅમેરામેન પોતે પણ દૃશ્યમાં આવી જાય. પણ એ ન આવે એવા ખાસ ઉપાયો યોજાયા છે)

આ ફિલ્મને પડદા પર બતાવવા ઉપર્યુક્ત સિનેટેરિયમ જેવું ખાસ થીએટર જોઇએ. એમાં, પ્રેક્ષકો બેઠા હોય તેમની નીચેથી (વચ્ચેના ભાગમાં ખાસ વ્યવસ્થા કરીને) ફિલ્મને, ઉપર ઘુમ્મટ આકારની છતમાં વચ્ચે લટકાવેલા ગોળ પરાવર્તક આયના જેવા કાચ પર પાડવામાં આવશે અને એ આયના પરથી પરાવર્તન પામી ફિલ્મમાંનું દૃશ્ય ચારે તરફના પડદા પર ફેંકાશે. આ પરાવર્તન વખતે પેલી વિકૃત આકૃતિઓ પડદા પર ફરી અસલ રૂપમાં રજૂ થશે, ને પ્રેક્ષકો પોતાની ચારે બાજુ દૃશ્ય જોઈ શકશે.

આ ચલચિત્ર ઉતારતી વખતે જુદીજુદી દિશામાં રાખેલાં અનેક માઇક્રોફોન વડે ઝીલાએલો અવાજ અહીં એ જ રીતે રાખેલાં ધ્વનિપ્રસારકો દ્વારા બહાર પડે એવી રચનાને લીધે વાસ્તવિકતાનો આભાસ વધુ સચોટ બનશે. અને સમગ્ર દૃશ્ય પૂરેપૂરું જીવત જણાશે. સામેથી દોડી આવતી મોટરને પ્રેક્ષક રસ્તા વચ્ચે ઊભો રહીને જોતો હોય એમ જ જોશે. એ નજીક આવતી જશે બાજુમાંથી પસાર થઈ જશે ને પોતાની પીઠ ફેરવીને (અહીં ખુરશી ફેરવીને) જોશે તો એ જ મોટરને એ દૂર ચાલી જતી પણ નિહાળશે. જો સિંહને તરાપ મારતો એ જુએ તો એ ગભરાટમાં અચૂક નીચો નમી જ જવાનો; ને પાછો ફરી જોશે તો એ સિંહને જમીન પર આવી પડેલો પણ એ નિહાળશે. અસલ સ્થાને એને જે ગભરાટ થયો હોય એવો જ ગભરાટ અહીં થશે, પણ સિનેટેરિયમમાં એ પૂરેપૂરો સલામત છે. રસ્તા પર દોડતી ગાડીઓ કે જંગલમાં ફરતાં પ્રાણીઓની વચ્ચે જ એ હોવા છતાં અહીં એનો વાળ સરખો યે વાંકો થવાનો નથી.


અડાવર્ટની આ શોધથી ચલચિત્ર જગતનો વાસ્તવિકતા ઊભી કરવાનો ઉદ્દેશ તો પાર પડે છે જ, અને વળી એથી ચાલુ પદ્ધતિથી તૈયાર થતી ફિલ્મો પર કોઈ જાતની મર્યાદા આવી પડવાનો સંભવ નથી. ફિલ્મ તૈયાર કરવાનો વ્યવસાય હવે એક પ્રકારના કલાસર્જનની કક્ષાએ પહોંચ્યો છે. સારી કથાકૃતિ કે કલાકૃતિ ભલેને રંગીન પણ ન હોય તો યે લોકપ્રિયતા મેળવવામાં એને વાંધો નથી નડવાનો.

પરંતુ દૃશ્યોમાં વાસ્તવિકતા આણતી ઉપર્યુક્ત બધી પદ્ધતિમાં એક મર્યાદા તો છે જ—અને તે છે 'ક્લોઝ-અપ' દેખાડવાની. ચાલુ રીતનાં ચિત્રો જેટલી એ સચોટતા કદાચ એમાં નહિ આવી શકે.

ચિત્રોની સમજ ડાબી બાજુ: હૅમ્બર્ગમાં તૈયાર થતા 'સિનેટેરિયમ'નું આડછેદ સાથેનું કલ્પનાચિત્ર. ૩૬૦ અંશના પૂર્ણ ગોળાકાર પટ પર ચલચિત્ર પ્રદર્શિત કરતું આ કદાચ સૌપ્રથમ થીએટર છે. ફરતી ખુરશીઓ પર બેસીને પ્રેક્ષકો અહીં પોતાની ચારે તરફનાં દૃશ્યો જોશે.

જમણી બાજુ: પોતાની શોધનો પરિચય કરાવતા વાલ્ટસ, પોતાની પદ્ધતિના કૅમેરા પરના અર્ધગોળાકાર કાચ પર પડતા પ્રતિબિંબમાં.

નીચે: અડાવર્ટ વાલ્ટસની પદ્ધતિ સમજાવતું સરળ આલેખન. કૅમેરાના લેન્સ પર રાખેલા એક દંડ (૧) ઉપર કાચનો એક અરીસા જેવો અર્ધગોળ ગોળો (૨) રાખેલો છે. જેમાં ચારે તરફ દેખાતાં દૃશ્યોનું પ્રતિબિંબ પડે છે. ગોળાના આકારને કારણે એમાં દેખાતી બધી આકૃતિઓ વિકૃત જણાય છે. (૩) કૅમેરાનો લેન્સ એ પ્રતિબિંબને ૭૦ મિલિમીટર પહોળી ફિલ્મની પટ્ટી પર ઉતારે છે. કૅમેરામાં ઝડપાતા દૃશ્યનો ખયાલ મેળવવા (૪) ને સ્થાને વ્યુ ફાઈન્ડર ગોઠવેલું છે. આ રીતે વિકૃત આકૃતિઓનાં ગોળાકાર ચલચિત્રો રૂપે તૈયાર થએલી ફિલ્મ સિનેટેરિયમમાં વિશાળ ગોળાકાર પડદા (૬ પર બતાવવામાં આવે છે. એ માટે પેલા કાચના ગોળા જેવો જ એક અર્ધગોળ ગોળાના આકારનો આરીસો (૭) સિનેટેરિયમની છતમાં જડેલો છે, જેના પર પ્રોજેક્ટર (૮) દ્વારા બતાવાતા ચલચિત્રનું દૃશ્ય અરીસા (૯) દ્વારા પરાવર્તન પામીને આવે છે. અને અહીંથી ફરી પરાવર્તિત થઇ એ પડદા પર ફેંકાય છે. ફિલ્મમાં વિકૃત ઊતરેલી આકૃતિઓ અહીંથી પડદા પર અસલન સ્વરૂપ મેળવી લે છે ને એમ વાસ્તવિકતાનો પૂર્ણ ભ્રમ ઊભો થાય છે.



અલ્‌વિદા···લંડન

ચન્દ્રવદન મહેતા



ઊન્સ વાર્ડગાલ

હવે દિવસો ભરાઈ રહ્યા હતા. ખરેખર, જીવનનો અંત આવતાં પહેલા દિવસો ભરાઈ રહ્યા હોય અને જે રંજ થાય એવો રંજ ઘણાંને લંડન છોડતાં થાય છે, થયો છે. એ શહેરની ખૂબી જ ત્યાં છે. શરૂશરૂમાં તો ત્યાં જરા યે ન ગમે, હારી જવાય યા ગભરાટ થાય. પણ જો ત્યાં રહ્યા તો પછી શહેર મનની આસપાસ એવો તો ઘેરો નાખી દે છે કે એની જકડમાંથી છૂટવાનું મન જ ન થાય.

આહીં મ્યુઝિયમો તો ઘણાં છે, પણ મારા શોખને ધ્યાનમાં લઈ એક દિવસ મને 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ'માં ખાસ જાણકાર સાથે મોકલવામા આવ્યો. છેક ઉપલે માળે લઈ ગયા. ત્યાં લંડનની જૂના નાટકશાળાઓનાં, ત્રણચાર ફૂટ લાંબાં, ઊંચાં, આબેહૂબ બનાવેલાં મોડેલો જોવામાં રસ પડ્યો. પડદા પણ ખરા, અને એમાં વીજળીની બત્તીની ગોઠવણ પણ ખરી. એ ચોકઠાની આસપાસનાં કબાટોમા, એ નાટકશાળામાં પડદા ચીતરનાર, સેટિંગ-ડિઝાઇન કરનાર જે કોઇ જાણકાર ચિત્રકાર, ઇટાલીથી આવ્યા હશે યા ફ્રાન્સથી બોલાવ્યા હશે અને એણે શરૂઆતથી માંડી જે મૂળ કાગળિયાં ઉપર સ્કેચો, નકશાઓ, આકૃતિઓ દોર્યાં હશે એ બધાં એના નામ સાથે, નાટક-ઑપેરાનાં ટાંચણો તથા સાલવારી સાથે ત્યાં સંઘરી મૂકવામાં આવ્યાં છે. સ્ટ્રૅટફૉર્ડમા આપણે 'ઓથેલો' નાટકમાં એક પછી એક સાલવાર પહેરાએલો પોષાક જોયો હતો એમ, અહીં 'સ્વૉન લેઈક'નું પહેલું બાલે થયું, અને ત્યાર બાદ જેટલાં ભજવાયા એ વખતે પડદા માટે જે રંગબેરંગી ચિતરામણો થયાં, એ બધા ત્યાં એકેએક થીએટર પૂરતાં મોજૂદ; બાજુમાં બીજાનાં; પછી ત્રીજાનું કબાટ; અને આટઆટલો જૂનો ખજાનો સર્વત્ર તૈયાર. જે જોવા માગો તે ઘડીના છઠ્ઠા ભાગમાં હાજર. છતાં યે આજે પણ 'સ્વૉન લેઇક' બાલે જે કોઇને કરવું હોય એ પ્રયોજક અહીં આવી, આ બધાં જોઈ, પોતે ક્યાંક શાંત ખૂણામાં જઈ પોતાનાં નવાં જ સેટિંગ્સ બનાવે. ડેકોરની દિશામાં રાઈનહાર્ટ, આપીઆ કે ઑટો બ્રાહ્મ્સ જેવા જે પારંગતો થઈ ગયા એનાથી સવાયા થવાની હોંશ સેવનારા જે મહેનત લે છે તે જોઈ આપણે દંગ થઈ જઇએ!

આ ઉપરાંત અહીં બીજું પણ ઘણું જાણવાનું, શીખવાનું તેમજ જોવાનું છે. ધારો કે ઈ. ૧૮૦૦ની સાલમાં એક નાટકશાળા ત્યાં બંધાઈ; ૧૯૬૦માં પણ એક નવી બંધાઇ; તો એ નાટકશાળામાં ભજવાએલાં સર્વ નાટકોની યાદી, એની ઑપેરા-બુકો, એના પ્રોગામ-બુકો સર્વ અહીં એક પછી એક જમા કરવામાં આવે છે, સંઘરવામાં આવે છે. સંશોધનના વિદ્યાર્થીને કોઇ નાટકશાળા, નટ, નાટક કે નાટક-લેખક વિષે સંશોધન કરવું હોય, તો અહીં આ શાંત જગ્યામાં બેસી પોતે એકલો અભ્યાસ કરી શકે અને લખી શકે. આ બધો સંગ્રહ એવી ખૂબીથી ગોઠવવામાં આવ્યો છે કે કોઇ ખાસ વાત આપણે એકાએક જાણવી હોય તો એના અક્ષરવાર કોઠા એવી સુંદર વ્યવસ્થાપૂર્વક યોજ્યા છે કે એ મેળવતાં-જાણતાં કશો સમય ન લાગે.

એ મકાનમાં ભોંયતળિયે એક નાનકડા ખૂણામાં એક નાનકડી વ્યક્તિને મળવાનો સુભગ યોગ પ્રાપ્ત થયો. વેશભૂષાના અતિ મહત્ત્વનાં સંશોધનોના પુસ્તકોના એ લેખક, મહા વિદ્વાન ડૉ. લેવેર. તદ્દન નિરભિમાની, ઠાવકી, વિવેકી આ વ્યક્તિને જોતાં જ આપણને સાચા વિદ્વાનનો પૂરો ખયાલ આવે. એમણે મને પોતાની પાસે બેસાડી, મારી જિજ્ઞાસાઓ જાણી, ટપોટપ યુરોપભરનાં મ્યૂઝિયમોમાંના કેટલાક નિષ્ણાતોનાં નામ આપ્યાં, અને એ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને મળવા માટે પણ આગ્રહ કર્યો. એમાં વીએનાના બે પ્રખર વિદ્વાનોનાં નામ તો મને બહુ ઉપયોગી નીવડ્યાં. 'મિ. લેવેરે મને આપને મળવા આવવા સૂચના કરી હતી' એટલું જ મેં વીએનામાં એમને મળતાં કહ્યું, ત્યાં તો એ નામની યૂરોપભરના વિદ્વાનોમાં કેટલી ખ્યાતિ અને ઉપયોગિતા છે એનું મને પૂરું ભાન થયું. નાનકડી વ્યક્તિ, પણ તગતગતું એનું વિશાળ કપાળ, અને સાચી ચાંદીના સિક્કા જેવો રણકાદાર અવાજ હું કદી ભૂલી શકીશ નહિ.

આ મ્યૂઝિયમમાં તો અથાક ચીવટથી લગભગ દરેક નાટકશાળાની આપકથા જાણવા માટેની સાધનસામગ્રીનો ખજાનો જોયો, પરંતુ 'કીથ પ્રાસ'ની પેઢીનાં કામકાજ પણ જરા તપાસી લઇએ. જેવી બૉન્ડ સ્ટ્રીટમા લંડનમા, એવી જ એની ત્રણસો ઉપરાંત ઇંગ્લંડમાં શાખાઓ. ઇંગ્લંડની કોઈ નાટકશાળામાં ચાલતા નાટકની ટિકિટ ખરીદવી હોય તો એ નાટકશાળાનો પ્લાન તમને બતાવી બે જ મિનિટમાં ટેલિફોનથી તમારી ટિકિટ રીઝર્વ કરાવી, પછી તે એડિનબરોમાં હોય કે માન્ચેસ્ટરમા હોય ત્યાં જવાની ટ્રેઇનની ટિકિટ અને ત્યાં રાત રહેવું હોય તો હોટેલની ગોઠવણ પણ રીઝર્વ કરાવી આપે. અને આમ કરતાં યે બે જ મિનિટ,-અકસો ને વીસ સેકન્ડ જ લાગે. આપણે ત્યાં રેલવેની ટિકિટ રીઝર્વ કરાવવા માટે દસ દિવસ વહેલા દોડતાં પણ ઘણી વાર કચ્ અને કેટલીક વાર તો એક જ ટિકિટ બે ઠેકાણે નોંધાવવાની ને ખરીદવા માટે વળી ત્રીજી બારીએ જવાનું, એમા જ અરધો કલાક નાકળી જવાનો અનુભવ લીધો છે! પણ અમારા ઠરેલ, ઠાવકા, ધીરજવાળા ને આશામા જીવનારા ઘણા મિત્રો કહે છે તેમ 'હોય! એમાં સુધારો થશે' એવું સ્વરાજ પછીનાં દસેક વર્ષોથી સાંભળતો આવ્યો છું, એટલે મારામાં પણ હવે આશાના ઉદ્‌ભવ, ધીરજની બેઠક ને ઠાવકાઇની પ્રગતિ થવા માંડ્યાં છે. કીથ પ્રૉસ તો યુરોપભરની રેલવેમાં જેમ ટાઇમટેબલોની પહેલી વ્યવસ્થા વિચારનાર બ્રૅડશૉ તેવો એક જૂનો જોગી; જો કે આજે તો એની પેઢી ઉપરાંત બીજી યે ઘણી સંસ્થાઓએ આ કામ ઉપાડી લીધું છે. એ ઉપરથી નાટક જોવા જનારા અને એમની જોવાની મરજી થતાં વાર જ તેના પર કમાનારા કેટલા જીવ જીવતા હશે એનો ખયાલ કરી લો. અલબત્ત, આ પેઢીઓ થીએટરની ટિકિટો વેચે તે ઉપરાંત પોતાની દુકાનમાં રેકોર્ડો, વાજિંત્રો, નાટકોની છાપેલી પ્રતો, એવુંએવું યે બીજું ઘણું વેચે, પરંતુ એથી એ ટિકિટો વેચવાના કામની મહત્તા જરા સરખી પણ ઓછી નહિ.

જવાનો છેલ્લો દિવસ. આવતી કાલે સવારે આમ્સ્ટર્ડામ જવાનું, 'હૉલૅન્ડ ફેસ્ટિવલ'માં હાજરી આપવા; એટલે સવારે બ્રિટિશ કાઉન્સિલમાં બધાને ગુડબાઇ કરવા ઊપડ્યો. ગયો હતો તો હોંશથી, પણ ત્યાંથી નીકળતાં પગ ભારે થઈ ગયા. ત્યાંના ત્રણચાર અફસરોએ મારી પ્રત્યે માયાભાવ બતાવ્યો હતો એને લઇને સ્નેહની કેવી ગાંઠ બંધાઈ ગઈ હતી એનું ત્યારે એકાએક ભાન થયું. ટૉમસ, ફ્લૅગ, એલ્ટન એમનાં નામોની આગળ મિસ્ટર કે મિસ લખવાની અત્યારે પણ હામ ચાલતી નથી. ફ્લૅગ તો છેક નીચે સુધી વળાવવા આવ્યા અને પૂછ્યું 'અહીંથી ક્યાં જશો?' તો મેં કહ્યું કે જેવા આપ ઉપર જશો કે હું તો લંગર વિનાના વહાણ જેવો લંડનના દરિયામાં અફળાયા કરીશ. મારા કહેવાનો મર્મ એ બરાબર સમજ્યા, ને નરમઘેંશ થઇને અસહાય જેવી થઈ જતી કોઇ સુકન્યાની પાસે ઊભેલો એનો પ્રણયવીર સ્વસ્થતાથી એનામાં હિમ્મત પ્રેરવા ધીમેથી એનો હાથ પકડે એમ એમણે મારો હાથ પકડ્યો, અને બોલ્યા, 'પાસેની રીજન્ટ સ્ટ્રીટના પેલા પ્રખ્યાત રેસ્ટોરાંમાં જાઓ, અને જમણી બાજુના કોઇ પણ ટેબલ ઉપર બેસો; વીસેક મિનિટમાં હું ત્યાં આવ્યો સમજો. આપણે બપોરનું ભોજન સાથે લઇશું'.

મારે કીર્તિદેવ ચીનુભાઇને મળવું, પણ એમનો પત્તો ન લાગ્યો, ને પછી જરા ફરીને રેસ્ટોરાંમાં દાખલ થાઉં છું એવા જ ફ્લૅગ આવી ચડ્યા અને સૌ પહેલો તો -છેલ્લી વાર–ગિન્નેસનો લસલસતો ગ્લાસ ગટગટાવી, અમે ઘણી વાતો કરી. જમી ઊઠ્યા ત્યારે હવે ફ્લૅગની પણ અસ્વસ્થ મનોદશા હતી. મૂગામૂગા અમે ફરી વાર ડેવિસ સ્ટ્રીટમાં આવેલા એ બ્રિટિશ કાઉન્સિલના મકાન સુધી ગયા, ને ત્યાંથી મૂગામૂગા જ હસ્તધૂનન કરી એકબીજાથી નજર ફેરવી છૂટા પડ્યા.

પછી તો લંડનને મેં જે ખૂંદ્યું છે પગે ચાલીને, તેની માણેલી મઝા તો મારું મન જ જાણે છે. નક્કી કર્યા પ્રમાણે સાથે નિરંજન પંડ્યા પણ મળી ગયા, અને અમે ઉત્તર-દખ્ખણ ભમ્યા. વચ્ચે એક અનાયાસ લાભ મળી ગયો તે ફૉઈલ્સ બુકસેલરને ત્યાં. હું તો ત્યાં મિસ સારૂનને આખરી સલામ કરવા-અને એમ કહેવા ગયો હતો કે કંઇ પુસ્તકો માટે લખીએ તો તરત ગમે ત્યાંથી મંગાવી અમને મોકલે; તો ત્યાં એણે મને પ્રખ્યાત નાટકકાર હાન્સ વાઈગલની ઓળખાણ કરાવી. બહાર નીકળ્યા એટલામાં તો અમે જામી પડ્યા અને પાસેના રેસ્ટોરાંમાં ચા પીવા મચી પડ્યા. એણે પીધી કૉફી, મેં માગી ચા, અને આ ઑસ્ટ્રિયન નાટકકાર અને નાટ્ય વિવેચક કૉફીના ઘૂંટ ઘૂંટે જે ખીલ્યો છે એ તો લખવું જ મુશ્કેલ છે. ફ્રેન્ચ કરતાં અંગ્રેજી જ સારું બોલે (મૂળ ભાષા તો જર્મન,; ફૉઇલ્સમાં પુસ્તકો ખરીદવા આવ્યો હતો.

વાત સિનેમા વિષે નીકળી. નાટક તો આદિકાળથી ચાલતું આવે છે, ચાલ્યા કરશે—જગતની માયા છે ત્યાં સુધી; પણ નાટકના કલેવરમાંથી ફૂટી નીકળેલું સિનેમાનું ગૂમડું હવે ફૂટવાની અણી ઉપર આવી ગયું છે, અને પછી તે રુઝાઇને એવું બેસી જશે કે અહીં ગૂમડું પાક્યું હતું એની પણ ખબર નહિ પડે એવું એણે કંઇક કહ્યું ને વાર્તાલાપમાં રંગ જામ્યો. ભારેખમ પણ મુલાયમ મોં, આછી તાલ, વદનને શોભાવે એવાં ચશ્માં, ગલોલા જેવા ગાલ અને મીઠો અવાજ. એણે ભાર મૂકી કહ્યું, 'અભિનયની ભોમકા જ ઇંગ્લંડ. અને અહીંના નટ, નાટક ને નાટકશાળા જોયા પછી તો મને ખાતરી જ થઈ ગઇ કે— 'કે?'

'-કે સિનેમાસૃષ્ટિનો પરપોટો હવે ફૂટી જશે.'

આ વખત ઉપમા એણે જરા સારી વાપરી. 'દસવીસ વર્ષ ચાલે તો બહુ થયું. સાંજ પડી ગઇ છે, હમણાં આખરનો ઝબકારો છે; એ પતી જતાં મામલો પતી જશે, રૂપેરી પડદો તૂટી જશે, અને અંધારાં પથરાઈ રહેશે.'

'એમ? એવું તમે ખરેખર માનો છો? લોકો કબૂલ નહિ કરે.' મેં જરા ખીલવ્યાં. કૉફીનો બીજો પ્યાલો બનાવતાં આ સ્વસ્થ ઇસમે કહ્યું, 'જુઓ, માણસની જિંદગી કેટલી? સિત્તેર, એંશી, બહુબહુ તો સો; હદ થઈ ગઈ. વાર્ધક્યને છેટું રાખવા દવાદારૂ, સોયભોંકણી, પ્રાણાયામ, યોગબેઠક કરો તો જ સો કે સ્હેજસાજ એની ઉપર. એટલી જ સિનેમાસૃષ્ટિના જીવાદોરી ગણી લો. ઘણા દેશોમાં નટો, ગવૈયાઓ, સંચાલકો, સૂત્રધારો હવે પાછા નાટકશાળાને રસ્તે વળવા મંડ્યા છે. તમે હજી નહિ માનો—નહિ માનનારા નહિ જ માને, પણ પચાસ-સાઠ વર્ષ પહેલા કોઈ કહેતે કે ઘોડાગાડીનો જમાનો હવે ઓસરવા માંડ્યો છે, તો કોઈ માનત ખરું? ત્યારે નાટકશાળાનો યુગ પરવારી ગયો છે એવું કહેનારા પણ હતા, અને સિનેમાના શરૂઆત હતી; પણ આજે નાટકશાળાઓ તો જીવે છે, વધવા માંડી છે અને જર્મની તો બસો બાંધ્યા પછી બીજાં દસ વર્ષમાં બીજી નવી બસો બાંધવાની તૈયારી કરે છે; નાટક જ સજીવન છે, અમર છે, ને અમર રહેશે.'

'હાઆઆ... આપ કહો છો એટલે—'

'હું નથી કહેતો, જમાનો બોલે છે. આજે ફિલ્મ પાછળ થતો અઢળક ખર્ચ જોતાં સંચાલક એના વળતરનો વિચાર કરવા બેસે છે ત્યારે ડગલો થઇ પડે છે. નવલકથાઓ પૂરી થઈ; હવે નાટકો ઉપરથી ફિલ્મો થવા માંડી. એ ખાઉધરો ધંધો નાટકનાં લખાણોને પણ ચાવી ખાશે, હજમ કરી જશે ને નવું માગશે. વાર્તા, કહાણી, કિસ્સા, બધું ચટણી કરી જશે. પછી ભૂખમરો, ઉપરાંત અઢળકનો ખરચો, વળતરના સરવાળા-બાદબાકી, આખરે નટનટીઓનું નાટકશાળા તરફ વળવું;—અત્યારે જ વળવા માંડ્યા છે, અહીં ઇંગ્લંડમાં, ત્યાં ફ્રાન્સમાં, પણે અમેરિકામાં, પછી જુઓ ગમ્મત—'

'પણ અમારે ત્યાં...'

'મને ભારતની ફિલ્મસૃષ્ટિની ખબર નથી, પણ અહીં જેવો ધબડકો થયો કે ત્યાં થયો જ સમજજો-ચોમેર ધબડકો; હા, આખરનાં વલખાંમાં લાખો નહિ કરોડોના દાવ ખેલાશે, દર મિનિટે ચેકો ફડાશે, છેલ્લો ઝબકારો તો એવો આવશે કે દુનિયા દંગ થઈ જશે; પણ પછી એ ધંધામાં શ્વાસ નહિ રહે.'

'ફિલ્મો, કૅમેરા એ બધું બંધ થઇ જશે એમ?'

'ના, ના મહેતા! ના, એવું રખે માનતા! નિશાળિયાઓ, વૈજ્ઞાનિકો વગેરે જેવાઓ તો કૅમેરા લઇ ફરશે ને ફોટાફોટી પાડશે; એ હુન્નર રહેશે. પણ એ 'હૉબી' હશે 'ધંધો' નહિ રહે. કોઈ નવાં સિનેમાઘરો નહિ બાંધે. ઘરઘરમાં બેઠાં લોકો સિનેમા જોશે, રંગીન છબી પાડનારા મૂવી કૅમેરાઓ લઇને તો લોકો પોતે ફરતા થઇ જશે; પછી સિનેમાની ઝબક અને એની ચમક ઓછી થતાં, નાટકનું કામણ જે હમણાં જ વધવા માંડ્યું છે તે અનેકગણું વધશે.'

'પણ સિનેમાને બદલે કંઈક નવું જ નહિ આવે?'

'ટેલિવિઝનનો જમાનો શરૂ થઈ ગયો છે. એ ટી.વી. જ સિનેમાને ભરખી ખાશે. પછી એને ભરખી ખાનારું વળી કંઇ નવું આવશે. સાઠ-સિત્તેર વરસે વળી એ બદલાશે, પણ નાટકશાળા ચાલ્યા કરશે.'

વાત આપણા મગજમાં તો બરાબર બેઠી. મારી સાથે નિરંજન પંડ્યા હતા, એમના ભેજામાં યે ઊતરી. દુઃખ એટલું જ થયું કે ત્યાં તો સિનેમાનો ધંધો પરાકોટિએ પહોંચી પૂરો પાંગરી-ફાલીને પછી આથમશે; પરંતુ આપણે ત્યાં? જેમ ઘણાંને યૌવન આવતાં પહેલાં જ ઘરડાપો ભરખી ખાય છે, એમ ઉન્નત શિખરો સિદ્ધ કર્યા વિના જ

ઘરગથુ ઔષધ .... ૧૦] મેથી

ભાવમિશ્રે મેથીને વાતશામક, કફનાશક તથા જ્વરનાશક માની છે. સુશ્રુતે મેથીને પિત્ત, રક્ત અને વાયુનો નાશ કરનાર, પુષ્ટિદાયક તથા ધાવણ વધારનાર માની છે. ડૉ. વા. ગ. દેસાઇના મતે: 'મેથીનાં પાંદડાં શીતળ, પિત્તશામક, પાચન, અનુલોમક તથા શોથ (સોજા) નાશક છે. એનાં બીજ (દાણા) વાતનાશક, શોથનાશક, રક્તસંગ્રાહક તથા ગર્ભાશયસંકોચક છે. પિત્તપ્રકૃતિના લોકોને કબજિયાતમાં મેથીનું શાક ખવડાવવાથી દસ્ત સાફ થાય છે. વ્રણના સોજામાં તેનાં પાંદડાંનો લેપ કરવાથી દાહ તથા સોજો ઓછો થાય છે. પિત્તજ્વરમાં પાંદડાંનો રસ અપાય છે. રક્તમિશ્રિત આમમાં મેથીદાણાને શેકીને ખાંડીને એનો ફાંટ અપાય છે. એથી મળની દુર્ગંધ તથા આમ ઓછાં થઇને રંગ પીળો થાય છે. શરીરની પીડામાં મેથીનું ચૂર્ણ લાભદાયી છે. પ્રસૂતા સ્ત્રીઓને મેથીના લોટ સાથે સુગંધી દ્રવ્ય મેળવી બનાવી અપાતા લાડુથી ભૂખ લાગે છે, દસ્ત અને આર્તવ સાફ થાય છે. વ્રણના સોજામાં પણ મેથી-દાણાનો લેપ કરાય છે.'

પ્રદર

સ્ત્રીઓમાં 'પાણી જવું' કે 'શરીર ધોવાવું' એવા શબ્દોથી પણ ઓળખાતા શ્વેત પ્રદરમાં મેથીનો ઉપયોગ લાભકારક છે. સુવાવડ પછી ઘણી સ્ત્રીઓને પ્રદરની ફરિયાદ કાયમની થઈ જાય છે. ચાર આનીભાર મેથીનું ચૂર્ણ થોડા ગોળ તથા ઘી સાથે મેળવી **સવારસાંજ** ચાવીને ખાઇ જવાથી તથા લૂગડાની લંબગોળ પોટલીમાં મેથીનું ચૂર્ણ ભરી યોનિમાર્ગમાં ધારણ કરવાથી સારો લાભ થાય છે. પોટલીને લાંબો દોરો બાંધી રાખવો અને ગંદી થાય ત્યારે અવારનવાર બદલતા રહેવી. મેથીના ઉપયોગથી ગર્ભાશયનો સંકોચ થશે અને શરીર ધોવાતું અટકશે. વળી મેથી પરમ વાતશામક હોવાથી કેડનો દુખાવો, પગનું તૂટવું વગેરે ફરિયાદો પણ દૂર થશે.

અનેક ઉપદ્રવોમાં

વાયુ, મોળ, આફરો, ઊબકા, ખાટા ગચરકા, વધુપડતા ઓડકાર, બંધાયા વગરનો પાતળો દસ્ત, પેટમાં ઝીણી ચૂંક, એ બધા ઉપદ્રવોમાં આ સાદો ઘરગથુ પ્રયોગ અપનાવવા જેવો છે: અઢી તોલા મેથી અને અઢી તોલા સૂવા લઈ બંનેને તાવડી પર અધકચરાં શેકી, સહેજ ખાંડી નાખીને એમાંથી અર્ધો તોલો ચૂર્ણ ફાકી, ચાવીને પેટમાં ઉતારી જવું. આ ઔષધનો ડબો ભરી રાખવાથી તાત્કાલિક ઉપાય તરીકે નિર્ભિક રીતે વાપરી શકાય છે. આ 'સો ટકા સફળ' પ્રયોગ ગણાયો છે.

વાતકંટક

સૂરતના આયુર્વેદ મહાવિદ્યાલયના ઉપાચાર્ય અને આયુર્વેદના પ્રખર વિદ્વાન વૈદ્યવર શ્રી રણજિતરાય દેસાઇએ પોતાના એક લેખમાં મેથીનો અનુભૂત પ્રયોગ કહ્યો છે. પગની એડીમાં થતા દુખાવાને આયુર્વેદમાં વાતકંટક કહે છે. ચાલતી વખતે આ દુખાવો અસહ્ય લાગે છે. આધુનિક ચિકિત્સાશાસ્ત્રની દૃષ્ટિએ અસ્થિવૃદ્ધિને કારણે આવો દુખાવો હોઈ શકે. એને કેલ્કેનીઅલ સ્પર (સ્ટૉસ્ટીઓફાઈટ) કહે છે. લેખક પાસે આવનાર દર્દીને 'હૂક' આકારની વૃદ્ધિ હતી. એક મોટા શહેરના સર્જને બે ઉપાય બતાવ્યા હતા: શસ્ત્રકર્મ ને ડીપ એક્સરે. એ ઉપચાર ન કરતાં દર્દીએ, લેખકે સૂચવેલા વાલુકા-સ્વેદ (રેતીનો શેક) તથા સવારસાંજ ચાર આની ભાર મેથી ફાકવાનો ક્રમ રાખ્યો. ત્રણેક મહિનામાં એડીની શૂળ સર્વથા મટી ગઈ. બીજા એક રોગી પર પણ આવા જ દુખાવા પર ઉપર્યુક્ત પ્રયોગની સરળતા લેખકે નોંધી છે. વાચકમિત્રોમાંથી કોઈ આ પ્રયોગ કરે તો એના પરિણામ વિષે વિગતવાર અમને લખી જણાવે એવી આશા છે.

લાભશંકર ઠાકર

•

આઠ-દસ ગીતોનાં ગૂંચળાંમાં જ રચ્યાપચ્યા રહી પરાકોટિને પહોંચ્યા વિના 'હરે રામ' થઇ જશે; કોણ જાણે!

ગમે તેમ, પણ હાન્સ વાઇગલે અમને આ બાબત વિષે સજાગ કરી મૂકયા, વિચાર-મણકે ફરતા કરી નાખ્યા. ઈંગ્લંડનાં નટનટી અને નાટકશાળા પ્રત્યે ઓરમાનની નજરથી દેખતા કરી દીધા.

બહાર નીકળી ચૅરિંગ ક્રૉસ આગળ એ છૂટા પડયા. પછી હું ને નિરંજન ઇધરઉધર ભમીભટકી, આખરનું ખાણું જમી છૂટા પડયા. મહિના માસમાં એની પિછાન પણ હૃદયને અસર કરે એવી નીવડી હતી. અચ્છો જવાન: આદર્શવાદી, મહેનતુ, પરગજુ, ઊંચા ખમીરનો, વિવેકી છોકરો. ઇંગ્લંડમાં ભણતાં ત્યાંનું ઘણું સારું શિક્ષણ એણે મેળવેલું.

હવે તો હૉટેલ પર જઇ બિસ્તર બાંધવાનો રહ્યો. નિરંજને જુદી દિશા પકડી, મેં લૅકેસ્ટર ગેઇટ જવા ટૉટનહામ કોર્ટ સ્ટેશનથી સેન્ટ્રલ લાઇનની ટ્યૂબ પકડી. ભારે પગે ધીમેધીમે ભોંયરામાં ઊતરું છું, ટિકિટ કઢાવું છું, સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર વિમૂઢ દશામાં ચાલુ છું. એવામાં નાના બાળકનો કોઇ હાથ પકડે એમ કોઇકે હાથ પકડયો ને બાજુમાં ખાલી બાંકડો હતો એના ઉપર તરત જ બને જણા મૂગી સમજણથી બેસી ગયા, અને એકાદ મિનિટ સુધી બોલ્યા વિના એક બીજા સામું આંખ મેળવી જોઈ રહ્યા. પછી ખૂબ જ હસ્યા. એનું નામ અકસ્માત, અનાયાસ મેળ! આખો દિવસ ફાંફાં માર્યાં ત્યારે ન મળ્યા ને અહીં ટ્યૂબમાં ભટકાયા એ આપણા કીર્તિદેવ ચિનુભાઇ. એને જવાનું હતું માર્બલ આર્ચ સ્ટેશન; પણ અમે તો ત્યાં જ, ભોંયરાને બાંકડે જ બેસીને એક પછી એક કંઈક ગાડીઓ જવા દીધી. સ્થળ સમય અને સંજોગ ત્રણેનું ભાન ભૂલી અમે આઈન્સ્ટાઇન શાહી દિમાગમાં હતા. ઘણાને પેલી વાત યાદ હશે: એક રેલવે ટ્રેઇનમાં મુસાફરી કરતાં આઈન્સ્ટાઇને કન્ડકટરને 'હવે કયું સ્ટેશન આવશે' એમ નહોતું પૂછ્યું. રીલેટિવિટીની થીઅરી પ્રમાણે (કે મારી જાણે બલા, કોઈ સીટી-લીટીની થીઅરી પ્રમાણે) એણે પૂછ્યું હતું કે 'આ ટ્રેઈન ઉપર હવે કયું સ્ટેશન ઊભું રહેશે?' અમારે મન, ત્યાં ગાડી કે સ્ટેશન, પૃથ્વી કે પાટો, જીવન કે મનન, સૌ સ્થિર હતું. (ચાલુ)

ન. ન્યૂ યૉર્ક શહેરમાં ટાઈમ્સ ચોક અને ગ્રાન્ડ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે ૪૨મા માર્ગ હેઠળ એક સંપૂર્ણ સ્વયંસંચાલિત 'શટલ' ટ્રેન આવ જા કરે છે. છિદ્ર પાડેલી કાગળની એક ખાસ પટ્ટી અને વીજાણુ યંત્રોની કરામત વડે ચાલતી આ ગાડી અકસ્માત જેવો કંઇ ભય જણાતાં આપોઆપ ધીમી પડી જાય એવી પણ એમાં ગોઠવણ છે.

સૌરાષ્ટ્રમાં લોકભરત

એક અભ્યાસલેખ

લેખક–કલાકાર · ખોડીદાસ ભા. પરમાર



ફોટો · નરેન્દ્ર વોરા

સૌરાષ્ટ્રમાં ભરતકામનો ઉપયોગ મુખ્યત્વે ખેતી કરતી ખેડૂત કોમોની સ્ત્રીઓમાં અને નીચલા ગણાતા થરો—કોળી, કુંભાર તેમજ કાઠિયાવરણમાં વિશેષ થાય છે. ખેડૂત કે ઊભડિયાની અમુક કોમોમાં તો સ્ત્રીઓએ ભરેલા ચણિયા કે ઘાઘરા પહેરવાનો રિવાજ રૂઢિગત ચાલ્યો આવે છે. કણબી, કારડિયા રજપૂત, પલેવાળ(પાલીવાલ), ખરક, સથવારા વગેરે ખેડૂત કોમની (તે ખેડૂત હોય કે ન હોય) સ્ત્રીઓએ ભરેલાં જાડાં કપડાં પહેરવાનો રિવાજ છે. આ સિવાય ઉચ્ચ વર્ણમાં યે જૂના વખતમાં વાણિયણો, બ્રાહ્મણીઓ આદિ પણ ભરેલાં કાપડાં (કાંચળી) તો પહેરતી જ. પણ તે ખાસ કરીને અતલસ પર, નીચે સારું પડ ચડાવીને ભરેલાં, ટૂંકાં, મલકટી પેટનાં હતાં. આજે તો આવાં કાપડાં કોઈક વૃદ્ધા પાસેથી મળી આવવા સંભવ. બાકી બહોળા પ્રમાણમાં આવી વસ્તુઓનો ઉપયોગ તો ખેતી કરતી કોમોમાં જ થાય છે. ઉચ્ચ વર્ણના લોકો આ કોમોને હવે 'જાડાં લુગડાંવાળી લોકજાત' કહે છે.

આ ભરતપ્રિય કોમોમાં પરંપરાથી મા દીકરીને અને દીકરી તેની પુત્રીને ભરત ભરતાં શીખવે છે. આ રીતે વંશપરંપરાથી માતાના વારસા તરીકે ચાલ્યો આવતો ભરતનો આ કસબ આ કોમોમાં જીવનની સાથે વણાઈ ગયો છે. ઘેર દીકરી જન્મ લે ત્યારથી જ દીકરી માટે મા ભરવાનું શરૂ કરે છે, તે ઠેઠ દીકરી મોટી થાય અને પોતે જ પોતાના કરિયાવર માટે ભરવાનું શરૂ કરે ત્યાં સુધી મા તેને માટે ભરત ભરતી હોય છે. જેને ચારપાંચ દીકરીઓ હોય તેને તો જીવનભર ભરત સરડચા સરડ ભરવું પડે છે. પ્રથમ ચણિયા-ઘાઘરા, પછી ઘોળું ભરત ને છેલ્લે છેલ્લે કાપડાં ભરાય છે. આણાનું ભરત પૂરું થાય ત્યાર પછી જ દીકરીને સાસરે વળાવવામાં આવે છે. છોડીઓને નાનપણથી જે ભારપૂર્વક શીખવવામાં આવે છે તેમાં ભરત સૌ પ્રથમ, અને પછી જ રાંધણું અને સીમનું કામ. શરૂશરૂમાં છોડીઓ ઢીંગલીનાં નાનાનાના પોતિયા ભરતાં શીખે છે. થોડુંથોડું ભરત ફાવે ત્યારે તેની નાનીનાની ઘાઘરીઓમાં ધૂધીઓ છપાવીને ભરે છે. ભરત, દોરી વગેરે આવડચા પછી જ પોતે પોતાનો ઘાઘરો કે ચણિયો ભરવા કઢાવે છે. ભરત, સીમનું કામ અને રાંધણું આવડયું એટલે સૌ તેને 'સોમાં સોંસરવી' ગણે છે.

આ જાતોમાં ભણતરને મહત્ત્વનું ગણવામાં આવતું નથી. કોઈ કોઈ દીકરીને ભણાવતા થયા છે, પણ બહુ જ ઓછા ટકા; અને તે પણ મોટાં ગામડાં કે કસ્બાનાં ગામોમાં. હજી ઊંડાણનાં અને નાનાંનાનાં ગામડાંમાં ભણતર બહુ પ્રચલિત નથી. દીકરીના પૈસા લેવાનો રિવાજ આ જાતોમાં છે, તેથી આણામાં તેઓ પોતાની હોંશ અને ગજ઼ પ્રમાણે દીકરીને કરિયાવર કરે છે જ. કરિયાવરમાં ચણિયા કે ઘાઘરા ૧૧ થી માંડીને ૨૫ સુધી આપે છે. આવા એક એક ભરેલા ચણિયાની કિંમત લગભગ ૪૫ રૂ.થી ૫૦ રૂ. સુધીની થાય છે. વળી પાંચસાત ભરેલાં કાપડાં ઉપરાંત ઘોળું ભરત પણ હોય છે. ઘોળું ભરત એટલે ઘરના શણગાર માટેની ધોળા કપડા પર ભરેલી વસ્તુઓ: તેમાં ગણેશ-સ્થાપના, તોરણ, બારસાખિયાં, ચીતરિયાં, ચાકળા, પાનકોથળિયાં કે ટરપરિયાં, ટોડલિયાં, તકિયા, ૧૮ હાથ લાંબી માંડવાની કાંધી, તેમજ ગાદલાં-ગોદડાં પર ઢાંકવાનો ભરેલો ધાણિયો કે માંડવામાં વચ્ચે બાંધવાનો મોટો ઉલેચ, વગેરે ઘરશણગારની વસ્તુઓ હોય છે. વળી પશુઓના શણગાર પણ ભરે છે. ઘોડાંની ઝૂલ, બળદોની ઝૂલો, શીંગડાંનાં ખોભળાં, માથરોટિયાં અને મોરડા, ઉપરાંત ઘર-વપરાશની ચીજો પણ ભરીને શણગારે છે: ઈંઢોણી, થેલી, બગચો, કોથળી, ખલેચી, માલડી વગેરે સુંદર રીતે ભરીને કરિયાવરમાં લઈ જાય છે.

કણબી, કારડિયા રજપૂત, પલેવાળ, ખરક વગેરે ખેતી કરતા ખેડૂતો છે, છતાં જાતનાત જુદીજુદી છે. કણબી અને ખરક વૈશ્ય છે, જ્યારે કારડિયા રજપૂત ક્ષત્રિય કોમના છે, તો વળી પલેવાળ બ્રાહ્મણ છે. આ કોમોમાં ગામડામાં મોટા ભાગના ખેતી જ કરે છે, સ્ત્રીઓ ચોળિયાના જાડા ઘાઘરા કે ચણિયા અને વૃદ્ધાઓ ભરત વગરના સાદા ચોળિયાનાં થેપાડાં જ પહેરે છે. ચોળિયું લાલ રંગનું હોઈ તેના પર ભરત સુંદર ઓપે છે. દાઠા તરફના ચોળિયાનો રંગ ખૂબ ગેરો લાલ હોવાથી તેના પર ભરત વિશેષ સારું દીપે છે. પુરુષો તો ધોળા પાણકોરાનો કે ગંજીનો ચોરણો, પાસાબંધી કેડિયું ને માથે પાઘડી બાંધે છે. નાના જવાનડા ભરેલી ટોપી ઓઢે છે. જુવાન માટી માથે ભૂરી કે રાતી મજલીન કે મધરાશિયું બાંધે છે, જ્યારે વૃદ્ધો ધોળી જગન્નાથી જ બાંધે છે. પલેવાળ જાડી પછેડીની કાછડી પહેરે છે, પણ ઉપર તો કેડિયું ને સૌ જેવી પાઘડી જ બાંધે છે. તે બ્રાહ્મણ હોઈ જનોઈ પહેરે છે ને આભડછેટમાં માને છે. અજાણ્યો માણસ આ બધી કોમની સ્ત્રીઓ અને પુરુષોમાં કશો તફાવત જોઈ ન શકવાથી કોઈ જાતને ઓળખી શકતો નથી.

આ જાતોની સ્ત્રીઓનાં કપડાં એકસરખાં જ ભરેલાં, રંગીન, તેમજ પહેરવાની ઢબ સરખી હોય છે. પુરુષોમાં માત્ર પલેવાળ જ કાછડી પહેરે; એ સિવાય બાકીનાનો પોશાક એક સરખો હોય છે. છતાં આ જાતો પોતાના વિશિષ્ટ પ્રકારના જાતિસૂચક દાગીનાથી ઓળખાય છે. સોનાળિયો તે રજપૂતોનું મંગલસૂત્ર. તે પહેરે એ રજપૂતાણી. એ સોનાળિયામાંનાં મોતી ઘેરાં ભૂરાં. ડોડી કે માદરડી પહેરે તે પલેવાળણ. એ ડોડીની બંને બાજુ એક એક સોનાળિયો અને તે પછીનાં મોતી ભૂથા રંગનાં હોય. ઝૂમણું પહેરે તે કણબણ; જ્યારે ખોટાં મોતીની ને સોનાળિયાંની કંઠી પહેરે તે ખરકણ. કોળણ પણ ડોડી પહેરે. તેમાં સોનાળિયાં નહિ, અને તેની ડોડીનાં મોતી ઘેરાં ભૂરાં. નાકમાં ફૂલ પહેરે તે સથવારી. આમ એકએક દાગીનો જ તેની વિશિષ્ટ જાતભાતથી સ્ત્રીઓ-

ની જાતો ઓળખાવે છે. બાકીના દાગીના, જેવા કે પારો, એકદાણિયું, કોશમાદળિયું, પાંદડાં, એ તો સૌનાં એક સરખાં જ.

પુરુષો તેની પાઘડીના આંટાથી જુદા તરી આવે છે. પ્રૌઢ ખરકની પાઘડીને છેડે કથ્થાઈ રંગનું મોળિયું ગૂંથેલું હોય છે. તેને ફાળિયું કહે છે. આવાં જાડાં લુગડાં પહેરવાનું કારણ તો તેમનો ધંધો છે: ટાઢ-તડકે રક્ષણ મળે તેમજ બાવળ બોરડીનાં જાળાંઝાંખરાંમાં લુગડાં જલદી ફાટે નહિ; અને વળી જાડાં કપડાં વધારે ટકે તેથી આર્થિક પણ થોડો હિસાબ ખરો. થોડાં જ વર્ષો પહેલાં તો હાથે કાંતી વણાવીને જ આ લોકો લુગડાં પહેરતા. સ્ત્રીઓ ચોળિયાં રંગાવી લેતી. પણ હવે તો આ બધી વસ્તુ બજારમાં તૈયાર મળી રહે છે; માત્ર ભરવાનું જ બાકી રહે છે.

ભરેલાં પહેરવાં તે થોડાં વર્ષો પહેલાં તો આ જાતોમાં ફરજિયાત જેવું હતું. સ્ત્રીઓ એ ન પહેરે તો ટીકા થતી. આ રિવાજ હવે ધીમે-ધીમે ઓછો થતો ચાલ્યો છે. શહેરમાં તો ઠીક, પણ ગામડાંમાં પણ હવે તો ખેડૂત કોમોમાં સ્ત્રીઓએ ઊજળિયાત વર્ણ જેવાં ઝીણાં કપડાં પહેરવાનું શરૂ કરી દીધું છે. ભરત ભરવાની ખાંત ધીમેધીમે ઓછી થતી જાય છે. કદાચ આવતાં ૨૫ થી ૩૦ વર્ષમાં આ બધું ચાલ્યું જાય તો ના નહિ! આ કોમોનો ધંધો ખેતીનો, લૂગડાં પણ જાડાં એક સરખાં, છતાં તેઓની વચ્ચે રોટીબેટીવ્યવહાર નથી. બધાંનાવાડા જુદા અને જ્ઞાતિ જુદી. પલેવાળ કણબીથી અભડાય અને કણબી રજપૂતથી!

આ સિવાય બીજી જાતો કુંભાર, કોળી, વાળંદ વગેરેમાં પણ સ્ત્રીઓ આવાં જાડાં કપડાં પહેરે છે. કોળી લોકો મોટે ભાગે 'ઊભડિયા' છે. તેઓ છૂટી મજૂરી કરીને રળી ખાય છે. જ્યારે કુંભાર ને વાળંદ 'વસવાયા' છે. તેઓ ખેડૂતોને વાસણ આપી કે હજામત કરી આથના દાણા મેળવે છે. થોડાં વર્ષો પહેલાં આ લોકોમાં પણ ભરેલા ઘાઘરા પહેરવાનો રિવાજ હતો. હજી કોઇકોઇ ગામડામાં તે ભરેલા પહેરે છે, પણ તેઓનું ભરત ઉપલી કોમો કરતાં જરા હલકા પ્રકારનું; મોટે ભાગે છૂટું-છૂટું અને બહુ સારી રીતે ભરાએલું નહિ તેવું ઊભડકિયું હોય છે. ખેડૂત સ્ત્રીઓ આવા ભરતને 'આડકડિડકિયું ભરત' કહે છે. આ વસવાયા કોમો શહેરમાં ધંધા માટે જવાથી અને દેખાદેખીથી ભરેલું પહેરવાનું છોડતી જાય છે. હજી ય ગામડાંના કોળીઓમાં ભરેલું પહેરવાનો રિવાજ ચાલુ છે. આ વસવાયાં તેમજ કોળી, રબેસર વગેરેની ભરતની ઘાઘરાની ભાતમાં ડબા, ડોસલાં, કૂતરાનાં પગલાં, ફૂલથંભા, અરધી ફૂલવાડી, અડદિયા વગેરે મુખ્ય છે. તેઓના ઘાઘરામાં દોરીથી બંધવણું ખાસ નથી હોતું. ડોશીઓ ભરત વગરના લાલ ચોળિયાના ઘઘા કે થેપાડાં પહેરે છે. તેઓનાં કાપડાં લાંબાં પેટનાં હોય છે, જ્યારે ખેડૂત કોમની સ્ત્રીઓના કાપડાં મલકટી કે ગોળ કૂંખિયાનાં હોય છે.

ભરેલો ઘાઘરો અને ચણિયો બંને લગભગ સરખા જ હોય છે, માત્ર સિલાઇમાં જ થોડો ફેર હોય છે. ઘાઘરો આખો સીવેલો હોય છે અને તેમાં નાડી ને નેફો હોય છે. ગોઠણથી થોડે ઉપર સુધી ભરત ભરેલું હોય છે. ચોળિયાનો પનો ટૂંકો હોવાથી ઉપર બીજા ચોળિયાનો ભાગ ચડાવવામાં આવે છે, તેને ચડાવો કહે છે. તે પણ લાલ ચોળિયાનો જ હોય છે. કાળી ખારવીમાં પણ ચડાવો તો લાલ ચોળિયાનો જ ચડાવાય છે. ઘાઘરાની સિલાઈમાં નીચે લાલ, લીલો, ભૂરો ને પીળો એમ ચાર 'ગણા', પછી ત્રણ આંગળની લીલી ભૂરી કે ગુલાબી અતલસની 'કોર', પછી પીળા 'કાંગરા', અને પછી જ 'ભરત' શરૂ થાય છે.

ચણિયો છૂટો સીવેલો હોય છે. તેને નાડી-નેફો હોતાં નથી. ઉપર કરચલી પાડીને સીવણ બાંધી બે કસો ટાંકવામાં આવે છે. એ ચણિયો જીમી અને થેપાડાની જેમ ખોસીને જ પહેરાય છે. બંને બાજુ કસો હોય છે ખરી, પણ તેનો ઉપયોગ સ્ત્રીઓ બાંધવામાં કરતી નથી. ચણિયો છૂટો સીવેલો હોવાથી અને તેની બે ફડક-એટલે છેડાના બંને છૂટા ભાગ હોવાથી, પહેરતી વખતે એક નીચે અને બીજો ઉપર આવે છે. આને ઉપલી અને નીચલી ફડક કહે છે. આ ફડકો છૂટી હોવાથી ઝડપથી ચાલવામાં કશો વાંધો આવતો નથી. ઉપલી ફડક ઉપર કાટખૂણા જેવું 'ડેલું' કરેલું હોય છે. તેના પર મથાળે ઝાડ ભરેલું હોય છે. ડેલું ચણિયામાં જ હોય, ઘાઘરામાં નહિ. તે પણ બંને વચ્ચેનો બીજો તફાવત.

ડેલું બંને પગની વચ્ચોવચ આવતું હોઇ અને ચણિયો છૂટો હોવાથી સુંદર પણ લાગે છે. વળી ચોમાસામાં કાદવકીચડમાં જરૂર પ્રમાણે ચણિયાની એક બે ફડકો ખોસી શકાય છે. તે છૂટો હોવાથી માત્ર ઢીંચણ સુધીનો જ ભાગ દેખાય છે, જ્યારે ઘાઘરો સીવેલો હોવાથી તેને ખોસતાં કે ખોળો વાળતાં આગળથી વધારે ઊંચો જતો હોવાથી ગોઠણ ઉપરનો સાથળનો ભાગ દેખાય છે. ચણિયામાં કોર, કાંગરા, ગણા, બધું જ હોય છે. ચણિયો ખાસ કરીને કણબણો તો પહેરે જ છે. રજપૂતાણીઓ પણ મોટે ભાગે પહેરે છે. ખરક, કોળી, પલેવાળ, કુંભાર વગેરે સ્ત્રીઓ ઘાઘરા વિશેષ પહેરે છે.

ઘણી ભડવાડણો પણ પોતાની ધાબળીના છેડા પર ક્યારેક ભરત ભરે છે. તેમાં ફૂલ, કાનગોપીનું વલોણું, વીંછી, પાણિયારી, સીકલ, ગોટા વગેરે હોય છે. તેમનું ભરત સાવ સામાન્ય જેવું લાગે છે. ભરત ભરવાની ટેવ ન હોવાથી તેઓ પાંખુંપાંખુ (આછુંઆછું) ભરત ભરે છે. તેઓનો ધંધો જ પશુપાલનનો, બારે માસ સરખી ઊઠબેસનો, એટલે કશો જ ડાઘ ન લાગે તેવો કાળો ધાબળો ને રાતી કે કાળી ચોળિયાની જીમી એ તેમનો કાયમનો પોશાક. તેમાં જ્યારે કોઈવાર તેઓ ભરત ભરાવે છે ત્યારે ખરેખર તે સુંદર લાગે છે. તેઓ ભરેલાં કાપડાં પણ પહેરે ખરાં, પણ કોઈ પાસે ભરાવીને. તેમનાં કાપડાં અતલસ ઉપર જ ભરાવે છે. કાપડાંની ભાતોમાં ચોખાચલી, છૂંદાવેલ, અરધા વાટકા કે વૃઇતકિયાની ભાત વિશેષ હોય છે. સુધરેલા અને ભણેલા શહેરી લોકો અદ્ધરોઅદ્ધર સૌરાષ્ટ્રના ભરતકામને 'રબારી-ભરત'ના ભળતા નામે ઓળખે છે, એ નરી ભૂલ છે. રબારી સ્ત્રીઓ કદી જ ભરેલો ચણિયો પહેરતી નથી. કોઇવાર ભરેલાં કાપડાં પહેરે છે, તો કોઈકવાર નાની છોડીઓ જ ભરેલી ઘાઘરીઓ પહેરતી જોવામાં આવે છે. વળી ભરવાડ-રબારીમાં છોકરાને માથે ભરેલી ટોપી અથવા નતિયો, અને છોડીઓને માથે ભરેલો બોશલો પણ કોઈકવાર જોવામાં આવે છે. રબારી રાયકાઓ પોતની સાંઢણીને સુંદર શણગારે છે. તેની ભરેલી ઝૂલ તેમજ કૅાડી, મોતી, સોનાળિયા અને ઊનથી ગૂંથેલાં ડોકિયાં, ફૂમકાં વગેરે શણગાર પહેરાવે ત્યારે સાંઢણી ખરેખર રૂપાળી ઊડી નીકળે તેવી લાગે છે.

આ બધી કોમોમાં કોળી સ્ત્રીઓ તેમજ પુરુષો વધારે રસિક અને રંગીલાં છે. આ લોકો વારતહેવારે ને હોળી જેવાં પર્વોમાં ખૂબ જ ચગે છે. સ્ત્રીઓ તો ડોકમાં બારોએક મોતીની કંઠીઓ અને ખોબો ભરાય તેટલાં ઊનનાં ફૂમતાં, તો પુરુષો પણ દોથોએક ફૂમતાં નાડીએ નાખી, બંડી પર મોર, પોપટ કે સીકલ ભરાવીને ઊડણ છોગલે હોળી ખેલે છે. અરે છત્રી ઉપર પણ એ લોકો ભરત ભરાવી આનંદથી નાચે છે કે રાસની રમઝટ બોલાવે છે.

ઊજળિયાત કોમો, જેવી કે નાગર, બ્રાહ્મણ, વાણિયા વગેરેમાં જૂના વખતમાં સ્ત્રીઓ ભરત ભરતી. તે ભરત ઠાંસીઠાંસીને ભરાતું. વળી ચોખ્ખાઈ તો તેમાં બહુ જ રખાતી. આ ભરતને 'મહાજનિયા' કે 'ઊજળિયાત કોમનું ભરત' કહે છે. આ સ્ત્રીઓ ખાસ કરીને ઘરશણગારનું જ ભરત ભરતી. તેમાં તોરણ, ચાકળા, ખોયાં વગેરે હોય છે. આ ભરત નવરાશને સમયે અને ઉતાવળ વગર ભરાએલું હોવાથી બહુ જ ખંતપૂર્વક ભરેલું જોવામાં આવે છે. તે પીળા, લીલા, ધોળા ને

કલાવાર્તા

લોકભરતનાં શોભનપ્રતીકો

જમણીબાજુ ચોકઠામાં મથાળે ડાબીબાજુથી અનુક્રમે ગણપતિ, પાણિયારી, ને ઢેલ; વચ્ચે પુતળી ને પોપટ, તથા શોભનમંડિત વલોણું; નીચે વાઘ, વીંછી અને મોરની ભાત.

વિવિધ ભાતો

જમણીબાજુ નીચેની છ આકૃતિઓ : ઉપરથી અનુક્રમે મોર, એની બાજુમાં આંગળા સીકલની ભાત વચ્ચે ડાબીબાજુ કંકાવટીની ભાતને જમણીબાજુ રેડીઆની ભાત. નીચે ચોખાટડીની ભાત અને છેલ્લે ઢેલવાટકની ભાત.


卐

ભૂરા રંગનાં કપડાં પર વિશેષ જોવા મળે છે. હવે તો ઊજળિયાત બહેનોએ આ દેશી ભરત ભરવાનું સાવ છોડી દીધું છે. થોડાં વર્ષો પહેલાં તો પારસીઓ પાસેથી જોઇને કૅનવાસ ઉપર પણ આ સ્ત્રીઓ ભરત ભરતી. કોઇકોઈ જૂનાં ઘરો ને હવેલીઓમાં આવા કૅનવાસ ભરતથી ભરેલી ઘવળીઓ તેમજ શ્રીનાથજીની છબીઓ જોવા મળે છે. પણ હવે તો આ વર્ગમાં દેશી ભરત ભરવાનું સંપૂર્ણપણે વિસરાઈ ગયું છે.

આ ઊજળિયાત કોમોમાં એકબીજી જાતનું સુંદર કામ પણ થતું. એક સંપૂર્ણ કપડા પર જુદાજુદા રંગનાં કપડાંને જુદાજુદા આકારોમાં કાપી, દોરાથી સીવી, તેના પણ ચાકળા ને ચંદરવા બનાવવામાં આવતા. આ ('પૅચ-વર્ક' કે ઍપ્લિક વર્ક') ખરેખર બહુ જ સુંદર લાગતું હોય છે. શીવતાં વધેલાં કકડા-કાપલીનો આમાં સુંદર ઉપયોગ કરી શકાય છે અને અવનવી ભાતના ધાણિયા, આસન, તોરણ, ચાકળા વગેરે બનાવાય છે. અત્યારની આધુનિક બહેનો હવે એ પોતાની સાડીના છેડા પર કે પોલકાની બાંય પર આ પ્રકારે બનાવે છે.

આ જાતો સિવાય બીજી કાંટિયા વરણની શૂરવીર જાતિઓ છે. કાઠી, આહિર, ગરાશિયા, મોલેસલામ (વટલેલા રજપૂતો), મેર વગેરે. તેમાં સ્ત્રીઓ ભરત ભરેલા ઘાઘરા પહેરતી નથી, પણ કોઇકોઇ ભરેલાં કાપડાં પહેરે છે. છોકરા-છોકરીઓને નાનપણમાં આંગડીઓ, ટોપીઓ વગેરે કોઇકોઇ ભરીને પહેરાવે છે. આ શૂરવીર, પોરસીલી જાતોની સ્ત્રીઓ પણ પોતાના ઘરના શણગારો ભરે છે; તો નાનાનાના








પહેરવેશ પરનું ભરત

મથાળે હારબંધ જુદાંજુદાં કાપડાંમાં પહેલું છે તે 'તૂઈ-તકિયા'ભાતનું લાંબા પેટનું કાપડું; વચ્ચે ગોળ કૂંખિયાનું મલકટી (ટૂંકા) પેટનું કાપડું. એમાં 'બાજુ' નામની ભાત ભરી છે. ત્રીજું કાપડું પણ મલકટી પેટનું છે. એની ભાત 'છંદાવેલ' નામની છે. નીચે પહેલો છે તે ઘાઘરો. ઘેરમાં પ્રથમ નીચે ગણાં, પછી એની ઉપર કોર, એની પછી કાંગરા, અડદિયા ને પછી વીજળીવેલની કોર માથે કેવડા ભાતનું ભરત છે. બીજો છે તે ચણિયો છે, ઘાઘરા ને એનામાં ફેર છે. ઘાઘરો સળંગ ગોળ સીવેલો, ને નાડી-નેફાવાળો હોય છે, જ્યારે ચણિયો છૂટો હોઈ તેને મથાળે કરચલી પાડી નેફાને બદલે બે કસો ટાંકવામાં આવે છે, જે જીમી કે થેપાડાની પેઠે ખોસીને જ પહેરાય છે. તેથી બે ફડક-એટલે છેડાના બે ભાગ છૂટા હોઈ પહેરતી વખતે એક નીચે ને બીજો ઉપર આવી જાય છે. ઉપલી ફડક ઉપર કાટખૂણા જેવું (ગૌમુખી આકારનું 'ડેલું' ભરેલું હોય છે, ને તેને મથાળે ઝાડ ભરેલું હોય છે. ઘાઘરા અને ચણિયા વચ્ચેનો આ તફાવત ધ્યાનમાં લેવા જેવો છે. ઉપલા ચિત્રના ચણિયામાં નીચેથી પ્રથમ ગણા, પછી કોર, પછી કાંગરા, પછી કાંટા તે પછી પોપટની કોર ને પછી અરધી ફૂલવાડીની ભાત ભરી છે. ઉપલી ફડકમાં ડેલાને માથે મોરલાની જોડ ને ઉપર વીંછીનું સુશોભન છે. (એ વીંછીનો અર્થ લેખમાં વાંચો) જમણીબાજુ અર્ધગોળાકારે છે તે છોકરાની ટોપીમાં કોરમાં કાચની હાર અને અધાંખડી ભાત તથા આંગળા સીકલ ભર્યાં છે. એની નીચે ડાબીબાજુ છોકરીને ઓઢવાની 'ઓશલી'. તેની કોરમાં કાચની હાર અને ભરતમાં ડોડવાં તથા પારસી-સાહરાની ભાત છે. જમણીબાજુ છોકરાને ઓઢવાનો 'નતિયો' છે, જેની કોરમાં બાવળિયા, કાચ, અડદિયાની હાર ને વચમાં ઝાડનું ભરત છે.

સામેના પાને

ઘરશણગારનાં સાધનો : ઉપર ડાબીબાજુ ધાણિયો, જેમાં હાથી, ઘોડો, મોર, ચકલી, વલોણું ને આંબાનું ભરત. એની બાજુમાં કાચની હારોવાળો નવ ડાબલીનો ચાકળો. એની નીચે ગણેશ સ્થાપના છે, જેમાં ચોમેર કાંટા, વચ્ચે ગણપતિ ને રિદ્ધિસિદ્ધિનું ભરત અને નીચે પાંચ કોથળિયું લટકે છે. ગણેશ સ્થાપનાની નીચે છે તે 'ટરપરિયું'. એમાં કોરમાં અડદિયા ને વચ્ચે પોયણીવેલ તથા ડાબલીનું ભરત છે. ડાબીબાજુ પહેલું તે 'બારસાખ', એને પડખે 'ચીતરિયું'-જેમાં ચારેકોર લીંબોળીનો સોટો ને વચ્ચે કથીપાની ભાત છે. એના ગાળામાં ઉપર ગોળ તે 'તકિયો' ને એની નીચે, કોરમાં કાંટા ને વચ્ચે વાટકા ભાત ભરેલો વીંઝણો.



ઘરશણગારનાં સાધનો : સમજણ સામેના પાના ઉપર

ગરાસદારો તથા કાઠી–ઠાકોરો મોચીઓ પાસે આવું ભરત ભરાવે છે. થોડાં વર્ષો પહેલાં તો અમુક મોચી કુટુંબો ભરત ભરવાનો ધંધો જ કરતાં. તેઓ સોયથી તેમજ આરીથી પણ ભરત ભરતાં. તેઓ ધંધાદારી ભરત ભરનારા હોવાથી હાથની સ્થિરતા તથા અમુક ચોક્કસ આકારો તેઓનાં ભરતમાં જોવામાં આવે છે. માનવ, પશુ, પક્ષીઓ વગેરે આકારોમાં તેઓ વધારે સાદૃશ્ય લાવવાનો પ્રયત્ન કરતા. તેઓનું ભરત 'મોચી-ભરત' તેમજ 'આરી-ભરત'ના નામે ઓળખાય છે. આ ભરત હજી કાઠીઓ તેમજ દરબારોનાં ઘણાં ઘરોમાં જોવા મળશે. આ શૂરવીર કોમોનાં ભરતમાં પણ શૌર્યભર્યા પ્રસંગો જ જોવા મળે છે. ઓશરીમાં, ઘરની બારસાખથી ઉપરના ભાગમાં, સળંગ મોટી ત્રિકોણ આકારની ૧૨ થી ૧૫ હાથ લાંબી 'પછીત–પાટીઓ'માં વાછડા સોળંકી(વચ્છરાજ સોલંકી)ની કથા, કે ઓખાઅનિરુદ્ધનું પરિણય, રૂખમણી હરણ વગેરે પ્રસંગોને તેઓ બહલાવીને ભરે છે. તો ક્યારેક થનગનતા બાવન બાવન જાતના ઘોડા, ઝૂલતા હાથી, કળાએલ મોર, લીલુડા પોપટ કે ઊડણ ચરકલડીઓ પણ હોંશે હોંશે તેમાં ભરેલી હોય છે. કોઈમાં કૃષ્ણની બાળ-લીલા, રાસલીલા કે લોકકથાનાં નાયક નાયિકાઓના પ્રેમશૌર્યભર્યા પ્રસંગો ભરે છે. એ ભરત ખંતથી ભરેલું હોઈ બંધબેસતું ને જોવાલાયક હોય છે. સૌરાષ્ટ્રનાં સંગ્રહસ્થાનોમાં આ નમૂના જોવા મળે છે.

આ બધી જાતિઓમાં સૌથી વધારે ભાત, આકાર તેમજ ગોઠવણીમાં જુદું પડતું ભરત ખેડૂત સ્ત્રીઓ ભરે છે. તેઓ પોતાની કલામય કરાંગુલિઓથી જ ભોં પર ભાત પાડે છે, અને ઝીણામાં ઝીણું ભરત પણ તેઓ આસાનીથી ભરે છે. તેઓના ભરતમાં મુખ્યત્વે વેલ, બુટ્ટી, ફૂલ, કળી, પશુ ને પંખીઓ હોય છે. બધું જ ભરત ચાલી આવતી રીતથી તેઓ ભરે છે. તેમાં પરંપરાગત ચાલી આવતી શોભન–ભાતો (decorative design)ના સુંદર આકારો જોવા મળે છે. વળી રંગો પણ ચોક્કસ જ હોય છે. ચોળિયાનો રંગ લાલ શુભ તેમજ શોભાકારી છે. તે મેલો પણ જલદી નથી થતો, તેથી જ એ રંગના ચોળિયા ઉપર ભરત ભરવાની સ્ત્રીની પસંદગી ઊતરી લાગે છે.

વળી સ્ત્રીઓ એક કે બે કાળા રંગના ચણિયા પણ ભરે છે. તેને ખારવીના ચણિયા કહે છે. લાલ ચોળિયાને રંગીને જ આ કાળું બનાવે છે. ખારવી બે વખત રંગાતી હોવાથી તે બહુ ટકતી નથી. ખારવીના ચણિયા મોટે ભાગે ઊનથી ભરે છે. જોકે કોઈક સૂતરથી પણ ભરે છે. ખરા ઊનનું ભરત બહુ જ સુંદર ને ખાટા રંગનું લાગે છે. પણ ઊન-ભરતને ત્રણ-ચાર વરસમાં નાની જીવાત ખાઈ જાય છે. તેને 'ઊધા ખાઇ ગયા' કહે છે. આથી ખારવીનો ચણિયો બહુ વખત સંઘરી રખાતો નથી; જ્યારે ચોળિયા પર ભરેલું ભરત લાંબો વખત રાખી શકાય છે. પણ તે થોડું ઝાંખું પડીને 'મોં દઈ જાય' છે. ખારવી પર આટલી ભાતો ભરે છે: તીતીડા, પેપડી, કેવડાં, ચોપાટડી, ભેંસાશીંગા અને ચીપિયાવેલ તેમજ નવી ભાતોમાં કાચ-મોગરા અને કાલા-સંકાલા છે.


પીળા કે લીલા રંગના ચણિયા હાલાર તરફ સ્ત્રીઓ પહેરે છે. તેમાં ગણ્યા પછી કોર હોય છે. તે કાળી, લાલ વગેરે રંગોની મૂકે છે. તેનો પટ્ટો લગભગ આઠ આંગળનો રાખે છે. અને કોર ઉપર તૂઈ, સતારા વગેરે ચોડે છે. ગોહિલવાડમાં નાનીનાની છોકરીઓ જ આવી રંગીન પીળી કે લીલી ઘાઘરીઓ પહેરે છે. નાનાં બાળકોનાં ખોયાં તો લીલા અને પીળાં રંગનાં કપડાં પર ભરવામાં આવે છે. પીળાં ખોયાં માટે કાપેલ-ગોટી કે ઊભી-સળીની ભાત પસંદ કરાય છે, જ્યારે લીલાં માટે પારસી-સાદરા, સાચી-ઘરાળંધી એ ભાતો સારી લાગે છે.

આ ઉપરાંત ઘોળું ભરત તો તેઓ બહુજ મોટા પ્રમાણમાં ભરે છે. એ ઘોળા કાપડા પર ભરાતું હોઈ તેને ઘોળું ભરત કહે છે. (હાલારમાં ગણેશ-સ્થાપના, ચિતરિયા, તોરણ વગેરે પીળાં, ગૂઢાં ભૂરાં કે લીલા રંગના કપડાં પર પણ ભરવામાં આવે છે.) આ ઘોળા ભરતથી ઘર સુંદર રીતે શણગારી શકાય છે. આ ભરત ચણિયાના જેવું જ સાદા ટાંકાનું હોય છે, પણ તેની ગોઠવણી ને ભાત જુદી હોય છે. આ ભરતમાં મુખ્યત્વે ભૂમિતિના આકારો–ચોરસ, લંબચોરસ, ત્રિકોણ વગેરે ભરાય છે. તેની 'ડાબલીઓ' (પાસા) ત્રિકોણ ને સમચોરસ આકારની બનેલી હોય છે. મોટો ભાગ હીરથી જ ભરેલો હોય છે. તેમાં યે લાલ હીર પુષ્કળ પ્રમાણ-માં વપરાય છે. તેમાં શરૂમાં ગેરુ કે શાહીથી આળેખતા નથી (કોળી-ફૂલની ભાતમાં આળેખવું પડે છે), પણ પ્રથમ ઘોળા કપડા ઉપર પીળા અને ભૂરા દોરાથી આડાઅવળા દોર નાખી ડાબલીઓની હદ બાંધી લેવામાં આવે છે. પછી ડાબલીઓને ચોરસમાં ત્રિકોણ આકારે, વચ્ચે વચ્ચે થોડુંથોડું કપડું છોડીને, ભરવામાં આવે છે. ડાબલીઓની ગોઠ-વણીની વચ્ચેવચ્ચે કાચ (ખાંપ)ની આડી ઊભી હારો ભરવામાં આવે છે. આ રીતનું ભરત ઘોળા કપડા પર થાય છે. આ ડાબલી-ભરત પંજાબની ફૂલકારીને થોડે અંશે મળતું આવે છે. આ પ્રકારમાં મુખ્યત્વે તોરણ, ચાકળા ને પાનકોળિયાં ભરવામાં આવે છે, જ્યારે ચીતરિયામાં કથીપીની ભાત કે કોળીફૂલની ભાત ભરવામાં આવે છે.

તોરણ ઘરના મુખ્ય બારસાખે બાંધવામાં આવે છે. તેને પાંચ, સાત કે નવ એમ એકી સંખ્યામાં કોથળીઓ હોય છે. તેમાં કાચની હાર, ખજૂરા, અડદિયા ને ડાબલીઓની ભાત ભરવામાં આવે છે. બારસાખના લાકડા ઉપર આવે તે 'સાખ'. તે બે લાંબી પટ્ટી જ હોય છે. તેની ભાત વાટકાની જ કે સીકલ-ચાંખડીની હોય છે. ચીતરિયાનો આકાર અંગ્રેજી 'એલ' અક્ષર જેવો ગૌમુખી આકારનો હોય છે. તે બંને કમાડની બાજુમાં બાંધવામાં આવે છે. ઉપરથી નીચે લાંબો ને નીચેનો ખૂણો કાટખૂણે ટૂંકો—આ ચીતરિયાનો આકાર. તેમાં ખજૂરો, લીંબોળીનો સોટો, અડદિયા, કોળી–ફૂલ અને કથીપીની થાળી ભરાય છે. ચાકળાનો આકાર સમચોરસ હોય છે. ચીતરિયાથી દૂર બરોબર ભીંત વચ્ચે તે ટાંગવામાં આવે છે. તેમાં કાચની હાર, ખજૂરા ને ડાબલીઓ ભરાય છે. ઘણીવાર ડાબલી પર આભલાં પણ ટાંકવામાં આવે. પાનકોથળિયાં નાના કદનાં તોરણ જેવાં છે. પાન-કોથળિયાને 'કોથળીઓ' હોય છે, જ્યારે 'ટરપરિયા'માં ચોરસ તાલીઓ લગાવેલી હોય છે; બાકી બહુ ફરક નથી.

ટોડલિયાં રૂ ભરેલાં, ગોળ આકારનાં, ટોડલા પર લગાડાય છે. તેની વચ્ચે આભલું અને આસપાસ છ પાંખડીનું ફૂલ ભરેલું હોય છે. તકિયા આ ટોડલિયાથી જરા મોટા આકારના પણ તેના જેવા જ હોય છે, અને તેને તોરણ ઉપર ટાંગવામાં આવે છે. તોરણની કોથળીઓમાં અવનવી જાતનું ને ભાતનું ભરત ભરવામાં આવે છે. તેમાં પોપટ, મોર, ફૂલ, ઝાડ વગેરે ભરે છે. ક્યારેક બધી જ કોથળીઓ ચોખાચલીની ભરે છે તે પણ બહુ સુંદર દેખાય છે. તોરણ માથે ગણેશ સ્થાપના હોય છે. તેમાં વચ્ચે ગણેશ અને આજુબાજુ તેની બે સ્ત્રીઓને જુદી જુદી રીતે લોકકલ્પનાના આકારમાં ભરવામાં આવે છે. બાકીની જગ્યામાં ફૂલ, પાન વેલ વગેરે હોય છે.

પશુ–શણગારમાં ઘોડાની ઝૂલ તે ઘોડાની ડોક ઉપર નંખાઇને બંને બાજુ લટકતી રહે છે. તે લાલ કે ભૂરા કાપડ પર ભરે છે. તેમાં અરધા વાટકા, અરધી ફૂલવાડી વગેરેની ભાતો હોય છે. બળદની ઝૂલમાં પોચણાવેલ, બક્કાગાડી વગેરેની કોર ને વચ્ચે કથીપી, ગોટી, ઘોડા, હાથી વગેરે હોય છે. તે ઘોળા, લાલ કે લીલા કાપડ પર ભરાય છે. ખોભળાં શીંગડાં પર બાંધવામાં આવે છે. તેમાં કાચ, તૂઈ અને અધાંખડીની ભાત ભરાય છે. માથરોટિયાં માથા પર આવે. તેમાં



પશુના સાજ

ડાબીબાજુ સાંઢણીની ડોકપરની ઝૂલ. એમાં કોરમાં લીંબોળીનો સોડો ને વચ્ચે ડોડવડી ભાત. ઝૂલને મથાળે પહેલું છે તે સાંઢણીની ડોકમાં લટકાવવાનું, કોડી, મોતી ને ઊનનું ગુંથેલું 'ડોકિયું'; એને પડખે છે તે કોડી, મોતી ને ઊનનાં લટકતાં ફૂમતાં. જમણીબાજુ ઉપર બળદને ઓઢાડવાની ઝૂલ છે. એની કોરમાં 'અડદિયા' પછી 'કોળીફૂલ' ને વચ્ચે 'હાથી-ગોટી'ની ભાત ભરી છે. ખૂધ માથે કપડાનો બનાવેલો પોપટ બેસાડયો છે. નીચે ડાબી બાજુ પ્રથમ ઘોડાની ડોક પરની ઝૂલ, જેમાં 'અરબા વાટકાની ભાત' ભરી છે ને ઊનનાં ફૂમતાં લટકાવ્યાં છે. તે પછીના સાજમાં પહેલું 'શિગરોટિયું' કે 'ખોભળી' છે. એમાં જવલાં, કાચ ને અધાંખડીની ભાતનું ભરત છે. વચ્ચે છે તે 'માથરોટિયું'. એમાં 'અડદિયા'ની કોર ને વચ્ચે 'ગોટી'ની ભાતના ભરત સાથે નીચે ભૂંગળી ને સોનાળિયા લટકાવ્યા છે. છેલ્લે છે તે જવલાં ને 'સીકલ આંખડીની ભાત' ભરેલો મોરડો.

વચ્ચે મોટો ગોટો, આજુબાજુ કાચ અને નીચે ભૂંગળી, સોનાળિયા ને ઊન-ફૂમતાં લટકાવેલાં હોય છે. મોરડા નાથની રાશ ઉપર આવે છે. આવો શણગારેલો વઢિયારો બળદ એવો રઢિયાળો દેખાય છે કે બે ઘડી જોઇ રહેવાનું મન થાય જ.

ઘાણિયો ભરવામાં તો સ્ત્રીઓને બહુ જ મઝા આવે છે. તેમાં કલ્પનાના દોર છૂટા મેલી દે છે. પોતાની મનોભૂમિમાં વિહરતા આકારોને સાદાઇથી તે ઘાણિયામાં ભરે છે. દરેક ઘાણિયામાં કંઇ ને કંઈ નવીન હોય જ. તેમાં આંબાનું ઝાડ, પાણિયારી, ઘોડેસવારી, હાથીની અંબાડી, ઘમ્મર-વલોણું વગેરે પોતાની કલ્પના પ્રમાણે ભરે છે. મોલેસલામ સ્ત્રીઓ ઘાણિયામાં હિંદુ અને ઈસ્લામી આકારો સેળભેળ ભરે છે. ભરતના આકારોમાં સૌથી નવી નવી કલ્પનાઓના (પશુ, પક્ષી, ઝાડ માણસ વગેરે) આકારો સ્ત્રીઓ ઘાણિયામાં જ ભરે છે.

આ બધાં જ ભરતમાં ચણિયા-ઘાઘરા વિશેષ ભરાય છે. જુદીજુદી સુંદર ભાતો ચોળિયામાં બહુજ ખીલી ઊઠે છે. આવી બધી ભાતો ગામડાની કોઈકોઈ સ્ત્રી બધાંને આળેખી દે છે. આળેખનાર સ્ત્રી ચોળિયાને ડાબા હાથની હથેળી પર રાખી જમણા હાથમાં દીવાસળીની સળી પકડી, વાટકામાં રાખેલી શાહી કે ઘૂંટેલી મેશમાં વારે વારે સળી બોળીબોળીને આળેખે છે. ધોળા કપડા પર લાલ ગેરુ કે વિલાયતી નળિયાને ઘસીને તે વડે આળેખે છે, તો ખારવીને ભૂતડો કે ચોખાના દાણા પલાળીને તેનો ભૂકો ઘૂંટીને તેનાથી આળેખે છે. દરેક ગામડામાં આળેખવાના આઠ આના લે છે. ઘાઘરો કે ચણિયો ચાર હાથ ચોળિયાનો બનેલો હોય છે, એટલે હાથના બે આના લે છે. ગોહિલવાડમાં ગારિયાધાર, વળા અને બીજાં શહેરોમાં હવે બીબાંથી જુદીજુદી જુની નવી ભાતો સેળભેળ કરીને દુકાનવાળા છાપી દે છે. પણ સ્ત્રીઓ તો વધારે ગામડાની સ્ત્રીઓ પાસે જ આળેખાવે છે.

નવી ભાતમાં આટલી ભાત આવી છે: લોટકા, પાંચ-થડ, રેડિયો, ડોડકાં, માછલી, નાગણીઓ, ખરપિયા, કંકાવટી, ગૂંચળાં, મરઘલાં વગેરે. આ બધાં જ ભરતનો ટાંકો સાદો છે. દોરી (સાંકળી) એ આ ભરતની સુંદરતામાં વધારો કરનાર મુખ્ય અંગ છે. વળી તુનાઈથી ભરેલા કાચ (ખાંપ) તે ભરતમાં ઝળકતો આત્મા છે.

કાંટા, અડદિયા, જવલાં, અધાંખડી, ડોડવડી આ બધાં ભરતના નાના નાના પ્રકારો છે. તે ચણિયાના ઘાઘરાની સીવેલી કોર પછી બંને બાજુ આવે છે. ભરત ભરેલી કોર અને ઉપર ભરેલા પોતના ભરતને આ જુદું પાડે છે. આળેખેલી ભાત પર પ્રથમ પીળા દોરાની સાંકળી વડે સીકલ સિવાયના આકારને બાંધવામાં આવે છે. પછી તે આકારોમાં રંગરંગનાં પૂરણાં પૂરવામાં આવે છે. આ પૂરણાંમાં માત્ર ચાર રંગો જ વપરાય છે. એક આકારના લગભગ બે ભાગ કરી તેમાં બે જાતના રંગો પૂરવામાં આવે છે. લાલની સામે લીલો, ગુલાબી સામે ભૂરો. (વળી ઘણીવાર આખા એક પૂરણામાં એક જ ભરવામાં આવે છે. દા.ત. આંગળાંની ભાતમાં આખો પંજો એક જ રંગનો ભરવામાં આવે છે.) ચાર રંગોનું આખા ઘાઘરામાં એક હાર છોડી એક એમ એક મૂકીને એકનું પુનરાવર્તન થાય છે. એમ આખા ઘાઘરામાં રંગનું સુંદર સમતોલપણું જળવાઈ રહે છે. પૂરણાં સિવાયની જગ્યામાં સીકલ (કે ગોટી) ભરાય છે. તે હમેશાં ધોળા અને પીળા બે રંગના જ હોય છે. ધોળા રંગના સીકલમાં ભૂરા રંગનો કાચ હોય છે જ્યારે પીળા સીકલમાં ગુલાબી રંગનો. ઘણીવાર સીકલને પાંખડીવાળો ફૂલ જેવો અને વચ્ચે વચ્ચે કપાતો ભરે છે તેને 'બપોરિયો' કહે છે. માત્ર સાંકળીથી જ ભરેલી ગોટીને 'કચ્છગોટી' કહે છે. આ ભરત-પ્રકાર સીધો કચ્છમાંથી જ આવ્યો છે. તેમાં વચ્ચે ખાંપ ટાંકવામાં આવે છે.

ઘાઘરા-ચણિયાના ભરતમાં પૂરણાં ભરવાનું ભરત હીરથી જ ભરવામાં આવે છે ને આને લીધે જ સુંદર રીતે ભરેલો ચણિયો ઊડીને આંખે વળગે છે. આખા ચણિયામાં સીકલ અને દોરી સૂતરાઉ દોરાથી જ ભરવામાં આવે છે. તેના ધોળા ને પીળા રંગના ફાળકા આવે છે તેનાથી જ આ ભરાય છે ખાંપને પ્રથમ સૂતરથી ટાંકી, પછી હીરથી ભરવામાં આવે છે. હીરના રંગો ધીમે ધીમે પાંચ દસ વર્ષમાં ધોયા સિવાય જ ઝાંખા પડી જાય છે. સૂતરનો રંગ મોટે ભાગે જતો નથી. હીરનો રંગ ઊડી જતો હોવા છતાં હીર તેજદાર અને ચળકતું હોવાથી હીર ભરવાનો મોહ વધારે રહે છે. સાદા બંધવ્યા વગરના ચણિયામાં સૂતરનો ઉપયોગ થાય છે. તે પ્રૌઢ વયની સ્ત્રીઓ જ પહેરે છે.

ભરતનો આ એક બીજો પ્રકાર છે. તેને નાકાનું ભરત કહે છે. આપણે ત્યાં સિંધી લોકોએ આ ભરતનો ખૂબ જ પ્રચાર કર્યો છે. તે છે બાવળિયા, લાડવા, અદગલિયાં, પોટલિયાં, ચડકુડાં વગેરે. આ ભરત માત્ર સૂતરથી જ ભરાય છે. સિંધીઓ આને રેશમથી પણ ભરે છે. આ ભરતમાં એક જ રંગથી એક જ આકાર ભરાય છે. નાકાનું ભરત ભરવામાં ખૂબ કુશળતા માગી લે છે. તેમાં ત્રીબના ટેભાથી પ્રથમ ખાટલીઓ પાડીને આકાર આળેખે છે. તેના પર તાર બરોબર ગોઠવીને ક્રમ પ્રમાણે એક તાર પછી ઉપર નીચે થઇને ચલાય છે. તેમાં ત્રાગની ઉપર-નીચે, એની સુંદર ગોઠવણી થાય છે અને તેમાંથી અમુક ગોળ, હાંડા જેવો વગેરે વિવિધ આકારો ગોઠવાય છે. આ ભરવામાં મુશ્કેલી છે. વળી સૂતરથી જ ભરાતું હોવાથી ઝાંખું પણ લાગે છે, તેથી પ્રૌઢ ઉંમરની સ્ત્રીઓ જ તે ભરીને પહેરે છે. નાકાના ભરતમાં રંગનો ભભકો ઓછો છે. ભરત મુશ્કેલ તેમજ લાંબો સમય ચાલતું હોવાથી ઘેર દીકરી કે વહુ કામ કરનારી થાય ત્યારે જ પ્રૌઢ ઉંમરની સ્ત્રીઓ તે હાથમાં લે છે. તેઓ બદામ–વાટકા ને બાવળિયા સીકલના પણ પહેરે છે.

જુવાન સ્ત્રીઓ તો વાને વધતા ઘાઘરા અને ચણિયા પહેરે છે. તેની ભાતો પ્રણાલિકાથી ચાલી આવતી, પણ ભરવામાં સહેલી અને જલદી આવડે તેવી હોય છે. આ ભાતો બધી થઇને લગભગ ૨૫થી ૩૦ જાતની છે. તેમાં મુખ્યત્વે, વેલ, બુટી, ફૂલ, પાંદડી અને પંખીની ભાત ચણિયામાં પસંદ કરાય છે. પશુની ભાતને બહુ ભરીને પહેરતા નથી. હાથી ઘોડા, મરઘલ્યાં (હરણાં), મોર, ઢેલ વગેરેની ભાતવાળાં ભરેલાં પહેરવામાં ને ભરવામાં ઘણી સ્ત્રીઓ પાપ માને છે. તેમ છતાં હવે ઘણી સ્ત્રીઓ હાથી, મરઘલ્યાં, હોડકાં, માછલી, વગેરેના ભરેલાં ચણિયા-ઘાઘરા પહેરતી થઈ છે.

ભાતના નામ અને ઓળખ તેઓએ તેની આજુબાજુની ખુલ્લી કુદરતના વાતાવરણમાંથી જ લીધાં છે. કુદરતના આકારો પોતાના ભરતમાં પોતાના વિચારો પ્રમાણે, સારા લાગે તેવા આકાર પરથી મૂળ આકારનો થોડો ધ્વનિ રાખીને, વિચારપૂર્વક રૂપ સંયોજી કલ્પીને તેઓએ તે આકારને સુંદર દર્શનીય બનાવ્યા છે. પોતાની કલ્પના પ્રમાણેના આકારને ઊર્મિભર્યાં નામ પણ તે કોડીલી નારીઓએ આપ્યાં છે. સુગંધે મહેંકતાં ફૂલ, ફૂલવાડી વગેરેએ તેની કલ્પનાને રસભર બનાવી દીધી છે. સુગંધભર્યો કેવડો છોડ–લોકગીતો તેમજ ભરતમાંનો લોકકલ્પનાનો માનીતો છોડ તેના પરથી 'કેવડા ભાત'. 'અરધી ફૂલવાડી', તે બાગમાં રંગબેરંગી ફૂલો શોભતાં હોય અને તેથી જેવો બગીચો તેવાં જ રૂપ રંગે ભર્યો આ ચણિયો કે ઘાઘરો ભભકભરી રીતે બગીચાનો સુંદર ખયાલ આપે છે. વળી 'દાડમ', એ પાકેલાં અને પછી રસભર્યાં દાણાની ભીંસથી ફાટેલાં મીઠાં દાડમનાં જેમ બહારથી દાંત જેવા દાણા દેખાય, તેવો ખયાલ આપતા સુંદર બુટ્ટાવાળા ચણિયાને આ નારીઓ દાડમની જ ભાત કહે ને? 'પોયણા વેલ' તે કમળફૂલો પાંદડાંનાં ઝૂંડો વચ્ચે આવેલી ફૂલવેલને કહેશે. વળી ચમકતી ને ગતિમાન વીજળીને પકડીને નારીઓએ પોતાના ભરતમાં ભરીને નામ આપ્યું. 'વીજળી વેલ' એ જાણે ઊંધી-ચત્તી, ચત્તી-ઊંધી, દોટ દેતી હોય તેવી સુંદર લાગે છે. એ સિવાય ઝાડમાંથી 'લીમડો', કાતરા, લીંબોળી, પેપડી વગેરે સુલભ ફળોને સુંદર રીતે ગોઠવ્યાં છે. પંખીમાં મોર, પોપટ, ઢેલ અને ચકલી ભર્યા વગર ચાલે જ કેમ? વળી પશુ-પંખી સાથે નમણી નારી પણ દર્શનીય ખરી જ ને? તો તેને શું કામ બાદ રાખે? તેને પણ ભરી 'પાતળી પુતલડી' તરીકે. ભરતની ઘણિયાણી ભરત ભરીભરીને કરિયાવર લઇને સાસરીમાં આવે, પરણ્યા સાથે હેતપ્રીતે સંસાર માંડે, પણ જો તેમાં નારીનો જ કાળ થાય તો? મોર હોય તો પીંછાં તો ઘણાં. પરણ્યો બીજી લાવે તો તેનો બધો જ સરંજામ આવનારી શોકય જ વાપરે ને? તેથી ઘાઘરે ઘાઘરે વીંછી તો તે ભરે જ! ને મરતી મરતી ય કહેતી જાય 'મારો ઘાઘરો જે આવનારી પહેરશે તેને સાથળમાં વીંછી ટચકાવશે'. કે પછી વીંછી ભરવામાં જાતીય ઉદ્દીપનનું પ્રતીક હશે? એ તો જે હોય તે, પણ દરેક ઘાઘરા-ચણિયામાં વીંછી તો ભરેલો જોવા મળશે જ! માનવના શરીરના જુદાજુદા ભાગો પણ કળામય છે. નિત્ય નવું સર્જન કરનાર હાથનો પંજો, કૂતરાનાં પગલાં, મરદની વાંકડી મૂછો, આ બધું જ પોતાની ભરીભરી કલ્પના પ્રમાણે આળેખીને પોતાના શણગાર માટે ભરે છે. વળી ઘર-વપરાશનાં સાધનો પણ ભરવામાંથી કેમ બકાત રખાય? 'દાતરડું' 'વાટકો' 'કરતાલું' 'લોટકો' વગેરે નાજુક છતાં બહોળી કલ્પનામાં કંડારીને નારીએ બધું ભરી-ચીતરીને જીવન રસમય બનાવી દીધું છે.

આમ સૌરાષ્ટ્રની નારી ખેતમજૂરી સાથે પોતાના નવરાશના વખતમાં પોતાનાં સર્જક આંગળાથી દેહ, ઘર ને પશુ એમ બધાંની શોભા વધારતી જ જાય છે. કુદરતમાં જે વસ્તુ પડી છે તેનું સમજીને મૌલિકતાભર્યું અનુકરણ કરી સમગ્ર સમાજની નારી માટે તે વસ્તુ તેણે ધરી દીધી છે. ભાતને શોધનાર ગોઠવનાર, રચનાર, એ કલાકાર નારીએ પોતાનો એ ભાત ઉપર કશો જ હક્ક નથી રાખ્યો, પણ છૂટે હાથે, મોકળે દિલે પોતાની બનાવેલી ભાત અન્ય નારીઓના શણગાર માટે આપીને તે કૃતકૃત્ય બની છે.

ગોળ અને ખાંડ

શેરડીના રસનાં બધાં ખનિજદ્રવ્યો
ક્ષારો અને ખાદ્યપ્રાણો ગૉળમાં જળવાઈ રહે છે.
ગૉળ ખરેખરો પોષણદાતા છે—
જ્યારે ખાંડ માત્ર ગરમી આપનાર પદાર્થ જ છે.
'સોના જેવો ગૉળ' છે
અને 'સફેદ ઝેર જેવી ખાંડ' છે.

ખાંડ એટલી દાહક છે કે વારંવાર
ખાંડમાં હાથ નાખનારને ચામડીના રોગ થાય છે.
વધારેપડતી ખાંડથી હોજરીની આંતરત્વચાનો
દાહ થાય છે; અને ખાંડથી
સ્વાદનું સૂક્ષ્મ ઇન્દ્રિયજ્ઞાન બુઠ્ઠું થઈ જાય છે.
અને છતાં,—તમે આ જાણો છો? કે

ભારતભરમાં ગુજરાતીઓ સૌથી વધારે ખાંડ ખાય છે!

મધ તો આપણે મોટે ભાગે દેશી ઔષધ પૂરતું જ વાપરીએ છીએ; બાકી ગળપણ માટે ગૉળ અને ખાંડ વપરાય છે. આમાંયે ગૉળ કરતાં ખાંડ વિશેષ. આનાં બે કારણો છે: એક તો ખાંડનો ઊજળો રંગ અને બીજું ગૉળ કરતાં તેનું વધારે ગળપણ.

ગૉળ અને ખાંડ એ તાત્કાલિક મળી શકે તેવા સંઘટિત (કૉન્સેન્ટ્રેટેડ) કાર્બોહાઇડ્રેટ્સ છે. એમનું આહારમૂલ્ય મુખ્યત્વે શક્તિ-ઉત્પાદક તરીકે છે. એક દૃષ્ટિએ તો તે સારા ઉત્તેજકનું કામ ઉપાડે છે. પણ ગૉળ કરતાં ખાંડનો અતિશય વપરાશ કાબૂમાં રાખવાનો છે, કેમકે વધારે દારૂના વ્યસનની જેમ એ પણ આરોગ્યને ઘણી નુકસાનકારક છે.

ગૉળ

શેરડીના રસમાંથી ઘણુંખરું પાણી ઉડાડી દઇને બનાવેલો ગૉળ તદ્દન કુદરતી ગળપણ છે. શેરડીના રસનાં બધાં ખનિજદ્રવ્યો, ક્ષારો અને ખાદ્યપ્રાણો એમાં જળવાઈ રહે છે.

શેરડીના રસની જેમ તાડ અને નાળિયેરના રસમાંથી પણ ગૉળ બને છે. આ બધા ગૉળમાં ઈક્ષુશર્કરા (સુક્રોઝ)નું પ્રમાણ આ પ્રમાણે છે: નાળિયેર ૮૫ ટકા, તાડ ૮૨ ટકા, શેરડી ૭૦ ટકા અને ખજૂરી ૫૫ ટકા. ગૉળની રસીની જેમ ગૉળમાં પણ વિટામિન 'બી-૧', 'બી-૨', 'સી' અને અલ્પ પ્રમાણમાં વિટામિન 'એ'ના પૂર્વરૂપ કેરોટિન છે. એક અધોળ ગાળમાંથી સો ઉષ્ણાંક મળે છે.

ગૉળના ગળપણમાં એક પંચમાંશ દ્રાક્ષશર્કરા છે. આપણે આગળ જાણી ગયા છીએ કે દ્રાક્ષશર્કરા (ગ્લુકોઝ) સીધી લોહીમાં ભળે છે, એટલે શરીરને તેના પાચનનો શ્રમ ઉઠાવવો નથી પડતો. આમ, સરખા પ્રમાણના ગૉળ ને ખાંડમાં, ગૉળ જલદી અભિશોષાય છે. ડૉ. અનસારી લખે છે: 'ખાંડ કરતાં ગૉળનું પોષણમૂલ્ય ૩૩ ટકા વધારે છે.' ખાંડમાં દ્રાક્ષશર્કરા બિલકુલે ય નથી, ફક્ત ઈક્ષુશર્કરા ૯૯·૪ ટકા પ્રમાણમાં છે, જે પચાવવા માટે આંતરડાને શ્રમ ઉઠાવવો પડે છે.

ગૉળના સો ગ્રામના જથ્થામાં ૧૮૦ મિલિગ્રામ પ્રમાણમાં ખનિજદ્રવ્યો છે. આમના લીધે જ ગૉળને વિશિષ્ટ રંગ મળે છે. આવા રંગને લીધે ગૉળ આપણને મેલો, અસ્વચ્છ કે ગંદો લાગે છે; પણ આ સમજ કેટલી ભૂલભરેલી છે તે હવે સ્પષ્ટ થશે.

સુશ્રુત અને ભાવમિશ્ર ગૉળને 'વૃષ્ય અને બલ્ય' કહે છે. સુશ્રુત જૂના ગૉળને 'અધિક ગુણવાળો અને અત્યંત પથ્ય' ગણાવે છે (સૂત્ર૦ ૧૪૪·૧૪૫). વાગ્ભટ્ટ પણ જૂના ગૉળને 'હૃદયને હિતકારી' લેખે છે. ચરક ને ભાવમિશ્રે ગૉળને 'પુષ્કળ મેદ ને માંસ કરનાર' વર્ણવ્યો છે.

ગૉળનું ખરું આહારમૂલ્ય પારખનાર તો ભાવમિશ્ર છે. આદુ, હરડે અને સૂંઠની સાથે ખાધેલો ગૉળ અનુક્રમે કફ, પિત્ત અને સઘળા પ્રકારના વાયુ મટાડનાર હોવાથી ત્રણે પ્રકારના દોષનો નાશ કરનાર ગૉળને તેમણે दोषत्रय क्षयकराय नमो गुडाय કહી સાદર પ્રણામ કર્યા છે. ધન્ય છે આપણા આ પ્રાચીન આહારશાસ્ત્રીને.

'ગૉળ ખાવામાં સ્વાદિષ્ટ છે.' (ગાંધીજી). 'સફેદ ખાંડ કરતાં ગાળ જલદી પચે છે' (ડૉ. અનસારી). 'લાલ ખાંડ જેને હિન્દુસ્તાનમાં ગૉળ કહે છે અને જે શુદ્ધ કરવામાં નથી આવતી તે ખાવામાં વધારે સારી છે. શુદ્ધ કરેલી સફેદ ખાંડ ત્યાજ્ય છે' (બ્રિટિશ મેડિકલ જર્નલ). 'ખાંડમાં તો આ બધાં પ્રોટીન, ખનિજદ્રવ્યો ને ક્ષારોનો અભાવ છે, એટલા માટે ગૉળ ખાંડ કરતાં હમેશાં વધારે સારો છે' (ડૉ. એહુરૉઈડ). ગૉળ વિષે સમ્માનીય પુરુષો અને આહારશાસ્ત્રીઓના આવા અભિપ્રાયો હોવા છતાં રૂપ, રંગ અને સ્વાદમાં સોહામણી ખાંડે ગૉળને આજે વપરાશમાંથી હઠાવી દીધો છે. હા, હજુ ગામડાંઓમાં ગૉળની પરંપરાગત આહાર-વિશેષતા થોડી ટકી રહી છે. માંદાં માણસો, પ્રસૂતા અને ધાવણ આપતી સ્ત્રીઓને ખાવામાં ખસૂસ ગૉળ અપાય છે, તો ચણા, કોપરું ને મગફળી સાથે ગૉળના નાસ્તાની પોષણમૂલ્યતા સ્વીકાર્ય રહી છે. ગામડાંઓમાં દાળ અને શાકમાં ગૉળનો વપરાશ ચાલુ રહ્યો છે. પુષ્ટિ મેળવવા મજૂરવર્ગ રોજ ગૉળનો ઉપયોગ કરે છે, તેમજ ચાલવાનો કે મજૂરીનો શ્રમ નિવારવા સદ્ય શક્તિદાતા ગૉળનું પાણી પીવાનો રિવાજ પણ જાણમાં છે.

ખાંડ સાથેની હરીફાઈમાં ગૉળની ઘટતી નિપજ અંગે ચિંતા વ્યક્ત કરતાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ ૧૯૩૫માં લખ્યું હતું: 'જો ગ્રામવાસીઓ ગૉળ બનાવવાનું છોડવા લાગ્યા છે તેમ છેક જ છોડી દેશે તો તેમનાં બાળકોના ખોરાકમાંથી એક અગત્યની વસ્તુ નીકળી જશે. તેઓ પોતે કદાચ ગૉળ વિના ચલાવી શકશે, પણ તેમનાં છોકરાંના શરીરને ગૉળ વિના હાનિ થયા વિના નહિ રહે. બજારુ મીઠાઇ અને ખાંડ કરતાં ગૉળ ચડિયાતો છે.'

શેરડીના રસમાંથી જ બનતાં ગૉળ અને ખાંડના ગુણમાં આભ-જમીનનો ફેર છે. ખનિજદ્રવ્યોથી ભરપૂર ગૉળ પોષણદાતા છે, જ્યારે ખાંડ તો માત્ર ગરમી આપનાર નર્યો કાર્બોહાઇડ્રેટ પદાર્થ જ છે. શ્રી મહાવીરપ્રસાદ પોદારના શબ્દોમાં કહીએ તો 'સોના જેવો ગૉળ' ને

'સફેદ ઝેર જેવી ખાંડ' છે. વળી ખાંડ કરતાં ગૉળ સસ્તો છે એમ નથી લાગતું? રોજિંદા વપરાશમાં ગળપણનો પદાર્થ સ્વીકારવામાં રૂપને બદલે ગુણ જોવાનો વિવેક આપણે રાખવાનો છે.

ખાંડ

ઠેઠ ઈ.સ. પૂર્વે ૮૦૦થી હિંદમાં સાકર જાણીતી છે. ભારતમાં શેરડીનું વાવેતર થતું ને તેના રસમાંથી ખાંડ (બૂરું ખાંડ) અને સાકર બનાવાતાં. શેરડી ઉગાડવાની ને સાકર બનાવવાની વિદ્યા હિંદે જ ચીનને શીખવી છે. હિંદમાંથી શેરડીનું વાવેતર ઈરાન અને ઇજિપ્તમાં થઈ ભૂમધ્યમાં ગયું, જ્યાં વેનિસમાં શેરડીનો ઉદ્યોગ છ સૈકા સુધી કેન્દ્રિત રહ્યો. તેરમી સદીમાં વેનિસથી ખાંડ ઇંગ્લંડમાં ગઈ અઢારમી સદીના અંત સુધી તો ત્યાં કેવળ શ્રીમંતોના જ શોખને પરવડે એટલી એ મોંઘી હતી. પણ આજે તો શેરડીનું વાવેતર વધવા સાથે વિપુલ પ્રમાણમાં ખાંડનું ઉત્પાદન કરવાની સહેલી રીત શોધાવાથી ખાંડ સૌ કોઇને પરવડે એવી અનિવાર્ય વપરાશની ચીજ થઈ પડી છે.

જૂના જમાનામાં બૂરું ખાંડ અને ચીની સાકર ગૉળમાંથી બનતાં; આજે શેરડી, બીટરૂટ વગેરેમાંથી યંત્રો દ્વારા વિશુદ્ધ ખાંડ બને છે. શેરડી અને બીટના રસને થોડા ચૂના સાથે ઉકાળીને અશુદ્ધિઓ દૂર કરી, વધારાનું પાણી ઉડાડી દીધા બાદ રહેલા દ્રાવણને હાડકાંના કે વનસ્પતિના કોલસા વડે સફેદ બનાવીને ઠરવા દેવાથી દાણાદાર ખાંડ બને છે, જે માત્ર નર્યો ગળ્યો કાર્બોહાઇડ્રેટ પદાર્થ છે. જેમ માખણ અને ઘી એ શુદ્ધ ચરબી દ્રવ્યો છે, તેમ ખાંડ એ શુદ્ધ કાર્બોહાઇડ્રેટ છે. તેમાં ૦.૯૧ ટકા પાણી, ૯૭.૬૯ ટકા ઇક્ષુશર્કરા અને માત્ર નામનાં ૦.૫૯ ટકા પ્રમાણમાં ખનિજ-દ્રવ્યો છે. ખનિજ-દ્રવ્યોથી ખાંડ સદંતર મુક્ત હોવાથી એ કુદરતી ગળપણ નથી; શુદ્ધિકરણની ક્રિયા બાદ તે ચોખ્ખો રાસાયણિક પદાર્થ બની રહે છે. એમાં માત્ર કાર્બોહાઇડ્રેટની સમૃદ્ધિ છે, જે શરીરને ગરમી અને શક્તિ આપે છે.

નાના કે મોટા દાણાની ખાંડના ગળપણમાં ફેર પડતો નથી, પણ મોઢામાં જે ઝડપથી ખાંડ ઓગળે તે પ્રમાણમાં તેનું ગળપણ સમજાય છે; આ કારણે નાના દાણાની ખાંડ વધારે ગળી લાગે છે. એક ઔંસ ખાંડમાંથી ૧૧૬ ઉષ્ણાંક મળે છે.

ચરક, સુશ્રુત અને ભાવમિશ્રે એમના જમાનાનાં ખાંડ-સાકરને 'ઉત્તરોત્તર મધુર, પુષ્ટિકારક, બળ આપનાર, વીર્યવર્ધક, તરસને શાંત કરનાર અને ઊલટી મટાડનાર' કહ્યાં છે.

ઘઉં, બાજરી ને બટાટાની જેમ જ ખાંડ કાર્બોહાઇડ્રેટ પદાર્થ છે. પણ આ પદાર્થો એકલા જ શરીરમાં ગરમી અને શક્તિ આણે છે એવું પણ નથી. ચરબીથી પણ શરીરમાં ગરમી પેદા થાય છે. જોકે આમ થતાં વાર લાગે છે પણ એની અસર લાંબી રહે છે. ભૂકો કરેલો કોલસો અગ્નિ ઉપર નાખતાં જેમ જલદી ભડકો થઈ થોડા વખત માટે સખત ગરમી આપે છે, એના જેવી ખાંડની અસર છે.

ખાંડ (અને ગૉળ)નું નાનાં આંતરડાંમાં પાચન થયા બાદ લોહીમાં શોષણ થાય છે. હચિન્સન લખે છે કે 'નાનાં આંતરડામાં આ પાચનની ક્રિયા એટલી ઝડપથી થાય છે કે તેના અને પૂર્વપચનીય રૂપ ગ્લુકોઝના શોષણમાં થોડોક જ ફેર પડે છે.'

લોહીમાં ગયા બાદ ખાંડનું રૂપાંતર ગ્લાઇકોજેનમાં થઈ ભવિષ્યના વપરાશ માટે કલેજામાં કે માંસપેશીઓમાં સંઘરાય છે. આ અભિશોષણની મર્યાદા વ્યક્તિગત છે. કેટલાંક માણસો ખાંડનું આ રૂપાંતર સારી રીતે કરી શકે છે. મોટા ભાગનાં માણસો સો ગ્રામ (સાડા ત્રણ ઔંસ) અરે, બસો ગ્રામ ખાંડ સારી રીતે અભિશોષી શકે છે; પણ જો વ્યક્તિ મધુમેહની રોગી હોય તો ખાંડના થોડા પ્રમાણનું પણ યોગ્ય અભિશોષણ નહિ થવાથી તે પેશાબ વાટે બહાર ફેંકાઈ જાય છે.

હચિન્સન લખે છે કે કોઈ પણ માઠી અસરો વિના માણસ રોજની ચાર ઔંસ (પાશેર) ખાંડ લઈ શકે છે. પણ આ પ્રમાણનો આધાર મોટા ભાગે માણસના શારીરિક શ્રમ ઉપર નિર્ભર છે. દિવસભરમાં એકસરખા પ્રમાણમાં ખોરાક સાથે ખાંડ ખાવામાં આવે તો વધારે પ્રમાણમાં પણ ખાધેલી ખાંડનું અભિશોષણ થઈ શકે છે.

કાર્બોહાઇડ્રેટ પદાર્થો માંસપેશીઓને શક્તિ આપનારા ખોરાક છે. આમાં ખાંડ (અને ગૉળ પણ) સહેલાઈથી અને ઝડપથી લોહીમાં શોષાતાં હોવાથી તે આ કામ ઘણું સારું ઉપાડે છે. ઉપવાસ, પુષ્કળ થાક અને મધુમેહની ચિકિત્સામાં ઈન્સ્યુલીનની વધારે માત્રા વખતે લોહીમાં શર્કરાનું ઝડપથી પ્રમાણ વધારવા ખાંડનો ખાસ ઉપયોગ છે. હૃદયના કોક રોગમાં હૃદયની માંસપેશીઓની નબળાઈ વખતે તાત્કાલિક શક્તિ માટે ગળપણની અગત્ય રહે છે. કલેજા ને પિત્તાશયના રોગોમાં પણ ચરબી અપથ્ય હોવાથી આહારમાં ઉષ્ણાંક વધારવા વધારે કાર્બોહાઇડ્રેટ પદાર્થો આપવામાં ગળપણનું ખાસ સ્થાન છે.

બાળકોમાં ખાંડ કફ કરનારી મનાતી હોઈ પતાસાં વાપરવાનો સામાન્ય રિવાજ છે. પતાસાં અને સાકર બનાવવામાં ખાંડમાં થોડો ફેરફાર થાય છે એટલે તે બાળકો ને રોગીઓ માટે પથ્ય નીવડતાં હશે.

વધારે પ્રમાણમાં ખાંડનું પાણી દાહક છે, તો વળી ખાંડમાં વારંવાર હાથ ઘાલનારને ચામડીના રોગ થઈ આવે છે. પેટમાં પણ વધારે ખાંડના આ જ અવગુણ છે. તેનાથી હોજરીની આંતરત્વચાનો દાહ થાય છે, પુષ્કળ શ્લેષ્મ (મ્યુકસ) અને અતિઆમ્લિક પાચક રસ સ્રવે છે. બ્લાન્ડલના પ્રયોગોમાં સાબિત થયું છે કે ખાંડના ૫.૭ ટકા દ્રાવણથી કૂતરાની હોજરીના આંતરત્વચા લાલ બની, ૧૦ ટકા દ્રાવણથી એટલો દાહ ઊપજ્યો કે આંતરત્વચા ઘેરી લાલ બની અને ૨૦ ટકા દ્રાવણથી દુઃખ અને પીડા પેદા થયાં. ખાંડથી હોજરીમાં વિપાક (ફર્મેન્ટેશન) થવાથી પણ દરદ ઊપજે છે. હચિન્સન લખે છે: 'આહારની સાધારણ ખાંડથી હોજરીના પાચક રસની અમ્લતા ઘટે છે. હોજરીમાંથી ખોરાક ખાલી થતાં વાર લાગે છે. અતિ અમ્લતા (હાઈપર ક્લોરાઈડિયા)થી પીડાતી વ્યક્તિ ખોરાક સાથે મીઠાઈ વગર પીડાએ ખાઈ શકે છે, બાકી પાચકરસના ઓછા સ્રાવવાળાને તે પથ્ય નથી નીવડતી'. અતિ-અમ્લતા, પેટમાં વાયુ, બંધકોશ, અતિસાર, અજીર્ણ અને મેદવૃદ્ધિના રોગીઓ વધારે ગળપણ ખાતા હોવાનું જાણવા મળે છે. જાણવા જેવું છે કે ખાંડથી ભૂખ બગડે છે, શરીરને પૂરતું પોષણ મળ્યા વિના જ ભૂખ સંતોષાઈ જાય છે. ખાંડથી ખોરાકનો કુદરતી સ્વાદ ઢંકાય છે, સ્વાદનું સૂક્ષ્મ ઇન્દ્રિય જ્ઞાન બુઠ્ઠું થઈ જાય છે અને તે ખાવાની વખળચા થાય છે. મધુમેહના રોગીને ખાંડ (અને ગૉળ પણ) નકામી છે. સાંધાના સોજાના રોગીને પણ તે પથ્ય નથી.

દુનિયામાં હમણાં ખાંડ વધારે પ્રમાણમાં ખવાય છે. ઇંગ્લંડમાં અઠવાડિયામાં માથાદીઠ બે રતલ ખાંડ ખવાય છે, ને અમેરિકામાં તો એથી યે વધારે. આપણી લોકસભામાં ૧૯૬૧માં થએલા પ્રશ્નોત્તર દરમિયાન આપેલી માહિતીના આધારે ભારતભરમાં ગુજરાતીઓ સૌથી વધારે ખાંડ ખાય છે.

આહારમાં વધારેપડતા ખાંડના પ્રમાણ તરફ આહારશાસ્ત્રીઓ સારાંક જોઈ રહ્યા છે. હચિન્સન ખાંડ અણમાનીતી થવાનાં ત્રણ કારણો દર્શાવે છે: ૧) ખાંડથી ગરમી મળે છે. એનાથી જો પેટ ભરવામાં આવે તો પ્રોટીન, ખનિજદ્રવ્યો તેમજ વિટામિનોવાળા ખોરાકો ઓછા કે સદંતર ન ખવાય. ૨) અમેરિકાના દાંતના દાક્તરોના કથન મુજબ ખાંડથી સડો થાય છે; અને ૩) તેનાથી મધુમેહ રોગ થાય

છે. આ જોકે ખરું કે ખોટું ઠર્યું નથી, પણ એ શક્ય છે કે લોહીમાં ગ્લુકોઝનો ઓચિંતો ભરાવો થવાથી અગ્ન્યાશય (પૅન્ક્રીઆસ)ના ઇન્સ્યુલિન સ્રાવ પેદા કરતા કોષો ઉપર તાણ પડે છે. ખાંડનો આહાર વધવા સાથે અમેરિકામાં મધુમેહનો રોગ થોડોક વધ્યો છે, પણ આ બન્ને આકસ્મિક રીતે જોડાવાથી એમના સંબંધની કોઈ સાબિતી થતી નથી. આજના જમાનામાં ખાંડ ખાવાનું તદ્દન બંધ કરવું એ તો અસંભવિત છે, પણ શક્ય ભય પરત્વે ચોકતા રહેવું ડહાપણભર્યું છે.'

ખાડ અને દાંતના સડાનો સંબંધ તો પ્રયોગોથી સાબિત થયો છે. સ્વીડનની એક ઑસ્પિટલના મગજની અસ્થિરતાવાળા છસ્સો રોગીઓને ઑસ્પિટલનો સાદો ખોરાક આપતાં દાંતનો સડો નજીવા પ્રમાણમાં હતો, પણ જેવી પાઉં સાથે ખાંડ આપવા માંડી કે રોગનું પ્રમાણ વધ્યું; અને જ્યારે બે ભોજન વચ્ચે ચીકણી મીઠાઈ આપવી શરૂ કરી ત્યારે તો સડાનું પ્રમાણ ઘણું વધી ગયું. સડાનું પ્રમાણ વધવા માટે ખોરાકના બે ટંક વચ્ચે ખાંડ વધારે પ્રમાણમાં જ જોઇએ એવું પણ નથી. સડો આણનાર રોજિંદો પ્રમાણ-વધારો નહિ પણ તેનો વારંવારનો ઉપયોગ છે.

ખાંડ « બાળકોના દાંત બગડવાની વાત તો ચોક્કસ છે. હચિન્સન લખે છે કે '૧૯૩૯ થી ૧૯૪૫ સુધીનાં મહાયુદ્ધનાં વર્ષોમાં ખાંડની અછત હોવાથી બાળકોના દાંત સુધર્યા. રૅશનિંગ બંધ થઈને ખાંડની છૂટ થતાં બાળકોન દાંત બગડવા માંડ્યાની હકીકત ગ્રેટ બ્રિટન અને નૉર્વેમાંથી જાણવા મળી છે.'

બાળકોના દાંત બગાડનાર મુખ્યત્વે ટૉફી અને ચૉકલેટ છે. ચૉકલેટમાં ૪૫ ટકા ને ટૉફીમાં ૯૦ ટકા ખાંડ હોય છે. મીઠાઈ, ચૉકલેટ કે ટૉફી ખાધા બાદ પણ તે દાંત ઉપર ચોંટી રહે છે. ટૉફી વગેરેની ખાંડના સંપર્કથી મોંમાંના જીવાણુઓ થોડી જ મિનિટોમા લૅક્ટિક ઍસિડ પેદા કરે છે, જેનાંથી દાત ઉપરનું વજ્ર જેવું કઠણ ઇનૅમલનું પડ તૂટે છે. આ પછી મોંના બીજા જીવાણુઓ દાંતની અંદર પ્રવેશી બધે ફેલાઈ જઈને છેવટે દાતનો સડો પેદા કરે છે.

મોટી ઉમરના માણસોમાંપણ વારંવાર ચા પીવાની કે મીઠાઇ તથા ગળ્યું ખાવાની ટેવ, બાળકોની જેમ જ સડો થવાના કારણરૂપ બને છે.

ટૉફી, ચૅાકલેટ ને મીઠાઇ ખાધા કે ચા પીધા બાદ જો પાણી ને આંગળી વતી દાતની બધી ધારો ઘસીને સાફ કરવામાં આવે તો દાંતનો સડો લાગુ ના પડે એ પણ ચોક્કસ બાબત છે.

ખાંડની વિરુદ્ધમા લંડન યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પ્લીમરનો 'હરિજનબંધુ'મા પ્રકટ થએલો અભિપ્રાય જોઇએ:

'બાર્કર અને હૉફમૅનના આકડા બતાવે છે કે આખી દુનિયામાં કૅન્સર અને મધુમેહનું પ્રમાણ વધતું જાય છે, અને તેની સાથેસાથે એટલા જ પ્રમાણમાં મેંદો અને ખાડ વધારે ખવાતાં થયાં છે. આવા આહારમાં વિટામિન 'બી'ની ખામી હોય છે, એટલે તેમાંથી દરદનાં જે પ્રારંભિક ચિહ્નો દેખાય છે તે આખરે કદાચ કૅન્સર કે મધુમેહનું રૂપ ધારણ કરે એવો સંભવ રહે છે...તૈયાર ખાદ ખાવી યોગ્ય નથી. આપણને ખરી જરૂર તો ખાંડ બનાવતાં જે કૂચા ફેંકી દેવામાં આવે છે તેની જ હોય છે....સફેદ ખાંડ એ સ્વાભાવિક ખોરાક નથી!'

ઓછાં વિટામિનોવાળા કે તે વગરના ત્રણ કાર્બોહાઇડ્રેટ ખોરાકો છે: મેંદો, પૉલિશ કરેલા ચોખા અને ખાંડ. આ પદાર્થો જેટલા વધારે ખવાય એટલા પ્રમાણમાં શરીરને વિટામિન 'બી-૧' ઓછું મળે છે, જેના લીધે કાર્બોહાઇડ્રેટ પદાર્થના ચયાપચય (મેટાબૉલિઝમ)માં બગાડો થાય છે. મૅકૅારસનના કથન મુજબ 'કાર્બોહાઇડ્રેટ જેમ વધારે ખવાય તેમ વિટામિન 'બી ૧'ની વધારે જરૂરત રહે છે. એના અપૂરતા પુરવઠાની અસરોમાં ભૂખનાશ, પાચનમાં ઢીલ, બંધકોશ, માના ધાવણમા એની અછતને લીધે શિશુની વૃદ્ધિમાં વિલંબ, મનોદૌર્બલ્ય, જોમ તથા વજનનો ઘટાડો ને થાક છે. શિશુમાં બેચેની, ચીડિયાપણુ અને ફિક્કાશ હોય છે. ધાવણના સ્રાવ સાથે આ વિટામિન સંબંધમાં છે, એટલે સ્તન્યપાનના કાળમાં આની વધારે જરૂર રહે છે.'


ઊછરતા બાળકમા શક્તિનો ઘણો વ્યય થાય છે. તે ભરપાઈ કરવા અજાણ્યે પણ બાળક ગળપણ ખાવા તરફ વળે છે. આ સમયે તેને ખાંડના પદાર્થો વધારે આપવા કરતાં મધ, સૂકાં ફળ અને ગોળ આપવાં હિતાવહ છે. એમાંથી એમને ગળપણ સાથે ચરબી, ગરમી અને શક્તિ પણ સંતોષકારકરીતે મળી રહેશે.

કુદરત આપણને વિધવિધ ગળપણ આપવામાં દયાળુ છે. ફળ આદિના શર્કરાઓ શરીરના વપરાશમાં આવે એવી તૈયાર છે, વળી તે ગુણકારી અને પોષણદાતા પણ છે; જ્યારે આપણે બનાવેલાં ગળપણ સંઘટિત હોઈ પાચનતંત્ર ઉપર બોજો કરે છે. તેમનું અ-મિત પ્રમાણ હાહક નીવડે છે. વિશુદ્ધ કરેલી ખાંડને ઝેર સમાન ગણવાની કોઈ જરૂર નથી. હા, આટલું યાદ રાખવાની જરૂર છે કે ખાંડ એ ચોખ્ખી અને અતિ ઘટ્ટ ઈક્ષુશર્કરા (સુક્રોઝ) છે. કુદરતના કોઈ પણ ગળ્યા પદાર્થમાં શર્કરા આટલા સંઘટિત રૂપમાં નથી. શેરડીમાં ઇક્ષુશર્કરા ૧૮ ટકા પ્રમાણમાં છે, તો બીટરૂટમાં માત્ર ૧૫ ટકા, જ્યારે ખાંડમાં આનું પ્રમાણ ૯૭ ટકાની આસપાસ છે!

ગૉળ અને ખાંડના આપણા રોજિંદા વપરાશમાં કુદરતના ગળ્યા પદાર્થોના ગળપણનું પ્રમાણ આપણું માર્ગદર્શક બને એ ઇચ્છનીય છે.

કૌશલ(જાદુ)કળા-૨


જાદુગર પ્રેક્ષકોની સામે રંગમચ પર એક મોટું ખોખું લાવીને મૂકે છે અને પોતાના મદદનીશને તેમાં બેસાડે છે. ખોખું એટલું મોટું–ઊંચું છે કે અંદર બેઠેલા માણસનું માત્ર માથું જ બહાર દેખાય છે. જાદુગર હવે એના પર એક કપડું ઓઢાડી દે છે અને પછી બહુ અદાથી એ કપડામાં ઢંકાએલા એના મદદનીશના માથામાં છરીઓ ખોસવા માંડે છે. કોઈ પ્રેક્ષક પાસેથી ચપ્પુ લઇને એ પણ પેલાના માથામાં ખોસી દે છે...



...જાદુગરની ભાષામાં કહીએ તો 'જાનના જોખમવાળા' આ ખેલનું રહસ્ય અતિશય મામૂલી છે. પ્રેક્ષકોને જે આકર્ષી રાખે છે એ તો છે એની સિફતભરી રોમાંચક રજૂઆત. વસ્તુત: જ્યારે જાદુગર મદદનીશના માથે કપડું ઢાંકતો હોય છે ત્યારે ખોખામાં બેસનાર માણસ પોતાના માથાને સ્થાને તરબૂચ કે કોળું ગોઠવી દે છે, ને પોતે આરામથી ખોખામાં લેટી જાય છે. છરીચપ્પાં પાછાં ખેંચી લઈ જાદુગર જ્યારે પડદો ઉપાડે છે ત્યારે એ ફરી પાછો પોતાને સ્થાને આવી જાય છે ને આવરણ દૂર થતાં અદાથી ખોખાની બહાર આવે છે. ઉપરની ક્રમબદ્ધ આકૃતિઓ ખેલ સમજવામાં મદદ કરશે. —નિરંજન ઠક્કર

ઊંટ લામા આલ્પાકા

લેખક · અવંતીલાલ વસાવડા



ઉપર: વિકુના, આલ્પાકા અને ગ્વાનકો. નીચે: 'ડ્રોમેડરી' અને બે ખૂંધવાળા 'બેક્ટ્રિયન' ઊંટ. વિકુના અને ગ્વાનકો બંને જંગલી જાત છે. વિકુનાનું ઊન ઉત્તમોત્તમ ઊનથી પણ વધુ પાતળું ને સુંવાળું હોય છે. ગ્વાનકોનાં બચ્ચાનું ઊન પણ સારું ગણાય છે. આલ્પાકા કદમાં આ બધાથી નાનું ને ઘેટાની વધારે નજીકનું લાગે. એના સુંવાળા રેશમી ઊનનો ઘણો વધુ ઉતાર ઊતરતો હોવા ખાતર જ એનું પાલન થાય છે.

હિમાચ્છાદિત પ્રદેશ માટે જેમ રેઈન્ડીઅર ઉપયોગી જણાયું છે તેવી જ રીતે પૃથ્વીના પટ પર રેતાળ રણપ્રદેશમાં ભારવહન માટે ઊંટ જેવું અન્ય ઉપયોગી પ્રાણી મળે તેમ નથી. રેતીમાં જ્યાં ખરીવાળાં બીજાં જાનવરો સહેલાઈથી ન ચાલી શકે ત્યાં ઊંટ પોતાનાં ચપટાં, જાડાં, ગાદીવાળાં તળિયાંને લીધે ઝડપથી ચાલી શકે છે. વળી, તેનાં નસકોરાંનાં દ્વાર પર ખાસ પ્રકારનો પડદો હોવાથી એ પોતાના નસકોરાં તદ્દન બંધ કરી શકે છે. એથી રણમાં ઊડતી રેતી નાકમાં જઇ શકતી નથી. રણપ્રદેશમાં દિવસે ગરમી ને રાતે ઘણી ઠંડી હોય છે, પણ ગરમી શરદીનો આવો મોટો ફેરફાર તેને અસર કરતો નથી. એના પેટમાં વાદળી (sponge) જેવા કે.ષ હોય છે. પાણી પીતી વખતે ધરાઇને પીવાય તેટલું પીને તે આ કોષોમાં પાણી સંઘરી રાખે છે અને તેથી શુષ્ક પ્રદેશમાં પાંચ છ દિવસ પાણી પીધા સિવાય ચલાવી શકે છે. હરિયાળા પ્રદેશમાં જો તે ચરતું હોય તો તો એથી યે વધુ દિવસો સુધી પાણી વિના એને ચાલે છે. એની ખૂંધમાં ચરબીનો સંગ્રહ થાય છે તેનો તે ખોરાકની ઊણપ કે અછત વખતે ઉપયોગ કરે છે. એ વખતે ખૂંધ નાની થતી જાય. શરીરની આંતરિક ચરબી ખોરાક તરીકે વપરાય ત્યારે તેમાંથી પુષ્કળ પાણી પેદા થાય છે. ચરબીનો આવો ઉપયોગ તૃષા છિપાવવા સાથે અનુસંબંધિત છે. ઊંટ કાંટાળી વનસ્પતિ ખાઈ શકે છે. એક ખૂંધવાળું 'ડ્રૉમેડરી' (Dromedary) અને બે ખૂંધવાળાં 'બેક્ટ્રિયન' (Bactrian) એમ બે પ્રકારનાં ઊંટ હોય છે. તેમા માલવાહક અને સવારીલાયક ઊંટની જુદીજુદી ઓલાદ હોય છે. ડ્રૉમેડરી કલાકના આઠથી દસ-માઈલની ગતિએ દોડે છે અને આ જ ગતિએ એક દિવસ, એક રાત અને ત્યાર પછીનો બીજો અરધો દિવસ તે સતત દોડી શકે છે. માલવાહક ઊંટની ગતિ ધીમી છે, એ પાકા ચૌદ મણ વજન ઊંચકી હેરફેર કરી શકે, પરંતુ સાધારણપણે તેના પર સાત મણ બોજો લાદવામાં આવે છે. સવારીનું ઊંટ ઝડપી ગતિનું પણ ઓછી તાકાતવાળું છે તેથી તે ઓછો બોજો ઊંચકી શકે છે. ડ્રૉમેડરી ઈજિપ્ત અને તેની આસ-પાસના દેશોમાં તેમજ ભારતમાં વપરાય છે. બેક્ટ્રિયન ઊંટ મધ્ય એશિયામાં અને તેની આસપાસના ઉત્તર વિભાગમાં ઉપયોગી જણાયું છે. મધ્ય એશિયામાં જંગલી ઊંટો વસે છે. પુરાતન કાળમાં આ પ્રદેશમા આ એક જ પ્રાણીનો ઉપયોગ થતો અને અત્યારે પણ ત્યાં ઊંટની વણજારો જોવા મળે છે. ખેતીનાં ઓજારો, પાણીનો રેંટ અને તેલની ઘાણી ચલાવવામાં તથા ગાડાં ખેંચવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, સિંધ અને પંજાબમાં ભારવાહન અને અન્ય કાર્યો માટે તેનો ઉપયોગ અત્યારે પણ પ્રચલિત છે. ગુજરાતમાં સોલંકી રાજાઓના સમયમાં અગત્યના ઝડપી કામ માટે અથવા ત્વરિત સંદેશા પહોંચાડવા પવનવેગી ઊંટનો ઉપયોગ થતો. રણપ્રદેશમાં ઊંટસવાર લશ્કર ઉપયોગી નિવડ્યું છે. બિકાનેર રાજ્યની ઊંટસવાર લશ્કરી ટુકડી પ્રખ્યાત છે. રણપ્રદેશમા લશ્કરી સરંજામની હેરફેર માટે અન્ય પ્રાણી કરતાં ઊંટ વિશેષ ઉપયોગી જણાયું છે. બૅદવિન જાતના આરબો એનું દૂધ ખાવાપીવામાં વાપરે છે અને એના ચામડાના તંબુ બનાવે છે. ઈડર આસપાસના પ્રદેશમાં પણ એનું દૂધ વપરાય છે. એના વાળમાથી બ્રશ (પીંછી), સંચા ચલાવવાના પાટા અને ધાબળા વગેરે બનાવાય છે. કઠણ ખડકાળ જમીન પર ચાલવા માટે એના પગનાં તળિયાં નિરુપયોગી છે. આ પ્રાણી એટલા જક્કી સ્વભાવનું છે કે કોઈ વખત બેઠું રહે કે સૂઇ જાય અને ઊઠવા ન માગે તો સખત માર ખાવા છતાં પણ તે ઊઠે નહિ. રાતના છૂટું મૂક્યું હોય તો ટોળામાંથી વિખૂટું પડી દૂર નાસી પણ જાય.

દક્ષિણ અમેરિકામાં એન્ડીઝની ઉચ્ચ પર્વતમાળાવાળા પેરૂ દેશમાં 'લામા' નામનું એક જાનવર ઉપયોગમાં લેવાય છે. ભૂતકાળમાં ઈન્કા સંસ્કૃતિ પ્રચલિત હતી ત્યારે આ પ્રાણી સિવાય અન્ય કોઈ ભારવાહક પ્રાણી ત્યાં ન હતું, તેથી તે ત્યાં ઘણું અગત્યનું થઇ રહ્યું હતું. ઇન્કાઓની રહેણી કરણીનો તેના પર એટલો બધો આધાર હતો કે આ જાનવર નભી શકે એટલા જ પ્રદેશમાં તેઓ વસ્યા હતા. તે ઊંટનું નિકટનું સગું અને ત્રણેક ફૂટ ઊંચું પ્રાણી છે. તેને ગરદન ઊંચી હોય છે પણ ઢેકો હોતો નથી. તે પણ પાણી પીધા સિવાય ઘણા દિવસ ચલાવી શકે છે અને રસ્તાની આસપાસ ઊગતી લીલોતરી પર ગુજારો કરી શકે છે. આ કારણસર તેના માલિકને તેનો ખોરાક પૂરો પાડવાની તકલીફ પડતી નથી. તે ગરીબ અને સાલસ સ્વભાવનું છે. ભારવહન ઉપરાંત તેનુ માંસ, ઊન અને ચામડું ઉપયોગમાં લેવાય છે. ડુંગરા-ટેકરા વાળા વિભાગમા ચડ-ઊતર અને હલચલ માટે આ પ્રાણી ઉત્તમ લાયકાતનું છે. તે નવું કાર્ય સહેલાઈથી શીખતું નથી અને તેને થૂંક ઉડાડવાની ખરાબ ટેવ છે. આ પ્રદેશમાં ખચ્ચર, ઘોડાં અને ગધેડા દાખલ કર્યા પછી તેની ઉપયોગિતા ઘટી છે. છતાં પણ તેના કદના પ્રમાણમાં વધારે બોજો ઉપાડી ઊંચી સપાટીના આવા પ્રદેશમાં સુગમતાથી મુસાફરી કરી શકે એવાં લામા સિવાય બીજાં કોઈ જાનવર નથી. પાળેલાં લામા અને 'આલ્પાકા' તથા જંગલી 'ગ્વાનકો' અને 'વિકુના' મળી લામાની એકંદર ચાર જાતો આ દેશ નાં થાય છે. આલ્પાકા કદમાં લામા કરતાં નાનું છે અને વિશેષે એના સુંવાળા ઊન માટે પળાય છે. ભારવહન માટે તો લામા જ વધુ ઉપયોગી છે.

કુમાર

પચ્ચીસ વર્ષ પહેલાં

આસો ૧૯૯૩ અંક ૧૫૫

ગુજરાતને તેની એક નિજી ચિત્રશૈલી હતી, અને તેનો સંબંધ છેક ઈલોરા–અજંતા સુધી પહોંચે છે એ શોધ માત્ર આજથી ચાળીસ વર્ષ ઉપર શ્રી રવિશંકર રાવળને હાથે થઈ. એ ગુજરાતી ચિત્રશૈલીની કડીબદ્ધ પણ મિતાક્ષરી રૂપરેખા આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં "ચિત્રકલા: ગુજરાતી સંપ્રદાય"-એ મથાળા નીચે ડૉ. મંજુલાલ મજમુદારે આપી હતી તે ઉતારવા જેવી છે.

"એશિયાખંડની ચિત્રકલાના પ્રાચીનતમ અવશેષો ભારતની અજન્તાની ગુફાઓમાં-નાં ભિત્તિચિત્રો છે. એક તરફ ઈસ્વી સનના પહેલાથી સાતમા સૈકા સુધીનાં અજન્તા, બાઘ અને સિત્તાન્નવાસલનાં એ ભિત્તિચિત્રોનો સંપ્રદાય જાણવા મળ્યો છે, અને બીજે છેડે પંદરમા સૈકાથી હિંદી–ફારસી (મુઘલ) સંપ્રદાયનાં નાનાં છબિચિત્રોનો પ્રચાર જોવામાં આવ્યો છે; પરંતુ એ બંને વચ્ચેનાં લગભગ આઠસો વર્ષના ગાળાનો હિંદી ચિત્રકલાનો ઇતિહાસ બહુધા અંધારામાં હતો. અજન્તામાં વ્યક્ત થએલી કલા પછી છેક સોળમા-સત્તરમા સૈકામાં 'હિંદી રાજપુત કલા'ને નામે ઓળખાતી કળાના જ અંકોડા મળતા હતા.

એવામાં ઈસ્વી સનના અગિયારમા અને બારમા શતકથી માડી છેક પંદરમા શતક સુધીના કેટલાક જૈન ગ્રંથોનાં તાડપત્ર ઉપરનાં તેમજ કાગળ ઉપરનાં નાનાં ચિત્રોની ભાળ વીસમી સદીની શરૂઆતમાં લગભગ ૧૯૧૦ ના અરસામાં લાગી. છતાં એ ચિત્રકલાની પદ્ધતિ યથાર્થરીતે સમજાવતાં ઘણી મુશ્કેલી નડી. ડૉ. આનંદ કુમારસ્વામીએ તેમજ બીજા નિષ્ણાતોએ ઠરાવ્યું કે એ કોઈ અસલી સંપ્રદાયના અનુસંધાનમાં અથવા તેના ફાંટારૂપ ગુજરાતની ભૂમિમાં જ ઉત્પન્ન થએલી હોવી જોઇએ. એટલામાં એ ધાર્મિક ગ્રંથોની ચિત્રપદ્ધતિને આબેહૂબ મળતા આવતા 'વસંતવિલાસ' નામના વસંતવિહારવર્ણનના ઐહિક ચિત્રપટની પ્રસિદ્ધિ ૧૯૨૨માં થઈ. જોકે છેક ૧૮૮૯માં એ ચિત્રપટમાંના દુહાઓ તો 'ગુજરાત શાળાપત્ર'માં પ્રકટ કરવામાં આવ્યા હતા. પરંતુ તેમાંના ચિત્રો મામૂલી લાગવાથી તે તરફ કોઈનું ધ્યાન ગયું નહોતું.

શ્રી રવિશંકર રાવળે 'હાજી મહમ્મદ સ્મારકગ્રંથ' ૧૯૨૨માં પ્રકટ કર્યો તે માટે દી બ. કેશવલાલ ધ્રુવે એ 'વસંતવિલાસ'ના દુહાનું સંસ્કરણ આપ્યું તે વખતે શ્રી રાવળનું ધ્યાન એમાંના ચિત્રો તરફ ગયું અને તેમણે એ ચિત્રોને સ્થાનિક ગુજરાતી પદ્ધતિનાં હોવાનું સ્પષ્ટ સૂચન કર્યું. એ પછી તો શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાએ એ ચિત્રપટને દુનિયાભરમાં પ્રસિદ્ધ કર્યાં. ૧૯૨૬માં તેમના Studies in Indian Paintingમાં 'Secular Paintings of Vasant Vilas' એ નામનું સ્વતંત્ર પ્રકરણ તેમણે લખ્યું અને એમાં એમણે પ્રતિપાદન કર્યું કે મુઘલ સંપ્રદાયની ચિત્રકલા અસ્તિત્વમાં આવતાં પહેલાંના હિંદી ચિત્રસંપ્રદાયનો એ મહત્ત્વનો અંકોડો છે; તેમનો એ મત પંડિતોએ પણ સ્વીકાર્યો. 'એનસાઈક્લોપીડિયા બ્રિટૅનિકા'ની ચૌદમી આવૃત્તિ (૧૯૨૯)માં ડૉ. કુમારસ્વામીએ પણ હિંદી ચિત્રકલાનો ઇતિહાસ આપતાં 'ગુજ-





વિક્રમના ચૌદમા સૈકામાં ગુજરાતનાં નરનારી



જમણી બાજુના કૉલમમાં મથાળાના 'મહાવીર જન્મના ચિત્રમાં દર્શાવ્યા મુજબનાં અણિયાળાં નાક અને આગળ ધસી આવતી બીજી આંખવાળાં ચિત્રો જૈન ધર્મની પોથીઓ ઉપરાંત (તેની નીચેના ચિત્રમાં નિરૂપ્યા પ્રમાણે) બીજાં ધાર્મિક (સંસારજીવનનાં) પુસ્તકોમાં પણ મળી આવતાં એ સાબિત થયું કે એ શૈલી 'જૈનધર્મી' નહિ પણ 'ગુજરાતી તળપદી શૈલી' હતી; અને તે સીધી અજંતાની વારસ છે એ હકીકત તેની પછીના ત્રીજા ચિત્ર પરથી નિશ્ચિત થઈ: ગુજરાતી શૈલી જેવાં જ આંખ-નાકવાળું એ ચિત્ર અજંતાને પડખે આવેલા ઇલૂરાના ગુફામંદિરની ભીંતપરનું છે. પછી તો ગુજરાતમાં એ શૈલીની વ્યાપકતા વૈષ્ણવીય ધર્મની પોથી 'બાલગોપાલસ્તુતિ' વગેરેનાં ચિત્રોથી પણ સાબિત થઇ (પાછલા પાને છેલ્લું ચિત્ર જુઓ). પછીનાં વર્ષોમાં એ શૈલીએ ધારેલું રૂઢ સ્વરૂપ, પાછળ આપેલાં 'દુર્ગાસપ્તશતી' તથા 'મધુમાલતી' જેવાં પુસ્તકોની હાથપતમાં મળી આવે છે. (ઉપર: 'બાલગોપાલસ્તુતિ'નાં ચિત્રો)







મથાળે: 'દુર્ગાસપ્તશતી'ની શક્તિસંપ્રદાયની ઈ. ૧૭૭૨માં સૂરત-માં ચીતરાયેલી પોથીમાંના આ ચિત્રમાંનાં પાત્રો, ત્રાડપાન, ઊંહક વગેરેની રચના, તે પછીના (નીચેના) 'મધુમાલતી'ની વાર્તાના ચિત્રમાં પણ જણાશે. તે પછી મુઘલ દરબારમાં ઈરાની કળાના સંપર્ક પામી અંતે હિમાલયનાં રાજપૂત રાજ્યોમાં વિકસેલી પહાડી શૈલી રૂપે તે વિકસી. (જુઓ આ અંકનું મુખચિત્ર)



રાતી' ચિત્રકલાના એક સ્વતંત્ર સંપ્રદાય તરીકે તેનો પરિચય કરાવ્યો છે.

આ અરસામાં, એટલે સને ૧૯૨૯માં ડા. વી. ટૉમસન નામના એક વિદેશી કલા-રસિકે રૂપમના એપ્રિલ ૧૯૨૯ના અંકમાં ઇલૂરાની ગુફાઓમાંનાં અત્યાર સુધી અજાણ રહેલાં એવાં ભિત્તિચિત્રોના અસ્તિત્વની હકીકત જાહેર કરી. આ ચિત્રો હિંદી ચિત્ર-કલાના ઇતિહાસમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. અજંતાનાં ભીંત પરનાં ચિત્રો અને ગુજરાતનાં શ્વેતામ્બરીય જૈન પોથીચિત્રો એ બંને વચ્ચેની એ કીમતી સંયોગી કડી છે. ઈલૂરાનાં ચિત્રો ૯મી અને ૧૦મી સદીનાં હોવાનું અનુમાનાય છે. એ ચિત્રોમાં ગુજ-રાતી ચિત્રોની મુખાકૃતિઓની વિશિષ્ટતા-અણિયાળાં નાક અને આગળપડતો છાતી-નો ભાગ—એ અંશો અખિલઃશે જોઈ શકાય છે. તે ઉપરથી ગુજરાતી જૈન પુસ્તકચિત્રોનાં પુરોગામી એ ભિત્તિચિત્રો માની શકાય.

ઈલૂરાનાં ચિત્રોની પ્રસિદ્ધિ થયાનાં બે-ત્રણ વર્ષમાં જ ગુજરાતી કલાનું એક સવિ-શેષ પ્રમાણ પ્રાપ્ત થયું. શ્વેતામ્બર જૈન ચિત્રો સાથે નિકટ સંબંધવાળાં 'બાલગોપાલસ્તુતિ' નામે વૈષ્ણવી ગ્રંથનાં ત્રીસ લઘુચિત્રો અર્ધેન્દુ-કુમાર ગાંગુલીના હાથમાં આવ્યાં. એને મ-ળતાં એ જ ગ્રંથનાં બીજાં ચિત્રો અમેરિકન કલારસિક પ્રો. નૉર્મન બ્રાઉનને મળી આવતાં તેમણે તેને ગુજરાતી સંપ્રદાયના ખૂટતા સા-ધન તરીકે ઓળખાવ્યાં અને ૧૯૩૦માં એ સંબંધી બંનેના લેખો પ્રકટ થયા.

તે પછી ત્રણ વર્ષે, એટલે સને ૧૯૩૩માં વડોદરામાં મળેલી ઑલ ઇંડિયા ઓરીએન્ટલ કૉન્ફરન્સ વખતે 'બાલગોપાલસ્તુતિ'નાં ૬૦ ચિત્રો વાળી બે પોથી મારા જોવામાં આવી. એમાંનાં ગુજરાતી શૈલીનાં ચિત્રો શ્રી ગાંગુ-લીએ પ્રકટ કરેલાં ચિત્રો કરતાં લગભગ એક સૈકા જેટલાં પ્રાચીન હતાં. એ વૈષ્ણવીય ચિ-ત્રોની પોથી અમદાવાદની ગુજરીમાંથી શ્રી ભોગીલાલ સાંડેસરાએ પ્રાપ્ત કરી હતી. હાલ-માં તે વડોદરા આર્ટ ગૅલેરીમાં છે.


૧૯૩૪માં એવા જ વૈષ્ણવીય ગ્રંથની એક બીજી ચિત્રમાલા મારા જોવામાં આવી; અને સાથે સાથે એક ત્રીજા જ વિષયનાં ગુજરાતી ચિત્રોની શોધ થઈ. શક્તિ સંપ્રદાયનાં 'સપ્ત-શતી' (ચંડીપાઠ) ગ્રંથનાં ગુજરાતી ઢબનાં બાર ચિત્રો મળી આવવાથી ગુજરાત સંપ્રદાયનાં અલ્પ સાધનોમાં મહત્ત્વનો ઉમેરો થયો. એ ચિત્રો પણ વડોદરાની આર્ટ ગૅલેરીમાં છે.

આમ, જૈન ધાર્મિક ગ્રંથોનાં ચિત્રો ઉપરાંત બ્રાહ્મણીય વિષયોનાં ચિત્રો પ્રાપ્ત થવાથી ગુજરાત સંપ્રદાયની ચિત્રકલાનું વ્યાપક સ્વરૂપ ધ્યાનમાં આવી શકે છે અને 'વસંતવિલાસ' જેવા ઐહિક જીવનને લગતા સચિત્ર ગ્રંથની શોધ થવાથી તો ગુજરાતી ચિત્રોના વિષયો-ની વિવિધતા સ્થાપી શકાય છે. આ રીતે લગભગ પંદરમા શતક સુધીનાં વિશિષ્ટ ગુજ-રાતી શૈલીનાં ચિત્રોની શોધ થઈ છે.

મુઘલ શહેનશાહોના દરબારી ચિત્રકારો-માં સાતેક ગુજરાતી ચિત્રકારો હતા : માધવ, કેશવ, ભીમ, પુંજીવા, શંકર વગેરેએ મહા-ભારતના ફારસી અનુવાદ-'રજનામા'-ને સચિત્ર કરવામાં ફાળો આપ્યો છે; અને તે-મનાં પોતાનાં નામ પાછળ 'ગુજરાતી' એવી સહીવાળાં ચિત્રો આજે પણ મોજૂદ છે.

પરંતુ દરબારની અસરથી અલગ રહીને પણ ગુજરાતી ચિત્રકારોએ પ્રાચીન ચિત્ર-પરંપરાની પ્રણાલિકા સાચવી રાખી છે હિંદુ રાજાઓના દરબારમાં પ્રાચીન હિંદી કલાનું નવું સંસ્કરણ (કંઈક અંશે મુઘલ કલમની અ-સરથી રંગાએલી પદ્ધતિવાળું) થવા પામ્યું અને તે 'રાજપુત કલા'ને નામે ઓળખાય છે. સત્તર અઢાર અને ઓગણીસમી સદીમાં ગુજરાતી ચિત્રકારોએ દોરેલાં તેમનાં ચિત્રો-ના નમૂના પણ ઓછા નથી.

એ જ રીતે મરાઠી અમલની અસર રાજ-પૂત કલમ પર થતાં એક નવો ફાંટો ગુજરાતી ચિત્રકલાનો પડી ગયો. 'મધુમાલતી'ની વાર્તા-માંથી તે કલમનાં ચિત્રો મળી આવ્યાં છે. આમ, દરબારના તેમજ આમ વર્ગના આશ્રિત તરીકે રહેવાથી ગુજરાતી ચિત્રકલાની પરંપરા લુપ્ત થઈ ગઈ નહોતી. તેના સમર્થનમાં એ અબા-ધિત પરંપરા છેક વિક્રમની વીસમી સદી સુધી-નાં ચિત્રોમાં અખંડિત રહી જણાય છે.



૧૫મા સૈકાની 'બાલગોપાલ સ્તુતિ'ની પોથીમાંથી

શતરંજ


લેખક · સુરેશ મોદી

રાજા અને પ્યાદું

ગયા માસમાં આપણે જોઈ ગયા છીએ કે રાજા અને પ્યાદું સામા રાજાને મ્હાત કરી શકે છે. જ્યારે રાજા અને ઊંટ કે રાજા અને ઘોડો તેમ કરવા શક્તિમાન નથી. અલબત્ત, ઊંટ ઘોડો પ્યાદાં કરતાં વધુ કિંમતી છે. પણ આ પ્યાદું જો આઠમી પંક્તિ ઉપર પહોંચે તો વજીર થવાની તાકાત તેમાં છુપાઈ છે એટલે રાજાને એક પ્યાદાથી જીતાય કે નહિ તેનો આધાર તે પ્યાદું આઠમી પંક્તિ સુધી પહોંચે તેમ છે કે નહિ તેના પર રહે છે.


આ જાણવા માટે બે મૂળભૂત સિદ્ધાંત છે: (૧) કૉર્ડન ને (૨) ઓપોઝિશન opposition.

કૉર્ડન : પ્યાદું જે ખાના પર હોય ત્યાંથી આઠમી પંક્તિ સુધીની બાજુવાળું ચોરસ દોરો (જો પ્યાદું બીજી પંક્તિ ઉપર હોય તો ત્રીજી પંક્તિ ઉપર છે તેમ માનીને જ દોરવું. કારણ કે તે સીધું ચોથી પંક્તિ ઉપર જઈ શકે છે.) જો રાજા આ ચોરસમાં હોય કે આવી શકે તેમ હોય તો તે પ્યાદાને અટકાવી શકે, નહિ તો પ્યાદું પોતાના રાજાની મદદ વિના જ આઠમી પંક્તિ ઉપર પહોંચી શકે અને વજીર થઇને જીતે.



ઉપરના ચિત્રમાં સફેદની ચાલ હોય તો રાજા ઉપરના બે ચોરસ (એક આખો અને એક અધૂરો)ની બહાર હોય તો પ્યાદું વજીર થાય. જો કાળાની ચાલ હોય તો તે ચોરસની બહાર હોય, પણ અંદર આવી શકે તેમ હોય તો તે પ્યાદાને વજીર થતું અટકાવી શકે.

જ્યારે પ્યાદું પોતાના રાજાની મદદ વિના વજીર થઈ શકે તેમ ન હોય ત્યારે બીજો પ્રશ્ન આવે છે કે તે રાજાની મદદ લઇને થઈ શકે કે નહિ અને અહીં બીજો સિદ્ધાંત-opposition–કામ આવે છે. હવે opposition એટલે શું તે જોઇએ: શતરંજના નિયમ પ્રમાણે બે રાજા બાજુબાજુનાં ખાનાં પર ચાલી શકે નહિ. તેમની વચ્ચે ઓછામાં ઓછું એક ખાનાનું અંતર તો રહેવું જ જોઇએ. આને લઇને જો બે રાજા એક જ પંક્તિ ઉપર એક ખાનાને અંતરે ઊભા હોય તો જેની ચાલ હોય તે રાજા ચાલે એટલે સામા પક્ષના રાજાને આગળ વધવા જગ્યા કરી આપવી પડે છે. જ્યારે બે રાજા આવી રીતે ઊભા હોય ત્યારે જેની ચાલ ન હોય તેને (એટલે જેની ચાલ હોય તેના સામા પક્ષને) લાભ રહે છે. આ પક્ષને opposition છે તેમ કહેવાય છે. આજ રીતે એક જ પંક્તિ ઉપર ઊભેલા બે રાજા વચ્ચે ત્રણ કે પાંચ ખાનાંનું અંતર હોય કે એક જ હરોળ ઉપર એક, ત્રણ કે પાંચ ખાનાંનું અંતર હોય કે એક જ ત્રાસી લીટી ઉપર એક, ત્રણ કે પાંચ ખાનાંનું અંતર હોય તો જેની ચાલ ન હોય તેને opposition છે તેમ કહેવાય અને તે તેના લાભમાં ગણાય.




અહીં સફેદ રાજા ચોકડી કરેલ કોઈ પણ ખાના ઉપર હોય અને કાળાની ચાલ હોય તો સફેદને opposition છે એમ કહેવાય.

રાજા પોતાના પ્યાદાને આઠમી પંક્તિ સુધી સહીસલામત રીતે પહોંચાડી શકશે કે નહિ તે માટે અગત્યની વાત બે છે. (૧) તેનો રાજા પ્યાદાની આગળ આવી શકે તેમ છે કે નહિ અને (૨) તેને oppositionનો લાભ મળે તેમ છે કે નહિ.

બાજુના કૉલમને મથાળે મૂકેલા ચિત્રમાં ડાબી બાજુનો ભાગ એક લાક્ષણિક સ્થિતિ છે. આ સ્થિતિ હમેશાં ડ્રૉમાં જ પરિણમે છે.

દા.ત. 1 P–B5 ch, K–B3; 2 K–B4, K–B2; 3 K–N5, K–N2; 4 P–B6ch, K–B2; 5 K–B5, K–B1; 6 K–Q6, K–Q1; 7 P–B7ch, K–B1; 8 K–B6



Stalemate. અહીં એ ધ્યાન રાખવાનું કે કાળો રાજા તેની પંક્તિમાં પાછળ જ ચાલે. ત્રાંસો નહિ. જો 5..., K–B1ને બદલે 5..., K–Q1 રમે તો 6 K–Q6 અને હવે સફેદને opposition મળ્યું. હવે 6..., K–B1; 7 P–B7, K–N2; 8 K–Q7 અને પછી 9P–B8(=Q). અને પછી સહેલાઇથી જીતે. જો પહેલી ચાલ કાળાની હોય તો પણ તે opposition મેળવી શકે છે. દા.ત. 1..., K–B3; હવે સફેદ 2 K–R4 થી opposition મેળવે પણ તે ટૂંક સમય માટે જ. 2..., K–B4; 3. K–N3, K–B3. હવે જો સફેદ 4 K–R4 રમે તો ફરી 4..., K–B4; 5 K–N3, K–B3; અને એક પરિસ્થિતિ ફરીફરીને આવે એટલે ડ્રૉ; અને જો 4 K–N4 રમે તો 4..., K–N3 અને ચિત્રમાં આવેલ પરિસ્થિતિ જ આવી. પણ ફરક એટલો જ છે કે હવે રમવાનું સફેદને છે અને પહેલાં બતાવ્યા પ્રમાણે રમત ડ્રૉ થશે.

ઉપરના ચિત્રમાં વચ્ચેની પરિસ્થિતિમાં ગમે તેની ચાલ હોય પણ સફેદ નક્કી જીતે. જો કાળાની ચાલ હોય તો સફેદને opposition હોય એટલે તેનું કામ સરળ છે. પણ જો સફેદની ચાલ હોય તો 1 P–K3 (હવે સફેદને opposition મળી ગયું); K–Q3; 2 K–B5, K–Q2; 3 K–B6, K–Q1; 4 P–K4, K–Q2; 5 P–K5, K–K1; 6 K–K6 (અહીં 6 P–K6 ન રમી શકાય કારણ કે 6..., K–B1 રમે. 7 P–K7ch, K–K1; 8 K–K6 Stalemate થાય.), K–Q1; 7 K–B7, K–Q2; 8 P–K6ch અને હવે તે સહેલાઈથી વજીર થઈ શકશે.

ઉપરની સ્થિતિમાં જો પ્યાદું K2 ને બદલે K3 ઉપર હોય તો જીત કે ડ્રૉનો આધાર કોની ચાલ છે તેના પર છે. સફેદની ચાલ હોય તો ડ્રૉ અને કાળાની ચાલ હોય તો સફેદ જીતે. આ ઉપરથી એમ કહી શકાય કે જો રાજા પ્યાદા

ગણિત સરળ બનાવો

૪.....માધવજી નરસી દેવળિયા

બીજી વધુ રકમોના ગુણાકાર જોઇએ. એમાંની રીત તો હવે સમજાઈ ગઇ હશે. આપણે કેટલાક વધુ ઉદાહરણો વડે મહાવરો વધારીએ.

૧૨૫નો ગુણાકાર. ૧૨૫ એ ૧૦૦૦નો આઠમો (૧૦૦૦/૮) ભાગ છે. જે રકમને ૧૨૫ વડે ગુણવી હોય તે રકમને ૧૦૦૦ વડે ગુણી, એટલે કે તે રકમની જમણી બાજુએ ત્રણ મીંડાં મૂકી, અને પછી જે આવે તેને ૮ વડે ભાગી નાખવા. જે આવે તે બંને રકમનો ગુણાકાર. જેમકે ૩૬×૧૨૫ = ૩૬×૧૦૦૦/૮ = ૩૬૦૦૦/૮ = ૪૫૦૦.

બીજી રીત: ૧૨૫=૧૦૦+૨૫. ૨૫ એ સોનો ચોથો ભાગ છે. જે રકમને ૧૨૫ વડે ગુણવી હોય તે રકમને ૧૦૦એ ગુણી જે આવે તેનો ચોથો ભાગ તેમાં ઉમેરી દેવો. એટલે ગુણાકાર આવશે જેમકે—

૩૬×૧૨૫=૩૬ (૧૦૦+૨૫)=૩૬ (૧૦૦+૧૦૦/૪)

=૩૬×૧૦૦ =૩૬૦૦

×૩૬૦૦નો ચોથો ભાગ=૯૦૦

૩૬×૧૩૫=૪૫૦૦

૧૯નો ગુણાકાર. ૧૯ = ૨૦—૧ = (૨×૧૦)–૧

જે રકમને ૧૯ વડે ગુણવી હોય તે રકમને વીસના બે 'ફૅક્ટર્સ' ૧૦×૨ વડે ગુણતાં જે આવે તેમાંથી મૂળ રકમ બાદ કરો એટલે બંને રકમનો ગુણાકાર આવશે. જેમકે—

૨૩×૧૯=૨૩×(૨૦–૧)=૨૩ [(૧૦×૨)–૧]

૨૩ને વીસે ગુણવા બે ફૅક્ટર્સ કરતાં=૨૩×૧૦×૨

વધારે સહેલાઈથી કરવા=૨૩૦×૨=૪૬૦

૪૬૦માંથી મૂળ રકમ ૨૩×૧=૨૩ બાદ કરતાં ૪૩૭ રહ્યા. ૪૩૭ એ ૧૯×૨૩નો ગુણાકાર.

ઉપરની રીત પ્રમાણે કરતાં કોઈ પણ રકમને-

૨૯ વડે ગુણવા, ૧૦×૩, ઓછા મૂળ રકમ, બરાબર ગુણાકાર આવશે.

૩૯ ,,	૧૦×૪	,,	,,
૪૯ ,,	૧૦×૫	,,	,,
૫૯ ,,	૧૦×૬	,,	,,
૬૯ ,,	૧૦×૭	,,	,,
૭૯ ,,	૧૦×૮	,,	,,
૮૯ ,,	૧૦×૯	,,	,,

જેમકે ૨૩×૫૯=૨૩ [(૧૦×૬)–૧]

=(૨૩×૧૦×૬)–૨૩

=(૨૩૦×૬)–૨૩=૧૩૮૦–૨૩=૧૩૫૭

૨૩×૫૯=૧૩૫૭.

૨૧નો ગુણાકાર. ૨૧=૨૦+૧=(૧૦×૨)+૧.

જે રકગને ૨૧ વડે ગુણવી હોય તે રકમને વીસના બે ફૅક્ટર્સ ૧૦×૨ વડે ગુણતાં જે આવે તેમાં મૂળ રકમ ઉમેરો એટલે બંને રકમનો ગુણાકાર આવશે. જેમકે ૨૩×૨૧=૨૩×(૨૦+૧)=૨૩ [(૧૦×૨)+૧]

૨૩ને વીસે ગુણવા બે ફૅક્ટર્સ કરતાં ૨૩×૧૦×૨. વધારે સહેલાઈથી કરવા ૨૩૦×૨=૪૬૦. એમાં મૂળ રકમ ૨૩×૧=૨૩ ઉમેરતાં ૪૮૩ થયા. ૪૮૩ એ ૨૩×૨૧નો ગુણાકાર છે.

ઉપરની રીત પ્રમાણે કરતાં કોઇ પણ રકમને—

૩૧ વડે ગુણવા, ૧૦×૩ વત્તા મૂળ રકમ, બરાબર ગુણાકાર આવશે.

૪૧ ,,	૧૦×૪	,,	,,
૫૧ ,,	૧૦×૫	,,	,,
૬૧ ,,	૧૦×૬	,,	,,
૭૧ ,,	૧૦×૭	,,	,,
૮૧ ,,	૧૦×૮	,,	,,
૯૧ ,,	૧૦×૯	,,	,,

જેમકે ૧૩×૬૧=૨૩ [(૧૦×૬)+૧]

=(૨૩×૧૦×૬)+૨૩

=(૨૩૦×૬)+૨૩ = ૧૩૮૦+૨૩ = ૧૪૦૩

= ૨૩×૬૧ = ૧૪૦૩

૨૨નો ગુણાકાર ૨૨=૨૦+૨. બે વીસનો દસમો ભાગ છે.

જે રકમને ૨૨થી ગુણવી હોય તે રકમને ૨૦થી ગુણતાં જે આવે તેનો દસમો ભાગ તેમાં ઉમેરો એટલે તે બંને રકમનો ગુણાકાર આવશે. જેમકે ૫૬×૨૨=૫૬ (૨૦+૨)

=(૫૬×૨૦)+(૫૬+૨)=૧૧૨૦+૧૧૨=૧૨૩૨

૫૬×૨૦ = ૧૧૨૦

+૧૧૨૦નો દસમો ભાગ ૧૧૨

૫૬×૨૨ = ૧૨૩૨

ઉપરની રીત પ્રમાણે કરતાં કોઇપણ રકમને—

૩૩થી ગુણવા ૩૦+૩ કરી શકાય. ૩૦થી ગુણી તેનો દસમો ભાગ ઉમેરો.

૪૪ ,,	૪૦+૪	,,	. ૪૦	,,	,,
૫૫ ,,	૫૦+૫	,,	. ૫૦	,,	,,
૬૬ ,,	૬૦+૬	,,	. ૬૦	,,	,,
૭૭ ,,	૭૦+૭	,,	. ૭૦	,,	,,
૮૮ ,,	૮૦+૮	,,	. ૮૦	,,	,,
૯૯ ,,	૯૦+૯	,,	. ૯૦	,,	,,

જેમકે ૫૬×૭૭ = ૫૬×૭૦ = ૩૯૨૦

+૩૯૨૦નો દસમો ભાગ ૩૯૨

૫૬×૭૦ = ૪૩૧૨.

(ચાલુ)

કરતાં બે ખાનાં આગળ હોય તો તેને opposition હોય કે ન હોય, તે જીતે જ. પણ જો એક જ ખાનું આગળ હોય તો જીતવા માટે opposition આવશ્યક છે. આમાં એક અપવાદ એ કે જો રાજા છઠ્ઠી પંક્તિ ઉપર પહોંચી ગયો હોય તો opposition વિના પણ જીતી શકે અને બીજો અપવાદ એ કે રાજા બે કે વધુ ખાનાં આગળ હોય છતાં જો પ્યાદું હાથીની પંક્તિ પર હોય તો ન જીતી શકે. અહીં નિયમ જરા જુદો પડી જાય છે. કારણ કે રાજા જો એક વખત ખૂણામાં ધૂસી જાય તો ત્યાંથી તેને કાઢી શકાતો નથી. અહીં નિયમ એ છે કે કાળાનો રાજા જો B1 ઉપર આવી શકે તો રમત ડ્રૉ થાય અને સફેદ રાજા N7 ઉપર જઈ શકે તો તે જીતે.

આગળ આપેલા ચિત્રમાં જમણી બાજુનું ચિત્ર આના દાખલારૂપ છે.

રાજાને એક પ્યાદા વિરુદ્ધ રાજાની બધી પરિસ્થિતિને આપણે સારા એવા વિસ્તારથી જોઈ છે, કારણ અંતની પરિસ્થિતિઓમાં આ સૌથી વધુ અગત્યની છે ને રાજા તથા પ્યાદાવાળી બીજી પરિસ્થિતિઓ છેવટે આમાં જ પરિણમે છે. અને તેથી તેનો ઊંડો અભ્યાસ અત્યંત જરૂરી છે. (ચાલુ)

કંકાવટી

સેવામૂર્તિ

અમેરિકામાં પતિ સાથે સુખી જીવન ગાળતી અને ઊજળા ભાવિનાં સોનેરી સ્વપ્નો જોતી ઈડા સ્કડર નામની એક અમેરિકન યુવતી પોતાનાં મિશનરી માબાપને મળવા દક્ષિણ ભારતના ગામડામાં આવી. ત્યારે (ઈ. ૧૮૯૯) હિન્દુસ્તાનમાં કારમો દુષ્કાળ અને ઈન્ફ્લુએન્ઝાની મહામારી કાળો કેળ વર્તાવતાં હતાં. રોજ હજારો માણસો દુષ્કાળ અને રોગનો ભોગ બની મૃત્યુ પામતાં હતાં.

અહીંનાં રોગ, ગરીબાઈ તથા અજ્ઞાને તેના મનને વિક્ષિપ્ત કરી નાખ્યું. વધુ તો તેને એ લાગ્યું કે તેના પિતા ડૉકટર હોવા છતાં સ્ત્રીઓ તેમની પાસે દવા નહોતી કરાવતી, કારણ કે એક પુરુષ ડૉકટરને પોતાનો દેહ કેમ દેખાડાય? આણે ઈડાની ઊંઘ ઉડાડી દીધી. તેનું હૃદય તેને પોકારીને કહેવા લાગ્યું કે આ ભારત જ તારી ભાવિ કર્મભૂમિ છે.

ઈડાએ નિશ્ચય કરી લીધો. તે અમેરિકા ગઈ. કાર્નેલ યુનિવર્સિટીમાંથી એમ.ડી. થઇ. આ દરમિયાન તેના સંકલ્પ ને સેવાબુદ્ધિની વાત અમેરિકામાં ફેલાઈ ગઈ. ઘણા ધનિક અમેરિકનો તેની ભાવિ યોજનામાં રસ લેવા લાગ્યા. મૅનહટ્ટનનો એક ધનિક ઈડાનું જીવનલક્ષ્ય સાંભળી એટલો પ્રભાવિત થઇ ગયો કે તેણે ૧૦ લાખ ડૉલરનો ચેક ફાડી આપ્યો.

થોડા વખત પછી ચાર સાથીઓ સાથે ઈડા ભારત પાછી ફરી. મદ્રાસથી સાત માઈલ દૂર, વેલોરમાં દવાખાનું ખોલ્યું. શરૂમાં તો બહુ જ થોડાં દર્દીઓ આવતાં, પણ છેવટે સેવાભાવનાનો વિજય થયો.

આ વાતને લગભગ ૬૦ વર્ષ થયાં, તે દવાખાનાની જગ્યાએ આજે ૬૫૦ ખાટલાની ભવ્ય હૉસ્પિટલ ડૉ. ઇડાએ ઊભી કરી છે. ભારતની શ્રેષ્ઠ હૉસ્પિટલોમાં તેની ગણના થાય છે. છ માસ પર નેવું વર્ષની પાકટ વયે ડૉ. ઇડા સ્કડર અવસાન પામ્યાં ત્યાં સુધી પોતે હૉસ્પિટલમાં દર્દીઓની સેવા કરતાં રહ્યાં હતાં. દર વર્ષે લગભગ ચાર લાખ દર્દીઓ આ હૉસ્પિટલની મારફત સારવાર પામે છે.

(જનકલ્યાણ) —ભવાનીદાસ વૉરા

છાનું ન રહે

છાનું ન રહે થયું પ્રભાત,
છાની ન રહે પડી જે રાત.
છાનું ન રહે દેહમાં દુઃખ,
છાની ન રહે લાગી ભૂખ.
છાની ન રૂહે વ્યસનીની જાત,
છાની ન રૂહે ભીતરની દાઝ.
છાની ન રૂહે કીર્તિ કો તણી,
છાની ન રહે વિદ્યા ભણી.
છાની ન રૂહે ખુશબોઇ જેહ,
રૂડી કે પછી ભૂંડી તેહ.
છાનું ન રહે કોઇનું આપ,
છાનું ન રહે કર્યું જે પાપ.

સ્ત્રીનું પ્રધાન કાર્ય

શ્રી ધૈર્યબાળા વૉરાએ (મુંબાઇની છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં) 'આજની નારીની સમસ્યા' રજૂ કરી હતી આરંભમાં તેમણે સ્ત્રી-પુરુષના સંબંધની ઐતિહાસિક ભૂમિકા સમજાવી હતી, અને સ્ત્રી પતિસેવા કરે બાળકો ઉછેરે અને ઘર સાચવે એ આદર્શનું ઐતિહાસિક દૃષ્ટિએ નિરૂપણ કર્યું હતું. પણ આજે પરિસ્થિતિ બદલાઇ છે આપણે ત્યાં આજની નારી કેળવણી લે છે પણ તે પુરુષને અનુલક્ષીને અપાતી કેળવણી છે. સમાજમાં અને ઘરમાં હજી પ્રાચીન આદર્શો જ પૂજાય છે, જ્યારે શાળાઓમાં અને જાહેર જીવનમાં મુક્ત વાતાવરણ અનુભવાય છે. પુરુષની પેઠે સ્ત્રી પણ આજે અર્થોપાર્જન કરે છે, અને સંતાનોને ઉછેરવાનું કાર્ય કુદરતે તેના ઉપર નાખ્યું છે તે તો તેણે કરવું જ રહ્યું. આમ પોતાની શક્તિ અને વ્યવહાર વચ્ચેના ગજગ્રાહમાં સપડાએલી આજની નારી પોતે જ સમસ્યારૂપ બની ગઈ છે.

આ સમસ્યાનો ફેંસલ સહેલો નથી. બદલાએલી પરિસ્થિતિને અનુકૂળ રહીને જીવન-વ્યવહારમાં આવશ્યક પરિવર્તનો કરવાં પડશે એ તો દેખીતું છે. છતાં આ જટિલ સમસ્યાના નિરાકરણના પ્રયત્નમાં બે-ત્રણ મુદ્દાઓ સ્પષ્ટ રીતે જ મહત્ત્વના છે: પ્રકૃતિએ જ સ્ત્રી અને પુરુષની વચ્ચે ભેદ રાખ્યો છે તે સ્વીકાર્યા વિના તો છૂટકો જ નથી. સંતાન-સંવર્ધનનું કાર્ય પણ માતા ઉપર જ અવલંબે છે. આ હકીકતમાંથી પરિણમતાં અધિકાર અને ગૌરવ સ્ત્રીનું પ્રધાન કાર્યક્ષેત્ર ગૃહ છે એમ સૂચવે છે. અને છેલ્લે, સ્ત્રી-પુરુષ એકબીજાનાં પ્રતિસ્પર્ધી નહિ પણ પૂરક છે એ વાતનું વિસ્મરણ ન થવું જોઈએ. —પ્રા૦ ગૌરીપ્રસાદ ઝાલા

બ્રેડની મીઠાઇ


સામગ્રી: બ્રેડમાંથી કાપેલી થોડી કાતળી; જલેબીમાં વપરાય છે તેવી ચાસણી; થોડું ઘી.

રીત: બ્રેડની કાતળીને સહેજ ઘી મૂકી ચોપડાં તળીએ છીએ તેમ લોઢી ઉપર બન્ને બાજુ જરા રાતી થાય એવી તળી નાખવી. બીજી તરફ ખાંડની ચાસણી કરી મૂકવી. બ્રેડની તળેલી કાતરીઓ જરા ટાઢી પડે એટલે પેલી ચાસણીમાં ડુબાડીને તરત કાઢી લેવી. ગરમાગરમ ખાવાથી જલેબી જેવી જ લાગે છે. બાળકોને બહુ ભાવે છે. (ગુ. સ.)

બજારમાં હમણાં કાકડી અને લીંબુ આવવા માંડયાં છે. થાકેલી ચામડીમાં તાજગી પૂરવા માટે એ ઘસી જોજો. ઉત્તમ ઉપાય છે.

આઠ કળી લસણની ના શેર દૂધ સાથે ઘૂંટીને લેવાથી લોહીના દબાણમાં ફાયદો થવા ઉપરાંત સંધિવા મટી જશે.

ભીંતે લાગેલા ધુમાડાના ડાઘ કાઢવા કેરોસીન ઘસીને પછી સાબુનું પાણી વાપરી જોજો.



આ ભાતને યથાતથ અથવા તો એમાંના વિવિધ ભાગ કે છુટ્ટા છુટ્ટા દીવાળીની રંગોળી માટે કે ટેબલ-ક્લૉથ, બ્લાઉઝ, ફ્રૉક વગેરે પર ભરવામાં યોજી શકાય.

ભૂગોળ, ખગોળ, સાંસ્કૃતિક વિષયો, વિજ્ઞાન આદિ સામાન્ય જ્ઞાનના સર્વ વિષયોની રજૂઆત કરે છે; જ્યારે બીજું 'અૅન્ડરસ્ટૅન્ડિંગ સાયન્સ' માત્ર વિજ્ઞાનની–પણ તેની એકેએક શાખાને સ્પર્શે છે. અઠવાડિકને રૂપે પ્રકટ થતાં આ બંને સામયિકોનો સંગ્રહ આગળ જતાં એક સુંદર સચિત્ર ને સરળ જ્ઞાનકોષ બની રહે એ ખયાલ એના પ્રકાશન પાછળ રહેલો છે. કોઈ પણ વિષયને ઉત્તરોત્તર અંકોમાં વધુ ને વધુ સમજાવતાં જતાં આ સામયિકોમાં રજૂ થએલું કોઈ પણ લખાણ આગળપાછળના કોઈ અંક સાથેના અનુસંધાનમાં અપૂર્ણ નથી રહેતું એ પણ એની એક સવલત અને વિશિષ્ટતા હોઈ એનો પ્રત્યેક અંક પોતાની રીતે સંપૂર્ણ જ રહે છે. લખાવટ ઘણી સરળ અને સમજાવટ માટેનાં રંગીન ચિત્રાલેખનો ઘણાં સુંદર સ્પષ્ટ ને વિગતસભર હોઈ તેની સમગ્ર રજૂઆત મઝાની છે. એમાં રજૂ થતા વિષયોનું જ્ઞાન આપણે ત્યાના મોટા વિદ્યાર્થીઓને પણ ઉપયોગી ને માર્ગદર્શક નીવડે તેવું હોઇ ખર્ચ ખમી શકે તેવા દરેક કુટુંબે તથા શાળા અને પુસ્તકાલયોએ આ બંને સામયિકો અવશ્ય વસાવવાં જોઇએ, એવું અમારું માનવું છે. એના વિતરકોની જાહેરાત આડી બાજુમાં જ આપી છે.

પ્રાચીનતમ પ્રકાશનસંસ્થા

જગતમાં વિવિધ વિષયો પરના અધિકૃત ગ્રંથોનું સંપાદન–પ્રકાશન કરતી સૌથી જૂની ને પ્રતિષ્ઠિત પ્રકાશનસંસ્થા ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થઈ ને તેનું પ્રથમ પુસ્તક છેક ઈ. ૧૪૭૮માં (લગભગ પાંચસો વર્ષ પર) ઇંગ્લંડમાં પ્રકટ થએલું. ભારતમાં તેની પ્રથમ શાખા મુંબઈમાં ઈ. ૧૯૧૨માં થઈ હોઈ આ તેનું સુવર્ણજયંતી વર્ષ છે. તે પછી ઈ. ૧૯૧૩માં મદ્રાસ ખાતે તથા ઈ. ૧૯૨૦માં કલકત્તા ખાતે પણ તેની શાખાઓ સ્થપાઈ. આ સમય દરમ્યાન તેના દ્વારા હજારથી યે વધારે પુસ્તકો ભારતમાં લખાયાં તથા પ્રકટ થયાં, જે પૈકી મોટા ભાગનાં અંગ્રેજીમાં, પરંતુ બાકીનાં આસામી, બંગાળી, બર્મી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મળયાળમ, મરાઠી, પંજાબી, સંસ્કૃત, તમિળ, તેલુગુ તથા ઉર્દૂમાં લખાયાં છે. કેટલી પ્રશસ્ય કામગીરી! ને તે પણ કોઈ વ્યાપારી હેતુથી નહિ. એ સંસ્થા એક ટ્રસ્ટ તરફથી ચાલે છે, જેનો હેતુ પાઠ્યપુસ્તકો વગેરે ઝડપી ખપતવાળા પ્રકાશનોમાંથી થતો નફો, શુદ્ધ વિદ્યાવિસ્તારના ઉદ્દેશથી, ન ખપે તેવાં શાસ્ત્રીય તથા વિદ્વદ્ભોગ્ય પુસ્તકોનાં પ્રકાશન પાછળ રોકવામાં આવે છે.

અનુસંધાન] **રણછોડદાસ ગિરધરદાસ ઝવેરી** [પૃ. ૩૯૦થી
સેવાભાવનાનું બીજું મહત્ત્વનું કાર્ય એમણે ભરૂચ ખાતે રાયચંદ દીપચંદ લાયબ્રેરી તથા કન્યાશાળાની સ્થાપના ઈ.સ. ૧૮૬૧માં જ હેમત લઇને જે કરી તેને ગણાવી શકાય, મુંબઈના નામાંકિત વેપારી પ્રેમચદ રાયચદે આ બને સંસ્થાઓ માટે ઉદાર દાન આપેલું. આ લાયબ્રેરીના પ્રારંભકાળે પુસ્તકો પસંદ કરવાનું, ખરીદ કરવાનું અને તેને વર્ગવાર વ્યવસ્થિત રીતે ગોઠવવાનું પાયાનું કાર્ય પણ રણછોડદાસે જાતે જ કરેલું.

નિવૃત્તિમાં પણ એમની દિનચર્યા ઘણી નિયમિત હતી. મિતાહાર અને સવારસાંજ નિયમિત વ્યાયામના ખાસ આગ્રહી હતા. સવારે પાંચ વાગ્યે ઊઠી જવું, પ્રાતઃકાળે ફરવા જાય ત્યાં જ કૂવામાંથી પાણી કાઢી પોતાનાં કપડાં જાતે ધોઈ લેવાં અને પછી કૂવાના શીતળ જળે સ્નાન કરવું, ઘેર આવી દેવસેવા કરવી, પછી વાચનાલયમાં જઈ અખબારો કે પુસ્તકો વાંચવાં, બપોરે બારને શુમારે ભોજન કરવું, ભોજન બાદ થોડો આરામ લઈ તરત લેખનકાર્ય કરવું, સાંજે પાંચ-છ વાગ્યે દોઢએ માઈલના અંતર જેટલું ફરવા જવું અને રાત્રે આઠનવ વાગ્યે પાછા ફરી વાળુ કર્યા બાદ અગિયાર વાગ્યા સુધી કોઈ વિષયનો અભ્યાસ કરીને પછી જ સૂઈ જવું,–આ હતી એમની નિવૃત્તિસમયની દિનચર્યા. નિવૃત્તિ પહેલાં પણ એમની દિનચર્યા તો નિયમિત જ હતી. આવી નિયમિત જીવનપદ્ધતિને કારણે જ પચાસ વર્ષની વય સુધી તો એમને જુલાબ લેવાની જરૂર સુદ્ધાં પડી નહોતી!

એમની કાર્યદક્ષતા, નિયમિતતા તથા પ્રામાણિકતાના સદ્‌ગુણોને કારણે કર્નલ જર્વિસ ને ડૉ. હાર્કનેસ જેવા અમલદારોના એ પ્રીતિપાત્ર બન્યા હતા. દ્રવ્યનો લોભ ન હોવાથી જ વધુ પગાર માટે માગણી કરવાની મિત્રોની તથા પિતાની વાત તેમણે નકારી કાઢી હતી. જો તેઓ ઈચ્છત તો જરૂર સારો હોદ્દો ને પગાર મેળવી શકત, પણ તેમણે નિષ્ઠા તથા સંતોષથી કર્તવ્યભાવ ને સેવાભાવને પ્રાધાન્ય આપ્યું.

ગુજરાતી ઉપરાંત તેઓ ઉર્દૂ, મરાઠી, હિંદી અને અંગ્રેજી ભાષાનું પણ જ્ઞાન ધરાવતા. અંકગણિત, બીજગણિત, રસાયનશાસ્ત્ર ને પદાર્થવિજ્ઞાન જેવા, ભાષા સાહિત્યથી વિરોધી ગણાતા વિવિધ વિષયો પર પણ તેમને સારું પ્રભુત્વ હતું. તેઓ એકેશ્વરવાદી હતા ને તંત્ર, જંત્ર, મંત્ર જાદુના વિરોધી હતા. દુર્ગારામ મહેતાજીએ સ્થાપેલી 'માનવધર્મ સભા'ની પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી અગ્રભાગ ભજવતા. સૂરતમાં પ્રથમ છાપખાનું કાઢવામાં ને પહેલી પુસ્તક પ્રસારક મંડળીની સ્થાપના કરવામાં પણ તેમનો ફાળો મહત્ત્વનો હતો. સુધારાના અગ્રેસર ગણાતા સૂરતના દિનમણિશંકર, દુર્ગારામ, દાદોબા, દોલતરામ ને દામોદરદાસ નામક પાંચ 'દદ્દાઓ' એમની પાસેથી જ સૂઝ ને સલાહ મેળવતા. સૂરતની જેમ મુંબાઈમાં પણ પ્રથમ 'જ્ઞાન પ્રસારક મંડળી' ઈ. ૧૮૪૮માં સ્થપાઈ તેમાં એમનો હિસ્સો અગત્યનો હતો અને એ મંડળીના સર્વપ્રથમ પ્રમુખ થવાનું માન પણ એમને જ મળ્યું હતું.

શિક્ષણક્ષેત્રે ભગીરથનું બહુમાન મેળવનાર તેઓ, પ્રો. વિજયરાય ક. વૈદ્યના શબ્દોમાં કહીએ તો 'ગુજરાતની અર્વાચીન કેળવણીના સર્વપ્રથમ ઋષિપંડિત' હતા. નર્મદ પોતાના 'ધર્મવિચાર'માં તેમને 'આરંભકાળનો ગુજરાતની પ્રસિદ્ધિનો પહેલો પુરુષ' કહીને બિરદાવે છે. શિક્ષણની સાથે તેમણે ગુજરાતી સાહિત્યમાં ગદ્યના ક્ષેત્રને ખેડવામાં જે અમૂલ્ય ફાળો આપ્યો છે તે લેશમાત્ર ભૂલવા જેવો નથી. અર્વાચીન ગુજરાતી રૂઢ ગદ્યના પિતાનું સ્થાન કે માન ભલે વીર નર્મદને ફાળે જાય, પણ શ્રી. ક. મા. મુનશી પોતાના પુસ્તક 'નર્મદ–અર્વાચીનોમાં આદ્ય'માં (પૃ ૩૩) કહે છે તેમ 'ગુજરાતી ગદ્યને બારવટશાહીમાંથી ગૃહસ્થાઈમાં આણવાનો પ્રથમ પ્રયત્ન' કરવાનું માન રણછોડદાસને જ જાય છે.

આમ શિક્ષણ, સમાજ, સાહિત્ય અને સંસ્કાર આદિ વિવિધ ક્ષેત્રે વિચરી બહુવિધ મૂલ્યવાન સેવા કર્તવ્યનિષ્ઠાથી બજાવનાર 'ગુજરાતી ગદ્યનો આરંભ કરનાર' તથા 'અર્વાચીન ગુજરાતી કેળવણીના આદ્ય જનક' સમા રણછોડદાસનું અવસાન તા. ૨૩ ઑગસ્ટ ૧૮૭૩ના રોજ રાતે એક વાગ્યાના શુમારે છ દિવસનો કોગળિયાનો મંદવાડ ભોગવ્યા બાદ ભરૂચ મુકામે ૭૦ વર્ષની વયે થયું. એ વખતે કવીશ્વર દલપતરામે અંગતપત્ર દ્વારા દિલગીરી વ્યક્ત કરતાં જણાવેલું તેમ એમના અવસાનથી 'દેશે અમૂલ્ય રત્ન ગુમાવ્યું.' ગુજરાતના આ જ્યોતિર્ધરનું સ્થાન અને માન સાહિત્ય સંસ્કાર ને શિક્ષણના ત્રિવિધ ક્ષેત્રે સદા યાદગાર રહેશે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્ય. વિ. : સ્વ. આચાર્ય નરેન્દ્ર દેવ

લોકશાહી સમાજવાદના પ્રખર હિમાયતી,



હિંદી સમાજવાદના પિતા તથા ઉદ્દામ રાષ્ટ્રવાદી સ્વ. આચાર્ય નરેન્દ્ર દેવનો જન્મ ઉત્તર પ્રદેશના ફૈઝાબાદ જિલ્લામાં ઈ.સ. ૧૮૮૯ની ૩૧મી ઑક્ટોબરે થયેલો. અલ્લાહાબાદ અને બનારસમાં શિક્ષણ મેળવી તેમણે ૧૯૩૧માં સંસ્કૃત, પાલી, પ્રાકૃત ને પુરાતત્ત્વના વિષયો સાથે એમ.એ.ની અને તે બાદ કાયદાની પરીક્ષા પસાર કરી. ફૈઝાબાદમાં વકાલત દરમ્યાન એમણે 'હોમરૂલ લીગ'ની શાખાની સ્થાપના કરી અને તેના મંત્રી બન્યા. એ બાદ ઈ. ૧૯૨૧માં પંડિત નેહરુના આમંત્રણથી કાશી વિદ્યાપીઠમાં જોડાયા અને પાંચ વર્ષે એના આચાર્યપદે પહોંચ્યા.

લોકમાન્ય ટિળકને આદર્શ બનાવી એમણે ઈ. ૧૯૧૮માં પોતાની રાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી અને દમના વ્યાધિની પરવા કર્યા વગર રાષ્ટ્રવાદના આ બહુવ્યાપી પ્રસારકે પં૰ નેહરુ સાથે ચોમેર રાષ્ટ્રીય વાતાવરણ જમાવ્યું અને જીવનના છેલ્લા શ્વાસ લગી તેઓ તે માટે સતત પુરુષાર્થી રહ્યા.

ઈ.૧૯૩૪માં 'કોંગ્રેસ સમાજવાદી પક્ષ'ની સ્થાપના કરી. ઈ. ૧૯૩૬થી ઈ. ૧૯૪૮ સુધી કોંગ્રેસ કારોબારીમાં હતા. કિસાનોનું સંગઠન કરી તેમણે 'હિંદ કિસાન સભા' સ્થાપી. પણ કદી સત્તાની લાલસા સેવ્યા વગર માત્ર દેશસેવા જ ઝંખી. ઈ. સ. ૧૯૫૪માં તેઓ પ્રજા-સમાજવાદી પક્ષના પ્રમુખ બનેલા. ચીન ગયેલા ભારતીય સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળના પણ તેઓ સભ્ય હતા અને છેલ્લે મધ્યસ્થ રાજ્યસભાના સભ્ય હતા.

શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીના શિક્ષણમાં ગે પાયાના ફેરફારો કરી એક દુરંદેશી કેળવણીકાર તરીકે તેઓ ખ્યાતનામ થયા.

તેઓ વિદ્વાન તત્ત્વચિંતક તેમજ સંસ્કૃત, અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, વગેરે તથા ભારતની છએક ભાષાઓના અધિકારી જ્ઞાતા હતા. બૌદ્ધ ધર્મનો ઊંડો અભ્યાસ કરી તેમણે 'અતિધર્મકોષ'નું જર્મનમાંથી અંગ્રેજી તથા હિંદીમાં ભાષાંતર કર્યું છે. રાજકારણ વિષેના તેમનાં અભ્યસનીય પુસ્તકો પૈકી 'સમાજવાદ ને રાષ્ટ્રીય ક્રાંતિ' એમની વિશાળ દૃષ્ટિનો પરિચય કરાવે છે.

અગ્રણી રાજકીય આગેવાન, ઊંડા ચિંતક અને નિઃસ્પૃહ દેશસેવક હોવા ઉપરાંત તેઓ સ્પષ્ટ વિચારક, અસાધારણ વક્તા, નિરહંકારી, સાચા સ્નેહી અને સત્ત્વનિષ્ઠ સૌજન્યશીલ પુરુષ હતા. ઈ. ૧૯૫૬ની ૧૯મી ફેબ્રુઆરીએ તેમનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : મારી આંત્વાનેતનો વધ તા. ૧૫મી ઑક્ટોબર · ઈ. સ. ૧૭૯૩

ફ્રાંસના રાજા લૂઈ સોળમાની રાણી મારી આંત્વાનેત રૂપવતી અને અત્યંત મોજિલી રાણી તરીકે ઇતિહાસમાં વિખ્યાત છે. ફ્રાંસમાં ઑસ્ટ્રિયાનો પગદંડો પેસારવા માટે જ એને અહીં પરણાવી હતી, ને એટલે પ્રથમથી જ એની સામે એક વિરોધી તંત્ર રચાઇ ગયું હતું. પોતાના દુરાગ્રહી સ્વભાવ ને વિલાસી મોજશોખોની પાછળની બેફામ ઉડાઉગીરીથી એ પ્રજામાં અળખામણી થઈ ગઈ. નબળો રાજા, વિલાસી ને ઉડાઉ રાણી ને વર્ષોની હાડમારીઓથી ત્રાસેલી પ્રજા આખરે ઊકળી ઊઠી. ફ્રાંસમાં ક્રાંતિ ફાટી નીકળી. રાજા રાણી કેદ થયા. રાજાનો વધ થયો ને રાણીને પણ પુત્રથી વિખુટી પાડી સખત કેદમાં નાખી. રાજાને ભંભેરનાર અને દેશની બધી દુર્દશાના કારણરૂપ મારીને લેખાવીને એને દોષિત ઠેરવી ઈ. ૧૭૯૩ની ૧૫મી ઑક્ટોબરે ગિલોટીન પર એનો વધ કરી દેવામાં આવ્યો. બિનજવાબદારી ને અતિવિલાસના અંજામનું આ એક કરુણ દૃષ્ટાંત છે.

અજાયબી બ્રિટન (સંપાદક-આલેખક : જૉન હડર્ટન)



વૉલ્ક્સ રેલવે. ઇ.૧૮૮૩માં બ્રાઇટનમાં બંધાએલી આ રેલવે જગતની સૌથી જૂની વીજળિક રેલવે છે પૅલેસ પીઅર અને બ્લૅક રૉક વચ્ચે દોડતી આ ગાડી બ્રાઇટન મ્યુનિસિપલ કૉર્પોરેશનની માલિકીની છે

મારગેઇટમાં 'શેલ ટેમ્પલ' નામે ઓળખાતું આ ગુફામંદિર આખું શંખછીપલાંનું અને જમીનની નીચે બનાવેલું છે અને ભેદભર્યું ગણાય છે. ઇ.સ.૧૮૨૭માં અકસ્માત એની ભાળ લાગી હતી. છેક ફીનીશિયન સમય (ઇ.પૂર્વે ૩૩૨) નું ... એ હશે ?



ગુફામંદિરની એક કમાન

ઇ.૧૯૪૦માં હવાઇ હુમલામાં નાશ પામેલા કૅનન સ્ટ્રીટના સેન્ટ સ્વિધિનના દેવળની આગલી દિવાલમાં જડેલા આ પથ્થર જ્યાંથી રસ્તાનું માપ લેવાતું એ રોમન 'મિલિએરીઅમ'ના અવશેષ હોવાનું મનાય છે.



લંડન સ્ટૉન



બ્રિટિશ પાયદળ લશ્કરમાં આ 'રોયલ સ્કૉટ્સ'નું સ્થાન સૌથી પહેલું ગણાય છે. 'પૉન્ટિયસ પાઇલેટ્સના અંગરક્ષકો'ને નામે પણ તેઓ ઓળખાય છે.

વૉરવિક શાયર પરગણામાં ઇ.૧૯૪૯માં જ્યૉન કૉલિન્સ નામે એક પ્રદર્શકે કેનિલવર્થ ખાતે બંધાવેલી આ બ્રિટનની સૌપ્રથમ 'મોટેલ' છે. ત્યાર પછી જ આવી 'મોટેલ' બીજે બધે બંધાવા માંડી.



વૉરવિકમાં કૅનિલવર્થ કૅસલ

> સદ્‌ગુરુ ધોબી, જ્ઞાન જલ, સાબુ સરજનહારઃ
> સુરત શિલા પર ધોઈએ, નિકસે જ્યોત અપાર.
>
> —કબીર

એક શ્રીમંત ભક્તે આપેલી કીમતી શાલ ઓઢીને સ્વામીજી ગંગાતીરે જતા હતા ત્યાં રસ્તે એક ભિખારીને ટાઢે થરથરતો જોતાં આર્દ્ર થઈ તેમણે શાલ તેને ઓઢાડી દીધી. બીજા દિવસે શાલ સ્વામીજીના શરીર પર ન જોઈ ભક્તે તે વિષે પૂછતાં જવાબ મળ્યો: 'શાલ તેં મને દાનમાં આપી હતી કે માત્ર મજૂરની પેઠે ઊંચકીને ફરવા? દાન કર્યા પછી એનું શું થયું એ પૂછવાનો તને શો અધિકાર?'

ગણિતગમ્મત

૨૮ને કુલ કેટલા આંકડા વડે ભાગી શકાય? જવાબ આમ છે: ૧, ૨, ૪, ૭ ને ૧૪ અને ખૂબી તો એ છે કે આ પાંચ આંકડાનો સરવાળો પણ ૨૮ થાય છે. આવો જ આંકડો ૪૯૬. એને આટલા આંકડા વડે ભાગી શકાય છે: ૧, ૨, ૪, ૮, ૧૬, ૩૧, ૬૨, ૧૨૪ અને ૨૪૮. અને એ બધા આંકડાનો સરવાળો પણ ૪૯૬ થાય છે. આવો બીજો કોઈ સંપૂર્ણ આંકડો જાણવામાં છે? (હ. વ્યા.)

તમારું ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઈએ: અકતો, અગણું, અગવો, અંધાક, અંગાડ, અજાડી, અજિન, અતાઈ, અલફા, અલેતું, અવહાર, અવાઈ, અળસાણું, અળાવો.

જવાબ: કારીગરોનો રજાનો દિવસ, ત્રીજું, મોમિયો, કૉલેરા, વ્યક્તિગત, હાથી વાઘ વગેરે જંગલી જાનવરોને ફસાવવા ખોદાએલી ખાઈ, કાળીઆરનું ચામડું, શિખાઉ ગવૈયો, ફકીરોની બાંય વગરની કફની, બાલિશ કામ-ચલાઉ સંધિ, અફવા, થાકેલું, ફાંસીએ લટકાવવાના દોરડાનો ગાળો.




પહેલી ઑક્ટોબરે બહાર પડેલી ભારતની નવી ટિકિટ

આ વરસના 'વન્ય જીવ સપ્તાહ' (વાઈલ્ડ લાઈફ વીક) નિમિત્તે બહાર પડેલી આ ટિકિટ પછી બીજી ચાર હવે બહાર પડશે.

> જિંદગીમાં બે સમય એવા છે જ્યારે માણસે સટ્ટો ન કરવો જોઈએ: એક, સટ્ટો કરી શકે એવી સ્થિતિ હોય ત્યારે; અને બીજો, એવી સ્થિતિ ન હોય ત્યારે.

કહેવતોના અર્થ: 'ઠુંઠી રાંડ ને ઠમકો ભારે'—વાક્યાર્થ સ્પષ્ટ કરે છે તેમ શારીરિક ખોડ છતાં વસ્ત્રાભૂષણ તેમજ અન્ય વર્તનથી રૂઆબ બતાવનાર જેમ હાંસીપાત્ર નીવડે છે તેમ બિનઆવડત છતાં શેખી કે મિજાજ બતાવનાર વિષે આમાં ઉપાલંભ રહેલો છે.



કલાકણિકા: ચીન દેશનો અભિનવ આકૃતિનો શોભનસુંદર પલંગ

આંટેલું સૂકું મરચું ઘાસતેલમાં કાલવીને માકણ થતા હોય ત્યાં મૂકતાં તે મરી જાય છે અને ફરી થવાનો સંભવ ઓછો રહે છે. (પો. કુ. પંચાલ)



ચાંચડથી માંડીને સિંહ સુધીનાં જુદાંજુદાં જંતુ, પ્રાણી અને માનવના કૂદકાનાં માપ—એ કૂદકાની ઊંચાઈમાં તેમજ લંબાઈમાં




રાજપૂત દંપતી

સર ચિનુભાઈના કલાસંગ્રહમાંના રાજપૂત કલમના એક પ્રાચીન ચિત્રની અનુકૃતિ


ચિત્રકાર · બંસીલાલ વર્મા




અરણ્યમાં પ્રભાતની લીલા નિરૂપતા આ ચિત્રમાં ગાઢી વનરાજિ પર રમતી તડકાની કુમાશ ઉતારવાના ધન્યવાદને પાત્ર છે ફોટોકલાકાર **આબિદભાઇ સૈયદ**




ચિત્ર નં. ૧



ચિત્ર નં. ૨



ચિત્ર નં. ૩



ચિત્ર નં. ૪



ફરતું રમકડું: નાયગરાનો ધોધ

આ સાથેના ચિત્રમાં જ્યાં ધોધનો સફેદ ભાગ છે ત્યાંથી જાણે પાણી પડતું હોય એ રીતનું રમકડું આ ચિત્રો વડે તમે બનાવી શકશો. પહેલાં તો આ બંને ચિત્રોને અહીંથી કાતરી લઇને રદ્દી પોસ્ટકાર્ડ ઉપર ચોડી દો. પછી કાતર વડે એ ચકરડાને ગોળ તથા આ ચિત્રને પણ લીટીથી બતાવ્યા પ્રમાણે લંબચોરસ કાપી કાઢો. ઉપરાંત ચકરડામાં પાણીનો જે ખાલી ભાગ કાપી કાઢવાનું લખ્યું છે તેટલો સફેદ ગાળો ઝીણી કાતર, ધારદાર ચપ્પુ કે અસ્રાના પાના વડે કોતરી કાઢો, અને પછી ચિત્રમાં ખડક, વાદળાં, વનસ્પતિ વગેરેમાં યોગ્ય રંગો પૂરી દો તથા પેલા ચકરડામાં અત્યંત આછો આસમાની રંગ પૂરો.

આટલું થઈ રહ્યા પછી ચિત્રમાં ડાબી બાજુના ખડકની વચ્ચોવચ જ્યાં એક કાળુ બિન્દુ બતાવ્યું છે ત્યાં, તથા આ ચકરડાના મધ્યબિન્દુમાં બે કાણાં પાડો અને પછી ચિત્રની પાછળ ચકરડું મૂકી એ કાણેકાણાં મિલાવીને તેમાં પિનળના માથાવાળી બે પાંખિયાવાળી કાગળ પકડવાની પિન આવે છે તે ખોસીને પાછલી બાજુએ એનાં પાંખિયાં ખોલી નાખી સજ્જડ કરી દો એટલે રમકડું તૈયાર થયું. હવે ડાબે હાથે ચિત્રનો ઉપલો ખૂણો પકડી જમણા હાથની આંગળી વડે પેલા પાછળના ચકરડાને જમણી તરફ ફેરવશો એટલે ધોધમાંથી જાણે પાણી પડતું હોય એવું લાગશે. (C.N.)


દીવાસળીના ખેલ

નવરા પડયા હો ને ગમ્મતનું બીજું કોઇ સાધન ન હોય તો માત્ર એક દીવાસળીની પેટી વડે પણ તમે કેટલાયે નુસખા કરી શકો.

ચિત્ર નં. ૧ માં બતાવ્યા મુજબ એક દીવાસળી આમ ભાંગીને પેટીના બંધ ખાનામાં ગોઠવો અને પછી બીજી દીવાસળી, તેનો મોગરો પહેલી દીવાસળીના છેડાને અડે એવી રીતે ઊભી ગોઠવો. પછી એ બંનેના મોગરા ત્રીજી એક દીવાસળીથી ચેતાવો. જુઓ! ઊભી દીવાસળી કેવી ઊંચે ચડે છે તે!

ચિત્ર ૨: પહોળા મોંના શીશાના ગાળામાં આવી જાય એવો એક નાનો સિક્કો લો. પછી શીશાના મોં પર, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ભાંગેલી દીવાસળી મૂકી તેના પર સિક્કો મૂકો. ત્યાર બાદ જ્યાં એ દીવાસળી ભાંગી હોય ત્યાં પાણીનું એક ટીપું મૂકો. થોડી જ વારે બંને પાંખિયાં લંબાશે ને સિક્કો શીશામાં પડી જશે.

એ જ સિદ્ધાંત પર બીજી ગમ્મત: પાંચ દીવાસળી અરધી ભાંગીને ચિત્ર નં. ૩ માં બતાવ્યા પ્રમાણે ગોઠવો. પછી એની વચ્ચોવચ પાણીનું એક ટીપું મૂકો એટલે બધી દીવાસળી ચિત્ર નં. ૪ થામાં બતાવ્યા પ્રમાણે ગોઠવાઈ જશે.



સાંકળિયું

ઑક્ટોબર ૧૯૬૨ · અંક ૪૬૬

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ: રૂ. ૧-૨૫